



શ્રી ઝવેરચંદ મેઘાણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ


## સુરેન્દ્રનગર જિલ્લાનો

# કેળવણીનો ઈતિહાસ




શ્રી ઝવેરચંદ મેઘાણી


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર



મોન્ટેસરી બાલમંદિર, વઢવાણ



સર અજીતસિંહજી હાઇસ્કૂલ, ધ્રાંગધ્રા



સર જે. પ્રાથમિક શાળા-હાઇસ્કૂલ, લીંબડી



શ્રી સી.યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ

# સુરેન્દ્રનગર જિલ્લાનો

# કેળવણીનો ઈતિહાસ

• પ્રેરક •
ડૉ. ટી.એસ. જોશી
માન. નિયામકશ્રી,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર.


• સંકલન •
જે. જે. જોશી
લેક્ચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

• માર્ગદર્શક •
ડૉ. સી. ટી. ટૂંડિયા
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર



• પ્રકાશક •
**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરેન્દ્રનગર**

# સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઇતિહાસ


✦ લેખન : સંપાદક મંડળ

✦ પ્રકાશન : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



✦ © : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



✦ પ્રથમ આવૃત્તિ : માર્ચ-૨૦૨૧

✦ પ્રત : ૧૦૦૦

✦ પૃષ્ઠ : ૨૦૦

✦ અનુદાન : GCERT-ગાંધીનગર તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

✦ માર્ગદર્શક : ડૉ. સી.ટી. ટૂંડિયા
પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

✦ સંકલન : જે.જે. જોશી
લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

✦ સહકાર : બી.આર.સી. કો-ઓર્ડિનેટર તમામ... સુરેન્દ્રનગર


## : સંપાદક :


| | |
|---|---|
| ડૉ. સી.ટી. ટૂંડિયા | જે. જે. જોશી |
| મુકેશભાઈ બદ્રેશિયા | તૃપ્તિબહેન આચાર્ય |
| રોહિત વી. ત્રિવેદી | ધનજીભાઈ વાલેરા |
| ભનુભાઈ ખવડ | ડૉ. રાજેન પિતલિયા |
| દશરથસિંહ અસવાર | સંજ્ઞા આચાર્ય |
| દિનેશ વાઘેલા | મેહુલ ત્રિવેદી |
| મહેશ પઢારિયા | વિમલ યુ. દંગી |


## : પરામર્શન :


| | |
|---|---|
| ચંદ્રકાંત વ્યાસ | એચ. કે. દવે |
| મેરૂભાઈ ટમાલિયા | પંકજ ત્રિવેદી |

## અર્પણ

કેળવણીના

સાધકો - ઉપાસકો

જેમણે

ઝાલાવાડની ધરતીને

શિક્ષિત - દીક્ષિત

કરેલ

છે.

✦ કોમ્પ્યુટર : જય જલારામ કોમ્પ્યૂટર, સુરેન્દ્રનગર.
મો. ૯૪૨૭૪ ૯૪૬૩૩

✦ મુદ્રક : સુરેન્દ્રનગર જિલ્લા સહકારી મુદ્રણાલય લિ.
કોઠારી માર્ગ, સુરેન્દ્રનગર.
મો. ૯૮૨૪૫ ૯૮૦૩૫

નિયામક
ડૉ.ટી. એસ. જોષી



ક્રમાંક: જીસીઇઆરટી/2021/મકમ-1/33
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
'વિદ્યાભવન', સેક્ટર - 12, ગાંધીનગર
Mail: :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 22-02-2021

**કેળવે તે કેળવણી...**

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦'ની પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ''પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃધ્ધ પરંપરાના માર્ગદર્શનના આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે. જ્ઞાન, પ્રજ્ઞા અને સત્યને ભારતીય વિચાર પરંપરા અને ફિલસૂફીમાં સદાય સર્વોચ્ચ માનવલક્ષ્ય માનવામાં આવતું હતું. પ્રાચીન ભારતમાં શિક્ષણનું લક્ષ્ય સાંસારિક જીવન અથવા શાળા બાદના જીવનની તૈયારી માટે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું જ નહિ, પરંતુ સંપૂર્ણ આત્મજ્ઞાન અને મુક્તિના રૂપમાં માનવામાં આવતું હતું. તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને વલભી જેવા પ્રાચીન ભારતના વૈશ્વિક કક્ષાના સંસ્થાનોમાં અધ્યયનના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને શોધના ઊંચા માનદંડો પ્રસ્થાપિત કરવામાં આવેલા. આ જ શિક્ષણ વ્યવસ્થાએ ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, ચાણક્ય, ચક્રપાણિ, દત્તા, માધવ, પાણિની, પતંજલિ, નાગાર્જુન, ગૌતમ, પિંગળા, શંકરદેવ, મૈત્રેયી, ગાર્ગી અને થિરુવલ્લુવર જેવા અનેક મહાન વિધ્વાનોને જન્મ આપ્યો છે. આ વિધ્વાનોનું વૈશ્વિક કક્ષાએ જ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવા કે ગણિત, ખગોળવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન અને શલ્યચિકિત્સા, બાંધકામ, ઈજનેરી, સ્થાપત્ય, જહાજનિર્માણ અને દિશાજ્ઞાન, યોગ, લલિતકલા, શતરંજ વગેરેમાં સંરચનાત્મક યોગદાન છે. ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો વિશ્વમાં ઘણો પ્રભાવ રહ્યો છે. વૈશ્વિક મહત્વ ધરાવતા આવા સમૃધ્ધ વારસાને ભાવિ પેઢીઓ માટે માત્ર જાળવણી કે સંરક્ષિત ન કરતા આપણી શિક્ષણ વ્યવસ્થા દ્વારા તેના ઉપર સંશોધનકાર્ય થવાં જોઈએ, તેમજ તેને વધુ ને વધુ સમૃધ્ધ કરવી જોઈએ અને તેના અદ્યતન ઉપયોગ વિશે પણ વિચારવું જોઈએ.

ઉપરોક્ત પ્રસ્તાવનાને ધ્યાને રાખી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (DIETs) માં આવું ઐતિહાસિક કાર્ય કરવા માટે વિચારવામાં આવ્યું. જે પૈકી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર દ્વારા 'સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ' ગ્રંથ જે પ્રગટ થઈ રહ્યો છે તે માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું. આ ગ્રંથ સમગ્ર ઝાલાવાડના કેળવણીના ઈતિહાસની સદૈવ સાક્ષી બની રહેશે તેવી શ્રધ્ધા છે. શાળા–મહાશાળા–યુનિવર્સિટીઓમાં આ ગ્રંથ સંશોધનકાર્ય માટે પણ ઉપયોગી બની રહેશે. કેળવે તે કેળવણી અંતર્ગત ઈતિહાસવિદ્દોને આ ગ્રંથ મદદરૂપ બની રહો...

ડૉ.ટી.એસ.જોશી
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

**પ્રતિ,**
**પ્રાચાર્ય,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**



# કેળવણીનો અભિલેખાગાર...

સુરેન્દ્રનગર જિલ્લો એ સપ્તરંગી ભૂમિ છે. જ્યાં ઝાલાવાડ, પાંચાળ, કાઠિયાવાડ, ભાલ અને ખારાપાટ જેવા પ્રદેશો આવેલાં છે. માંડવવન (બાંડિયાબેલી), રણ તથા નળકાંઠા જેવા વિસ્તારો આવેલાં છે. સૂકા પ્રદેશમાં આઝાદીના સમયકાળ પહેલાં અને પછી કેળવણીનું આ વિસ્તારમાં અવર્ણનીય કાર્ય થયેલું છે. જેમાં ઘરશાળા, વિકાસ વિદ્યાલય, મૈત્રી વિદ્યાપીઠ, રાજસૌભાગ આશ્રમ અને પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ અગ્રેસર સંસ્થાઓ છે. આ જિલ્લામાં કેળવણીકારો શ્રી શિવાનંદ સ્વામી, શ્રી ફુલચંદભાઈ શાહ, શ્રી ચીમનભાઈ વૈષ્ણવ, શ્રી ભોગીલાલ પરીખ અને પ્રાણજીવન આચાર્ય મુખ્યત્વે છે.

રાજાશાહી વખતમાં જે તે વખતના સ્ટેટના રાજા-રાજકુમારોએ કેળવણીની સંસ્થાઓ શરૂ કરેલી, તે માટે જમીન અનુદાનિત કરેલી. સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રી દાજીરાજ હાઇસ્કૂલ-વઢવાણ, શ્રી સર જે. હાઇસ્કૂલ-લીંબડી, શ્રી અજીતસિંહ હાઇસ્કૂલ-ધ્રાંગધ્રા, મોન્ટેસરી બાલમંદિર-વઢવાણ, શ્રી એન.ટી.એમ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ શિક્ષિત-દીક્ષિત થયાં. આવી અનેક સંસ્થાઓએ અત્રેના જિલ્લાને કેળવણીમાં રળિયાત કર્યો છે.

ફાનસના અજવાળે અનેક શિક્ષકોએ કેળવણીનું કામ કરેલું છે. ધુળી શાળા અને સાંપ્રત સમયની શાળામાં જમીન-આસમાનનો તફાવત છે. આજે શાળાઓ ટેક્નોલોજી સભર છે. વિદ્યાર્થીઓ આજે પાટી-પેનની જગ્યાએ લેપટોપ-ટેબલેટ્સનો ઉપયોગ કરી ભણી રહ્યા છે. ઘરેથી આસન લઇને વિદ્યાર્થી ભણવા જતો, આજે સરસ મજાની બેચ-ચેરમાં વિદ્યાર્થી બેસે છે. રમત-ગમતના મેદાનોની સુવિધાઓ, કમ્પાઉન્ડ વોલ, સેનિટેશન (ભાઈઓ-બહેનોના અલગ)ની સુવિધાઓ અને સમાન શિક્ષણ મેળવી રહ્યા છે.

આ પુસ્તકમાં એક કેળવણી નિરીક્ષકની આત્મકથાના અંશો મુકવામાં આવ્યા છે. જે કેળવણી નિરીક્ષકે પોતાના નિરીક્ષણ સમય દરમ્યાનના અનુભવો મૂકેલા છે. જેમાં જે તે વખતે શિક્ષક-શિક્ષણની સ્થિતિનું ચલચિત્ર તાદૃશ્ય થાય છે. જે વાંચવું

આપને ગમશે.

આપણને ખબર છે કે આપણાં દાદા-દાદી, કાકા-કાકી કે ભાઈ-ભાભી પ્રૌઢ શિક્ષણ અંતર્ગત રાત્રિ શાળાઓમાં ભણવા માટે જતા હતાં. રણ વિસ્તારમાં અગરિયાના બાળકો શિક્ષિત બને તે માટે સરકારશ્રી દ્વારા જે પ્રયત્નો થયેલાં તેની ગાથા મૂકેલી છે. સુરેન્દ્રનગર જિલ્લાની અનેક શાળાઓ શતાયુ છે. ઘરશાળા જેવી સંસ્થા શતાયુ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. આવી શાળાઓની યાદી એકત્ર કરી અહીં મૂકવામાં આવી છે.

સમગ્ર રાષ્ટ્રમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ-શિક્ષક મળી રહે તે માટે NCERT દ્વારા તમામ રાજ્યોમાં SCERT (GCERT) સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. જે અંતર્ગત તમામ જિલ્લા મથકોએ DIETs શરૂ કરવામાં આવ્યાં. DIETs દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો તથા આંગણવાડી કાર્યકર બહેનો, સીઆરસીસી અને બીઆરસીસીને તાલીમ આપવાનું કાર્ય થયું, થઇ રહ્યું છે. માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) હાલમાં જે કાર્યક્રમનું નામ સમગ્ર શિક્ષા (SSA) કામ કરી રહ્યું છે. જેની બાબતો પણ મૂકવામાં આવેલી છે.

પુસ્તક પ્રગટીકરણમાં પાન સંખ્યાની અને ગ્રાન્ટની મર્યાદા હોઇ ઘણીબધી બાબતોનો સમાવેશ કરી શક્યા નથી જે આ પુસ્તકની મર્યાદા છે. આ પુસ્તકમાં જે સાભાર લેખો મૂકવામાં આવ્યા છે તેમાં સંપાદક મંડળે કોઇક જગ્યાએ છૂટ લઇને શબ્દોનું માંજન કર્યું છે. સંદર્ભદર્શિત પુસ્તકોનો ઉપયોગ કરી ઐતિહાસિક માહિતીસભર પુસ્તક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલો છે.

આ પુસ્તકનું સમગ્ર સંકલન શ્રી જે.જે. જોશી લેક્ચરર (PSTE શાખા) દ્વારા કરવામાં આવ્યું છે. પુસ્તકના સંપાદકો તરીકે ભનુભાઈ ખવડ, મુકેશભાઈ બદ્રેશિયા, ડી.એમ. વાલેરા, રોહિતભાઈ ત્રિવેદી, મેહુલભાઈ ત્રિવેદી, મહેશભાઈ પઢારિયા, દિનેશભાઈ વાઘેલા, સંજ્ઞાબહેન આચાર્ય તથા દશરથસિંહ અસવાર દ્વારા કરવામાં આવ્યું છે. સંપાદક મંડળ બેખૂબ રીતે સંશોધનાત્મક દૃષ્ટિએ કામ કરીને ઇતિહાસના પુસ્તકને દેદીપ્યમાન બનાવ્યું છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પરિવારનો સહયોગ સાંપડ્યો છે, જેમનો હું ઓશિંગણ છું.

ઐતિહાસિક કામ કરવામાં પરામર્શક તરીકે શ્રી ચંદ્રકાન્ત વ્યાસજી, શ્રી એચ.કે. દવે, શ્રીમતી દીપ્તિબહેન આચાર્ય, શ્રી મેરૂભાઈ ટમાલિયાજી તથા શ્રી પંકજ

ત્રિવેદીએ સમયાનુસાર બેઠકોમાં ઉપસ્થિત રહી સૌને માર્ગદર્શિત કરતા રહેલાં છે. આ તકે તેમનો આભાર-આનંદ વ્યક્ત કરી પ્રણામ કરું છું. સુરેન્દ્રનગર જિલ્લાના બીઆરસીસી તમામે માહિતી એકત્રિકરણમાં ઉમદા સહયોગ આપીને કામને સરળ બનાવ્યું છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર તથા શિક્ષણ વિભાગ-ગુજરાત સરકારનો આભાર માનું છું કે જેમના થકી આ ગ્રંથ પ્રગટીકરણનું ઐતિહાસિક કાર્ય થઇ શક્યું. આત્મજ ડૉ. ટી.એસ. જોશી સાહેબ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા આ ગ્રંથને પોંખીને વધાવવામાં આવ્યો છે. જે અમારા સહુના માટે આનંદ-આશીર્વાદ સમાન છે.

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી મુદ્રણાલય લિ., સુરેન્દ્રનગર દ્વારા પ્રિન્ટીંગ અને શ્રી મુકેશભાઈ જોશી દ્વારા ટાઇપીંગ બેખૂબ રીતે કરી આપવામાં આવ્યું છે. આ પુસ્તક સમયસર પ્રિન્ટ કરી આપવા માટે તેમનો આભાર વ્યક્ત કરૂં છું.

સુરેન્દ્રનગર જિલ્લાના કેળવણીના ભવ્ય ઇતિહાસની આ ગ્રંથ સાક્ષી પૂરશે. આચાર્યો, શિક્ષકો, સંશોધકો અને જનગણમન સુધી સૌને ઉપયોગી બની રહેશે તેવી અખૂટ શ્રધ્ધા છે. આવું ઐતિહાસિક કાર્ય કરવાનો અવસર સૌને પ્રાપ્ત થયો તે અમારું સદ્‌ભાગ્ય છે. કેળવણીના ભવ્યાતિભવ્ય ઇતિહાસમાં ડોકિયું કરવામાં એક અલગ જ આનંદાનુભૂતિ થઇ. 'સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઇતિહાસ' ગ્રંથ આપ સૌના માટે દીવાદાંડી સમાન બની રહેશે. આ ગ્રંથ કેળવણીનો અભિલેખાગાર બની રહો...

*રાધા મળે કે ના મળે, કદાચ ના પણ મળે,*
*આપણું તો કામ છે બસ, વેણું વગાડતાં રહીએ.*

ભવદીય
ડૉ. સી.ટી. ટૂંડિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

તારીખ : ૧૧મી માર્ચ-૨૦૨૧ને ગુરૂવાર
વિક્રમ સંવત ૨૦૭૭, મહા વદ તેરસ (મહાશિવરાત્રી)

# સાંકળિયું


- ✦ શિક્ષણના ઇતિહાસની સમયરેખા
- ✦ આઝાદી પહેલાં અને પછી
- ✦ ઝાલાવાડની કેળવણીનો ઇતિહાસ
- ✦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
- ✦ સમગ્ર શિક્ષા (DPEP-SSA)
- ✦ જિલ્લાની અગ્રેસર સંસ્થાઓ
- ✦ જિલ્લાના વિવિધ કેળવણી મંડળો
- ✦ ઝાલાવાડના કેળવણીકારો-શિક્ષણકારો
- ✦ એક કેળવણી નિરીક્ષકની આત્મકથા
- ✦ પુસ્તકાલયો
- ✦ નઇ તાલીમની સંસ્થાઓ
- ✦ પ્રૌઢ શિક્ષણ
- ✦ આશ્રમ શાળાઓ
- ✦ શતાયુ શાળાઓ

# શિક્ષણના ઇતિહાસની સમયરેખા

સંક્ષિપ્તમાં... ઇ.સ. ૧૬૦૦માં ઇંગ્લેન્ડનું 'લંડન વેપારી મંડળ' ભારતમાં વેપાર અર્થે આવ્યું. (કેટલાક ઇતિહાસમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની આવી એવું લખેલું) છે. મોગલાઇ સમયમાં તેમને વેપાર કરવાના પટ્ટા મળ્યા.

- ✦ ૧૬૯૮માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું નિર્માણ થતાં, લંડન વેપારી મંડળ સમેટાયું. તેને વેપારના પટ્ટા મળ્યા. કંપનીને દર ૫૦૦ ટનના વહાણમાં એક પાદરી ભારતમાં નિકાસ કરવાની છૂટ મળી. જે પાદરી ભારતમાં ધર્મપ્રચાર અને શિક્ષણકાર્ય કરે. (અહીંથી ધર્મપરિવર્તન શિક્ષણના નામે શરૂ થયું.)
- ✦ ૧૭૦૬ થી ૧૭૯૨ દરમિયાન ડેનિશ મિશનની પ્રવૃત્તિઓ ધમધોકાર શરૂ થઇ.
- ✦ ૧૭૦૭ માં ઔરંગાઝેબનું મૃત્યુ થતાં કંપનીએ રાજકીય લાભ લેવાનો પગપેશારો કર્યો.
- ✦ ૧૭૧૫-સેન્ટ મૅરી ચેરિટી સ્કૂલ મદ્રાસમાં ભારતીય બાળકો માટે શરૂ થઇ ૧૭૧૯માં મુંબઇ રેવરેન્ડ કોલે નામના પાદરીએ અને ૧૭૨૦માં કોલકાતામાં બેલામીએ આવી શાળાઓ શરૂ કરી. (આ શાળાઓમાં ભારતીય બાળકોને અંગ્રેજી શિક્ષણ આપવા તરફ પ્રેર્યા. આજની અંગ્રેજી માધ્યમની કે.જી. થી ઉ.મા. સુધીની સેલ્ફ ફાઇનાન્સ શાળાઓનું મૂળ આમાં છે.) તે મેરિટ દ્વારા ચાલતી હતી. આજના ઉદ્યોગપતિ, શિક્ષણ માલિકો, વાલી પાસેથી તાકાત બહારના પૈસા પડાવી આવી શાળાઓ ચલાવે છે. પણ તે વખતની ચેરિટીની શાળાના શિક્ષણ આચાર્યો ઇંગ્લેન્ડથી આયાત કરેલા હતા. આજની સેલ્ફ ફાઇનાન્સમાં આપણા ગુજરાતી ભણેલા શિક્ષકોને પાદરીઓનો પોશાક પહેરાવી, ગુજરાતી-ઇંગ્લિશ ગુગ્લિશમાં ભણાવે છે. (વાહ ! રામજી). મુંબઇ-મદ્રાસ-કોલકાતા એ વખતે ભારતના ત્રણ પ્રાંત હતા. ત્રણેમાં ગવર્નર રાજ્ય હતું.
- ✦ ૧૭૫૭. પ્લાસીનું યુધ્ધ. કંપનીનો યુધ્ધમાં વિજય. પલાશના કેસૂડા વીણી-વેપારી પકડ જમાવી.
- ✦ ૧૭૫૮માં સિરામિકની ત્રિપુટી-મિશનરી પાદરીઓએ : કેરી, બોર્ડ, માર્કમેને બંગાળમાં સુંદર કામ કર્યું.
- ✦ ૧૭૬૫માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળ પ્રાંતમાં દીવાની હક મળ્યા. બંગાળ પર કંપનીની પૂરી પકડ. મોભાગાર-માલદાર કાળા ભારતીયો માટે અંગ્રેજી શાળાઓ શરૂ થઇ. ગ્રાન્ટ ભારતમાં પધાર્યા.

- ૧૭૬૭માં ચાર્લ્સ ગ્રાન્ટ ભારતમાં આવ્યા.
- ૧૭૭૩માં રેગ્યુલેટિંગ એખ્ટ પસાર થયો. પરિણામે મુંબઇ-મદ્રાસ-કોલકાતા ત્રણ પ્રાંતોમાંથી કલકત્તાના ગવર્નર હેસ્ટિંગ પ્રથમ ભારતના ગવર્નર જનલર બન્યા. કોલકાતામાં પ્રથમ ભારતીય સુપ્રીમ કોર્ટ થઇ. સર વિલિયમ જોન્સ પ્રથમ જજ બન્યા. ૧૭૮૦માં કોલકાતા મદરેસાની સ્થાપના. ૧૭૮૪માં કોલકાતામાં રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના. ૧૭૮૫માં વોરન હેસ્ટિંગ્સ સ્વદેશ પરત. ૧૭૮૭ શ્રીમતી કેમ્પબેલે મદ્રાલમાં મહિલાશ્રમ શરૂ કર્યો. એન્ડુબેલે એક સંસ્થા શરૂ કરી. તે મોનિટરી ભારતીય દેશી શિક્ષણ પધ્ધતિને પોતાને દેશમાં લઇ ગયા. (આપણો દેશ ભૂલી ગયો !!)
- ૧૭૯૧, બનારસ સંસ્કૃત કૉલેજની સ્થાપના. ૧૭૯૨માં ચાર્લ્સ ગ્રાન્ટે ગ્રેટબ્રિટનની એશિયાઇ પ્રજાની સામાજિક સ્થિતિનું નિરીક્ષણ નામક લેખ લખ્યો.
- ૧૭૯૩માં પ્રથમ ચાર્ટર એક્ટ. ઇ.ઇ. કંપનીએ પ્રથમ આજ્ઞાપત્ર રજૂ કર્યું. ત્યારથી શિક્ષણ વિશેના ચાર્ટર એક્ટ શરૂ થયા.
- ૧૮૦૬માં લોર્ડ મિન્ટો ગવર્નર જનરલ બન્યા.
- ૧૮૧૩માં લોર્ડ મિન્ટોનો બીજો ચાર્ટર એક્ટ. બીજું વિવરણપત્ર.
- ૧૮૧૫માં લેસી હેસ્ટિંગ્સનું વિવરણપત્ર. ૧૮૧૮ તેમનું મૃત્યુ. ૧૮૨૨માં મદ્રાસમાં દેશી શિક્ષણ અંગેનો સર ટોમસ મનરોનો રિપોર્ટ. (આપણા દેશમાં દેશી શિક્ષણ પ્રથાનો સુંદર રિપોર્ટ)
- ૧૮૩૩ : ત્રીજો ચાર્ટર એક્ટ, ૧ લાખ રૂપિયા દર વર્ષે ભારતના શિક્ષણ માટે ખર્ચની કલમ (જોકે વિવાદના આ કાળમાં એક રકમ ખર્ચાઇ જ નહીં !) ૧૮૩૪માં લોર્ડ મેકોલે ગવર્નર જનરલની કાઉન્સિલરના કાનૂની સલાહકાર બન્યા.
- ૧૮૩૫ : લોર્ડ મેકોલીનું ઐતિહાસિક વિવરણપત્ર, બેન્ટિકની સ્વીકૃતિ. વિલિયન્સ એડમ્સની દેશી શિક્ષણ પધ્ધતિ અંગેનો રિપોર્ટ (૧૮૩૫-૧૮૩૮)ને સ્વીકૃતિ. ૧૮૩૯ ઓકલેન્ડની નોંધપોથી.
- ૧૮૫૪ : વૂડનો ખરીતો. શિક્ષણ અંગેનું પ્રથમ વિવરણપત્ર.
- ૧૮૫૭ : પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ મુંબઇ-મદ્રાસ અને કોલકાતામાં દેશની પ્રથમ યુનિવર્સિટી સ્થપાઇ.
- ૧૮૫૮ : ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી ભારતનો વહીવટ બ્રિટિશ પાર્ટમેન્ટ અર્થાત્ રાજ્યે લઇ લીધો. હવેથી ભારતનો વહીવટ સીધો બ્રિટિશ પાર્લમેન્ટ

હસ્તક હોઇ, ચાર્ટર-વિવરણપત્ર બંધ થયાં.

- ૧૮૮૨-૮૩ : ભારતીય પ્રથમ શિક્ષણપંચ. (હંટરકમિશન) જેણે સૌપ્રથમ પ્રાથમિક શિક્ષણ અંગેની ભલામણ કરી, નવાઇ છે કે ત્યાર બાદ આજ સુધી માત્ર પ્રાઇમરી શિક્ષણ માટેનું પંચ નિમાયું નથી.
- ૧૯૦૨માં ભારતીય વિશ્વ વિદ્યાલય પંચ. (રેલેકમિશન) જે ઉચ્ચ શિક્ષણ માટે હતું. ૧૯૦૪માં ભારતીય શિક્ષણધારો.
- ૧૯૧૭-૧૯માં કોલકાતા યુનિવર્સિટી પંચ - (સેડલર કમિશન) જે કોલકાતા યુનિવર્સિટીમાં સૌ પ્રથમ માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ શરૂ કરવાની વિચારણા માટે નિમાયું, પણ યુનિવર્સિટી શિક્ષણના સુધારા પર સારો પ્રકાશ પાડ્યો.


નોંધ : આમ, આઝાદીપૂર્વે ભારતમાં અંગ્રેજ શાસન દરમિયાન ત્રણ શિક્ષણ પંચો રચાયાં, જેના રિપોર્ટ લાઇબ્રેરીઓમાં મોજૂદ છે. ઉપરાંત આઝાદી પૂર્વે એબટવૂડ રિપોર્ટ (૧૯૦૪) જેવી સમિતિઓના પણ રિપોર્ટ છે.

- ૧૯૪૭માં ભારત આઝાદ થયું. ભારતના બે ભાગલા પડ્યા. ભારત-પાકિસ્તાન.

**આઝાદી બાદ**

- ૧૯૪૮-૪૯માં યુનિવર્સિટી શિક્ષણ પંચ (રાધાકૃષ્ણન પંચ) સ્વતંત્ર ભારતનું પ્રથમ ઉચ્ચ શિક્ષણ માટેનું પંચ.
- ૧૯૨૫-૫૩ માધ્યમિક શિક્ષણ પંચ (મુરદિયાર કમિશન), ભારતના ઇતિહાસમાં આઝાદી પૂર્વે ને પછીનું એકમાત્ર માધ્યમિક શિક્ષણ માટેનું પ્રથમ પંચ.
- ૧૯૬૪-૬૬ : રાષ્ટ્રીય શિક્ષણ પંચ, (કોઠારી કમિશન) ભારતનું આઝાદી બાદનું પ્રથમ સમગ્ર શિક્ષણની ભલામણો કરતું પંચ. પછી આજ સુધી કોઇપણ નિમાયું નથી.
- ૧૯૬૮ : ૨૪ જુલાઇએ શિક્ષણની પ્રથમ રાષ્ટ્રીયનીતિ અંગેનો આઝાદ ભારતનો પ્રથમ દસ્તાવેજ. તે ઉપરાંત ૧૯૭૭માં ડૉ. આદિસે સિહાય સમિતિ અને ઇશ્વરભાઈ પટેલ સમીક્ષા સમિતિ. ૧૯૭૯નો શિક્ષણની રાષ્ટ્રીયનીતિનો ડ્રાફ્ટ મુખ્ય છે.
- ૧૯૮૬ની શિક્ષણની રાષ્ટ્રીયનીતિનો સરકારી દસ્તાવેજ. ૧૯૬૮ના પ્રથમ દસ્તાવેજ પછીનો એ બીજો દસ્તાવેજ જેને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પણ કહે છે. ૧૯૮૭માં શિક્ષણનીતિનો અમલીકરણ કાર્યક્રમ દસ્તાવેજ રૂપે ત્રીજો દસ્તાવેજ પ્રોગ્રામ ઓફ એક્શનના નામે પ્રગટ થયો. ૧૯૯૨-૯૩ યશપાલ કમિટીનો ભણતરનો ભાર હળવો કરવાની ભલામણનો રિપોર્ટ પ્રગટ થયો.

# સ્વતંત્ર ભારતમાં શિક્ષણની ક્રમિક પ્રગતિ



## ઝાલાવાડ–કેળવણીનો ઇતિહાસ

કેળવણીનો ઇતિહાસ પ્રાચીન કાળથી સારાંશ સ્વરૂપે પરિચય મેળવ્યાં બાદ આપણે ગુજરાત રાજ્યનો સુરેન્દ્રનગર જિલ્લો એટલે ઝાલાવાડ નામથી પ્રસિધ્ધ છે. 'કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ' પુસ્તક પ્રમાણે જોઇએ તો ઝાલાવાડનું ભૌગોલિક સ્થાન વર્ણવીયે તો ઉત્તર કચ્છનું રણ પૂર્વે અમદાવાદ જિલ્લો, દક્ષિણે કાઠિયાવાડ અને પશ્ચિમે મચ્છું કાઠો છે.

હાલનું સુરેન્દ્રનગરમાં બ્રિટીશ યુગ દરમિયાન પોલિટિકલ એજન્ટનું થાણું હતું. જે વઢવાણ કેમ્પ તરીકે જાણીતું હતું. ઇ.સ. ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યારે બ્રિટીશ સત્તાનું વિસર્જન થતાં વઢવાણ સિવિલ સ્ટેશનની જમીન વઢવાણ રાજ્યને પરત મળી હતી. વઢવાણનાં તત્કાલીન રાજવી સુરેન્દ્રસિંહજી ઝાલાએ વઢવાણ કેમ્પનું નામ બદલી પોતાના નામ પરથી સુરેન્દ્રનગર રાખ્યું. તો આપણે ઝાલાવાડ પ્રાંતના કેળવણીના ઇતિહાસ સ્વરૂપે જાણવાનો પ્રયાસ કરીએ.

ઇ.સ. ૧૮૮૬ કાઠિયાવાડ ડિરેક્ટરી પ્રમાણે ઝાલાવાડ પ્રાંતની શૈક્ષણિક પરિસ્થિતિનો તાગ મેળવવાનો આપણે પ્રયાસ કરીએ તો કાઠિયાવાડમાં ૪૯ જાહેર લાઇબ્રેરી હતી, તેમાંથી ઝીંઝુવાડા, લીંબડી, વઢવાણ, સિવિલ સ્ટેશનનો સમાવેશ થતો હતો. ધ્રાંગધ્રા-પ્રથમ વર્ગની રાજ્યસત્તા હતા. મહારાજશ્રી સર માનસિંહજી ૧૮૬૯ માં તખ્તનશીન થયાં. આ સંસ્થાનમાં ૧-અંગ્રેજી, ૩૨-ગુજરાતી નિશાળો હતી. વાંકાનેર સંસ્થાનમાં ૭-ગુજરાતી શાળા, ૧-સંસ્કૃત પાઠશાળા હતી. લીંબડી સંસ્થાનમાં ૧-અંગ્રેજી નિશાળ, ૧૪-ગુજરાતી નિશાળ અને ૨-કન્યા શાળાઓ હતી. વઢવાણ સંસ્થાનમાં ૧-હાઇસ્કૂલ, ૧૮-ગુજરાતી નિશાળો, ૨-કન્યાશાળા હતી. બજાણા તાલુકામાં ૫-ગુજરાતી નિશાળો હતી. મૂળી તાલુકામાં ૬-ગુજરાતી શાળાઓ હતી. ચૂડા તાલુકામાં ૬-ગુજરાતી નિશાળો અને ૧-કન્યા શાળા હતી. સાયલા તાલુકામાં ૪-ગુજરાતી શાળા , ૧-કન્યા શાળા હતી. લખતર તાલુકામાં ૮-ગુજરાતી શાળા, ૧-કન્યાશાળા હતી. ઝીંઝુવાડાની અસ્મિતા ગ્રંથમાંથી મળતી માહિતી મુજબ ૧૮-૭-૧૮૬૭ માં પે સેન્ટર શાળા ઝીંઝુવાડામાં સ્થાપના કરી હતી. ધ્રાંગધ્રા મહારાજશ્રી ઘનશ્યામસિંહજી સંવત ૧૯૬૯ માં ગાદીનશીન થયા તે સમયે કેળવણી સ્થિતિ જોઇએ તો ધ્રાંગધ્રામાં હાઇસ્કૂલ હતી તેમજ હળવદ, ચરાડવા, ટીકર, સીતાપુરમાં મિડલ સ્કૂલો તથા કન્યા શાળાઓ અને તાલુકા શાળાઓ તથા

સીતાપુર, મોટા અંકેવાળિયા, નાના અંકેવાળિયા, રાજચરાડી, નગરા, દેવચરાડી, ગુજરવદી, ડુમાણા, ગંજેળા, ભારદ, ઉમરડા, સરલા, કુંતલપુર, દૂધઇ, મેથાણ, સરવાળ, ગાળા, લુહાણા, ધ્રુમઠ, થલા, માલવણ, કોંઢ, બાવળી, કંકાવટી, કુડા, ઘનશ્યામગઢ, સોલડી, ટીકર, ઇસનપુર, માલણિયાદ, એંજાર, સુરવદર, ઘુડકોટ, માનગઢ, રણમલપર, ધનાળા, વાટાવદર, લવાણા, સાપકડા, માથક, દેવળિયા, સુસવાવ (સંદર્ભ-૬, ધ્રાંગધ્રાની ભૂગોળ)માં પ્રાથમિક શાળાઓ હતી.

સૌરાષ્ટ્રના રાજવી પુસ્તક ડૉ. પ્રદ્યુમન ખાચરના આધારે કહીએ તો ધ્રાંગધ્રા મહારાજ ઘનશ્યામસિંહજીએ કેળવણી બાબતમાં પ્રજાલક્ષી કાર્ય જોઇએ તો પ્રાથમિક શિક્ષણ મફત હતું, પણ માધ્યમિક શિક્ષણ પણ મફત કર્યું. વિજ્ઞાન અને ખેતીના અભ્યાસ માટે બે સ્કોલરશીપોની પણ જાહેરાત કરી શિક્ષણને ઉત્તેજન આપવા પ્રયાસ કર્યો. ગરીબ વિદ્યાર્થીઓને મફત પુસ્તક આપવાની વ્યવસ્થા કરી. સર અજીતસિંહ હાઇસ્કૂલમાં પ્રેક્ષકગૃહ થિયેટર, પર્શિયન ભાષા શીખવવાની વ્યવસ્થા કરી. તે સમયે ધ્રાંગધ્રામાં લેડી હાર્ડિજ કન્યાશાળા હતી તેમજ હળવદ, સીતાપુર, ચરાડવા, ટીકરમાં અંગ્રેજી શાળાઓની સુવિધા હતી.

ધ્રાંગધ્રા મહારાજશ્રી મયૂરધ્વજસિંહજી ઉર્ફે મેઘરાજજીનાં ઇ.સ. ૧૯૪૨ થી ૪૭ સુધીની રાજ્ય શાસન દરમિયાન થયેલા શૈક્ષણિક કાર્ય જોઇએ તો અજ્ઞાન અને અંધશ્રધ્ધાને હટાવવાનો પ્રયત્ન કર્યો. પ્રાથમિક શિક્ષણ મફત અને ઇ.સ. ૧૯૪૬ થી ફરજિયાત કર્યું. હળવદની મિડલ સ્કૂલને ૧૯૪૫ માં હાઇસ્કૂલનો દરજ્જો આપ્યો.

મહારાજશ્રી દોલતસિંહજી તા. ૦૭-૦૫-૧૯૦૮નાં દિવસે લીંબડીના શાસક તરીકે બિરાજમાન થયા ત્યારે તે સમયની કેળવણી બાબતની સ્થિતિ જોઇએ તો લીંબડીમાં પ્રાથમિકથી મેટ્રિક સુધીનું શિક્ષણ રાજ્યનાં ખર્ચે અપાતું. કન્યા શિક્ષણની વૃધ્ધિ માટે રાજ્ય તરફથી પુસ્તકો, કપડાં જેવી ચીજવસ્તુઓ આપી પ્રોત્સાહન આપવામાં આવતું. ઇ.સ. ૧૯૨૮માં શિક્ષણ ખાતાના પ્રધાન મી.એમ.આર. પ્રાંજયે મુંબઇ રાજ્યની ૧૦ શ્રેષ્ઠ હાઇસ્કૂલમાં જસવંતસિંહજી હાઇસ્કૂલનો સમાવેશ કર્યો હતો. તે જોતા આપણને ખ્યાલ આવે છે કે તે સમયે લીંબડી રાજ્યમાં શિક્ષણ પ્રત્યે કેટલું સતર્ક હશે. લીંબડીમાં કન્યા શાળા ઇ.સ. ૧૮૫૯ થી હતી. તે શાળાના નવા મકાનનું ઉદ્ઘાટન મુંબઇનાં ગવર્નર બોર્ડ વિલિંગ્ડનના પત્ની લેડી હેલન ગ્રેસીના હસ્તે ૧૯૧૬ માં કરવામાં આવ્યું, માટે તેનું નામ લેડી વિલિગ્ડન ગર્લ્સ હાઇસ્કૂલ રાખવામાં

આવ્યું હતું. દોલતસિંહજીએ વિદ્યાર્થી ભુવન માટે જમીન અને રોકડની પણ મદદ કરેલી. દા.ત. ધ રિંગ્સ જ્યોર્જ કોટેનેશન હોસ્ટેલ (૧૯૧૩), શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી ભુવન (૧૯૧૭), ઔદિચ્ય બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન (૧૯૨૪).

વઢવાણ ઠાકોર સાહેબ દાજીરાજસિંહજીએ ઇ.સ. ૧૯૭૫ થી ૧૮૮૫ નાં દશ વર્ષ રાજ્ય શાસન કર્યું. તે રાજ્ય નાનું હોવા છતાં પણ પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કૂલ ખોલી હતી તેમજ વર્ષે શિક્ષણ પાછળ ૪૫૦૦૦ રૂ.નો ખર્ચ કરતાં હતાં. તે તેમની શિક્ષણ પ્રત્યેની લાગણી આપણને દેખાય છે. ઇ.સ. ૧૮૮૧ માં વઢવાણ તાલુકાદારી ગિરાસિયા કૉલેજ ખોલવામાં આવી હતી.

વાંકાનેર ઠાકોર સાહેબ અમરસિંહજીએ ૧૮-૩-૧૮૯૯ ના દિને રાજ્ય ધૂરા સંભાળી, નવી શાળાઓ અને કન્યા શાળાઓ ખોલાવી હતી. મહારાણી વિક્ટોરિયાની કેસરેહિંદ જ્યુબિલીની યાદમાં ૧૮૭૭ માં ક્વીન વિક્ટોરિયા જ્યુબિલી લાયબ્રેરી સ્થાપવામાં આવી હતી. ભાયાતોના બાળકો માટે પૂર્ણચંદ્ર ગરાસિયા બોર્ડિંગ સ્થાપી અને તેના નિભાવ અર્થે રૂ. ૧ લાખ આપવામાં આવ્યા હતા. આમ બ્રિટિશકાલ અને રાજાશાહીકાલમાં પણ શિક્ષણક્ષેત્રે રાજવીઓએ પ્રજા કલ્યાણ માટે ઘણા પ્રશંસનીય કાર્ય કર્યા છે.

*શિક્ષણ એટલે*
*યોગ-ઉદ્યોગ-સહયોગની કેળવણી*
*શિક્ષણ દ્વારા*
*સાક્ષરતા જ નહીં, જીવનની સાર્થકતા સાધવી છે*
*માણસના સર્વ ગુણોનો વિકાસ કરવો છે*
*મૂલ્યો બદલીને સમાજને બદલવો છે*
*સહુને ઉદ્યોગશીલ ને વિચારશીલ બનાવવા છે*
*અર્થશુચિ ને સામ્યયોગના સંસ્કાર આપવા છે.*

**-વિનોબાજી**

# કેળવણી... આઝાદી પહેલાં, અને પછી

કેળવણીનાં ઇતિહાસ બાબતે પ્રાચીન સમયની વાત કરીએ તે વૈદિક અને પૌરાણિક સાહિત્ય સાક્ષી પૂરે છે કે પ્રાચીન સમયમાં શિક્ષણની વ્યવસ્થા હતી. પ્રાગ ઐતિહાસિક સમયે ઇ.સ. પૂર્વે ૧૦૦૦ પૂર્વે પોતપોતાના કુટુંબમાં શિક્ષણ આપવામાં આવતું. બૌધમઠો જેવી શિક્ષણ સંસ્થાઓ તેમજ નાલંદા, વલ્લભી, વિક્રમશિલા જેવી વિદ્યાપીઠોનો ફાળો શિક્ષણ જગતમાં મોટો હતો. વિદ્યાપીઠોમાં ભોજન, નિવાસ, ચોક્કસ પ્રવેશ વિધિ, ચોક્કસ પ્રકારનો અભ્યાસક્રમ હતો. જેને આજે પણ આપણે અનુસરીએ છીએ તે કેળવણીનો ઇતિહાસ નહીં તો બીજું શું છે..? વિદ્યાપીઠોમાં નિષ્ણાંત ગુરુઓ સેવાઓ આપતા હતા. ગુજરાત રાજ્યની દ્રષ્ટિએ જોઇએ તો વલ્લભીપુર 'સુવર્ણનગર' તરીકે અરબ જગતમાં જાણીતું હતું.

વલ્લભીપુરમાં નિયમિત શાળાઓ કે કૉલેજો ન હતી, પરંતુ પ્રત્યેક ધર્મના પંડિતો વિદ્યાર્થીઓને ધર્મનું શિક્ષણ આપતા તે જોતા આપણને ખ્યાલ આવે કે તે પરિસ્થિતિ એવી હશે, પણ શિક્ષણને પૂરતું મહત્ત્વ હશે તેમજ દરેક ધર્મના પંડિતોને શિક્ષણ આપવાની અનુમતિ હશે તે પ્રશંસનીય બાબત છે. પ્રાથમિક વિદ્યાભ્યાસ માટે પ્રત્યેક ગામમાં ખાનગી શાળાઓ હતી, તેને લિપિશાળા કહેવામાં આવતી અને શિક્ષકોને દ્વારકાચાર્ય કહેતા. તેઓ ધૂળમાં કે લાકડાના પાટિયા ઉપર અક્ષરો ઘૂંટતા. શિક્ષકોને વેતન મળતું નહીં, તેમનો નિર્વાહ વિદ્યાર્થીઓ દક્ષિણા આપતા તેમાંથી થતો. તે સમયે વડનગર વિદ્વાન બ્રાહ્મણોનું અગ્રગણ્ય કેન્દ્ર હતું.

બ્રિટીશકાળ ૧૯૧૪ સુધીનો શિક્ષણ બાબત તપાસીએ તો ગામઠી શાળાઓ, પંડ્યાની શાળાઓ કે ધૂળિયા નિશાળો તરીકે ઓળખાતી. બાળકને ૭ વર્ષે પ્રવેશ આપવામાં આવતો. છએક મહિનામાં આંક પૂરા કરી કક્કો-બારાક્ષરી, સાડા સાતનો પાડો, ગુણાકાર, ભાગાકાર, બાદબાકી, વર્ગમૂળ, ઘનમૂળ, સમીકરણ આ બધું ૯ થી ૧૨-૧૩ વર્ષની ઉંમર સુધીમાં શીખવવામાં આવતું. દરરોજ શિક્ષકને અનાજ, શાકભાજી, રોકડા પૈસા આપવાનો રિવાજ હતો. નિશાળનો સમય સવારના ૭ થી ૧૧ અને ૨ થી ૫ નો હતો. છોકરાઓ માટીમાં સફેદ કે ખડી ધૂળથી અક્ષરો લખતા હતા. પગાર ધોરણ જોઇએ તો એક વર્ષનું મહેનતાણું ૪૦ થી ૫૦ રૂ. હતું. તે ઉપરાંત કોઇ દક્ષિણારૂપે ૧ રૂપિયો મળતો. વડા નિશાળિયા દ્વારા શિક્ષણ અપાતું. ૧૮૨૯ માં સુરત,

ભરૂચ, ખેડા, અમદાવાદ જિલ્લામાં શાળાની સંખ્યા ૨૮૨ હતી. મંદિરો, મદરેસા, જમીનદારના ઘર, વાળંદ, ઘાંચી કે કુંભારના મકાનોને શાળા માટે ઉપયોગ કરાતો. વિદ્યાર્થીની સરેરાશ સંખ્યા ૧૫ રહેતી હતી. તહેવારોમાં રજા રહેતી. બાળકોને શારીરિક શિક્ષા કરવાનો પ્રતિબંધ ન હતો. શિક્ષણનો ઇતિહાસ વિશાળ છે, પણ સારાંશ સ્વરૂપે આપવાનો મારો પ્રયાસ છે.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ૧૮૧૩માં કેળવણી પાછળ દર વર્ષે એક લાખ ખર્ચ કરવા માટે ફરજ પાડવામાં આવી હતી. ધીમે ધીમે શાળાઓ માટે સ્વતંત્ર મકાનની સગવડતા થવા લાગી હતી. પ્રથમ રાજકોટમાં ૧૮૩૭માં પ્રાથમિક શાળા ખોલવામાં આવી. અભ્યાસક્રમમાં ભૂગોળ, ઇતિહાસ, ખગોળશાસ્ત્રને પ્રથમ સ્થાન અપાતું હતું. શિક્ષકોને દર માસે નિયમિત પગાર મળતો થયો. વાચનમાળા પુસ્તકો માટે દલપતરામ, દુર્ગારામ મહેતા, ભોગીલાલનો સહકાર લેવામાં આવ્યો હતો. તે વાંચનમાળા ૧૯૦૬ સુધી ઉપયોગમાં લેવાઇ હતી.

૧૮૫૫ માં મુંબઇ રાજ્યમાં કેળવણી ખાતાનો જન્મ થયો. ગુજરાતમાં ઘોઘા, પોરબંદર, રાજકોટ, સુરત, અમદાવાદ, જંબુસર, બોરસદ, દમણ, વડોદરા, સુરેન્દ્રનગર જિલ્લામાં શાળાઓ શરૂ થઇ. ૧૮૫૪-૫૫માં સર ચાર્લ્સ વૂડના ભલામણ પ્રમાણે કેળવણી ખાતાની સ્થાપના થઇ. આ સમય દરમિયાન કવિ દલપતરામે ભાવનગર, લીંબડી, વઢવાણ, વડોદરા શાળા ખોલવા માટે લોકોને સમજાવ્યા હતા.

૧૮૬૫-૬૬ શાળા અને વિદ્યાર્થીની સ્થિતિ

| પ્રદેશ | શાળાની સંખ્યા | વિદ્યાર્થી |
|---|---|---|
| તળ ગુજરાત | ૩૦૩ | ૨૧૧૫૨ |
| સૌરાષ્ટ્ર | ૭૧ | ૪૧૮૯ |
| કચ્છ | ૧૪ | - |

શાળામાં દાખલ થવા લાયક વિદ્યાર્થીઓ પૈકી ૦.૪ ટકા બાળકો જ શાળાએ જતા. ૧૮૯૩ માં મહારાજા સયાજીરાવે અમરેલી જિલ્લાનાં ૧૦ ગામોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાનો પ્રયોગ કર્યો હતો. ૧૮૯૪ માં ચુનીલાલ સેતલવાડે નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા સૂચન કર્યું હતું. ૧૯૦૬-

૦૭ માં વડોદરા રાજ્યે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું હતું. ૧૯૦૦ થી ૧૯૧૨ સુધીમાં સૌરાષ્ટ્રમાં શાળાની સંખ્યા ૧૦૮૭ અને વિદ્યાર્થી ૭૦૫૮૧ ની થઇ. ગુજરાતમાં રીતસરનું પ્રાથમિક શિક્ષણનું અધ્યાપન મંદિર અમદાવાદમાં ૧૯૫૭ માં શરૂ કરાયું હતું. ઇ.સ. ૧૮૧૮ માં મિશનરીઓએ સુરતમાં સૌ પ્રથમ કન્યાશાળા સ્થાપી અને સૌરાષ્ટ્રમાં પણ બે કન્યાશાળા ખોલી. ઇ.સ. ૧૮૮૨ થી ૧૯૧૪ દરમિયાન શિક્ષણનું કાર્ય વધુ ઝડપી બન્યું.

ઝાલાવાડ પ્રાંતને ધ્યાનમાં રાખી સારાંશ સ્વરૂપે લખી રહ્યા છીએ, પણ શિક્ષણની સ્થિતિની પૂર્વ ભૂમિકાનો પ્રકાશ પાડવો મને જરૂરી લાગ્યો. 'મુછાળી શિક્ષિકા' એટલે ગિજુભાઈ ગિરજાશંકર બધેકાના પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રયોગથી ૧૯૨૦ થી બાલમંદિર પ્રવૃત્તિ વિકાસ પામી. ૧૯૩૭ થી માતૃભાષાનું શિક્ષણ ફરજિયાત બન્યું. ૧૯૪૬ માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વય ૭ થી ૧૨ ની ગણવામાં આવી. પ્રાથમિક શાળાઓ માટે ગુજરાતી ભાષામાં પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવતી અને ગામડાની શાળાઓમાં આઝાદી મળી ત્યાં સુધી એ ચાલતા. ધીમે ધીમે શિક્ષણમાં પ્રગતિ થઇ રહી હતી. ૧૯૪૭ પછી સૌરાષ્ટ્રમાં ૩૩૫૮ પ્રાથમિક શાળાઓ હતી અને ૨૧૭૨૮ વિદ્યાર્થીઓ હતા.

## શિક્ષણની અત્યંત તેજસ્વી પરંપરા

આપણે ત્યાં શિક્ષણ અંગે બહુ ઊંડાણથી વિચાર વેદકાળથી થતો આવ્યો છે. હું તો કહીશ કે વેદ શિક્ષણનો આત્મા છે. ઋગ્વેદ આદિ ચાર વેદ તથા શિક્ષણ-કલ્પ-વ્યાકરણ-નિરુક્ત-છંદસ્-જ્યોતિષ એવાં છ વેદાંગો, તેમાં ઘણી બધી વિદ્યાનો સમાવેશ થઇ જાય છે. ખાસ કરીને શિક્ષણ વિષયક છ અંગો નીચે પ્રમાણે ગોઠવી શકાય-

૧. શારીરિક (શિક્ષણ) : રસોઇ કરવી, સફાઇશાસ્ત્ર, દળવું, પાણી ભરવું, અન્ય વ્યાયામ, આરોગ્ય શાસ્ત્ર

૨. ઔદ્યોગિક (કલ્પ) : વણાટ, ખેતી, સુથારી કામ, લુહારી કામ, સિલાઇ કામ.

૩. ભાષાકીય (વ્યાકરણ) : સંસ્કૃત, હિન્દુસ્તાન, સ્વભાષા, પરભાષા.

૪. સામાજિક (નિરુક્ત) : રાજકારણ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર ઇતિહાસ વગેરે.

૫. કલાવિષયક (છંદસ્) : સંગીત, ચિત્રકળા વગેરે.

૬. વ્યાવહારિક (જ્યોતિષ) : અંક-બીજ-રેખા ગણિત, જમા-ખર્ચ, ભૂગોળ, આધિભૌતિક વિજ્ઞાન વગેરે.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર.



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) એ રાજ્યકક્ષાની મુખ્ય સંસ્થા છે. જે પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા કાર્યરત છે. ૧૯૮૮ પહેલાં તે (રાજ્ય શિક્ષણ ભવન) 'સ્ટેટ ઇન્સ્ટિ. ઓફ એજ્યુ.'ના નામે ઓળખાતી હતી. ૧૯૮૮માં શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ તે SCERT તરીકે ઓળખવાનું શરૂ થયું. તે SCERT જે હવે GCERT તરીકે પ્રચલિત છે તે રાજ્યકક્ષાની સંપૂર્ણ માખખાગત શૈક્ષણિક સંસ્થા છે અને તે સંચાલકીય કમિટી તેમજ કાર્યપાલક કમિટી દ્વારા નિયંત્રણ ધરાવે છે.

૧૯૯૭માં GCERT ને અમદાવાદથી રાજધાની ગાંધીનગર ખાતે લઇ જવામાં આવી. ૨૧ ઓગસ્ટ ૨૦૦૫ થી GCERT સેક્ટર-૧૨ માં વિદ્યાભવનમાં કાર્યરત છે. GCERT હેઠળ ૩૩ DIET જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જિલ્લામાં કાર્યરત છે. GCERT એ રાજ્યની શિક્ષણને લગતી નીતિઓ, કાર્યક્રમો અને સંશોધન લાગુ કરવા માટેની મુખ્ય સંસ્થા છે. GCERT બિનસરકારી સંસ્થાઓ, વિષણ નિષ્ણાંતો શિક્ષણવિદ્દોની મદદથી કામ કરે છે. રાજ્યનાં જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારોમાં બદલાવ લાવવા પ્રયત્ન કરે છે. સર્વિસ પહેલા અને સર્વિસ દરમિયાન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે તાલીમ આપવાનું કાર્ય કરે છે. આ પરિષદ શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા કટિબધ્ધ છે.

લીંબડી સ્ટેટ દ્વારા સરકારશ્રીને સોંપવામાં આવેલ જમીન-મહેલમાં સરકારી પુરૂષ અધ્યાપન મંદિર-લીંબડી (સુરેન્દ્રનગર) સરકારશ્રી દ્વારા વર્ષ ૧૯૫૬ થી કાર્યરત હતું. જે સરકારી પુરૂષ અધ્યાપન મંદિર-લીંબડી (સુરેન્દ્રનગર)ને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT)-ગાંધીનગર અંતર્ગત તારીખ ૧૧ મી એપ્રિલ, ૧૯૯૧માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (District Institute of

Education and Training-DIET) લીંબડી (સુરેન્દ્રનગર) ખાતે અસ્તિત્વમાં આવ્યું. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)ને જિલ્લા મથકે વર્ષ : ૧૯૯૯માં કન્યા શાળા નં.-૨, સુરેન્દ્રનગર ખાતે ફેરવવામાં આવ્યું. ફેબ્રુઆરી-૨૦૦૧થી તેના નવા બિલ્ડીંગમાં હાલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)-સુરેન્દ્રનગર ખાતે કાર્યરત છે.

આ સંસ્થામાં બુનિયાદી અધ્યાપન પ્રવીણ પ્રમાણપત્ર (PTC) કોર્ષ ચાલતો હતો. જેના નવા અભ્યાસક્રમથી નામે પણ કાર્યરત રહ્યો. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ અભ્યાસક્રમને વર્ષઃ ૨૦૧૩-૧૪થી D.El.Ed. અભ્યાસક્રમ તરીકે અસ્તિત્વમાં આવ્યો. સરકારશ્રીની વખતોવખતની સૂચનાનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટમાં ૧૬મી માર્ચ-૨૦૧૬થી બી.એડ્.નો અભ્યાસક્રમ સંસ્થામાં અમલી બન્યો. હાલ આ સંસ્થામાં ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન (IITIB)-ગાંધીનગર સાથે ૧૬ મી મે, ૨૦૧૯થી જોડાણથી બી.એડ્.નો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર :**

**ઉદ્ભવ :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અપનાવી ત્યાં સુધી રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT), રાષ્ટ્રીય શિક્ષણ, આયોજન અને વહીવટ સંસ્થા (NIEPA) અને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) જેવી સંસ્થાઓ દ્વારા માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ જ શૈક્ષણિક, સંશોધન તાલીમ, આયોજન વહીવટ વગેરેનું માર્ગદર્શન અપાતું હતું. રાજ્યકક્ષાની નીચે પ્રારંભિક શિક્ષણ કેળવણીની સંસ્થાઓ હતી, પણ તેની પ્રવૃત્તિઓ પૂર્વ સેવા શિક્ષક કેળવણી પૂરતી મર્યાદિત હતી. એ જ રીતે પ્રૌઢ શિક્ષણના ક્ષેત્રમાં, કેન્દ્રિય પ્રૌઢ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્ય સંશોધન કેન્દ્ર (SRCS) દ્વારા રાજ્ય કક્ષાએ આ સહાય પૂરી પડાતી હતી.

જિલ્લા કક્ષા સુધીના ત્રીજા સ્તરની રચના : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NPE), અપનાવાઇ ત્યાં સુધીમાં પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણના કાર્યો એટલા વિસ્તૃત થઇ ગયાં હતાં કે માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની એજન્સીઓ એમને સહાય કરવા માટે પૂરતી ન હતી. શિક્ષણના સાર્વત્રિકરણ સાથે વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પણ જરૂરી બન્યું. શિક્ષણમાં આવતા નીત-નવીન પ્રવાહો-પધ્ધતિઓ-પ્રવિધિઓ અને શૈક્ષણિક સાહિત્ય-સાધન સામગ્રીથી શિક્ષકો સજ્જ થાય તે પણ જરૂરી હતું. આવી સજ્જતા પ્રાપ્ત થાય તે માટે સેવારત શિક્ષકોને તાલીમ આપવાનું પણ જરૂરી બન્યું. અત્યાર સુધી શિક્ષણ સુધારણાની વાત થાય ત્યારે શાલેય શિક્ષણ ઉપર વધુ ભાર મુકવામાં આવતો, પણ શાળા બહાર જે વિદ્યાર્થીઓ રહી જાય છે તેનો વિચાર પણ એટલો જ જરૂરી હતો. શિક્ષણમાં સાર્વત્રિકરણ તથા સ્થાયીકરણ આવે

તથા ગુણવત્તાવાળું શિક્ષણ સુલભ બને એવા આ મહાન ભગીરથ કાર્યો શિક્ષણતંત્ર, શિક્ષકો અને થોડી ખાનગી એજન્સીઓથી જ પૂરૂં થઇ શકે નહીં તેના માટે સમાજના જુદા જુદા વર્ગો, બિન સરકારી સંગઠનો, ગામ લોકો, પંચાયતો વગેરે સૌનો સહકાર લેવો જ પડે. ઉપરોક્ત કાર્યો માટે રાષ્ટ્ર કક્ષા અને રાજ્ય કક્ષા સુધી કાર્ય અમલીકરણ અને વિસ્તરણ પૂરતું ન હતું. તેને હજુ ગળ રાજ્યથી જિલ્લા કક્ષાએ વિસ્તરણની જરૂર જણાઇ અને ઉદ્‌ભવ થયો. 'જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો'નો આ રીતે ત્રીજું સ્તર ઉમેરાયું જે આખા જિલ્લામાં શિક્ષણના નવ સંસ્કરણનું કાર્ય કરી શકે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના ધ્યેયો :** તાલીમ ભવનો પહેલા જરૂરિયાત છે. આ સાહિત્ય દ્વારા જિલ્લા ભવનોના પ્રવક્તાઓને સંક્ષિપ્ત અને સરળ રીતે જિલ્લા ભવનોની શાખાઓ તથા તેના કાર્ય વિશે સામાન્ય સમજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રવક્તાઓ પોતાના ક્ષેત્ર / વિભાગની કામગીરી - અમલ તથા સંચાલનની જવાબદારી સમજે અને સામૂહિક રીતે બધાની સાથે ભવનના ધ્યેયોની પૂર્ણતા સુધી પહોંચે તે આ સામગ્રીનો હેતુ છે.

આમ પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણની વ્યવસ્થામાં પાયાથી માંડી જિલ્લા સુધીની દરેક કાર્યવાહી કરવાની છે. આ કાર્યમાં ક્યાંક કેન્દ્રવર્તી શાખા તરીકે કાર્ય કરવાનું છે, તો ક્યાંક સહાય કેન્દ્રની રીતે. આ ધ્યેયો પૂર્ણ કરવા ક્યાં કાર્ય હાથ ધરવાના છે તે જોઇએ.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કાર્યો :**

ઉપર જણાવેલ ધ્યેયો જોતાં જણાય છે કે તેનો વ્યાપ વિશાળ છે, જેથી તેના કાર્યો પણ વિસ્તૃત થવાના.

**૧. નીચે જણાવેલ લક્ષ્યાંકિત જૂથોના તાલીમ અને સંસ્કરણનું કાર્ય :**

૧.૧. પ્રારંભિક શાળાના શિક્ષકો (પૂર્વ સેવા અને સેવા અંતર્ગત) એમ બંને પ્રકારના શિક્ષકોને તાલીમ આપવી તથા સંસ્કરણ કાર્ય કરવું.

૧.૨ મુખ્ય શિક્ષક, શાળા સંકુલોના વડાઓ અને શિક્ષણના વિભાગના ઘટક કક્ષા સુધીના અધિકારીઓ.

૧.૩ અશાલેય અને પ્રૌઢ શિક્ષણના પ્રશિક્ષકો અને અવેક્ષકો.

૧.૪ જિલ્લા શિક્ષણ બોર્ડ અને ગ્રામ શિક્ષણ સમિતિઓના સભ્યો, શૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે કામ કરવા ઇચ્છતા સમુદાયના નેતાઓ, યુવાનો તથા અન્ય સ્વયંસેવકો,

૧.૫ ભવન સિવાયના અન્ય કેન્દ્રો ખાતે ઉપર જણાવેલ ૧.૧ તથા ૧.૨માં જણાવેલ વ્યક્તિઓને તાલીમ આપી શકે તેવી વ્યક્તિઓ-તજજ્ઞોને તાલીમ અને સંસ્કરણ કાર્યમાં આવરી લેવાના છે.

**૨. જિલ્લામાં પ્રારંભિક અને પ્રૌઢ શિક્ષણમાં :**

૨.૧ ક્ષેત્ર સાથે આદાન-પ્રદાન તથા સેવાઓની વિસ્તરણ પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૨.૨ શિક્ષકો અને પ્રશિક્ષકો માટે સાધનો અને શીખવવા કેન્દ્રોની સેવાઓની જોગવાઇ કરવી.

૨.૩ સ્થાનિક રીતે મળી શકે તે સામગ્રી, શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન સાધનો વગેરેનો વિકાસ.

૨.૪ પ્રારંભિક શાળાઓ અને અશાલેય-પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમો માટે મૂલ્યાંકન કેન્દ્રો તરીકે સેવાઓ આપવી તથા શૈક્ષણિક અને સાધનિક સેવાઓ પૂરી પાડવી.

**૩. અન્ય કાર્યો :**

૩.૧ ક્ષેત્રિય શૈક્ષણિક સર્વેક્ષણ કરી જરૂરિયાતોનો પરિચય મેળવવો.

૩.૨ માઇક્રો યોજના નિર્માણ (Micro Planning) (સર્વેક્ષણના આધારે)

૩.૩ નિરક્ષણમાં નવીનતાઓ શોધવી તથા ક્ષેત્રોમાં વિસ્તારવી.

૩.૪ તાલીમ ભવન પત્રિકા, બુલેટિન, સામયિકો છપાવવાં, તેના લેખો દ્વારા શિક્ષણ ક્ષેત્રોને માહિતી આપવી.

૩.૫ આખા કાર્યનું સંકલન કરવું.

૩.૬ રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ને સામગ્રી વિકાસ, પરિક્ષણ અને મોનેટરિંગમાં મદદ કરવી.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની જુદી જુદી શાખાઓ :**

જિલ્લા ભવનોનું કાર્ય વધુ ફળદાયી તથા ઉત્તરદાયિત્વ પૂર્ણ બને તે હેતુથી વિવિધ શાળાઓ રચવામાં આવી છે. આ શાખાઓ વ્યવહારિક અનુકૂળતા માટે છે. સમગ્ર રીતે જોતાં બધા કર્મચારીઓએ સહિયારા પ્રયાસથી ભવનના ધ્યેયો પૂર્ણ કરવા ભાગીદાર થવું પડશે.

**જુદી જુદી શાખાઓના નામ :**

૧. Pre-Service Teacher Education (PSTE) Branch પૂર્વ સેવા શિક્ષક શિક્ષણ શાખા

૨. Work Experience, (WE) Brance કાર્યાનુભવ શાળા

૩. District Resource Unit (DRU) for (AE/NFE) Adult/Non formal Education પ્રૌઢ શિક્ષણ / અશાલેય શિક્ષણ માટે જિલ્લા સંશોધન એકમ.

૪. In-Service Programmes, Field Interactio  and Innovation Co

ordination (IFIC) Branch.

સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા.

૫. Curriculum, Material Development and Evaluation (CMDE) Bramche :

પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા

૬. Education Technology (ET) Branch.

શૈક્ષણિક પ્રદ્યૌગિક શાખા

૭. Planning & Management (P&M) Branch

આયોજન અને વ્યવસ્થાપન શાખા.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના :**

૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિભાવના કેટલીક વિગતે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ દસ્તાવેજના બીજા ભાગમાં આ વિભાવનાને ચરિતાર્થ કરવા સંબંધી એટલે કે ભાગ-૧ માં વર્ણ કરાયા પ્રમાણેની જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના માટેની પધ્ધતિની ચર્ચા કરવામાં આવી છે.

૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર શિક્ષક શિક્ષણની પુનઃરચના અને પુનઃર્ગઠનની એક કેન્દ્ર પુરસ્કૃત યોજના ઓક્ટોબર-૧૯૮૭ થી અમલમાં છે. દેશમાં આવા ૪૦૦ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો સ્થાપવા એ આ યોજનાનો એક અંગભૂત ભાગ છે. ઓક્ટોબર-૧૯૮૯ સુધીમાં આ યોજના હેઠળ ૨૧૬ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો સ્થાપવા માટે કેન્દ્રીય સહાય મંજૂર કરવામાં આવી હતી.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં મુખ્ય લક્ષણો :**

૧. આવી સંસ્થાઓ સંબંધિત રાજ્ય સરકારો અને સંઘ પ્રદેશોની સરકારો દ્વારા કેન્દ્રીય સહાયથી સ્થાપવામાં આવશે.

૨. જે જિલ્લાઓ સરકારી પ્રારંભિક શિક્ષણ શિક્ષણ સંસ્થાઓ ધરાવતા હોય ત્યાં આવી સંસ્થાઓ પૈકી એક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે વિકસાવવામાં તેની કક્ષા ઊંચી લઇ જવામાં આવશે. કોઇ જિલ્લામાં સરકારી પ્રાથમિક શિક્ષક.

શિક્ષણ ભવન ન હોય, પરંતુ તે જિલ્લાનું કદ જોતા ત્યાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના કરવી જણાતી હોય તો ત્યાં નવેસરથી જ આ પ્રકારનું ભવન સ્થાપવામાં આવશે.

૩. રાજ્ય સરકારો / કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો આવાં ભવનો સ્થાપી શકે તે માટે પરિયોજનાના જણાવવામાં આવેલી કેટલીક શરતો તેઓ જો પરિપૂર્ણ

કરશે તો તેમને પરિયોજનાના આધારે અને ધોરણોને અનુસરીને કેન્દ્રીય સહાય પૂરી પાડવામાં આવશે. પરિયોજનાના આધારે સહાય આપવા માટેનાં કેટલાક ચરિતાર્થો નીચે મુજબ છે.

(ક) આવા ભવનો સ્થાપવા માટેની દરખાસ્તો પ્રત્યેક જિલ્લા માટે તેના ખાસ સંજોગો અને જરૂરિયાતો તથા જેની કક્ષા ઊંચે લઇ જવામાં આવનાર છે તે સંસ્થાનો દરજ્જો (લાગુ પડે ત્યાં) વગેરેને ધ્યાનમાં લઇને તૈયાર કરવામાં આવશે.

(ખ) કેન્દ્રીય સહાય મંજૂર કરવામાં આવે તેવા દરેક જિલ્લામાં રાજ્ય સરકાર / સંઘપ્રદેશ સરકાર, આભવન, આવેલ સમય - મર્યાદાની અંદર સ્થાપશે / કાર્યાવન્વિત કરશે.

(હાલની સરકારી પ્રારંભિક શિક્ષક શિક્ષણ સંસ્થાની કક્ષાને ઊંચી લઇ જઇને કે નવેસરથી સ્થાપીને તેના આધારે આ પરિયોજનાની કક્ષામાં સુધારો કરીને કે 'નવી' પરિયોજના તરીકે ઓળખાશે.)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એ શિક્ષક તાલીમ અંગેની કેન્દ્ર પુરસ્કૃત યોજનાના પાંચ મજબૂત ભાગો પૈકીનો એક ભાગ હોવા છતાં, સગવડતા ખાતર આ દસ્તાવેજમાં તેનો યોજના તરીકે નિર્દેશ કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-લીંબડી (સુરેન્દ્રનગર) અસ્તિત્વમાં આવ્યું તેના પ્રથમ પ્રાચાર્ય તરીકે શ્રીમતી સવિતાબેન લ. દવેએ ચાર્જ સંભાળેલો. ઉત્તરોત્તર શ્રી એસ.બી ધોબી, શ્રી ગજેન્દ્રકુમાર જોશી, શ્રી બી.એન. પટેલ, શ્રી જી.ડી. કાનાણી, શ્રી સી.યુ. પટેલ, શ્રી એન.જે. મકવાણા, શ્રી કે.એન. બામણિયા, ડૉ. એમ.આર. કોરડિયા, ડૉ. જી.એન. ચૌધરીએ ફરજો બજાવેલી છે. હાલમાં ડૉ. સી.ટી. ટુંડિયા પ્રાચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે.

**સરનામું-સંપર્ક-પ્રત્યાયન...**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળની સામે, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧.

Website : dietsnr.org, YpuTube : dietsurendranagar,
Blog : dietsurendranagarblogspot.com
Facebook : dietsurendranagar,
Email : dietsurendranagar@gmail.com

# જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ
# સર્વ શિક્ષા અભિયાન–સમગ્ર શિક્ષા



પ્રાથમિક શિક્ષણને સારી રીતે સમજવા તેમજ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના હેતુથી ૧૯૯૪માં DPEP કાર્યક્રમની કેન્દ્રીયકૃત શરૂઆત થઇ.

DPEP ચોથા ફેઝમાં સુરેન્દ્રનગરમાં શરૂઆત થઇ. તે સમયે ધો. ૧, ૨ અને ૩ માં તથા પાઠ્ય પુસ્તકો અમલમાં આવ્યા. ધો. ૫ માં અંગ્રેજી વર્કલુક અમલમાં આવી ગ્રામ્ય વિસ્તારમાં વાંચન સક્ષમતા ધરાવતા બાળકો માટે વાચન અભિયાન શરૂ કરવામાં આખું વિદ્યાસહાયકની નિમણુંક કરવામાં આવી.

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ દ્વારા રાજ્યમાં સર્વ શિક્ષા મિશન કાર્યક્રમ અમલી બન્યો.

ભારત સરકાર દ્વારા ૨૦૦૪ ઓગસ્ટમાં કન્યા કેળવણીને મહત્ત્વ આપવામાં KGBV યોજના અમલી બની. SC, ST, OBC અને લઘુમતિ જાતિની કન્યાઓ માટે NPEGEL અને મહિલા સામાન્ય દ્વારા શરૂ કરવામાં આવેલ આ યોજના ૨૦૦૭થી સર્વે શિક્ષણ મિશન સાથે જોડવામાં આવી. KGBV **ત્રણ** Type ના મોડેલ ધરાવે છે.

ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ વિસ્તારના બાળકો માટે Transporation Faeility શરૂ કરવામાં આવી.

૨૦૦૯થી સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લાના રણ વિસ્તારના બાળકો માટે ગુજરાત સરકારે ટેનટ શાળાઓ શરૂ કરી. સુરેનૂરનગર જિલ્લાના રણની આજુબાજુના ઘણા ગામો હવે ટેન્ટ સ્કૂલ ધરાવે છે. ૨૦૧૫ સુધીમાં સરકારે પાટડી

તાલુકાના ખારાઘોડા અને ઝીંઝુવાડા વિસ્તારોમાં ૧૯ ટેન્ટ શાળાઓની સ્થાપના કરી હાલમાં ટેન્ટ શાળાઓના બદલે રાજ્ય સરકારની જૂની થયેલી એસ.ટી. બસોને શાળાના વર્ગખંડ બનાવવામાં આવ્યા.

ગુજરાત સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ૨૦૧૪ માં ૮૫ તાલુકામાં ૭૯ મોડેલ શાળાઓ શરૂ કરી. આ મોડેલ શાળાઓ કેન્દ્રની RMSA અંતર્ગત રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણીનો પ્રચાર-પ્રસાર માટે શરૂ કરવામાં આવેલી શાળાઓ છે.

સંમિલિત શિક્ષણનો અર્થ છે તમામ બાળકોને (વિકલાંગ હોય કે ન હોય) નિયમિત/સામાન્ય શાળામાં ભેગા શિક્ષણ. આ એક અભિગમ છે જે સૌ બાળકોના અનન્ય લક્ષણો, રસ, ક્ષમતાઓ અને શીખવાની જરૂરિયાતોને ગણતરીમાં લે છે. તમામ શાળાઓએ તેઓના અભિગમમાં સંમિલિત થવું પડશે. જેથી આ શાળાઓ જેઓની અંદર જ તમામ બાળકોની જરૂરિયાતો પૂરી કરવાને સક્ષમ હોય તેવા બાળક-કેન્દ્રી શિક્ષણવિદ્યાને અવકાશ છે તેઓ વિકલાંગ બાળકોની પહોંચમાં આવે છે. સંમિલિત શાળાઓ જ કદાચ ભેદભાવ કરતાં મનોવલણો સામે જંગ કરવાનું, આવકાર આપવાને તત્પર સમુદાયોનું સર્જન કરવાનું અને સૌને માટે શિક્ષણ સિધ્ધ કરવાનું સૌથી વધુ અસરકારક સાધન છે. પરંતુ એ મહત્ત્વનું છે કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી બાળકો તેઓની પૂરતી રીતે શીખવવાને માટે જે જરૂરની હોય તે ટેકા-સહાય મેળવે. ઉદાહરણ તરીકે, એક બાળક જે શીખવામાં ધીમું છે તેને શિક્ષકના વધુ ધ્યાનની જરૂર પડી શકે છે અથવા એક બાળક જેને દૃષ્ટિની/જોવાની કેટલીક સમસ્યાઓ હોય તો તેને કાળા પાટિયાની સામે તદ્દન નજદીકમાં બેસાડી શકાય છે.

**ઉદ્દેશો :**

આ ઉપઘટકના મુખ્ય ઉદ્દેશો છે શિક્ષણ માટે-

- ✦ બાળકોની મહત્ત્વની વિશેષ જરૂરિયાતો સમજવી.
- ✦ જુદી જુદી વિશેષ જરૂરિયાતો હોય તેવા બાળકોની નિશ્ચિત ઓળખ કરવી.
- ✦ વિકલાંગ બાળકોના વર્ગખંડ સંચાલનની કેટલીક સમજ મેળવવી.

## રાષ્ટ્રીય શાળા : ઘરશાળા



રાષ્ટ્રનાં હિતમાં ચાલતી શાળા એટલે રાષ્ટ્રીય શાળા. જ્યાં રાષ્ટ્રના ભવિષ્યનું આયોજન થાય અને ભૂતકાળનાં વારસા સાથે વર્તમાનમાં દેશના બાળકોનું ઘડતર થાય એવી શાળા. આ રાષ્ટ્રીય શાળાનું બિરૂદ યોગ્ય રીતે આજે ઘરશાળા રીકે ઓળખાતી સંસ્થાને મળ્યું છે. આઝાદી પહેલાં કાઠિયાવાડનું ઘડતર કરવામાં ત્રણ શાળાઓનો મહત્ત્વનો ફાળો હતો એમ કહી શકાય. આ ત્રણ શાળાઓમાં રાષ્ટ્રીય શાળા-રાજકોટ, દક્ષિણામૂર્તિ-ભાવનગર અને રાષ્ટ્રીય શાળા-વઢવાણ. આ ત્રણે શાળાઓ અનેક સંચાલકો અને વિદ્યાર્થીઓએ આઝાદીની લડતમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. અનેક શિક્ષકો જેલમાં ગયા હતા. તે સમયમાં રાષ્ટ્રીય કેળવણી કેવી હોવી જોઇએ અને દેશના ભવિષ્યમાં સમાજમાં થનારી અનેક ક્રાંતિઓની દિશા કઇ હોવી જોઇએ તેનું આ શાળાઓ દૃષ્ટાંત હતું. આજે ખાસ તો જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાનાં કેળવણીનો ઇતિહાસ લખાઇ રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય શાળા-વઢવાણ એટલે ઘરશાળાની વાત અહીં કરવી છે, જે આજે ૧૯૨૦માં સ્થપાઇ ૨૦૨૦માં શતાયુ બનેલી છે.

આ રાષ્ટ્રીય શાળાનું ખાતમુહૂર્ત પૂ. મહાત્મા ગાંધીના હસ્તે તા. ૨૧ મી ફેબ્રુઆરી ૧૯૨૫નાં દિવસે થયું હતું. આ પ્રસંગે ગાંધીજીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, આ તાળા-કૂંચી અને સૂવારડું જેને માટીનો સ્પર્શ છે તે મારે સાથે લઇ જવાના છે. ભાઈ ધોરાજીવાળાએ સોનામહોર આપી છે, તે તો હું ફુલચંદભાઈને સોંપી દઇશ. આ બંને વસ્તુનો અર્થ છે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ આ દેશમાં ચાલી રહી છે. તેમાં કેટલું સત્ય, કેટલો આપભોગ, કેટલો ભાવ રહેલો છે તે કોણ જાણે ? હું પોતે તો જાણતો નથી. મને એટલી ખબર છે કે આજે હિન્દુસ્તાનમાં અનેક સંસ્થાઓ ચાલી રહી છે, તેમાંની ઘણી થોડી સંસ્થામાં આત્મા અથવા જીવન છે એમ કહી શકાય. આગળ

ગાંધીજીએ જણાવ્યું કે આ ખોલવાનું મેં માથે લીધું છે, એનું કારણ એમાં કશું ભલું થવાનું છે એમ માનજો. પુસ્તકાલય એટલે પુસ્તકોનું મકાન નહીં કે પુસ્તકો નહીં પણ તેમાં જનારા જ નહીં, નહીં તો અનેક પુસ્તક વેચનારા ભાઈઓ ચારિત્રવાન હોવા જોઇએ. બાલમંદિર સુશોભિત છે. એમાં આત્મા હશે તો જ ચાલવાનું છે. આમ કહી ગાંધીજીએ સંસ્થાનાં સંચાલકોને કેવી શીખ આપી હતી એ જોઇએ તો આ સંસ્થાના ચારિત્ર ઘડતરની વાત જરૂર સમજાશે. એમણે કહ્યું કે, ફુલચંદ અને તેના સાથીઓ ત્યાગી થઇને આમાં રહેતો પ્રગતિ થશે, નહીં તો ભલે મેં ઉઘાડી પણ ત્યાગ વસ્તુ ઊડી ગઇ અને ભોગને પ્રાધાન્ય મળ્યું તો તેનો નાશ થશે.

પોતે જેનું ઉદ્‌ઘાટન કર્યું એ સંસ્થા વિષે ગાંધીજી કેવા ચિંતિત હતાં એ આ ઉપરથી સમજાય છે. એવી આ શાળાની શરૂઆત વઢવાણ દાજીપરામાં લાલચંદજી ધર્મશાળાનું મકાન જે રાંકાના ડેલા તરીકે ઓળખાતું ત્યાં થઇ હતી. સવંત ૧૯૭૬ની ધનતેરશે એક બાળશાળા શરૂ કરવામાં આવી. પછી સાત ધોરણવાળા કુમાર વિનય મંદિરનું નામ આપી શાળાને ઉત્તરોત્તર વર્ગ વધારવામાં આવ્યા. શાળા સારી રીતે કામ કરતી થઇ એ પછી મંડળને વઢવાણ કેળવણી મંડળ નામ આપવામાં આવ્યું. એ સમયે વઢવાણ અને લખતરમાં અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિના બાળકો માટે અલગ અલગ શાળા ચાલતી. એનું દેખરેખનું કામ વઢવાણ કેળવણી મંડળે માથે લીધું. સવંત ૧૯૮૩માં અત્યંજ બાળકોનાં પ્રવેશથી શાળામાં પરિસ્થિતિ બદલાઇ અને સવર્ણ વાલીઓએ પોતાના બાળકોને આ શાળામાંથી લઇ લીધા. પહેલા આ શાળાની કીર્તિ એવી હતી કે ૨૫૦ થી ૩૦૦ બાળકો અહીં ભણતા હતા. ચીમનભાઈ વૈષ્ણવ જેવા ભેખધારી શિક્ષક હતાં. ફુલચંદ અને શિવાનંદજી જેવા કર્મઠ અને તપસ્વી કર્મવીરો સંસ્થામાં હતા.

રાષ્ટ્રીય શાળામાં પરીક્ષા પધ્ધતિ વિશિષ્ટ હતી. નાપાસ થનાર વિદ્યાર્થીનું વરસ બગડ્યું નહીં એને ઉપલા વર્ગમાં પ્રવેશ મળતો અને જે વિષયમાં તે નાપાસ હોય તે પૂરતો એ નીચેના વર્ગમાં અભ્યાસ કરે એવું નક્કી કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય શાળામાં હિન્દી અને અંગ્રેજી વિષયો પર અવનવા પુસ્તકો પુસ્તકાલયમાં હતા. વિદ્યાર્થી અને શિક્ષકો માટે ખાદી ફરજિયાત હતી. સમગ્ર ઝાલાવાડમાં વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા. દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓમાં પણ રાષ્ટ્રીય શાળામાં ભણવાની ઇચ્છા રહેતી હતી.

આ શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો હતો. રામનારાયણ ના. પાઠક, હેમુભાઈ રાજગોર, પ્રાણલાલ વીરચંદ વોરા, પ્રેમચંદ મગનલાલ શાહ, મનસુખભાઈ સુખલાલ શાહ, ચુનીલાલ ચુડગર, કાંતિલાલ

નાગરદાસ પાઠક, ડૉ. કૃષ્ણાલાલ સોની, જયંતીલાલ જગજીવનદાસ નાતાલિયા, અમૃતલાલ શાહ, હિંમતલાલ પ. શાહ, પ્રભુદાસ સોની, ડૉ. કાંતિલાલ અને ગિરધરદાસ શાહ જેવા વિદ્યાર્થી હતા. એમાં ચુનિલાલ ચુડગર એક સમયે ધારાસભામાં ઘનશ્યામભાઈ ઓઝાને હરાવી ચૂંટાયા હતા. શિક્ષકો પણ એવાં જ કર્મશીલ મળ્યાં હતાં. તેમાં ડાહ્યાલાલ જાની, શંભુભાઈ ત્રિવેદી, પથુભાઈ ભાથી, વજુભાઈ દવે, અમૃતલાલ આચાર્ય, પ્રાણલાલ મહેતા, કિરચંદભાઈ કોઠારી, લહેરચંદ કાળીદાસ પાટડિયા, સુખલાલ શેઠ, આચાર્ય જયંત અને પ્રાણજીવન આચાર્ય મુખ્ય હતાં.

આ એ જમાનાની વાત છે જ્યારે ભારતમાં છૂતાછૂત અને આભડછેટ સમાજમાં વ્યાપક પ્રમાણમાં હતા. વઢવાણ ગામ રૂઢિચૂસ્ત અને અહીં ધર્મની વ્યાખ્યા એ હજુ બંધિયારપણું છોડ્યું ન હતું એ સમયે રાષ્ટ્રીય શાળાના સંચાલકોએ ગાંધીજીના સુધારાના પગલે અને આઝાદીની ચળવળમાં ભાગ લેવાથી મુક્ત સમાજની રચનાના સપના જોવાની શરૂઆત કરી હતી. એમણે સવંત ૧૯૮૦ના અષાઢ મહિનામાં શાળામાં પછાત જાતિના બાળકોને પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો અને જોતજોતામાં આ સમાચાર નાના એવા ગામમાં આગની જેમ ફેલાઇ ગયા. અમૃતલાલ શેઠે લોકોનો આક્રોશ જોઇ 'સૌરાષ્ટ્ર'માં લખ્યું કે મકાન જાળવવાનો ને તેને સમૃધ્ધ બનાવવાનો અધિકાર છે. તેને જમીનદોસ્ત બનાવવાનો હરગિઝ નહીં. પરિણામ સ્વરૂપ લોકોએ પોતાના બાળકોને સંસ્થામાંથી ઉઠાડી બીજી શાળામાં દાખલ કરી દીધા. શાળા જાણે બાળવિહોણી થઇ ગઇ. પણ ફુલચંદભાઈ અને શિવાનંદજી તેમના નિર્ણયમાં અડગ રહ્યા અને શાળાએ ધીમે ધીમે પણ ફરી પોતાનું ગૌરવ જાળવી પ્રગતિ કરી અને એવી પ્રગતિ કરી કે આ સંસ્થાનાં મહેમાન તરીકે ગુજરાત રાજ્યનાં પ્રથમ ગવર્નર ડૉ. શ્રીકાન્ત નારાયણ તેમના પત્ની ગલાલસાબેન સાથે મુલાકાતે આવ્યા. આ જગ્યાએ મહિલા એમના અને નિરાધાર બાળકો માટે જીવન સમર્પિત કરનાર આ પુષ્પાબેન મહેતાએ વિકાસ વિદ્યાલયની શરૂઆત કરી જે પાછળથી અરૂણાબેન દેસાઇના વડપણ નીચે આજની સ્ટેશન પાસેની જગ્યામાં વિશાળ વડલાની જેમ ફુલીફાલી અને હજારો સ્ત્રીઓની તારણહાર બની.

**રાષ્ટ્રીય શાળા ઘરશાળાનાં પ્રહરીઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | ફુલચંદભાઈ શાહ | ૪. | ભોગીલાલ પરીખ |
| ૨. | શિવાનંદજી સ્વામી | ૫. | પ્રાણજીવન આચાર્ય (દાદા) |
| ૩. | ચીમનલાલ વૈષ્ણવ | | |

દરેક કેળવણી નિરીક્ષક શિક્ષક હોય છે. દરેક કાર્યકર અને નેતા પણ શિક્ષક

હોય છે. શિક્ષક હોવું એ માણસનું પ્રાથમિક લક્ષણ છે અને કર્તવ્ય છે. આ શબ્દો એમણે દિલીપ રાણપુરાને કહ્યાં હતાં. જે તેમના જીવનમાં ચરિતાર્થ હતાં. અત્યંત સાધારણ કુટુંબમાં જનમ્યા પણ આપબળે મહેનતથી આગળ વધ્યા. ગોધરામાં યુવાન વયે શાળામાં કેળવણી નિરીક્ષક તરીકેની કામગીરી બજાવી. એ સમયે ગોધરા કલેક્ટર તરીકે મોરારજી દેસાઇ સાથે જેલવાસ પણ ભોગવ્યો અને એ મિત્રતા છેલ્લા દિવસો સુધી અખંડિત રહી.

પ્રાણભાઈ વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતાં હતાં. એ સમયથી મોતીભાઈ દરજીની સાથે સમાજ સેવાના કામમાં રસ લેતા હતા અને બ્રિટીશ સરકારે જપ્ત કરેલા પ્રતિબંધિત સાહિત્ય વાંચતા અને દેશપ્રેમના રંગે રંગાયા હતા. આ રંગ તેમને બ્રિટીશ સરકાર સામે આંદોલનની સજા રૂપે જેલમાં લઇ ગયો. ગાંધીજી પ્રત્યે તેમને અનન્ય આદર હતો. પોતે પણ જીવનમાં સત્યનો કઠોર રસ્તો અપનાવેલો.

સત્યને રસ્તે ચાલવું અને નીતિથી રહેવું એ આદર્શ તેમણે ઘરશાળાના સ્ટાફ જેમને તેઓ પરિવાર કહેતા એમને રસ્તો બતાવ્યો હતો. રોજ સાંજે ઘરશાળામાં સાયં પ્રાર્થના થતી અને એમાં દાદા વિદ્યાર્થીઓને જીવન જીવવાની રીત શીખવતા. એમના સમયમાં સંસ્થામાં સીવણ અને ઇલેક્ટ્રીકનાં વર્ગ તેમજ સુથારી વર્ગ ચલાવવામાં આવતા. પછાત વિસ્તારોમાં સંસ્કાર કેન્દ્રની કામગીરી ખૂબ સારી રહી. વઢવાણમાં સંસ્કાર કેન્દ્ર, સુરેન્દ્રનગર મિંયાણાવાડમાં સંસ્કાર કેન્દ્ર અને ખાંડીપોળ-વઢવાણમાં સંસ્કાર કેન્દ્રને આજે રિટાયર્ડ થયેલાં અનેક લોકો યાદ કરે છે. સાથે દાજીરાજ હાઇસ્કૂલનું સંચાલન પણ વઢવાણ કેળવણી મંડળ એટલે ઘરશાળા કરતું. એણે પણ ઘણી પ્રગતિ કરી. ઝાલાવાડનાં શિક્ષણ વિકાસમાં પ્રાણદાદાનું નામ સ્વાભાવિકપણે પ્રમુખ સ્થાને હતું, છે અને રહેશે.

સ્વાતંત્ર્યના સેનાની તરીકે ગુજરાતનાં તે સમયના ગવર્નર વિશ્વનાથના હાથે તેમને એવોર્ડ મળ્યો હતો. તેમણે લખેલું પુસ્તક 'આવળના ફૂલ' એક શિક્ષકની યાત્રા તરીકે ઘણા વિદ્વાનોની પ્રશંસા પામ્યું છે. ૧૯૦૦માં તેમનો જન્મ અને મૃત્યુ ૧૯૮૫ની ૨૫ મી ડિસેમ્બર. દાદા કહેતા આ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો જીવ છે, જે મારામાં ધબકે છે. હું શિક્ષણ સિવાય મારી જિંદગીને બીજી રીતે જોતો નથી. ગાંધીના પગલે ચાલનાર અને સત્યની ઉપાસના કરનાર વિદ્યાર્થીઓના પ્રિય દાદા આજે પણ ઘરશાળાની ગાંધીએ ખાતમુહૂર્ત કરેલી ઇમારતની પરસાળમાં જીવે છે.

ઘરશાળામાં મહાનુભાવો ઉપરાંત પણ કેટલાંક પ્રમુખ નામ છે, જેમણે અહીં કામ કર્યું અને સંસ્થાને ગરિમા બક્ષી. રામનારાયણ પાઠક જેઓ પ્રખ્યાત લેખક અને ગાંધીવાદી હતા. તે ઉપરાંત વજુભાઈ દવે જેઓ અમદાવાદ શારદા મંદિર શાળાના સ્થાપક હતા. એ સિવાય આચાર્ય જયંત જેઓ ખ્યાતિ કવિ હતાં. તેમણે આ સંસ્થામાં શિક્ષણ કાર્ય કર્યું છે.

**સંસ્થાની યાદગાર તવારિખો :**

૧. ૧૯૨૧માં મહાત્મા ગાંધીની વઢવાણ મુલાકાત સમયે સંસ્થામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ ગાંધીજીને મળ્યા.

૨. તા. ૨૧-૨-૧૯૨૫ ઘરશાળામાં પુસ્તકાલય અને બાલમંદિરનું ખાતમુહૂર્ત અને બાલમંદિરનું ઉદ્‌ઘાટન ગાંધીજીના હસ્તે થયું.

૩. સરદાર પટેલનું ઘરશાળામાં આગમન અને રાત્રિ નિવાસ કાર્યકરો સાથે રાત્રિ મિટિંગ.

૪. મોતીલાલ નહેરૂ અને વિજ્યાલક્ષ્મી પંડિતની મુલાકાત.

૫. સવંત ૧૯૭૯માં વિનય મંદિર હાઇસ્કૂલની સ્થાપના.

૬. સવંત ૧૯૭૯માં અંત્યજ શાળાઓનું સંચાલન.

૭. આચાર્ય વિનોબા ભાવેની ભૂદાન યાત્રા નિમિત્તે ઇ.સ. ૧૯૫૮માં વિનોબાજી ઘરશાળામાં આવ્યા અને ભૂદાન વિષે વ્યાખ્યાન આપ્યું. તે સમયે મહાદેવ દેસાઇના પુત્ર નારાયણ દેસાઇનું નાની વયે પદયાત્રી તરીકે રાત્રિ રોકાણ.

૮. ઓગસ્ટ ૧૯૨૯ના દિવસોમાં રાજકોટ પધારેલા જવાહરલાલ નહેરૂ કાર્યકરોની માંગને કારણે વઢવાણ આવી રાષ્ટ્રીય શાળામાં કાર્યકરોને મળ્યા.

૯. બૃહદ મુંબઇ રાજ્ય જેમાં ગુજરાતનો સમાવેશ થતો હતો, એમાં ગવર્નર શ્રીપ્રકાશની મુલાકાત.

૧૦. એમ.કે. તિરપુડે જેઓ સોશિયલ વેલ્ફેર મિનિસ્ટર હતા તેઓ ઘરશાળાની મુલાકાતે આવ્યા.

૧૧. ભારતનાં ભૂતપૂર્વ વડપ્રધાન મોરારજી દેસાઇની ઘરશાળામાં પ્રસંગોપાત મુલાકાત અને ઘરશાળાની ગતિવિધિમાં રસ લઇ જાણકારી મેળવવી એ ઘરશાળા માટે અચૂક ગાંધીવાદી સંસ્થા હોવાનું ગૌરવ મેળવ્યાનું કારણ છે.

૧૨. ૧૯૫૬ની સાલમાં બાબુભાઈ જ. પટેલ અને એમ.બી. ભટનાગરની ઘરશાળાની મુલાકાત.

૧૩. ૧૯૫૮માં દુર્ગાબાઈ દેશમુખની હાજરી.

૧૪. રતુભાઈ અદાણીની જીવનના અંતિમ વરસમાં સંસ્થાની મુલાકાત.

સંસ્થાના ટ્રસ્ટી મંડળમાં પ્રમુખ તરીકે પ્રથમ પ્રમુખ રસિકલાલ પરીખ,

ઉપપ્રમુખ તરીકે ત્રંબકભાઈ મો. દવે, ચંપકભાઈ દાદભાવાળા મુખ્ય હતા. અન્ય સભ્યો નીચે પ્રમાણે હતા.

| | |
|---|---|
| રામનારાપણ ના. પાઠક | ગિરધરલાલ ના. શાહ |
| ચંદુલાલ સુ. મહેતા | મગનલાલ દોશી |
| વજુભાઈ જ. દવે | લાભુભાઈ આચાર્ય |
| શારદાબહેન કે. શાહ | અરૂણાબહેન દેસાઇ |
| પ્રાણજીવન આચાર્ય | ભોગીલાલ પરીખ |
| અમૃતલાલ દોશી | ભાનુભાઈ શુક્લ |
| વજુભાઈ મહેતા | |

સંસ્થામાં કામ આવે તે રીતે અનાજ અને શાકભાજીનું ઉત્પાદન થાય છે. વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા છે. સંસ્થાના આગેવાન વિદ્યાર્થીઓમાં સચિવાલયમાં તુલસીભાઈ કાર્ય કરી નિવૃત્ત થયાં. લકી સ્ટુડિયોના સ્થાપક શ્રી હમીરભાઈ સમા, ટેલિફોન ખાતામાં સિનિયર પોસ્ટ પરથી શ્રી સાગર પ્રિયદર્શી, દેના બેંકમાં શ્રી પી.વી. મકવાણા અને બી.ડી. વાઘેલા, મામલતદાર વઢવાણ તરીકે પરમાર, સુરેન્દ્રનગર સિવિલ ગાંધી હૉસ્પિટલના ચીફ ડૉ. તરીકે ડૉ. ડી.કે. વાઢેર સાહેબ, વઢવાણ મામલતદાર તરીકે શ્રી ધર્મેશભાઈ મહેતા તેમજ સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. સી.ટી. ટૂંડિયા વગેરે મુખ્ય નામો છે. આ સિવાય બીજા અનેક તેજસ્વી કારકિર્દી ધરાવનારના નામ અહીં આપવા શક્ય નથી, કારણ યાદી લાંબી છે.

ઘરશાળા અને દાજીરાજ પરિવારમાં જેણે ખૂબ ચાહના મેળવી એવા સિધ્ધાંતનિષ્ઠ શિક્ષકોમાં શ્રી ગોવિંદભાઈ, શ્રી પટેલ સાહેબ અને શ્રી છાંટબાર સાહેબ, શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, શ્રી સરતાનભાઈ દેસાઇ મુખ્ય છે.

ઘરશાળામાં તા. ૧૧-૨-૯૯ના રોજ ગાંધી નિર્વાણની અર્ધ શતાબ્દીએ ગાંધી મેળાનું આયોજન થયું હતું. એ દિવસોમાં મનુભાઈ પંચોલી 'દર્શક' અને જયાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા. મહેન્દ્રભાઈ મેઘાણી પર હાજર રહેલાં. 'મેઘાણી કથા'નો પ્રથમ પ્રયોગ પણ આ ભૂમિ પર થયો હતો. અનેક ડાયરા અને સંતવાણીથી આ ભૂમિમાં ચેતનાની એક જ્યોત આજસુધી જલતી રહી છે. આ ભૂમિ માત્ર શિક્ષણ સંસ્થા ન રહેતા સમાજને પોષણ આપનાર એક જીવંત સ્મારક બની રહ્યું છે. ગાંધીના ગોવાળિયાની આ ભૂમિ ઘરશાળાને વંદન.

# વડલાની વડવાઇ : વિકાસ વિદ્યાલય



એકવાર એક લગ્ન પ્રસંગમાં જવાનું થયું. સામેના એક ટેબલ ઉપર એક બહેન જમતાં જમતાં અમારી બાજુ જુએ. ઘડીભર તો થયું કે ક્યાંક અમારીય આગળ પણ જોતા હશે. પાછળ વળીને જોયું. લગભગ જોવા જેવું કશું નહોતું. પાકી ખાતરી થયા પછી એ અમારા તરફ જ જુએ છે એ નક્કી થયું. ભોજન જમી લીધા પછી થાળી મુકી, હાથ-મોં ધોવાના વોશ બેસિન પર ભેગા થયાં. તો એ બહેન અમારા શ્રીમતીજીને કહે : 'તમે વિકાસમાં ભણ્યા છો.' ૩૦-૩૫ વરસ પછી ચહેરો બદલાઇ ચૂક્યો છે, પણ ચહેરો મળતો આવે છે. પછી તો તમે અને હું... વાર્તાલાપ સારો ચાલ્યો, ચાલ્યો જ નહીં પણ જામ્યો. એ પુરાણી યાદો ચોકલેટ જેમ મમળાવી. આવું એકવાર નથી બન્યું. કેટલીય વારની આવી ઘટનાઓના તાજનો સાક્ષી છું.

'વિકાસ' એટલે બહેનોની સંસ્થા. મારા મનમાં આવો ખ્યાલ અને એમાંય નિરાધાર, ત્યક્તા, વિધવા સ્ત્રીઓ, બાળકોનું આધાર સ્થાન. પણ આ 'વિકાસ વિદ્યાલય' એટલે વઢવાણનો વડલો. જેની વડવાઇઓ ગામે ગામ ફૂટી નીકળી. સાચા અર્થમાં માણસ ઉગાડવાનું કામ આ સંસ્થાએ કર્યું છે.

એના વિષે માંડીને વાત કરવી હોય તો આપણે આઝાદ થયા નહોતા છેક એ સમયમાં જવું પડે. આજથી થોડા વર્ષ પહેલાંની વાત છે. હજી અંગ્રેજોનો હુકમ આપણા દેશ ઉપર ચાલતો હતો. હજીય આઝાદ થયાં નહોતા. એક તરફ અંગ્રેજ સત્તા, નાના-નાના રાજ્યો ને બીજી તરફ રાષ્ટ્ર ચેતના. સૂતેલા માનવને જગાડવા પૂ. મહાત્મા ગાંધીજીની હાકલના પડઘા સંભળાતા હતા. મુઠ્ઠીભર માણસો સ્વરાજ આંદોલનમાં જોડાયા હતા. આવી પરિસ્થિતિમાં પુરૂષોની દશા જ ગુલામ જેવી હતી. તો સ્ત્રીઓની દશાનું પુછવું જ શું ? તેમનું કોઇ સ્થાન હતું નહીં. કોઇ હક્ક-અધિકાર અપાતા નહોતાં. પુષ્કળ બળજબરી હતી. સખત જુલમ થતા. ગુંડાઓ જેવા માણસો ઉપાડી જતા અને વેચી પણ નાખતા. સમાજમાં કુરિવાજો પણ ખૂબ હતા. બાળલગ્ન, કન્યાવિક્રય, વુધ્ધ

સાથે લગ્ન, બહુપત્નીત્વ, સતીપ્રથા, જોર-જુલમ ઘણું બધું... પણ સ્ત્રીઓથી કશું બોલાતું નહીં. મૂંગા મોઢે સહન કરવા સિવાય છૂટકો જ નહોતો. સ્ત્રીઓના રક્ષણ માટે કોઇ કાયદાઓ નહોતા. એય એક બળતામાં ઘી હોમવા જેવું પરિબળ હતું.

આવા કપરા સમયમાં સ્ત્રીઓનો થતા અત્યાચાર, અન્યાય અને દમન સામે આશ્રય અને રક્ષણ આપીને તેમને પગભર કરવાના પ્રયત્નરૂપે અમદાવાદમાં સ્વ. પુષ્પાબેન મહેતા તથા સ્વ.શ્રી મૃદુલાબેન સારાભાઈએ ૧૯૩૭માં 'વિકાસ ગૃહ' નામની સંસ્થાની સ્થાપના કરી. દિવસો પર દિવસો વીતવા લાગ્યા. તેમતેમ આ સંસ્થાની ને એના કાર્યની વાત વાયુવેગે ફેલાવા લાગી. સૌરાષ્ટ્ર-કાઠિયાવાડમાંથી પણ અત્યાચારનો ભોગ બનેલ નિરાધાર, દુઃખી બહેનોના પ્રશ્નો ઠેઠ અમદાવાદ-વિકાસગૃહમાં આવવા મંડ્યા. પુષ્પાબેનને આ ખબર પડી. તેમને થયું કે આટલા દૂર સુધી બહેનોને મુશ્કેલીઓ વેઠી-વેઠીને આવવું પડે. તે પણ એક મુશ્કેલી જ છે, ને સામાજિક પરિસ્થિતિ તો લટકામાં હતી જ.

ઝાલાવાડ એટલે હાલનું સુરેન્દ્રનગર. સૂકો અને રેતાળ પ્રદેશ. પાણી અને ખેતીનો અભાવ. આર્થિક-સામાજિક રીતે ખૂબ પછાત, ને સ્ત્રીઓનો પ્રશ્નો પણ ઘણાં. આવા સંજોગોમાં પૂ. પુષ્પાબહેને પૂ. મહાત્મા ગાંધીજીનું ધ્યાન દોર્યું કે, 'તેઓ આ વિસ્તારમાં સ્ત્રીઓના રક્ષણ માટે એક સંસ્થા સ્થાપવા માગે છે.' પૂ. ગાંધીજીએ જોરાવરનગર-વઢવાણ રોડ ઉપર રાષ્ટ્રીય શાળાના બંધ પડેલા મકાનમાં સંસ્થા શરૂ કરવાની અનુમતિ અને આશીર્વાદ આપ્યા. ત્યાં પહેલેથી જ સ્વામી શિવાનંદજી અને શ્રી ફુલચંદભાઈ પણ હતા.

આમ ૧૯૪૫માં આ સંસ્થાની સ્થાપના થઇ. પહેલા ૧૨ બાળાઓ અને બહેનોથી અંતેવાસી તરીકે સંસ્થાની શરૂઆત થઇ. જેમાંથી કેટલીક બાલિકાઓ પ્રૌઢ વયે પણ આ સંસ્થામાં જ કાર્યકર તરીકે કાર્ય કર્યું.

સંસ્થા તો સ્થપાઇ ગઇ, પણ સુકાન કોને સોંપવું ? એ પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. પુષ્પાબહેને એકવીસ વરસની યુવતીને પૂછ્યું : 'તારે આગળ શું કરવું છે ?' ત્યારે જેનું ઘડપણ, સંસ્કાર સિંચન અને આદર્શ જ પુષ્પાબહેન હોય તેને શું કહેવાનું હોય ? જવાબ મળ્યો : 'સમાજ સેવા.'

ત્વરિત નિર્ણય લેવાયો. વઢવાણ વિકાસ વિદ્યાલયની જવાબદારી ૨૧ વર્ષની ઉંમરે શ્રી અરૂણાબેન દેસાઇને સોંપવામાં આવી. એ આ વિસ્તારનું સદ્ભાગ્ય ! ૨૧ વર્ષની ઉંમરે ૧૪ જૂન ૧૯૪૬માં ૪૦ બાળાઓ સાથે વઢવાણ આવ્યા. એ સમયની વાત, ઘટનાઓ અને પ્રસંગોમાં અરૂણાબેનનું દૃઢ મનોબળ, હિંમતના, ધ્યેય લક્ષિતાના દર્શન થાય છે.

વરસોના વહાણાં વાયા. જરૂરિયાત જેમ જેમ ઊભી થતી ગઇ તેમ તેમ શિક્ષણ અને તાલીમ સંકુલોમાં જ અરૂણાબેનની રાહબરી સંસ્થાની નીગરાની હેઠળ

સ્થપાતા ગયા. એમાંથી થોડાક ઉદાહરણ લઇએ તો... આ સંસ્થાએ શિક્ષણ, તાલીમ સાથે સાથે આર્થિક ઉપાર્જનના પ્રયત્નો કર્યા છે. તેમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા ખાદી કેન્દ્ર શરૂ કર્યા. જેમાં અંબર ચરખા, ભરતકામ, વણાટકામ વગેરે... ગામડામાં બહેનોને ઘરે ઘરે જઇને કાચો માલ આપવાનો, બદલામાં સૂતર-ભરત વગેરે તૈયાર કરી આપે. આમ ઘર બેઠાં બેઠાં રોજી-રોટી મેળવે એ અભિગમ હતો. એક સમયે તો ૩૦૦થી વધારે અંબર ચરખા-વણાટકામ ગામડે ગામડે બહેનોના ઘરે ચાલતા, ને લાપસીના આંધણ મુકાતા.

પુષ્પાબહેન ભારપૂર્વક માનતા અને કહેતા કે, 'જ્યાં સુધી સ્ત્રી શિક્ષિત નહીં હોય, પગભર નહીં હોય. ત્યાં સુધી તેની પરિસ્થિતિમાં સુધારો થવાનો નથી.' સ્ત્રીઓ માટે સલામત અને યોગ્ય વ્યવસાય હોય તો તે શિક્ષકનો છે. આવા ખ્યાલથી જ સૌરાષ્ટ્રનું સૌ પ્રથમ સ્ત્રી અધ્યાપન મંદિર પણ અહીં સ્થપાયું. આમ સંસ્થાએ પોતાનો અભિગમ-ધ્યેય સમયની સાથે વહીને જાળવી રાખ્યા છે. આ સંસ્થાએ ઘણી સ્ત્રીઓના જીવન ઉજાળ્યા છે. પ્રગતિના પંથે, વિકાસની રાહે લઇ જવામાં વિકાસ (આ સંસ્થા)નો ખૂબ મહત્તમ ફાળો છે. અમારા જ નહીં અમારા જેવા કેટલાય ભાઈઓના શ્રીમતીજીઓના શિક્ષણ, સંસ્કાર ને ઘડતર આ ભૂમિમાં થયાં છે. જ્યારે જ્યારે તેઓ લેખ વાંચશે ત્યારે એમની ભીતરમાં 'વિકાસ વિદ્યાલય' ફૂટશે. અરૂણાબહેનનો હસતો ચહેરો કહેતો રહેશે : 'થોડુંક બીજા માટેય જીવતા શીખો.'

છેલ્લે આ સંસ્થાઓમાં કેટલાંક વિભાગોનો તમને પરિચય કરાવીએ છીએ. જેથી ખ્યાલ રહે કે આ સંસ્થા કેટકેટલું મથી છે.

**સ્ત્રી રક્ષણ :** બહારથી ગમે તેવા વાતાવરણમાં આવતી સ્ત્રીને રક્ષણ આપી પગભર બનાવી પોતાનો ભૂતકાળ ભૂલી જઇ શિક્ષણ અને ઉદ્યોગ દ્વારા સ્થિર થાય છે અથવા કુટુંબમાં ભળી જાય છે. આવા ગત વર્ષ દરમિયાન બહેનોને રક્ષણ આપી સ્વાવલંબી બનાવ્યા.

**શિશુગૃહ :** સંસ્થામાં ત્યજાયેલા બાળકો છે. અત્યારે આવા ૧૫થી વધુ બાળકો છે. આમાનાં નાના બાળકોને દત્તક આપવામાં આવે છે. ગત વર્ષો દરમિયાન આવા બાળકોને દત્તક અપાયા છે.

**આશ્રય અને રક્ષણ :** વિકાસ વિદ્યાલયની સંસ્થા અનાથ બાળકો, નિરાધાર સ્ત્રીઓને આશ્રય આપવા શરૂ કરી હતી. આવી કન્યાઓ ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજમાં ઉચ્ચ સ્થાને નોકરી કરે છે. સંસ્થાના ધ્યેય, મનોરથો અને સ્વપ્નો સાકાર બનાવી સાચા પડ્યા છે.

**છાત્રાલય :** પ્રગતિને પૂરક બનાવવા છાત્રાલય સંસ્થામાં જ ચાલે છે. કન્યા છાત્રાલય સંસ્થામાં જ ચાલે છે. કન્યા છાત્રાલય, અધ્યાપન, છાત્રાલય, પછાતવર્ગ છાત્રાલય શિક્ષણમાં પૂરક છે.

**સ્વ.શ્રી વાડીલાલ કેશવજી ઘીવાળા હૉસ્પિટલ :** આ દવાખાનું સંસ્થાના એક અંગ તરીકે ચાલે છે. ખાસ કરીને ત્યજાયેલા, તરતના બે-પાંચ દિવસના બાળકો ૩ વર્ષ સુધી હૉસ્પિટલમાં રાખવામાં આવે છે. હૉસ્પિટલ છેલ્લા ૪૩ વર્ષ ઉપરાંતથી કામ કરે છે.

**શ્રીમતી એમ.એમ. શાહ પ્રાથમિક શાળા :** પ્રાથમિક શાળામાં વિદ્યાલયના તેમજ બહારના બાળકો છે. શરૂથી અત્યાર સુધીમાં ૩૭૫૧ બાળકોએ લાભ લીધો છે. આ શાળા ૭૩માં વર્ષમાં પ્રવેશ કરે છે.

**શ્રીમતી એમ.એમ. શાહ ગર્લ્સ હાઇસ્કૂલ :** આ હાઇસ્કૂલ છેલ્લા ૬૨ વર્ષથી ચાલે છે. અભ્યાસ ઉપરાંત શિક્ષણ, સંગીત, ચિત્ર વિ. વિષયો શાળા સમય બહાર શીખવવામાં આવે છે. શાળા ઇત્તર પ્રવૃત્તિઓમાં પણ લાભ લે છે. અહીં ઉચ્ચતર મા.શિ.ના વર્ગો પણ ચાલે છે. શરૂઆતથી આજ સુધીમાં ૧૦,૦૦૦ તથા હાયર સેકન્ડરીમાં ૧૫૦૦થી વધુ બાળાઓએ લાભ લીધો.

**શ્રીમતી સદ્‌ગુણાબેન સી.યુ. શાહ સ્ત્રી અધ્યાપન મંદિર (D.E.I.E.D. કૉલેજ) :** એસ.એસ.સી. પછીનો બે વર્ષનો અભ્યાસક્રમ હતો. દર વર્ષે સતત શિક્ષણના કાર્ય માટે ગામડાઓમાં પદયાત્રા થતી. ગામમાં ગ્રામ સફાઇ, સામાજિક કુરિવાજો દૂર કરવાના કાર્યક્રમો થતાં.

**શ્રીમતી એમ.એમ. શાહ કલા અધ્યાપન મંદિર :** આ અધ્યાપન મંદિર ૧૯૫૯માં શરૂ કરવામાં આવ્યું હતું. અધ્યાપન મંદિરમાં એસ.એસ.સી. પછી બે વર્ષનો અભ્યાસક્રમ હોય છે. સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં આ એક જ કૉલેજ હતી.

**શ્રી સી.યુ. શાહ ફાઇન આર્ટ કૉલેજ :** ફાઈન આર્ટ કૉલેજમાં માનનીય સી.યુ. શાહે રૂ. ૩ લાખનું ડોનેશન આપ્યું છે.

**શ્રીમતી એમ.એમ. શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન :** આ કૉલેજ ૧૯૭૩માં શરૂ કરવામાં આવી. અત્યાર સુધીમાં તૈયાર થયેલ શિક્ષક-શિક્ષિકા ભાઈ-બહેનો જુદી જુદી સ્કૂલોમાં કામે જોડાઇ ગયા છે. એમ.એડ.નું એજ્યુકેશન પણ ચાલુ થયું છે.

**હેન્ડીક્રાફ્ટ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ :** આ કૉલેજમાં એસ.એસ.સી. પછી છ મહિનાના ટૂંકા ગાળાનો અભ્યાસક્રમ છે. જેમાં કાર્ડ બોર્ડ, બુક બાઇન્ડિંગ, લેધર વર્ક તથા અન્ય ઉદ્યોગ શીખવવામાં આવે છે.

**સી.યુ. શાહ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ :** સિવિલ ડ્રાફ્ટમેનશીપના કોર્ષમાં આ સંસ્થામાં ભાઇ-બહેનો લાભ લે છે. આમાં સિવિલ ડ્રાફ્ટમેન, ટી.ટી.એન.સી., એમ્બ્રોઇડરી, ફેન્સી વર્ક, ટી.સી. ડબલ્યુ. સી.જી. ટેલરીંગ જેવા વર્ગોનો અભ્યાસક્રમ ચાલે છે.

**સ્વ. શ્રીમતી શીવબાઈ મણીભાઈ ઉદ્યોગગૃહ :** આ કેન્દ્રમાં સિવણ ડિપ્લોમા, એમ્બ્રોઇડરી, ફેન્સીવર્ક વિ.ના વર્ગો ચાલુ છે. તે દ્વારા લોન અપાવી સિવણ મશીન આપવામાં આવે છે.

**શ્રી મહેતા ખાદી ઉદ્યોગ ગૃહ :** આ કેન્દ્ર બહેનોને કાંતણ દ્વારા પૂરક રોજી મળે છે. મુખ્ય ઉત્પાદન આસન-શેતરંજી છે. ભારતભરમાં વેચાણ માટે જાય છે.

**શ્રીમતી સદ્‌ગુણાબેન સી.યુ. શાહ (મ્યુનિ.) ગર્લ્સ હાઇસ્કૂલ :** સુરેન્દ્રનગરમાં હાઇસ્કૂલ આવેલી છે. સુરેન્દ્રનગર સંયુક્ત સુધરાઇ તરફથી શહેરની મધ્યમાં જ જગ્યા ભેટ મળી છે.

**કુટુંબ સલાહ કેન્દ્ર :** આ કેન્દ્રમાં રોજબરોજના કુટુંબ કલહના, પતિ-પત્નીના ઝઘડા, કાયદાની સલાહ વિ. લેવા માટે મોટી સંખ્યામાં બહેનો આવે છે.

**વિદ્યાલય પ્રિન્ટરી :** સેન્ટ્રલ સોશ્યલ વેલ્ફેર બોર્ડ તરફથી બહેનોને ઉદ્યોગ શીખવી પગભર કરવાનો સોસ્યો ઇકોનોમિક પ્રોગ્રામ છે. આ પ્રેસમાં બહેનો કંપોઝીટર તરીકે તેમજ મશીન ચલાવવા તૈયાર થાય છે.

**આંગણીવાડી કાર્યકર તાલીમ વર્ગ :** ૧૫ જૂન ૧૯૮૨થી ૪ માસનો આંગણવાડી કાર્યકર તાલીમ વર્ગ આઇ.સી.ડી.એસ. પ્રોજેક્ટ હેઠળ શરૂ કરવામાં આવ્યો.

**સમુદાય પોષણ વિસ્તરણ કાર્યક્રમ :** આ કાર્યક્રમ ૧૯૯૪ના નવેમ્બરમાં શરૂ કરવામાં આવ્યો. પછાત વિસ્તારની મહિલાઓને સ્વાસ્થ્યની જાળવણી, આરોગ્ય, પોષણ અને સ્વચ્છતા વિશે વિવિધ પધ્ધતિઓ દ્વારા ઘણી બધી બહેનોએ ભાગ લીધેલ છે. વાનગી નિદર્શન પણ થાય છે.

**પ્રિન્ટીંગ-કમ્પોઝ-બુક બાઇન્ડીંગ તાલીમ વર્ગ :** ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. અમદાવાદના સહકારથી પ્રિન્ટિંગ કમ્પોઝમાં તથા બુક બાઇન્ડીંગના છ માસનો તાલીમ વર્ગ હોય છે.

**શોર્ટ સ્ટે. હોમ :** ભારત સરકારના માનવ સંશોધન વિભાગ દ્વારા માન્ય છે. જેમાં કેટલાક સામાજિક અન્યાયોનો ભોગ બનેલ બહેનોના પ્રશ્ન હલ થાય ત્યાં સુધી આ ગૃહમાં રાખવામાં આવે છે.

**પુષ્પાબહેન મહેતા લીગલ એઇડ સેન્ટર :** આ કેન્દ્રમાં બહેનોને કાયદાકીય મદદ કરવામાં આવે છે અને તેમના કેસ કોર્ય દ્વારા કરવામાં આવે છે.

**યુવતી વિકાસ કેન્દ્ર :** સંસ્થા તરફથી યુવતી વિકાસ કેન્દ્ર ૧૯૯૫માં શરૂ કરવામાં આવ્યું. આ કેન્દ્રમાં ૧૫ થી ૨૧ વર્ષની બહેનોને આરોગ્ય, સામાજિક જાગૃતિ, બહેનો અંગેના કાયદાની તાલીમ આપવામાં આવે છે.

**પુષ્પાબહેન મહેતા કુટુંબ સલાહ કેન્દ્ર-ચોટીલા :** ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડની સહાયથી ચોટીલામાં શરૂ કરવામાં આવ્યું. ચોટીલા તાલુકો પછાત છે, તેમાં બહેનોને આ પ્રકારની સહાય મળે તેથી શરૂ કરવામાં આવેલ છે.

## શિક્ષણ સંન્યાસી તૈયાર કરતી સંસ્થા : મૈત્રી વિદ્યાપીઠ



તન, મન અને ધનથી પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર એટલે કેળવણીકાર નાગજીભાઈ દેસાઇ અને તેમના જીવનસંગિની શાંતાતાઇ. જેમ ૧૨ વર્ષની કન્યાને માથે હેલ હોય અને કેડમાં પોતાનો ભાઈ હોય તો પણ તેને વજન લાગતો નથી, તેમ વંચિતો મારા છે, પીડિતોની પીડા મારી છે. દુઃખીઓના દર્દમાં મારો ભાગ છે, એવી ભાવનાથી 'મૈત્રી વિદ્યાપીઠ' સંસ્થા ચાલે છે. મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર જિલ્લા માટે એક આશીર્વાદરૂપ સંસ્થા છે. જેના કારણે અનેક લોકોના જીવનમાં નવો પ્રકાશ આવ્યો છે અને નવો પ્રકાશ મેળવનાર પણ આજે બીજાના જીવનમાં પ્રકાશ ફેલાવે છે. ડૉ. નિખિલેશ દેસાઇ એટલે પરગજુ દાક્તર. જેણે સેવાને પોતાનો જીવનમંત્ર બનાવ્યો. તેમના પત્ની એટલે જયશ્રીબહેન દેસાઇ કે જેઓ હાલ આ બધી સંસ્થાઓનું સુચારું સંચાલન કરી રહ્યા છે. જયશ્રીબહેન 'દીદી'ના હુલામણા નામથી ઓળખાય છે. બહેનો હોય કે વિદ્યાર્થી, દુઃખી હોય કે પીડિત તેમની પાસે જાય અને તેમની સમસ્યાનું સમાધાન થઇ જ જાય. સામેના વ્યક્તિને પૂરેપૂરો સાંભળી ખૂબ જ ઓછા શબ્દોમાં નક્કર કાર્યથી તેની પીડાને દૂર કરનાર ધૂપસળી છે, જયશ્રીબેન દેસાઇ. ઘરની બધી જ જવાબદારીઓ ખૂબ સારી રીતે નિભાવતા નિભાવતા તેઓ ઉપરની તમામ સંસ્થાઓનું સંચાલન પણ બખૂબી કરે છે જે આનંદની વાત છે. ચાલો આપણે બધી સંસ્થાઓનો ટૂક પરિચય કેળવીએ.

શ્રી ડૉ. લક્ષ્મીચંદ મૂળજીભાઈ ધ્રુવ બાલાશ્રમ નામાભિધાન ૧૯૭૮માં થયું. તેની સ્થાપના ૧૯૧૫માં હિન્દુ અનાથાશ્રમ તરીકે થયેલી. આ બાલાશ્રમમાં અનાથ બાળકોને આશ્રય આપવામાં આવે છે. સાથે સાથે તેના જીવનના સર્વાંગી વિકાસ

માટેની કાળજી પણ લેવાય છે. આ બાળકોમાં અનાથપણાનો ભાવ દૂર થાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. અનાથ, નિરાધાર અને ત્યજાયેલા બાળકોને આવકારીને તેને પરિવારનું વાતાવરણ પૂરૂં પાડવામાં આવે છે. નાના બાળકો ઘણીવાર રિસાઇ જાય ત્યારે માથે હાથ ફેરવી મોઢામાં કોળિયા આપી જમાડવાનું કાર્ય પણ શાંતાતાઇએ કરેલું છે. બાળકોની સુટેવોનું ઘડતર નાગજીદાદા મૂલ્યલક્ષી વાર્તાઓ કહીને કરતા.

નિયમ મુજબ બાલાશ્રમમાં ૧૮ વર્ષ પછી અનાથ બાળકોને છુટા કરવા પડે, પણ નાગજીદાદા દરેક આશ્રમવાસી બાળકોને કહે કે, આ સંસ્થા તમારી છે. ચોવીસ કલાક તમારા માટે તેના દરવાજા ખુલ્લા છે અને રહેશે. બાલાશ્રમના બાળકોને નિશાળ છૂટ્યા પછી પણ ટ્યુશનની વ્યવસ્થા દાદાએ કરેલી તેમજ દરેક બાળકોની પ્રગતિ ફાઇલ પણ નિભાવે. જેના કારણે ભવિષ્યમાં તેને કારકિર્દી બનાવવા માટે મદદરૂપ બની શકાય.

એવા જ એક અનાથ બાળકને એસ.એસ.સી. સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. સાથે વિશેષ માર્ગદર્શન અપાય છે. પ્રગતિ ફાઇલના આધારે તેને આઇ.ટી.આઇ.માં ઓટો મોબાઇલનો કોર્ષ કરાવીને તેને પગભર બનાવવાના પ્રયત્નો શરૂ થાય છે. તેને કોર્ષ પૂર્ણ કર્યા બાગ ગેરેજમાં નોકરી પણ નાગજીદાદાની ભલામણથી અપાવવામાં આવે છે અને તેનો પગાર તેના બેંક એકાઉન્ટમાં જમા થાય તેવી વ્યવસ્થા થાય છે. તે ધ્રાંગધ્રા જાય છે, પણ ગેરેજના મિત્રોની અનૈતિક વાતોમાં આવવાના બદલે પાછો તે સંસ્થામાં આવે છે. નાગજીદાદા તેને લોન અપાવવામાં મદદ કરે છે. હાલ આ બાળકનો પોતાનો પરિવાર છે. તેને ૬૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર ઉપર ખૂબ સરસ મજાનું ગેરેજ ધમધોકાર ચાલે છે. સંસ્થા હંમેશા બાળકોને જીવનમાં ડગલે ને પગલે મદદરૂપ થાય છે. આવા તો કેટલાય કિસ્સા છે, જે નાગજીદાદાએ એક પુસ્તકમાં લખ્યા છે.

**શ્રી મનસુખભાઈ દોશી લોક વિદ્યાલય :**

સુરેન્દ્રનગરથી પાંચેક કિલોમીટર દૂર ૩૩ એકર જમીનમાં પથરાયેલી આ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયમાં ગામડાના દૂર દૂરના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ ભણે છે. ૧૯૬૫માં શરૂ થયેલી આ વિદ્યાલય અત્યારે વટવૃક્ષ બનેલી છે. હાલ આ સંસ્થા પાસે ૨૫૦ વિદ્યાર્થીઓ સારી રીતે રહી શકે, ભણી શકે તેવા છાત્રાલય અને શાળાના મકાનો બનેલા છે. રસોડું, કોઠાર, ભોજનશાળા, મહેમાનગૃહ, કાર્યાલય, પુસ્તકાલય, વાંચનાલય, વસ્તુ ભંડાર, વિજ્ઞાન પ્રયોગશાળા, કૃષિ

પ્રયોગશાળા, રમતગમત રૂમ, પ્રાર્થના ખંડ, રેકર્ડ રૂમ, ગૌશાળા, ઘાસ ગોડાઉન તેમજ ૨૦ જેટલા કર્મચારીઓ રહી શકે તેવા નિવાસસ્થાનેથી સુસજ્જ બની છે. પ્રેમજીભાઈ રૂપાભાઈ કણોતરા નામનો પ્રથમ વિદ્યાર્થી જૂન ૧૯૬૬માં દાખલ થાય છે.

દસ વિદ્યાર્થીથી શરૂ થયેલી આ શાળામાં હાલ ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. લોકવિદ્યાલયમાં ભણેલા કેટલાય વિદ્યાર્થીઓ આજે શિક્ષક, તલાટી કમ મંત્રી, મામલતદાર, એન્જિનિયર, ડૉક્ટર, પોલીસ તેમજ સીમા સુરક્ષાદળમાં પોતાની ફરજ બજાવે છે.

૧૯૬૭માં છાત્રાલયના પ્રમાણમાં સંખ્યા વધુ હોવાથી દરિયાઇ વેલના માંડવા બનાવી વર્ગખંડો બન્યા. ઘાસના ઝૂંપડા બનાવી તેમાં પાંચ-પાંચ વિદ્યાર્થીઓ રાખ્યા. લાઇટ કે પાણીની વ્યવસ્થા હોય જ ક્યાંથી ? પાણી પણ બાજુના ડેમમાંથી ગાડામાં લાવવામાં આવતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળી પાયા ખોદ્યા. સિમેન્ટ-કોંક્રીટની ઇંટો પાડી. (બનાવી) ચણતર કરવામાં જાત મહેનત અને નળિયા ચડાવવામાં પણ સહુએ સાથે મળીને કામ કર્યું. આ બધું કામ શિક્ષણના ભોગે નહીં પણ શાળાના કામના કલાકો પછી થયું. દિવસે જે વર્ગમાં કામમાં જાય તેનો વર્ગ રાત્રે લેવાતો. બાળકોએ પ્રત્યક્ષ શિક્ષણ મેળવ્યું. સ્વાવલંબનના પાઠો ભણ્યાં. શ્રમનું મહત્ત્વ સમજાયું અને ૪ વર્ગખંડો બન્યા. તે આજે પણ અડીખમ છે. કાર્ય કરતા કરતા પણ તે વર્ષે એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦% આવે તેનો આનંદ તો બધા જ મિત્રોના ચહેરા પર હોય તે કહેવાની જરૂર ખરી !! વિદ્યાર્થીઓ છાત્રાલયમાં ભણતા થયા તેથી સામૂહિક જીવનના પાઠો, સહકારના પાઠો, એકબીજાના વિચારોને અનુમોદન આપવું, એકબીજાને મદદ કરવી જેવા પાઠો પ્રત્યક્ષ રીતે ભણ્યાં. જે વિદ્યાર્થીઓ પાસે પુસ્તકો ન હોય તેને બીજો વિદ્યાર્થી પુસ્તક આપે. ન આવડતી ગણિત-અંગ્રેજીની બાબતો એકબીજા પાસેથી શીખે અને શીખવાડે.

શાળામાં લોકશાહીના પ્રત્યક્ષ પાછો ભણાવવા માટે મંત્રીમંડળ બનાવવામાં આવે. તેની જવાબદારી વિદ્યાર્થીઓ ઉપાડે તેમજ તેને માર્ગદર્શન શિક્ષકના નેતૃત્વની તાલીમ, જવાબદારી પૂરી કરવાની તત્પરતા, કાર્યનિષ્ઠા, આત્મવિશ્વાસ જેવા ગુણો આ કાર્યોથી વિદ્યાર્થીઓમાં સહજતાથી આવ્યા. મનોરંજન મંત્રી, આરોગ્ય મંત્રી, મહેમાન મંત્રી, રમત-ગમત મંત્રી, ઉદ્યોગ મંત્રી, બાગાયત મંત્રી, સફાઇ મંત્રી, પુસ્તકાલય મંત્રી, વાંચનાલય મંત્રી, વિજ્ઞાન મંત્રી, નાણા મંત્રી, પ્રવાસ મંત્રી, ધ્વનિ પ્રસારણ મંત્રી, બેલ મંત્રી તેમજ એક મહામંત્રીની એમ અલગ અલગ મંત્રીઓ અને

તેની ટીમ બનતી. દર પંદર દિવસે વિદ્યાર્થીઓ અલગ અલગ ટીમમાં વારાફરતી જોડાતાં. આ રીતે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થતો.

વિદ્યાર્થીઓના રસોડા માટે શાકભાજી, ઘઉં, બાજરો વિગેરે સંસ્થાની જમીનમાં જ ઉગાડવામાં આવે છે. ગૌશાળા માટે ઘાસચારો પણ.

**શ્રી મંજુલા કન્યા વિદ્યાલય :**

સુરેન્દ્રનગરના ગામડાઓમાં રહેતી અને ભણતરની સુવિધાના અભાવે આગળ નહીં ભણી શકતી દીકરીઓ માટે કશુંક કરવું જોઇએ. આ વિચારથી તા. ૨૫-૭-૧૯૮૫માં ૨૨ વિદ્યાર્થિનીઓ સાથે શ્રી મંજુલા કન્યા વિદ્યાલયની શરૂઆત થઇ. સુરેન્દ્રનગરના ગામડાઓમાં ત્રીજા કે ચોથા વર્ષે દુષ્કાળ હોય છે. વળી ગામડેથી શહેરમાં કન્યાઓને ભણવા મોકલવા (અપડાઉન) માટે ઘણા વાલી તૈયાર થતા નથી. ગામડાઓમાં પણ શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય, દીકરીઓ પણ આગળ વધી પોતાના પગ ઉપર ઊભી થાય અને ઓછા ખર્ચે રહેવા તથા ભણવાની સુવિધા આપવાના હેતુથી શ્રી મંજુલા કન્યા વિદ્યાલયની સ્થાપના થઇ. સાથે સાથે કન્યા છાત્રાલય પણ શરૂ થયું. જેથી દીકરીઓ ઓછા ખર્ચે સંસ્થામાં રહી સહજીવનના પાઠો શીખી, સારું અને સાચું શિક્ષણ મેળવી શકે. શાંતાતાઇ તથા જયશ્રીદીદીએ આ બાબતે ખૂબ દાખડો કર્યો. ગામડે ગામડે પ્રચાર કર્યો. વાલીઓને કહ્યું : 'તમારી દીકરી આજથી અમારી છે, તેની કોઇ ચિંતા કરશો નહીં.' વાલીઓ પણ તૈયાર થયા અને એક સારી કન્યા વિદ્યાલયની ભેટ સુરેન્દ્રનગરને મળી. ક્યારેક કોઇ વિદ્યાર્થિની ગૂમસૂમ હોય તો જયશ્રીદીદી તેને અંગત રીતે મળી તેની તકલીફ જાણી તે દૂર કરી, દીકરીનો વિશ્વાસ અને પ્રેમ બંને સંપાદિત કરતા. તો ડૉ. નિખીલેશ દેસાઇ મૈત્રી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના આરોગ્યની વિશેષ કાળજી લેતા. પોતાના દવાખાને સંસ્થાના વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાતી હતી. વિદ્યાર્થીઓ પાસેથી કોઇ જાતની ફી પણ લેવામાં આવતી ન હતી.

વાલી સંમેલનોમાં વિદ્યાર્થિનીઓની માતાઓને ખાસ ઉપસ્થિત રહેવા જણાવાતું. તેમની સાથે વિદ્યાર્થિનીઓના અભ્યાસ અને વર્તણૂંક અંગેની, તેની પ્રગતિની જાણકારીની આપ-લે થતી. ગામડામાં રહેલા અંધશ્રધ્ધા, કુરિવાજો તથા દહેજપ્રથા અને વ્યસન મુક્તિ અંગેના નાટકો દીકરીઓ દ્વારા રજૂ થતાં તેમજ વાલીઓ પોતાની દીકરીઓએ વર્ષ દરમ્યાન કરેલ વિવિધ પ્રવૃત્તિઓનું પ્રદર્શન પણ નિહાળતા.

જીવનલક્ષી શિક્ષણ માટે વિવિધ સ્પર્ધાઓ અને આયોજનો પણ મૈત્રી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાલયોમાં થતા રહે છે. બહેનોની સંસ્થામાં ખાસ કરીને રસોઇ સ્પર્ધા, રાખડી હરીફાઇ, કેશ ગૂંથણ, મહેંદી સ્પર્ધા, રંગોળી, વર્ગ સુશોભન, આરતીની થાળી શણગારવી, વેણી બનાવવી જેવી સ્પર્ધાઓ કે હરીફાઇઓ વર્ષ દરમ્યાન થતી રહે છે. સાથે સાથે વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સુલેખન સ્પર્ધા અને નિબંધ લેખન ન થાય તે માટે દરેક સ્પર્ધકોને પ્રોત્સાહન પણ મળતું રહે તેનું આયોજન સંસ્થા કરે છે. દરેક વિદ્યાર્થી જેણે ભાગ લીધો હોય છે તેને પ્રોત્સાહક ઇનામ અપાય છે.

આ વિદ્યાલયના પ્રથમ વિદ્યાર્થિની અમીબેન મનહરલાલ શાહ હતા અને પ્રથમ આચાર્ય શ્રી પ્રકાશભાઈ ભારદ્વાજ હતા. હાલ ૨૫૪ દીકરીઓ ૯ થી ૧૨ અભ્યાસ કરે છે. કુલ ૨૫૫૫ વિદ્યાર્થીઓએ આ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો છે.

**શ્રી ચિનુભાઈ હિં. શાહ મૈત્રી વિદ્યાપીઠ (બી.એડ. મહિલા કૉલેજ) :**

સમાજને સમર્પિત, શિક્ષણક્ષેત્રે સન્યાસી જેવા, સામાજિક ક્રાંતિના વાહક બને તેવા, કોરી આંખોમાં સપના વાવી ઉગાડે એવા, કર્મનિષ્ઠ, મર્મજ્ઞ મહિલા શિક્ષિકાઓની ફોજ તૈયાર કરવાના હેતુથી તા. ૧-૭-૧૯૮૮માં માનવ મંદિર, સુરેન્દ્રનગરના પ્રાંગણમાં મહિલા બી.એડ. કૉલેજનો પ્રારંભ થયો. આ સંસ્થાના પ્રથમ વિદ્યાર્થિની રંજનબેન પોપટ હતા અને પ્રથમ આચાર્ય તરીકે કેળવણીકાર ડૉ. મોતીભાઈ મ. પટેલ હતાં. ૧૯૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કૉલેજમાં અભ્યાસ કરી પોતાના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરેલું છે. હાલ બંને વર્ષના મળી કુલ ૧૦૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ડૉકટરો તો ઘણા મળશે પણ સારા કેટલાં ?

એન્જિનીયરો કેટલાય મળશે પણ સારા કેટલાં ?

વકીલો તો અનેક મળશે પણ સાચા કેટલાં ?

વેપારીઓ અનેક હશે પણ ખરા કેટલાં ?

નોકરિયાત ઘણા બનશે પણ નિષ્ઠાવાન કેટલાં ?

ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો અને વેપારીઓનો સમૂહ ભેગા મળીને એક સાચા કે સારા શિક્ષકને ન બનાવી શકે. પણ એક સાચો, નિષ્ઠાવાન, પ્રાણવાન, સમર્પિત અને દેશદાઝવાળો શિક્ષક કેટલાય ડૉક્ટરો, વકીલો અને એન્જિનિયરો બનાવી શકે અને એ પણ ઉત્તમ કોટીના ભારત દેશના ભાવિ નાગરિકો સાચા અર્થમાં

દેશપ્રેમી બને, દેશના ઉત્થાન માટે કાર્ય કરે તે માટે નાગજીદાદાની મથામણ હતી. આ સમાજને, આ દેશને ખરા અર્થમાં સારા અને સાચા શિક્ષકો આપવા આ મહિલા બી.એડ. કૉલેજ શરૂ થઇ. ૩૨ વર્ષથી વધુ વર્ષ થઇ ગયા છે અને તેમાંથી ઉત્તમ કક્ષાના શિક્ષકો સમાજને મળ્યા છે. જેમણે આ સમાજની પ્રગતિમાં પોતાનો ફાળો આપ્યો છે. આ કૉલેજે ૨૭ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી અપાવવામાં માર્ગદર્શન આપ્યું છે.

બી.એડ. કૉલેજમાં સરકારી રૂલ્સ મુજબ ૧ સીટ આઉટ ઓફ સ્ટેટની હોય છે. તેનો એક કિસ્સો લખવાની લાલચ છોડી શકતો નથી. બી.એડ.ની એડમિશન પ્રક્રિયા શરૂ હતી. તેમાં રાજસ્થાનથી એક બહેન પ્રેગનન્સી સાથે આ કૉલેજમાં એડમિશન લે છે. તેમના પતિ સાથે હોય છે. પતિ પોતાની પત્ની સંસ્થાને સોંપીને તેમની માતાને લેવા જાય છે. તે રાત્રે જ પ્રસવપીડા થતા બહેનને દવાખાનામાં દાખલ કરવામાં આવે છે. જયશ્રીદીદી દવાખાને પહોંચી દર્દીના વાલી તરીકે સહી કરે છે. જયશ્રીદીદી ફોન કરી પ્રશિક્ષણાર્થી બહેન માટે ગરમ રસોઇ તથા શીરાની વ્યવસ્થા કરે છે. દીકરાનો જન્મ થયા પછી અને તેના પતિ દવાખાને બીજા દિવસે આવે છે ત્યારે જયશ્રીદીદી પોતાના ઘેર જાય છે. સંસ્થાની આ સંવેદનાથી અભિભૂત થઇને પ્રશિક્ષણાર્થી બહેન પોતાના દીકરાનું નામ ‘મૈત્રી’ રાખે છે. છે ને સંવેદનાસભર વાત !!! સંસ્થા ‘મા’ પણ બની શકે છે.

આ ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બી.એડ.ના વર્ગો પણ આ સંસ્થા ચલાવે છે. જેમાં શિક્ષણની સાથે સંકળાયેલ પ્રાથમિક શિક્ષકો શનિ-રવિ અને વેકેશનના સમયગાળામાં તાલીમ મેળવે છે. સમગ્ર ગુજરાતમાંથી બંને વર્ષના થઇને હાલ ૧૦૦ થી વધુ શિક્ષકો આ બી.એડ. તાલીમ વર્ગમાં જોડાયેલા છે.

**શ્રી લખમશી નથુ મૈત્રી અધ્યાપન મંદિર (પી.ટી.સી. કૉલેજ) :**

તા. ૨૦-૯-૧૯૭૪માં બાલાશ્રમમાં ભાઈઓનું બુનિયાદી અધ્યાપન મંદિર એટલે કે પી.ટી.સી. કૉલેજની શરૂઆત થઇ. પછી તેને માનવ મંદિર ખાતે ખસેડવામાં આવી. વર્ષ ૨૦૧૪ સુધી આ કૉલેજે ગુજરાતને કેટલાય ઉત્તમ શિક્ષકો આપ્યા. જેઓ આજે સમગ્ર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે આગવું, અનોખું અને અનૂઠુ કામ કરી રહ્યા છે. મૈત્રી અધ્યાપન મંદિરનો શિક્ષક હોય તેમાં પાંચ મુખ્ય બાબતો તમને જોવા મળે.

મૈત્રીનો શિક્ષક નિષ્ઠાવાન હોય જ

મૈત્રીનો શિક્ષક બાળકપ્રેમી અને શિક્ષણપ્રેમી હોય જ

મૈત્રીનો શિક્ષક બાલગીત ગાતો અને ગવરાવતો હોય જ

મૈત્રીનો શિક્ષક શિક્ષણની સાથે સાથે કેટલીય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવતો હોય જ

મૈત્રીનો શિક્ષક વૃક્ષ પ્રેમી અને પુસ્તક પ્રેમી હોય જ

જો તમે કોઇ પ્રાથમિક શાળામાં મુલાકાતે જવાનું થાય અને આ પાંચેય વસ્તુ એક સાથે જ્યાં જોવા મળે ત્યાં તે શિક્ષક મૈત્રી વિદ્યાપીઠની પી.ટી.સી. કૉલેજનો જ વિદ્યાર્થી નીકળે. નાગજીભાઈ દેસાઇએ કેટલાય સંનિષ્ઠ પ્રાથમિક શિક્ષકો તૈયાર કરી ગુજરાતને ઉત્તમ શિક્ષકોની ભેટ ધરી છે. તેમનું આ યોગદાન ક્યારેક ભુલાશે નહીં. ૪૦ વર્ષ સુધી આ કૉલેજે ઉત્તમ શિક્ષણ આપી નમૂનેદાર શિક્ષકોની ફોજ સમાજને આપી છે. આ કૉલેજમાં ભણી શિક્ષક થનાર શિક્ષકોએ પણ પોતાના ક્ષેત્રમાં જઇ પ્રશંસનીય કાર્ય કર્યું છે.

**શ્રી સુશીલા મુક્તા મણિયાર પ્રિ-પી.ટી.સી. કૉલેજ :**

તારાબેન મોડકના શિષ્યા શાંતાબેન દેસાઇને એવો વિચાર આવે કે કેળવણીનો પાયો પૂર્વ પ્રાથમિક શિક્ષણ છે, તેના માટે કંઇક થવું જોઇએ. શાંતાતાઇને થતું કે, અઢીથી પાંચ વર્ષના સમયગાળામાં બાળકો જે કાંઇ જુવે, અનુભવે અને સાંભળે તેનું અનુકરણ કરે છે. બાળકોને દરેક કાર્ય પોતાની જાતે કરવાની ઉત્કંઠા આ સમયમાં હોય છે. બાળકના આ મનોવિજ્ઞાનને સમજીને, બાળકોમાં રહેલી મૂળભૂત વૃત્તિને સાંભળી, સમજી તેને મુક્ત અને ઉષ્માભર્યા વાતાવરણમાં વિકસાવવાની તક મળે તો જ તેનો સર્વાંગી વિકાસ થઇ શકે છે. પરિણામે ૧-૧૦-૧૯૮૯થી આ કૉલેજની શરૂઆત માનવ મંદિરના પ્રાંગણમાં શરૂ થઇ.

ધો. ૧૦ પાસ મહિલાઓને ૧ વર્ષનો અભ્યાસક્રમ ભણાવાતો. સમગ્ર ગુજરાતમાંથી બહેનો અહીંયા ભણવા આવતી. છાત્રાલયની સુવિધા હોવાથી બહેનોને પણ અનુકૂળતા રહેતી. આ કૉલેજમાં નાના બાળકોને અનુરૂપ પ્રવૃત્તિઓ પણ વિશેષરૂપથી થતી. ૨૦૧૮માં કૉલેજ બંધ થઇ, પણ આ કૉલેજમાં વિદ્યાર્થીઓ પાસે રંગપૂરણી, કાતરકામ, ચીટકકામ, છાપકામ, માટીના રમકડા બનાવવા, વેશભૂષા, બાળગીતો, જોડકણા, અભિનય ગીતો વિગેરે કરાવાતા, તેમને શીખવાતા અને તેમાં ભણતી બહેનો પણ આ કાર્ય કરતી.

પ્રશિક્ષણાર્થીઓને વિવિધ પપેટ બનાવવા, તેના સંવાદ લખતા તથા બોલવાની પ્રેક્ટીસ કરાવવામાં આવતી. ગ્લવ પપેટ, ફીંગર પપેટ, સ્ટીક પપેટ, પેપર

પપેટ બનાવવાથી માંડી તેને પરદા પર રમાડવા સુધીની તાલીમ અપાતી. બાલવાર્તા કેમ કહેવી ? બાળ અભિનય ગીત કઇ રીતે રજૂ કરવું તેની પ્રત્યક્ષ તાલીમ નાગજીદાદા ૭૦ વર્ષની ઉંમરે પણ બધાને આપતા. નવી નવી બાળરમતો આ કૉલેજમાં શીખવવામાં આવતી. જે આ કૉલેજની આગવી વિશેષતા હતી.

**શૈક્ષણિક એવોર્ડ :**

મૈત્રી વિદ્યાપીઠ શિક્ષણ જગતમાં સારૂં કાર્ય કરનાર લોકોને એવોર્ડ આપીને તેમનું બહુમાન કરે છે.

**(૧) ભાઈ-તાઈ ગૃહપતિ-ગૃહમાતા એવોર્ડ :**

છાત્રાયલમાં વિદ્યાર્થીઓની સાથે રહીને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સંસ્કાર અને તેના સર્વાંગી વિકાસમાં યોગદાન આપનાર ગૃહપતિ અને ગૃહમાતા એવોર્ડ અપાય છે. તેમાં સન્માનપત્ર, શાલ અને રૂ. ૫૧,૦૦૦ રૂપિયા આપીને વ્યક્તિનું બહુમાન કરાય છે.

**(૨) ભાઇ-તાઇ શિક્ષણ એવોર્ડ :**

શિક્ષણક્ષેત્રે વિશેષ અને સારી કામગીરી કરનાર શિક્ષકોને, કેળવણીકારોને રૂ. ૫૧,૦૦૦ રૂપિયા સાથે સન્માનપત્ર અને શાલ ઓઢાડીને શિક્ષણવિદોની હાજરીમાં તેમને આ એવોર્ડ અપાય છે.

**(૩) ભાઈ-તાઈ બાલસેવા એવોર્ડ :**

શિક્ષણ ક્ષેત્રે જ વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોને આપવામાં આવતો. વર્તમાન સમયમાં સંસ્થાના પૂર્વ છાત્રો કે જે ખૂબ સારી જગ્યાએ પહોંચીને લોકોની સેવા કરે છે. શિક્ષણની સેવા કરે છે, તેમને મોમેન્ટો અને શાલ ઓઢાડી તેમનું સન્માન કરાલ છે. જેમાં અમુક નામ અત્રે ઉલ્લેખનીય છે.

મૈત્રી વિદ્યાપીઠ નામનું શિક્ષણનું આ મીઠું ઝરણું સૂકા પ્રદેશ સુરેન્દ્રનગર માટે લીલોતરી લઇને આવ્યું છે. તન-મન અને ધનથી તેમાં જીવન સમર્પિત કરનાર કાર્યક્રમો, કર્મચારીઓ, દાનવીરો, ટ્રસ્ટીઓ તેમજ સહયોગીઓનું સુરેન્દ્રનગર હંમેશા ઋણી રહેશે. આ લેખ તેમના યોગદાનની સાભાર નોંધ લઇ તેમને વંદન કરવા માટે જ છે.

મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ નીચે આ સંસ્થા ચાલે છે.

- શ્રી સી.એચ. શાહ મહિલા બી.એડ. કૉલેજ

- ભગીની છાત્રાલય
- મૈત્રી વિદ્યાપીઠ ત્રિમાસિક - ૪૩ વર્ષથી

માનવ મંદિર ટ્રસ્ટ નીચે આ સંસ્થાઓ ચાલે છે.

- શ્રી મંજુલા કન્યા વિદ્યાલય માધ્ય.-ઉ.મા.(ઉ.બુનિયાદી)
- કન્યા છાત્રાલય
- પ્રાથમિક વિદ્યાલય શાળા નં.-૨૦
- કેદાર ચિલ્ડ્રન લાયબ્રેરી

બાલાશ્રમનું ટ્રસ્ટ અલગ છે. લોક વિદ્યાલયનું ટ્રસ્ટ પણ અલગ છે. આ ચારેય ટ્રસ્ટોને આલોક માનવ મૈત્રી પરિવાર તરીકે ઓળખવામાં આવે છે. 'આ' એટલે આશ્રમ (બાલાશ્રમ), 'લોક' એટલે લોક વિદ્યાલય, 'માનવ' એટલે માનવ મંદિર તેમજ 'મૈત્રી' એટલે મૈત્રી વિદ્યાપીઠ. આમ આ ચારેય સંસ્થાના પ્રાણ નાગજીભાઈ દેસાઇ સાથે જોડાયેલા છે. નાગજીદાદાએ તથા શાંતાતાઇએ આ ચારેય સંસ્થાને પોતાનું જીવન સમર્પિત કર્યું. જેના કારણે સુરેન્દ્રનગરને શિક્ષણનું મીઠું ઝરણું મળ્યું. જેમાં સુરેન્દ્રનગર અને સમગ્ર ગુજરાતને તેનો લાભ મળ્યો. વિદ્યાર્થીઓએ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવીને ઉન્નત સમાજના નિર્માણમાં ફાળો આપ્યો. હાલ આ ચારેય ટ્રસ્ટ નીચે ચાલતી તમામ પ્રવૃત્તિઓ જયશ્રીબહેન દેસાઇ સુપેરે નિભાવે છે.

## તાલીમી માળખું

| | | |
|---|---|---|
| | | *MHRD* |
| રાષ્ટ્ર કક્ષાએ | *NCERT* | *NIEPA* |
| | *CCRT* | *NCTE* |
| | *Ed. Cil* | |
| રાજ્યકક્ષાએ | *GCERT* | |
| | *CTE* | |
| | *IASE* | |
| જિલ્લાકક્ષાએ | *DIET* | |
| | *DPEP/SSA* | |
| તાલુકાકક્ષાએ................. | *BRC* | |
| જૂથકક્ષાએ.................... | *CRC* | |

## શ્રી સી.યુ. શાહ પ્રેરિત શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ



સી.યુ. શાહ પ્રેરિત શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ એ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા છે. જે પ્રજ્ઞાચક્ષુ (અંધ) કન્યાઓ, બહેનોનાં ઉત્કર્ષ માટે શિક્ષણનાં માધ્યમ દ્વારા જ્ઞાતિ, જાતિ, સામાજિક કે ધાર્મિક ભેદભાવ વગર કાર્યશીલ છે. વળી તે અપંગ તથા પ્રજ્ઞાચક્ષુ યુવતીઓને ટ્રેનિંગ આપી તેમનું પુનર્વસન પણ કરે છે. કેટલાક કુટુંબમાં પ્રજ્ઞાચક્ષુ કન્યાઓનો જન્મ થયો કે તેને કુટુંબીઓ ત્યાગી દેતા હોય છે, એવાં કિસ્સા જોવા મળ્યા છે. આવા કિસ્સાઓમાં ગામ/શહેરનાં કચરા પેટી કે ઉકરડા પાસે અથવા અવાવરૂ જગ્યાએ મૂકી આવવામાં આવતી બાળાઓને માન્ય સંસ્થાઓના માધ્યમથી સંસ્થા સુધી પહોંચાડાય છે. આ સંસ્થામાં ભારતભરમાંથી પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ અભ્યાસ અર્થે પધારે છે અને તેઓને સહર્ષ સ્વીકારવામાં આવે છે.

દીકરીઓનાં મા-બાપ સમયે સમયે સંસ્થામાં આવીને પ્રજ્ઞાચક્ષુ દીકરીનો વિકાસ જોઇ આનંદ પામતા હોય છે. આ સંસ્થાના સ્થાપક શ્રી પંકજભાઈ ડગલી તથા તેમના ધર્મપત્ની પદ્મશ્રી શ્રીમતી મુક્તાબેન ડગલી બંને પ્રજ્ઞાચક્ષુ છે. અંધત્વનાં અભિશાપને તેમને અનુભવ્યો છે તથા તેમણે નિશ્ચય કર્યો કે કષ્ટોમાં કણસતી, સમાજમાં ડગલે ને પગલે અપમાનિત થતી પ્રજ્ઞાચક્ષુ બહેનોનાં જીવનમાં ઉજાસ પાથરવાનું કામ કરવું. તેમને ઘરની અને કુટુંબની હૂંફ મળી રહે, તેમને સુખ-દુઃખમાં કોઇ સાંભળે અને મદદરૂપ થાય એ માટે કાંઇક કરવું. તે માટે તેઓએ પોતાના બાળકોની જેમ જ ગમે ત્યાંથી આવેલી કોઇપણ પ્રજ્ઞાચક્ષુ બાળાને સંસ્થાના માધ્યમથી

દત્તક લઇ તેમને પોતાનાં જ બાળકો છે એમ સમજીને ઉછેરી શકાય તે હેતુથી પોતે નિઃસંતાન રહેવાનો સંકલ્પ કરી આ સેવા સ્વીકારેલ છે. કુટુંબની હૂંફ આપી પ્રજ્ઞાચક્ષુ બાળાઓને મોટી કરી, રોજગારી અપાવવી, પગભર બનાવવાની કે પુખ્ત પ્રજ્ઞાચક્ષુ બાળાને યોગ્ય મુરતિયો શોધી પરણાવતી વખતે ચમચીથી માંડીને કબાટ સુધીની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અને રાચરચીલું આપીને વિદાય કરવાની ફરજ પણ સંસ્થા દ્વારા બજાવાય છે.

ઇ.સ. ૧૯૯૬માં પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજની સ્થાપના કરી. ૪ પ્રજ્ઞાચક્ષુ (અંધ) બહેનોથી શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. આ ચાર બહેનો જયશ્રીબેન વસાણી, નર્મદાબેન, મંગળાબેન ચૌહાણ, દક્ષાબેન હતાં. આજે સંસ્થામાં ૨૦૦ પ્રજ્ઞાચક્ષુ બહેનો છે.

સૌ પ્રથમ આ સંસ્થા નિર્મળનગર, દાળમીલ રોડ ઉપર મીનાબેન નરેન્દ્રભાઈ દિવાન તથા કાંતિલાલ ત્રિભોવનદાસ ડગલીના બંગલામાં શરૂ કરવામાં આવી હતી. ધીમે ધીમે સંખ્યામાં વધારો થતો ગયો અને ૧૩૦ સુધી સંખ્યા થઇ હતી. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ધરતીકંપનાં કારણે સંસ્થાના મકાનોને ખૂબ નુકસાન થતા નવા મકાનની જરૂરિયાત ઊભી થઇ હતી. ઉપરાંત વ્યવસ્થિત તાલીમ આપી શકાય તેવા મોટા મકાન બનાવવાની પણ સંસ્થાને જરૂર હતી.

મુક્તાબહેન અને પંકજભાઈએ ખૂબ જ પ્રયત્નો કર્યા, ખૂબ જ મુશ્કેલીઓ આવી છતાં પણ તેમણે ધીરજ રાખી, માન-અપમાનની પરવા કર્યા વગર જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. અંતે તેમને સફળતા મળી. ગુજરાત સરકારે આ સંસ્થાને ખેરાળી સીમ, મૂળી રોડ, સુરેન્દ્રનગરમાં ૪ એકર ૩૩ ગુંઠા જમીન નિયમ અનુસાર બજાર કિંમત કરતાં ૫૦ ટકાના રાહતદરે આપી. જેનાં પર સદ્‌ગૃહસ્થો અને દાતાઓની સહાયથી સંસ્થા બનાવવામાં આવી. ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૬નાં રોજ નિર્મળનગરથી આ સંસ્થાને આ નવનિર્મિત મકાનમાં ફેરવવામાં આવી. ૮૦ હજાર ચોરસ ફૂટમાં છાત્રાલય, વિદ્યાલય, કર્મચારી નિવાસ, અતિથિગૃહ, ઉપાશ્રય વગેરેનું બાંધકામ કરવામાં આવ્યું છે. તેમાં ચાલતા યુનિટનું નામ 'પ્રજ્ઞાચક્ષુ વિનોદાબહેન કે. શાહના અંધકન્યા કેળવણી કેન્દ્ર' છે. હાલ આ સંસ્થામાં ૨૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે.

**દાતાઓ :**

મુક્તાબહેનના શિક્ષિકા વિનોદાબહેનનો અકલ્પનીય સહકાર સાથે સંપૂર્ણ સમર્પણ મળ્યું હતું. વિનોદાબહેને સૌ પ્રથમ પાંચ લાખ રૂપિયાનું દાન આપ્યું. મુંબઇ

માનવ જ્યોત સંસ્થાનાં કે.સી. લુઠિયાએ શરૂઆતમાં ખૂબ જ મદદ કરી હતી. પ્રમોદભાઈ અને વિમળાબહેન જેવા આત્મિય સ્નેહીજનો, પાડોશીઓ મદદે આવ્યા. કુલીનભાઈ લુઠિયા જેવા મુંબઇના અન્ય દાતાઓનો પણ સહયોગ મળ્યો. મુકેશભાઈ વોરા, પંકજભાઈ વોરા અને મહેશભાઈ દિવાન જેવાં અનેક સદ્ગૃહસ્થોનો માનવતા સભર સાથ મળ્યો હતો.

મુંબઇ રહેતા રસિકભાઈ મણિયાર, સુશીલાબેન મણિયાર અને નવીનભાઈ મણિયાર જેવા મુઠ્ઠી ઊંચેરા મહાનુભાવો વાત્સલ્યનું વ્હાલ અને દાનની ગંગા વહાવતા રહ્યાં. સંસ્થાનું કાર્ય ચોતરફથી સેવાની સુગંધ ફેલાવી રહ્યું હતું. સમય જતા મુંબઇના શ્રી મનસુખભાઈ સંઘવી, પ્રવીણભાઈ ગંભીરભાઈ શાહ, ધ્રાંગધ્રાનાં ડૉ. કે.એલ. મહેતા તથા રાજકોટનાં ચંદ્રકાન્તભાઈ હિંમતલાલ શાહ અનેરા સહકારથી વધારે ને વધારે પરિશ્રમ કરી પ્રજ્ઞાચક્ષુ કુટુંબ વિશાળ બનાવતા ગયા.

સંસ્થાનાં આ હાલનાં નવનિર્મિત મકાનમાં શ્રી સી.યુ શાહ સાહેબે અને તેમની સુપુત્રી મિનલબહેને દાનની ગંગા વહાવી. તેમણે આ સંસ્થાને રૂપિયા ૧ (એક) કરોડ દાન આપ્યું છે. હાલ પણ આ સંસ્થાને નામી-અનામી દાતાઓ તરફથી જુદા જુદા સ્વરૂપે અવિરત સહયોગ મળી રહ્યો છે.

સાક્ષરતા એ શિક્ષણનો અંત કે પ્રારંભબિંદુ નથી. તે તો માત્ર એક સાધન છે કે જેના દ્વારા પુરૂષો અને સ્ત્રીઓને શિક્ષિત કરી શકાય છે. સાક્ષરતા કે અક્ષરજ્ઞાન એ સ્વયં શિક્ષણ નથી.

કેળવણી એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્મા ઉત્તમાંશોનું આવિષ્કરણ.

કેળવણી યથાર્થતામાં બાળકના આધ્યાત્મિક, માનસિક કે બૌધ્ધિક અને શારીરિક શક્તિઓને માત્ર બહાર લાવતી નથી, પરંતુ તેમને પ્રોત્સાહિત કરે છે.

કેળવણી દ્વારા છોકરા અને છોકરીઓના સમગ્ર માનવગુણોનો વિકાસ થવો જોઇએ. જે કેળવણી બાળકોને પૂર્ણ મનુષ્ય અને ઉપયોગી નાગરિક તરીકે ઘડતર કરતી નથી, તે યથાર્થ સ્વરૂપમાં કેળવણી નથી.

**-ગાંધીજી**

# શ્રી રાજસૌભાગ આશ્રમ-સાયલા 'પ્રેમની પરબ'

## (ધર્મ, અધ્યાત્મ અને સમષ્ટિ કલ્યાણનો આદર્શ)



ધર્મ, અધ્યાત્મ અને સમાજ પરસ્પર સંવાદી અને પૂરક બને ત્યારે માનવ સમુદાય ઉન્નત અને ઉત્કર્ષમય બને છે. ધર્મ વાડાઓમાં બંધ હોય, આધ્યાત્મિકતા માત્ર આત્મલક્ષી-સ્વલક્ષી હોય અને સમાજ સ્વાર્થ સાધવામાં પડ્યો હોય ત્યારે સામુદાયિક કલ્યાણભાવ ઉદ્‌ભવતો નથી અને વિકસતો નથી.

સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા સ્થિત આધ્યાત્મિક સંસ્થા શ્રી રાજસૌભાગ આશ્રમ સમાજ સાથેની નિસબત અને સંવેદનાથી અનેક જનહિતની પ્રવૃત્તિઓ પ્રયોજી વિશિષ્ટ અભિગમ સાથે કાર્યરત છે. રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી જેમને પોતાના ગુરૂ સમાન ગણતા તેવા પરમપુરૂષ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જ્ઞાન રશ્મિના અજવાળે ચાલતી આ સંસ્થા આત્મકલ્યાણ સાથે સમાજકલ્યાણની અનેકાનેક પ્રવૃત્તિઓમાં ઉદારભાવે કાર્યરત છે.

સામાજિક ઉત્થાનનું સૌથી મોટું પરિબળ શિક્ષણ છે. આ સંસ્થાએ શૈક્ષણિક પછાત ગણાતા વિસ્તારમાં શિક્ષણના વ્યાપ માટે ખૂબ મોટું પરિણામલક્ષી કાર્ય કર્યું છે.

આશ્રમના આદ્યસ્થાપક પૂ. લાડકચંદ માણેકચંદ વોરાનો જીવનમંત્ર હતો 'સ્વકલ્યાણ સાથે સમષ્ટિ કલ્યાણનો ભાવ હોય તો જ અધ્યાત્મ પૂર્ણતાને પામે.' શ્રી નલિનભાઈ કોઠારી (પૂ. ભાઈશ્રી) અને સ્વ. સદ્‌ગુણાબહેન સી.યુ. શાહ (ગુરૂમૈયા)એ સવાયા બની તેમના જીવનમંત્રને સાર્થક કર્યો છે.

આ વિસ્તારમાં આરોગ્ય, કેળવણી, આપત્તિ નિવારણ, અંધત્વ નિવારણ, દિવ્યાંગ સહાય, નિરાધાર સહાય જેવી અનેક પ્રવૃત્તિઓ વિશાળ ફલક પર નિઃસ્વાર્થ ભાવે અને સુદૃઢ વ્યવસ્થા પૂર્વક યોજી છે.

પ્રાથમિક શિક્ષણ સુધારણા અભિયાન અને કન્યા કેળવણીક્ષેત્રે નમૂનારૂપ કાર્ય આ સંસ્થા દ્વારા થયું છે. ધરતીકંપ પ્રશ્ચાત્ ૪૭ પ્રાથમિક શાળાઓ અને ૧ માધ્યમિક શાળાના ધ્વસ્ત મકાનોનું નવનિર્માણ કર્યું. સંસ્થા દ્વારા આ કાર્ય સંપન્ન થયા પછી આશ્રમના અધ્યાત્મ રાહબર પૂ. ભાઈશ્રીને શિક્ષણમાં વિચારોનું પણ નવનિર્માણ થાય તે જરૂરી લાગ્યું અને તેમાંથી ઉદ્ભવ થયો શૈક્ષણિક પ્રોજેક્ટ ‘પ્રેમની પરબ’નો. પ્રેમ દ્વારા પરિવર્તનના આ કાર્યક્રમની શરૂઆત ૫૦ પ્રાથમિક શાળાઓથી થઇ. તેમાં શાળાઓ ઉમેરાતી ગઇ. ઇ.સ. ૨૦૦૪ થી શરૂ થયેલી આ પ્રોજેક્ટમાં આજે ૧૨૮ પ્રાથમિક શાળાનાં ૮૦૦ જેટલા શિક્ષકો અને ૨૫૦૦૦ જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે. શિક્ષકોમાં નિષ્ઠાવૃધ્ધિ થાય, તેઓ કામનો આનંદ લઇ સાચા અર્થમાં કર્મયોગી બને તે માટે શિક્ષણ-વિમર્શ, શિક્ષણ પર્વ, કાર્યશાળાઓ, સેમિનાર, શિક્ષક-પ્રશિક્ષણ, શિક્ષક-વિદ્યાર્થી શિબિરો જેવી પ્રવૃત્તિઓ સમયાંતરે યોજાય છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મક અને વિવિધ શક્તિઓ વિકસે તે માટે કાર્યક્રમો થાય છે. વાલી જાગૃતિ કાર્યક્રમ, ડ્રોપઆઉટ રેટ નીચો લાવવાની પ્રવૃત્તિઓ, નબળા બાળકો માટે ખાસ કેન્દ્રો ચલાવાય છે. શાળાનું વાતાવરણ ભાવાત્મક અને સુંદર બનાવવા પ્રયત્નો થાય છે. શાળાની પાયાની જરૂરિયાતો જેવી કે શાળાનું વાતાવરણ, બાળકોનું આરોગ્ય, લાયબ્રેરી, પ્રવાસ વગેરે જેવી પ્રવૃત્તિઓ પણ યોજાય છે. સરકારના ગુણવત્તા સુધારણાના કાર્યક્રમોમાં સહયોગ આપવામાં આવે છે. જેને લીધે ગુણોત્સવમાં અને પરિણામોમાં નોંધપાત્ર સુધારો થયો છે. ડ્રોપઆઉટ રેટ ઘટ્યો છે. બધી શાળાઓના વાતાવરણમાં ભાવાત્મક ઉમેરણ થયું છે. પ્રેમ દ્વારા પરિવર્તનના આ પ્રોજેક્ટ બાદ ઘણાં શિક્ષકો, વિદ્યાર્થીઓની શ્રેષ્ઠતા જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સન્માનિત થઇ છે. જિલ્લા અને રાજ્યના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ પણ આ કાર્યને સહયોગ કરે છે. ગુજરાતના નામાંકિત શિક્ષણકારો, કલાકારો અને સાહિત્યકારો પણ આ પ્રકલ્પમાં પ્રત્યક્ષ રીતે જોડાઇ સહયોગ કર્યો છે. પૂ. મોરારિબાપુ, પૂ. રમેશભાઈ ઓઝા, પૂ. સ્વામી નિખીલેશ્વરાનંદજી, પૂ. મુક્તાનંદ સ્વામી, પૂ. જીનચંદ્રવિજયજી

મહારાજશ્રી, પૂ. પરમાત્માનંદજી, પૂ. ધર્મબંધુજી સ્વામી અને એવા અનેક સંતોએ પ્રત્યક્ષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ-શિક્ષકોને પ્રેરણા આપી છે.

આ સંસ્થાનું બીજું મહત્વનું કાર્ય કન્યા કેળવણીનો વ્યાપ વધારવાનું છે. આશ્રમના સ્થાપક પૂ. બાપુજી કન્યાઓને શિક્ષિત કરવાના ખૂબ આગ્રહી હતા. તેઓ માનતા કે સ્ત્રી કેળવણી સમાજ સુધારાનું મોટું પરિબળ બનશે. તેમની ઇચ્છા કન્યાઓ માટેની શાળા શરૂ કરવાની હતી. તેમની હયાતી બાદ પૂ. ભાઈશ્રીની ઉત્કટ ઇચ્છાથી આ સ્વપ્ન સાકાર થયું અને ઇ.સ. ૨૦૦૦ની સાલમાં કન્યા હાઇસ્કૂલની શરૂઆત થઇ. આજે ધો. ૯ થી ૧૨ માં આજુબાજુનાં ૧૦ જેટલા ગામડાની ૫૦૦ બાળાઓ દર વર્ષે અભ્યાસ કરી રહી છે. આ શાળા સ્વનિર્ભર હોવા છતાં માત્ર ટોકન ફીથી અને દાતાઓના સહયોગથી ૪૦૦૦ થી વધુ બાળાઓ શિક્ષણ મેળવી શકી છે અને પોતાના ભવિષ્યને જ્ઞાનથી અજવાળી રહી છે.

હાઇસ્કૂલના શિક્ષણ બાદ ઉચ્ચ અભ્યાસની સગવડ ન હોવાથી મોટા ભાગની ૯૦% જેટલી બાળાઓને ધો. ૧૨ પછી અભ્યાસ છોડી દેવો પડતો. ઊંડાણના ગામડાઓ અને આર્થિક પરિસ્થિતિને લીધે ઉચ્ચ અભ્યાસ મુશ્કેલ હતો. તેથી ઇ.સ. ૨૦૦૭ની સાલમાં સ્વનિર્ભર કૉલેજ શરૂ કરવામાં આવી. ૧૧ વિદ્યાર્થિનીથી શરૂ કરેલ આ કૉલેજમાં આજુબાજુના ૨૦ જેટલા ગામડાની ૫૮૦ બાળાઓ હાલ ઉચ્ચ શિક્ષણ લઇ રહી છે અને હજારો બાળાઓ શિક્ષિત બની તેમાંથી કેટલીયે વિવિધ ક્ષેત્રોમાં જોડાઇ નોકરી કરી આત્મનિર્ભર બની છે.

ઇ.સ. ૨૦૧૯માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેના દ્વારા ઘણાં વિદ્યાર્થીઓને ઘેર બેઠા અભ્યાસ કરવાની તક ઊભી થઇ છે.

દિવ્યાંગ બાળકો માટે સંસ્થાએ આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર શરૂ કર્યું છે. સુરેન્દ્રનગર અને લીંબડી એમ બે સ્થળોએ પેટા કેન્દ્રો પણ ચાલે છે. જેમાં દિવ્યાંગ બાળકોનું શિક્ષણ અને પુનર્વસનનું કાર્ય ચાલે છે. આ કેન્દ્ર તાલીમ કેન્દ્ર પણ છે. જેમાં સરકાર દ્વારા અને અન્ય એજન્સીઓ દ્વારા તાલીમ આપવાનું પણ કામ થાય છે.

છેલ્લા ઘણા વર્ષોથી કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું કાર્ય પણ સરકારશ્રીએ સોંપ્યું છે. અંધત્વ નિવારણ અર્થે સંસ્થા દ્વારા ચાલતી આંખની હૉસ્પિટલમાં નિઃશુલ્ક સેવા લોકોને પ્રાપ્ત થાય છે.

સંસ્થાના વિવિધ વિભાગોના સંનિષ્ઠ નિયામકોનું જાહેર સન્માન ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના દિવસે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે થયેલ. 'પ્રેમની પરબ'ના પ્રકલ્પમાં માન.શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માન. ધારાસભ્યશ્રી, રાજ્ય-તાલુકા-જિલ્લા અધિકારીશ્રી, પદાધિકારીશ્રી ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો છે.

કન્યા કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી એ આ સંસ્થાનું ગૌરવ છે. ગામડાઓમાં જ્યાં માધ્યમિક શિક્ષણ પણ ન હતું, તેવા ૩૦ જેટલા ગામોની હાઇસ્કૂલ, કૉલેજમાં થઇ ૧૧૦૦ જેટલી બાળાઓ માત્ર ટોકન ફીથી શિક્ષણ સુવિધા પ્રાપ્ત કરી રહી છે.

આ તાલુકાના પ્રાથમિક શિક્ષણને ગુણવત્તા યુક્ત બનાવવા જરૂરી આર્થિક સહયોગ તેમજ સાધન સહયોગ આપવામાં આવે છે, પાણી સુવિધા, રમત-ગમત સાધન, પુસ્તકો, સ્વચ્છતા કીટ, વિજ્ઞાન પ્રયોગ સાધન કીટ, નવા નામાંકિત બાળકો માટે દર વર્ષે શૈક્ષણિક કીટ જેવા પ્રોત્સાહક પ્રદાન કરવામાં આવે છે. દર વર્ષે શ્રેષ્ઠ શાળા, શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને એવોર્ડ્ઝ અપાય છે. તેમજ વિવિધ કૌશલ્યોની શ્રેષ્ઠતા બદલ પારિતોષિક-ઇનામોથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ રીતે આધ્યાત્મિક સંસ્થાનું કેળવણીક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન છે. હજુ પણ શિક્ષણના વ્યાપ સાથે હકારાત્મક, ગુણાત્મક પરિવર્તન લાવવા સંસ્થા ઉત્સુક છે. સાયલા તાલુકામાં ધો. ૧૧-૧૨માં સાયન્સ પ્રવાહ અને કૉલેજમાં કૉમર્સ ફેકલ્ટી શરૂ થાય તેવી ઇચ્છા છે. અનુકૂળતાએ શિક્ષણના ક્ષેત્રને વિસ્તારવું તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સૌ શિક્ષણ લેતા થાય તેમ કરવું, કેળવણી દ્વારા ક્રાંતિ અને પ્રેમ દ્વારા પરિવર્તનના ધ્યેય સાથે આ સંસ્થા કેળવણી ક્ષેત્રમાં વિશિષ્ટ બની રહી છે.

## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ-સુરેન્દ્રનગર



સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય પરંપરામાં તપમૂર્તિ સદ્‌ગુરૂશ્રી ગોપીવલ્લભદાસજી સ્વામીની દીર્ઘ દૃષ્ટિમાં એ વાત આવી ગઇ કે સત્સંગનો આધાર યુવકો છે, જો યુવાપેઢી સારી થશે તો જ સત્સંગના મીઠા ફળ સમાજ મેળવી શકશે. આથી સત્સંગની ઊગતી પેઢીને આજ્ઞા, ઉપાસના, વર્તનનું પ્રત્યક્ષ શિક્ષણ જો આપવું હોય તો ગુરૂકુલની સ્થાપના કરવી જોઇએ.

સૌ પ્રથમ સુરેન્દ્રનગર ખાતે સ્વામીશ્રીએ સંવત ૧૯૯૯માં નાના એવા ગુરૂકુલની સ્થાપના કરી. પરંતુ તે સંસ્થા સંજોગોવસાત્ બંધ થઇ ગઇ. પરંતુ મોટા પુરૂષના સંકલ્પો પણ કામ કરતા જ હોય છે. આથી સંપ્રદાયમાં ગુરૂકુલ સ્થાપવાની પ્રવૃત્તિ ધીરે ધીરે વેગ પકડતી ગઇ અને નાના-મોટા ઘણા ગુરૂકુળો સ્થપાવા લાગ્યા. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો આ શૈક્ષણિક યજ્ઞને ખૂબ સુંદર વેગ આપી ઘણા ઘણા ગુરૂકુળો સ્થાપી સુંદર સંસ્કાર સિંચન કરી રહ્યા છે. આ કાર્ય શ્રી ગોપીવલ્લભદાસજી સ્વામીના શુભ સંકલ્પને શ્રીજી મહારાજે વેગ આપેલ છે એમ જણાય છે.

અ.નિ.પ.ભ.શ્રી છોટાલાલભાઈ (સોલીસીટરશ્રી)એ પોતે મોટા પ્રમાણમાં દાન આપીને અન્ય સ્નેહીજનો પાસે દાન અપાવી નવું રૂપ આપી 'સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન' એ નામ આપ્યું. સદ્‌ગુરૂ શાસ્ત્રી ગોપાલચરણદાસજી સ્વામીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું.

પરંતુ તે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે ઇતિહાસનું પુનરાવર્તન ન થાય તે માટે કોઇ વિદ્વાન, ઉત્સાહી અને નિઃસ્વાર્થ સેવા ભાવનાવાળા સંતની શોધ શરૂ કરી. મૂળીમાં સદ્‌ગુરૂ શાસ્ત્રી નારાયણ સેવાદાસજી સ્વામી દરેકની દૃષ્ટિએ યોગ્ય જણાતા શ્રી છોટાલાલભાઈએ સ્વામીની અનિચ્છા હોવા છતાં પણ ખૂબ જ આગ્રહ કરી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન સ્વામીને સોંપ્યું. સ્વામી પણ સ્નેહ બંધનના કારણે ના પાડી શક્યા નહીં અને સંસ્થાનું સુકાન સને ૧૯૭૨માં સંભાળ્યું.

શાસ્ત્રી સ્વામી નારાયણસેવાદાસજીનો ઉમદા સ્વભાવ, બહોળો અનુભવ, વિદ્વતા અને સાધુતા તથા તેમના મંડળના તેવા જ સંતોનો સહયોગ મળવાથી સંસ્થાએ દરેક ક્ષેત્રે હરણફાળ ભરી. આજ ત્રણસો ઉપરાંત વિદ્યાર્થીઓ છે. ખૂબ જ સગવડતાભર્યું આલીશાન છાત્રાલય, પોતાની જ સુંદર સ્કૂલ અને ગૌશાળા છે. આમ સંનિષ્ઠ વ્યવસાયી સંસ્થાએ ઘણી પ્રગતિ સાધી છે. જેમાં... પ્રાર્થના હોલ, હાઇસ્કૂલ, સાધુ આશ્રમ, છાત્રાલય, ટાવર અને પ્રવેશદ્વાર, બહેનો માટે સત્સંગ હોય, લાયબ્રેરી વગેરે આવેલ છે.

## સાસુની યાદમાં વહુએ બનાવેલી કન્યાશાળા




**વારસો :** ૧૯૨૦માં કન્યા કેળવણી માટે સ્થાપેલ શાળા સાચવણીના અભાવે હાલ જર્જરિત

ગુજરાત રાજ્યમાં કન્યા કેળવણી અને મહિલા સન્માન અંગે મોટી મોટી વાતો થઇ રહી છે. સામાન્ય રીતે સાસુ-વહુના સંબંધોમાં ૩૬નો આંકડો જોવા મળે છે, ત્યારે વહુએ સાસુની યાદમાં વર્ષ ૧૯૨૦માં લાડકીબાઈ કન્યાશાળા બનાવી હતી. પરંતુ ભૂકંપમાં આ ઐતિહાસિક ઇમારત જર્જરિત થઇ હતી. ૧૫ ડિસેમ્બરે લાડકીબાઇ કન્યાશાળાએ ૯૫ વર્ષ પૂરાં કર્યા છે ત્યારે ભવ્ય ભૂતકાળ, વિસ્મરણીય વર્તમાન ધરાવતી કન્યાશાળા ભવ્ય ભવિષ્યકાળ ઝંખી રહી છે.

વઢવાણ શહેરમાં પ્રાંતઃસ્મરણનિય સાસુની યાદમાં વહુએ લાડકીબાઈ કન્યાશાળા બંધાવી હતી. વઢવાણના ખાંડીપોળ વિસ્તારમાં તા. ૧૫ ડિસેમ્બર ૧૯૨૦ના રોજ લક્ષ્મીબહેન માણેકલાલ શેઠે પોતના પ્રાતઃસ્મરણિય સાસુજી લાડકીબાઇની યાદમાં લાડકીબાઈ કન્યાશાળા શરૂ કરી હતી. વઢવાણ પંથકમાં કન્યા કેળવણીનો પ્રશ્ન જટીલ હતો. આથી કન્યાઓ ભણીને આગળ આવી શકે તે માટે લાડકીબાઇ કન્યાશાળાનો પ્રારંભ થયો હતો. આ લાડકીબાઇ કન્યાશાળાના ઐતિહાસિક ભવ્ય ઇમારત અને શ્રેષ્ઠ સુવિધાને લીધે આ શાળામાં હજારો બાળકો, ૧૦૦થી વધુ શિક્ષકો, ૧૦ પટ્ટાવાળા હોવાથી ધમધમતી જોવા મળી હતી. દરેક સરકારી કાર્યક્રમ આ શાળાના મુખ્ય હોલમાં થવાની પરંપરા આજેય પણ અકબંધ છે. ત્યારે વર્ષ ૨૦૦૧માં ભયાનક ભૂકંપ છતાં લાડકીબાઇ કન્યાશાળા અડીખમ હતી. પરંતુ સતત ભૂકંપ આંચકાને લીધે ઐતિહાસિક ઇમારત જર્જરિત બની રહી છે.

આથી ઉપરના મજલાઓ અને રૂમોમાં શિક્ષણ અપાય તેવી સ્થિતિ રહી નથી. ભવ્ય ભૂતકાળ, વિસ્મરણીય વર્તમાન ધરાવતી લાડકીબાઈ કન્યાશાળા સોનેરી ભવિષ્યકાળને ઝંખી રહી છે.

## ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ




**શ્રી એમ.પી. શાહ આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર.**

૦૧ સપ્ટેમ્બર, ૧૯૫૫ના રોજ શ્રી એમ.પી. શાહ આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજનો પાયો નખાયો હતો. વે ઓફ જનરલ મહારાજ દિગ્વિજયસિંહજી જાડેજાના પ્રયત્નોથી ૧૯૫૬માં શિક્ષણનું કાર્ય શરૂ થયું. ઉમદા દાતાશ્રી મેઘજી પેથરાજ શાહના નામ પરથી કૉલેજનું નામ શ્રી એમ.પી. શાહ આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજ એવું રાખવામાં આવ્યું. આ કૉલેજના પ્રથમ આચાર્ય તરીકે બહુપ્રતિભાશાળી ડૉ. એમ.એમ. પરીખ સાહેબશ્રીએ સેવા બજાવી હતી.

શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજ-સુરેન્દ્રનગર

વઢવાણ ઠાકોર સાહેબે ૧૦ એકર જમીન દાન આપેલ. જેના ઉપર જુન ૧૯૬૩માં દાતાશ્રી મેઘજી પેથરાજ શાહની મદદથી શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી.

- ✦ શ્રી એમ.પી. શાહ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સુરેન્દ્રનગરની શરૂઆત ૧૯૫૮ માં કરવામાં આવી હતી. આ સંસ્થાનાં પ્રથમ આચાર્ય તરીકે શ્રી વાય.એન. દેશપાંડેએ સેવા આપી હતી.
- ✦ શ્રી એ.આર.એસ. સખીદા, સી.સી. ગેડીવાળા એન્ડ સી.સી. હોમસાયન્સ

કૉલેજ-લીંબડી (૧૯૭૨)

- એસ.એસ.પી. જૈન આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા (૧૯૬૪)
- શ્રીમતી એમ.એમ.શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર પ્રથમ બી.એડ્. કૉલેજ (૧૯૭૩)
- શ્રી ડી.વી. રાવલ આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હળવદ (૧૯૮૬)
- શ્રી સી.યુ. શાહ પોલીટેકનીક, સુરેન્દ્રનગર (૧૯૮૪)
- શ્રીમતી સદ્ગુણાબહેન સી.યુ. શાહ હોમસાયન્સ એન્ડ સી.યુ. શાહ આટ્ર્સ એન્ડ કૉમર્સ મહિલા કૉલેજ, સુરેન્દ્રનગર (૧૯૮૮)
- શ્રીમતી વી.ડી. ગાર્ડી લૉ કૉલેજ, સુરેન્દ્રનગર (૧૯૮૮)
- દોઢીવાળા આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, થાનગઢ (૨૦૦૨)
- શ્રી લાડકચંદ માણેકચંદ વોરા મહિલા કૉલેજ ઓફ આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાયલા (૨૦૦૭)
- શ્રી સી.યુ. શાહ મૅડિકલ કૉલેજ, સુરેન્દ્રનગર (૨૦૦૦)
- શ્રી આર.ડી. ગાર્ડી ગવર્નમેન્ટ ડીપ્લોમા ફાર્મસી કૉલેજ, લખતર
- સર્વોદય પોલીટેકનીક સંસ્થા, લીંબડી (૨૦૦૫)

જીવનમાં એક સંવાદિતા અન લયનો ધબકાર છે. શિક્ષણ એટલે માનવઅસ્તિત્વ સાથેની સંવાદિતા. શિક્ષણ દ્વારા પ્રવૃત્તિ સાથેની સંવાદિતા, પર્યાવરણ સાથેની સંવાદિતા અને માનવસંબંધોની સંવાદિતાનું નિર્માણ થવું જોઇએ. સંવાદિતા એ એમને શિક્ષણ દર્શનનો અર્ક છે. તેમનું શિક્ષણ દર્શન પ્રકૃતિવાદ, માનવવાદ, આંતરરાષ્ટ્રીયતા અને આદર્શવાદ પર રચાયેલું હતું. તેઓ માનતા કે કેળવણીનું કર્તવ્ય - *"The function of education is to enable us to realise that to live as man is great, requiring profound of its ideals, poerty for its expression and heroism for its conduct."*

**-રવીન્દ્રનાથ ટાગોર**

## ભવ્ય ભૂતકાળ : દાજીરાજ હાઇસ્કૂલ



'નામ રહન્ત ઠાકરા, નાણા નહીં રહંત,

કીર્તિ કેરા કોટડા, પાડ્યા નહીં પંડત.'

આ ઉક્તિ મુજબ વાત કરતાં કેટલાંક નામ એવા પુણ્યશાળી હોય છે, જેને કાળની થપાટો કંપાવી દે પણ મિટાવી શકતી નથી.

આવું જ એક નામ છે 'વર્ધમાન શહેરની દાજીરાજ હાઇસ્કૂલનું'. અહીંના શિક્ષણ જગતમાં કબીરવડની ઉપમા આપીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

કદાચ કોઇને એમ લાગે કે આ હાઇસ્કૂલની આટલી બધી પ્રશંસા શા માટે ? તો મિત્રો એ માટે તમારે છેક ૧૮૮૫નો જમાનો યાદ કરવો પડે. ભાવનગર, ગોંડલ, રાજકોટ, વડોદરા જેવા મોટા રાજ્યોની તુલનાએ વઢવાણ તો નાનું રાજ્ય ગણાય. પણ એ રાજ્યોની સાથોસાથ વઢવાણની પ્રજા હાઇસ્કૂલ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે વઢવાણ સ્ટેટે ખેવના કરેલી, ચિંતા રાખેલી.

વિક્રમ સવંત ૧૯૪૧માં પ્રજાવત્સલ રાજવી શ્રી દાજીરાજબાપુનું અવસાન થયું. પછી એમના લઘુબંધુ કાળુભા ઉર્ફે બાલચંદ્રસિંહજી વઢવાણની ગાદી સંભાળી. આ રાજવીના દિલમાં જયેષ્ઠ વડીલબંધુ દાજીરાજબાપુ પ્રત્યે અપાર માન અને આદર હતા. પોતાના વડીલબંધુનું નામ કાયમ રહે તે માટે એમણે ખારવાની પોળ બહારના

એક વિસ્તારને 'દાજીપરા'એ નામ આપ્યું.

એ સમયે વઢવાણમાં જન્મેલા અને વઢવાણ સ્ટેટના રાજ્યોત્સવમાં જેણે કાવ્યગાન કરેલું એવા પ્રખ્યાત કવિશ્રી દલપતરામ ડાહ્યાલાલ ત્રવાડીએ વઢવાણ રાજવી બાલચંદ્રસિંહજીને વઢવાણમાં હાઇસ્કૂલ શરૂ કરવાનું નમ્ર સૂચન કર્યું. પ્રજાપ્રેમી રાજાએ વઢવાણની પ્રજાને પણ ઉચ્ચ શિક્ષણ મળે એ માટે કવિના આ સૂચનને વધાવી લીધું અને અમલમાં પણ મુકવાની તત્કાલ તૈયારીઓ શરૂ કરાવી દીધી.

રાજમહેલની સામે જ એક વિશાળ ઇમારત હતું. જેનું નામ 'પટેલ હાઉસ' હતું. એ પટેલ હાઉસ એટલે... 'વઢવાણના ૪૨ ગામડામાંથી ખરીદી કરવા ગામડાના લોકો બળદગાડા, ઘોડા લઇને કે ચાલીને વઢવાણ શહેરમાં આવતા. હવે દૂર દૂરથી ગામડાનાં લોકો અહીં પહોંચે ત્યારે બપોરા થઇ જાય. હટાણું થવામાં મોડું થાય જ. ને રાતવાસો ક્યાંક ફરજિયાત કરવો પડે. એટલે આ પટેલ હાઉસમાં રાતવાસો ગાળી આરામ કરીને બાકી ખરીદી (હટાણું) પતાવીને બીજા દિવસે પોતાના ગામડે જતાં હતાં.' આમ આ મકાનમાં જ હાઇસ્કૂલની શરૂઆત થઇ. આમ જોઇએ તો દાજીરાજ હાઇસ્કૂલને ૨૦૦ વરસના વહાંણા વાયા હશે તેવું મનાય છે.

આ હાઇસ્કૂલના પ્રથમ આચાર્યશ્રી કે.જે. દેસાઇ સાહેબ બન્યા હતાં.

દાજીરાજ હાઇસ્કૂલ માત્ર નામ નથી કે નહોતી માત્ર શૈક્ષણિક સંસ્થા.

એ જમાનામાં સમય મુજબ આ સંસ્થા આગવો ફાળો આપતી રહી છે. આઝાદીની લડત હોય કે રમતનું મેદાન. અહીંથી શૌર્ય પ્રગટ્યું છે. સમાજસેવામાં અવ્વલ સ્થાન ધરાવતી આ સંસ્થાનો સુવર્ણયુગ યાદ કરવા જેવો ખરો !

આઝાદીના સમયમાં 'કેસરી મંડળ' આ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ બનાવ્યું હતું. આ મંડળના સભ્યો સ્વદેશી બનાવટવાળી વસ્તુઓનો જ ઉપયોગ કરવા.

દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી એવા શ્રી શિવલાલ આઇ.એ.એસ.ની પરીક્ષા માટે વિલાયત ગયેલા અને ઝાલાવાડના પ્રથમ આઇ.એ.એસ. તરીકેનું માન શ્રી શિવલાલે મેળવ્યું હતું. તેઓ પણ કેસરી મંડળના એક સદસ્ય હતા.

જેમની સમાજસેવા સામે લોકોના મસ્તક ઝૂકી જાય છે. એ દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. એવા પરગજુ મોતીભાઈ દરજી (જેમના નામની યાદગીરી

રૂપે વઢવાણમાં મોતી ચોક છે) ને સમાજ સેવા અને રાષ્ટ્ર સેવાના સંસ્કાર આ દાજીરાજ હાઇસ્કૂલમાંથી જ મળેલા.

ક્રિકેટમાં હેમુભા સાહેબ અને માવસંગ સાહેબે (મુસાબ) દાજીરાજ હાઇસ્કૂલને વઢવાણ રાજ્યમાં સારી નામના અપાવેલી. અન્ય રાજ્યોની તુલનાએ વઢવાણ રાજ્ય સમોવડું નહીં જ. છતાં વઢવાણ રાજ્યની ક્રિકેટ ટીમ એક સારી ક્રિકેટ ટીમ તરીકે તે વખતે ખ્યાતિ ધરાવતી હતી. વઢવાણ રાજ્યની ટીમ 'હીલ શિલ્ડ' તેમજ 'થોર્નલી કપ'માં પણ બરાબરના બળિયા વચ્ચે ઝળુંબીને ચેમ્પિયન બનતી હતી.

અખાડામાં લાભશંકર સાહેબ કસરતબાજ તૈયાર કરાવતા હતા. પહેલાના સમયમાં ઠેર ઠેર અખાડા હતા - પણ ખાડા નહોતા. એમાંથી કુસ્તીવીરો પેદા થતાં. તો વોલીબોલની ટીમ પણ આંતરરાજ્ય મુંબઇ સુધી રમવા જતી હતી.

શ્રી કે.એન. શાહ (આચાર્યશ્રી)ના વખતમાં દાજીરાજ હાઇસ્કૂલનો સિતારો મધ્યાહ્‌ને ચમકતો હતો. શિક્ષણ, ક્રિકેટ, રમતો, સમાજસેવા, રાષ્ટ્રીય ચેતના... વગેરેમાં દાજીરાજ હાઇસ્કૂલનો દબદબો હતો.

સૌરાષ્ટ્રમાં રાજકોટ, ગોંડલ, ભાવનગર જેવા મોટા રાજ્યોમાં જ માધ્યમિક શિક્ષણની સવલતો હતી. જ્યારે વઢવાણ જેવા નાના રાજ્યમાં દાજીરાજ હાઇસ્કૂલ વઢવાણની પ્રજા અંગ્રેજીનું શિક્ષણ મેળવી શકે તે હેતુથી શાળાની સ્થાપના કરી હતી.

શ્રી દાજીરાજ હાઇસ્કૂલની સ્થાપના કરનાર બાલસિંહજીએ એને રાજ્યના ખર્ચે નિભાવવાની જોગવાઇ પણ કરી આપેલી. એમના ગયા પછી પણ શ્રી જશવંતસિંહજી, શ્રી જોરાવરસિંહજીએ પણ આ ઉમદા કાર્ય ચાલુ રાખેલું. સમય જતાં ઇ.સ. ૧૯૬૨માં 'દાજીરાજ હાઇસ્કૂલ' સરકારી હાઇસ્કૂલ મટીને તેનો વહીવટ વઢવાણ કેળવણી મંડળ (ટ્રસ્ટ)ના હાથમાં આવ્યો.


આ મહાશાળાની મમતાભરી છાયા આજેય એ દિવસોને યાદ કરે છે. તમે વઢવાણ બાજુ આવો તો આજેય દાજીરાજ હાઇસ્કૂલનું ભવન ઊભું છે. આજે પણ એ પટાંગણ તમને બોલાવે છે.

## શ્રી શેઠ એન.ટી.એમ. હાઇસ્કૂલ



સુરેન્દ્રનગર ખાતે મધ્યબિંદુ બનેલી આ હાઇસ્કૂલની સ્થાપના અજોડ રીતે થયેલી છે. હાલ સુરેન્દ્રનગર જિલ્લાના વહીવટી હબ બની ગયેલી આ હાઇસ્કૂલ મુંબઇના વેપારી નારણદાસ ઠાકરશી મુળજીભાઈ (વિખ્યાત ક્રિકેટર વિજય મરચન્ટનું કુટુંબ) પોતાની પુત્રી રતનબાઈની દવા કરાવવા માટે અહીં (સુરેન્દ્રનગર) આવ્યા હતા. તે વખતે અહીંની આઇરીશ મિશન હૉસ્પિટલમાં એક અંગ્રેજ ડૉક્ટર હવા એ જમાનામાં હવાફેર કરવા માટે ખાસ કરીને ટી.બી.ના દર્દીઓ માટે વઢવાણ-જોરાવરનગર-વઢવાણ કેમ્પ વગેરે આ ગામો જાણીતા બન્યા હતા. ખાસ તો અહીંનું સૂકું વાતાવરણ દરદીઓ માટે રાહતરૂપ બનતું હતું. આમેય ડૉક્ટરો ટી.બી.ના દરદીઓને હવાફેર માટે આ જગ્યાએ જવાની ખાસ ભલામણ કરતા હતા. જૂના જંકશન પાસે એક સેનેટોરિયમ પણ આ કારણે અસ્તિત્વમાં આવ્યું હતું. મુંબઇના આ વેપારીએ દીકરી રતનબાઇ સુખરૂપ સાજા થયા એટલે પાછા જતાં પહેલાં આ ગામ માટે કોઇ રીતે મદદરૂપ થવાની પોતાની ઇચ્છા દર્શાવી. આ માટે ઘણાં બધાં જુદા જુદા સૂચનો આવ્યા, પરંતુ છેવટે આ શહેરમાં હાઇસ્કૂલ શરૂ કરવા માટેનો બધાનો મત થયો અને તે મુજબની માગણી કરવામાં આવી. જેનાં અનુસંધાને નારણદાસ ઠાકરશી મુળજીભાઈ તરફથી હાઇસ્કૂલ માટે રૂ. ૫૦,૦૦૦ની એ વખતે મદદ કરવામાં આવી તેમજ પોતાની પુત્રીના નામ ઉપરથી રતનબાઇ હોસ્ટેલ બાંધવા માટે પણ તેમના તરફથી દાન આપવામાં આવ્યું. આ નાગરદાસ ઠાકરશી મુળજીભાઈ (એન.ટી.એમ.) હાઇસ્કૂલ ૯-૧૨-૧૯૨૫ના રોજ શરૂ થઇ.

## આઝાદી પહેલાં બાળકો સિગરામમાં બેસીને બાલમંદિર જતા હતા
## મહાત્મા ગાંધીએ વઢવાણના બાલમંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું







વઢવાણ શહેરમાં આઝાદી પહેલા મોન્ટેસરી પધ્ધતિથી બાળમંદિરની પ્રવૃત્તિ ધમધમતી હતી. ઇ.સ. ૧૯૨૫ થી ૧૯૪૮ સુધી વઢવાણ શહેરના બાળકો સિગરામ (ચાર પૈડાવાળી બળદગાડી)માં બેસીને બાલમંદિર જતા હતા. આ સમયે બાળમંદિરમાં બાળકોને સિંચન થતું હોવાના સ્મરણો રાજ્યભરમાં કાળ કેળવણીકારોએ તાજા કર્યા છે.

વઢવાણ શહેરમાં બાલમંદિરની પ્રવૃત્તિ સ્વાતંત્ર્ય સેનાની ફુલચંદભાઈ શાહ તથા ચીમનભાઈ વૈષ્ણવે ધોળીપોળ, દેપાળાવાડ સામે એક મકાન શરૂ કરી હતી, ત્યારબાદ રાષ્ટ્રીય શાળાના ઉપક્રમે ૨૧-૨-૧૯૨૫ માં મોન્ટેસરી પધ્ધતિના બાળમંદિરનું ઉદ્‌ઘાટન પૂ. મહાત્મા ગાંધીના હસ્તે થયું હતું.

વઢવાણના પ્રજાપ્રેમી રાજવી જોરાવરસિંહજીએ યુવરાજ સુરેન્દ્રસિંહજીના જન્મદિનની ખુશાલીમાં આ બાલમંદિર સ્ટેટ હસ્તક લીધું હતું. આ બાલમંદિર માજેશ્વર બાગ હાલની વિકાસ વિદ્યાલય સંસ્થામાં શરૂ થયું હતું. વઢવાણ શહેરમાં બાળકોને યોગ્ય બાળ શિક્ષણ મળે તે માટે બાળકોના લાવવા-લઇ જવા માટે બે બળદ ખેંચતા હોય તેવા બે સિગરામની રાજ્ય તરફથી સગવડ કરવામાં આવી હતી.

## બાળ કેળવણીકારો ઘેર-ઘેર જઇ બાળકોને તેડીને બાલમંદિર લઇ જતા



વઢવાણ શહેરના ઐતિહાસિક બાલમંદિરમાં લેરાભાઈ ભોગીભાઈ પરીખ, પશુભાઈ ભાથી, વજુભાઈ દેપાળા, વજુભાઈ દવે, કુ. શાંતાબેન ચૂડગર જેવા બાળ કેળવણીકારો શહેરની શેરીઓમાં ઘેર ઘેર જઇ બાળકોને પ્રેમપૂર્વક તેડી બાલમંદિરમાં લઇ જતા હતા. બાળમંદિરમાં બાળકોને હસાવી, રમાડી, શુધ્ધ-સાત્વિક નાસ્તો પીરસી, સ્વચ્છતાને સત્યતાના ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવા હતા. ઇ.સ. ૧૯૩૯થી બાળ કેળવણીકારે ગિજુભાઈ બધેકાના માર્ગદર્શનના દક્ષિણામૂર્તિ જેવું જ જોરાવરસિંહજી બાલમંદિરમાં બાળકોને શિક્ષણ આપવામાં આવતું હતું.

## આઝાદી પછી રાજાશાહી મીની બસનો ઉપયોગ થતો હતો

ભારત દેશ આઝાદ થતાં ૧૯૪૮ પછી બાળકોને લેવા મૂકવાની સિગરામને બદલે રાજાશાહી વખતની મીની બસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મીની બસ ફકીરભાઈએ આજીવન કાળજીપૂર્વક ચલાવી હતી. આ રાજાશાહી મીની બસની ફકીરભાઈ અને કુ. શાંતાબેન ચૂડગરની શેરીએ રાહ જોવાતી હતી. રાજ્યભરના કેળવણીકારો વઢવાણ શહેરમાં આઝાદી પહેલા અને આઝાદી પછીના બાળ કેળવણીની તુલના કરતા જોવા મળ્યાં હતાં. ૫૦ વર્ષ પહેલા આ બાલમંદિરમાં શિક્ષણ મેળવનાર ડૉક્ટરો, વકીલો, રાજકીય અને સામાજિક આગેવાનો પણ વર્તમાન સમયના બાળકેળવણીના તુલનાએ ૫૦ દાયકા પહેલાના બાળશિક્ષણની પ્રશંસા કરે છે.

# શ્રી વઢવાણ કેળવણી મંડળ

શ્રી વઢવાણ કેળવણી મંડળની સ્થાપના નવેમ્બર ૧૯૨૧માં થઇ હતી. ત્યારે આ સંસ્થા વઢવાણ ગામમાં ચાલતી હતી. ત્યારબાદ તા. ૨૧-૨-૧૯૨૫ની સાલમાં રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીના વરદ્ હસ્તે વઢવાણ-જોરાવરનગર રોડ ઉપર ઘરશાળાના મકાનનું ખાતમુહૂર્ત થયું અને તે જ દિવસે બાળમંદિર અને પુસ્તકાલયના મકાનના ખાતમુહૂર્ત થયા. આ સંસ્થાના પાયામાં ગાંધી વિચારને સમર્પિત એવા સ્વ. શ્રી ફુલચંદભાઈ, સ્વ.શ્રી ચીમનભાઈ અને સ્વ.શ્રી શિવાનંદજીએ આ ઝાલાવાડની ભૂમિ પર શિક્ષણ સાથે રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય શરૂ કર્યું. ત્યારબાદ આઝાદી પછી ૧૯૫૩ થી સ્વ.શ્રી રસિકભાઈ પરીખના પ્રમુખ સ્થાને કેળવણી મંડળ કાર્યરત થયું અને પ્રવૃત્તિનો વ્યાપ્ત વધતો ગયો. વઢવાણ-જોરાવરનગર-સુરેન્દ્રનગર ઉપરાંત લીંબડી અને ધ્રાંગધા તાલુકામાં પણ કેળવણી મંડળે પ્રવૃત્તિ શરૂ કરી. આ બધી પ્રવૃત્તિઓમાં સંચાલન સ્વ.શ્રી પ્રાણભાઈ આચાર્ય, સ્વ.શ્રી ભોગીભાઈ પરીખ, સ્વ.શ્રી વજુભાઈ દવે અને સ્વ.શ્રી રામનારાયણ ના. પાઠક જેવા કેળવણીકારોનું માર્ગદર્શન મળી રહેતું હતું.

સંસ્થાનો વધુ વિકાસ થાય અને આર્થિક સંપન્ન બને તે માટે વઢવાણના નામદારશ્રી ઠાકોર સાહેબ સ્વ.શ્રી સુરેન્દ્રસિંહજી શિક્ષિત રાજવી હોય શિક્ષણના પ્રોત્સાહન માટે ૧૦૦ એકર જેવી કિંમતી જમીન કે જેની કિંમત આજે કરોડોમાં આંકી શકાય તેવી જમીન આઝાદી બાદ શૈક્ષણિક હેતુ માટે આપને પ્રજા પ્રત્યેના વાત્સલ્યનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડેલ છે. આ સંસ્થા ગાંધી વિચારને વરેલી હોય ખાસ કરીને પછાત વર્ગના બાળકોને શિક્ષણ આપી સુસંસ્કારોનું સિંચન કરતી સુરેન્દ્રનગર જિલ્લાની સૌથી જૂની સંસ્થા છે. આ સંસ્થામાં બાલમંદિરથી લઇને હાઇસ્કૂલ સુધીનું શિક્ષણ તથા નિવાસી શાળાની સુવિધા ઉપલબ્ધ છે. સાથે સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ પ્રવૃત્તિ પૂરી પાડવા માટે ખેતીવાડીના વિષય તથા ટેકનીકલ તાલીમ જેવા કે વાયરમેન ક્લાસ, શિવણ ક્લાસ વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. તદ્ઉપરાંત છેલ્લા ૪૨ વર્ષથી બાલવાડી, સંસ્કાર કેન્દ્ર, શિશુકુંજ, વિનય મંદિર હાઇસ્કૂલ તથા શ્રી દાજીરાજ હાઇસ્કૂલનું સંચાલન શ્રી વઢવાણ કેળવણી મંડળ દ્વારા થાય છે.

વઢવાણ કેળવણી મંડળની સ્થાપના ઇ.સ. ૧૯૨૧માં ૧૮ બાળકોથી થઇ. રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો મૂલ્યવાન ફાળો આપી શકે એવી કેળવણીના હેતુથી ઘરશાળાથી વઢવાણ કેળવણી મંડળની સંસ્થાની પ્રથમ પણ અડગ ઇંટ મુકાઇ. આનંદ

અને ગૌરવની વાત એ છે કે આ રાષ્ટ્રીય શાળાનું ખાતમુહૂર્ત પૂ. મહાત્મા ગાંધીજીના હસ્તે થયું હતું. તત્કાલીન સામાજિક રૂઢીઓથી પર થઇને વિદ્યાર્થીઓમાં સમભાવ, રાષ્ટ્રપ્રેમ અને ઉદ્યમ કેળવાય તે હેતુથી આ સંસ્થા શરૂ થઇ.

સૌ પ્રથમ વઢવાણમાં શરૂ થયેલ રાષ્ટ્રીય શાળા અને ત્યારબાદ શિક્ષણ માટેની બીજી શાખાઓ બનતી ગઇ. આ મંડળના આદ્યસ્થાપકો અને ઘડવૈયાઓમાં સ્વ. ફુલચંદભાઈ કસ્તુરચંદ શાહ, સ્વ. ચીમનભાઈ માધવરામ વૈષ્ણવ અને સ્વ. શિવાનંદજી હતા.

**વઢવાણ કેળવણી મંડળ હેઠળ ચાલતી સંસ્થાઓ :**

૧. બાલમંદિર - વઢવાણ

૨. વિનય મંદિર - વઢવાણ

૩. ખેતીવાડી હાઇસ્કૂલ

૪. ઉદ્યોગ તાલીમ - વઢવાણ

૫. સાર્વજનિક છાત્રાલય - વઢવાણ

૬. સંસ્કાર કેન્દ્ર - વઢવાણ

૭. શિશુકુંજ - વઢવાણ

૮. ખેતી સહાયક કેન્દ્ર - વઢવાણ

૯. મધુકાન્ત બાલમંદિર - જોરાવરનગર

૧૦. શિશુકુંજ - સુરેન્દ્રનગર

૧૧. સંસ્કાર કેન્દ્ર - સુરેન્દ્રનગર

૧૨. સાર્વજનિક છાત્રાલય - ધ્રાંગધ્રા

૧૩. સાર્વજનિક છાત્રાલય - લીંબડી

૧૩. સંસ્કાર કેન્દ્રો - લીંબડી, રાણાગઢ, પાણશિણા

૧૪. ખેતી સહાયક કેન્દ્ર - ફૂલગ્રામ

૧૫. સર્વોદય આશ્રમ - ફૂલગ્રામ

# સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના મુખ્ય મથક એટલે કે સુરેન્દ્રનગર શહેરના શિક્ષણોત્સુક વિદ્યાર્થીઓને સારી કેળવણી આપવાના ઉદ્દેશથી સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીની શરૂઆત થઇ. આ મંડળની સ્થાપના ઇ.સ. ૧૯૫૮માં સ્વ.શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના પ્રમુખસ્થાને થઇ હતી. આ સોસાયટીના સર્જનમાં ચંદુલાલ સુખલાલ મહેતાનું યોગદાન મહત્ત્વનું હતું.

**સોસાયટીએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી છે, તે જાણીએ.**

| | |
|---|---|
| શ્રી જવાહરલાલ નહેરૂ વિવિધલક્ષી વિદ્યાલય | ૧૮૫૮ |
| શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજ | ૧૯૬૩ |
| શ્રી આર.પી.પી. ગર્લ્સ હાઇસ્કૂલ અને | |
| શ્રી એસ.જી. શાહ હાયર સેકન્ડરી સ્કૂલ | ૧૯૫૬ |
| શ્રી સી.પી. ઓઝા શારદા મંદિર | ૧૯૭૧ |

**શ્રી રતિલાલ વર્ધમાન શાહ શૈક્ષણિક યુનિટ**

| | |
|---|---|
| શ્રી મણિલાલ કોઠારી બાલમંદિર | ૧૯૪૪ |
| શ્રી ફુલચંદભાઈ શાહ કુમાર મંદિર | ૧૯૬૭ |
| શ્રી કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કૂલ | |
| શ્રી સંસ્કાર કેન્દ્ર | ૧૯૫૬ |
| શ્રી એમ.ટી. દોશી કન્યા છાત્રાલય | |
| શ્રી એમ.એલ. દોશી સ્ત્રી બુનિયાદી અધ્યાપન મંદિર | ૧૯૬૦ |
| શ્રી એચ.એસ. ધ્રુવ પ્રાથમિક શાળા | ૨૦૦૦ |
| શ્રી સી.યુ. શાહ વિદ્યાલય પ્રાથમિક શાળા | ૧૯૯૪ |
| શ્રી સી.યુ. શાહ બાલમંદિર | ૧૯૯૨ |
| શ્રી બાલુબા ઝાલા બાલવાડી | ૧૯૮૭ |
| શ્રી ઇંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલ | ૧૯૯૯ |
| શ્રી સી.યુ.શાહ સ્પોર્ટ્સ એન્ડ હેલ્થ સેન્ટર | ૧૯૯૨ |
| શ્રી શાંતિલાલ ગિરધરલાલ શાહ બાળ પુસ્તકાલય | ૧૯૯૬ |
| શ્રી બી.બી.એ. કૉલેજ | ૨૦૦૭ |
| ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. સેન્ટર | ૨૦૦૨ |

શ્રી સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી દ્વારા બાલ શિક્ષણથી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું સંચાલન થાય છે. સોસાયટીનું નામ પડતાં જ એક હૂંફ વર્તાય છે. કદાચ એ હૂંફ શિક્ષણક્ષેત્રે પાયો બની પ્રવૃત્ત રહેતા ઇંટ સમાન દરેક કાર્યકરના પરિશ્રમની છે. કર્મચારીઓની નિષ્ઠાવાન સેવા પ્રેરતું આ વાતાવરણ અદ્ભુત છે. અહીં પોતાના કાર્ય માટેનો સંતોષ, સદ્ગુણોના વિકાસ અને પ્રસાદ માટેની તક શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત થાય છે.

## લીંબડી કેળવણી મંડળ

લીંબડી કેળવણી મંડળની સ્થાપના તા. ૮-૭-૧૯૫૯ના રોજ થઇ. ઇ.સ. ૧૯૦૭માં શરૂ થયેલી સર જશવંતસિંહજી હાઇસ્કૂલ લીંબડી તાલુકામાં એકમાત્ર હાઇસ્કૂલ હતી. આઝાદી પછી શિક્ષણ સંસ્થાઓમાં અભૂતપૂર્વ ઘસારો થયો. તે મકાનમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા જળવાય એમ નહોતી, આથી સ્વ.શ્રી લાભુભાઈ આચાર્ય, સ્વ.શ્રી ચીમનલાલ શાહ, સ્વ.શ્રી ગિજુભાઈ શુક્લ અને સ્વ.શ્રી રસિકભાઈ પરીખ વગેરે મહાનુભાવોની નિશ્રામાં લીંબડી કેળવણી મંડળની શરૂઆત થઇ.

**લીંબડી કેળવણી મંડળ હેઠળ ચાલતી સંસ્થાઓ :**

- શ્રી ગિજુભાઈ શુક્લ કુમાર વિદ્યાલય - લીંબડી
- શ્રીમતી ભુરીબેન અમૂલખ શાહ કન્યા વિદ્યાલય અને<br>શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ-લીંબડી
- સર જસવંતસિંહજી હાઇસ્કૂલ અને<br>શ્રી કાંતિલાલ ભાઇચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ-લીંબડી
- શ્રી નાગરદાસ મોહનલાલ હાઇસ્કૂલ - લીંબડી
- શ્રીમતી અંજવાળીબેન રતિલાલ સખીદા આટ્ર્સ,<br>શ્રી છબીલદાસ ચુનીલાલ ગેડીવાળા કોમર્સ અને<br>શ્રી ચીમનલાલ ચકુભાઈ હોમસાયન્સ કૉલેજ-લીંબડી
- શ્રીમતી ભાગીરથી શુક્લ ઇન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યૂટ - લીંબડી
- શ્રી ચીમનલાલ ચકુભાઈ હાઇસ્કૂલ - પાણશિણા
- શ્રી શિવલાલ મૂળશંકર દવે માધ્યમિક શાળા - શિયાણી
- બળોલ માધ્યમિક શાળા
- શ્રી હિંમતલાલ કસ્તુરચંદ મણિયાર કુમાર શાળા - લીંબડી
- શ્રી કીર્તિકાંત શાંતિલાલ સાર્વજનિક બાલમંદિર
- શ્રી ત્ર્યંબકલાલ કસ્તુરચંદ બાલમંદિર - લીંબડી
- કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સાર્વજનિક મહિલા મંડળ - લીંબડી
- શ્રી મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલય - લીંબડી

# ધ્રાંગધ્રા કેળવણી મંડળ

ધ્રાંગધ્રા શહેરમાં ૧૯૬૩ સુધી માધ્યમિક શિક્ષણ આપતી માત્ર એક જ શાળા સર એ. હાઇસ્કૂલ હતી. આ શાળામાં કો-એજ્યુકેશન હોવાના કારણે રૂઢિચૂસ્ત વાલીઓ પોતાની દીકરીઓ હોંશિયાર હોવા છતાં માધ્યમિક શિક્ષણ માટે સર અજીતસિંહજી હાઇસ્કૂલમાં ભણાવવા મોકલતા નહોતા અને સ્ત્રી કેળવણી પ્રાથમિક કક્ષા સુધી જ અટકી જતી.

તત્કાલીન નગરપાલિકાના પ્રમુખ અને સામાજિક કાર્યકર સ્વ.શ્રી શાંતિલાલ ભોળાનાથ દેપાળાનાં ધ્યાનમાં આ બાબત આવતા તેમને શહેરના શ્રેષ્ઠીઓ, વેપારીઓ, કેળવણીકારો, વકીલો તથા ડૉક્ટરોનો સાથ-સહકાર લઇ કન્યા કેળવણી શરૂ કરવા કેળવણી મંડળ ટ્રસ્ટની સ્થાપના ૧૯૬૩માં કરી અને માત્ર કન્યાઓ માટેની જ કન્યાશાળા ધો. ૮ થી સરકારી મકાનમાં શરૂ કરી.

૧૯૬૭માં ભાઈઓ માટે સર અજીતસિંહજી હાઇસ્કૂલમાં પ્રવેશ માટેનાં પ્રશ્નો ઊભા થયા અને આ બાબતે વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત ન રહે તેવા હેતુથી ભાઈઓ માટેની બોયઝ હાઇસ્કૂલ ૧૯૬૭માં ભાડાના મકાનમાં અને જ્ઞાતિની વાડીમાં શરૂ કરી.

મંડળનું પોતાનું મકાન ન હોવાથી તત્કાલીન ટ્રસ્ટીશ્રીઓએ ધ્રાંગધ્રા સ્ટેટના નગરશેઠ તરીકે ઓળખાતા મોતીભાઈ મૂળચંદ પૂજારાને રજૂઆત કરતા તેમના મુખ્ય દાનથી અને ધ્રાંગધ્રાના વેપારીઓ અને શ્રેષ્ઠીઓના દાનથી શાળાને પોતાનું મકાન ૧૯૭૨માં મળ્યું.

૨૦૦૩ની સાલમાં પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી. પ્રાથમિક શાળાનું મકાન માધ્યમિક શાળાના સંકુલમાં જ બનાવવાનું આવ્યું અને તેમાં પણ શેઠશ્રી મોતીલાલ પૂજારા પરિવાર તરફથી મુખ્ય અનુદાન મળ્યું.

હાલમાં માતુશ્રી ડાહીબેન મોતીલાલ મૂળચંદ પૂજારા કન્યા વિદ્યામંદિરમાં (ધો. ૮ થી ૧૨) માત્ર બહેન માટેની શાળામાં આશરે ૮૦૦ જેટલી બહેનો અભ્યાસ કરી રહી છે.

શેઠશ્રી મોતીલાલ મૂળચંદ વિદ્યાલયમાં ભાઇઓ ધો. ૮ થી ૧૨ માં આશરે ૫૫૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. બાલમંદિર, પ્રાથમિક શાળા અને અને ઉચ્ચતર પ્રાથમિક શાળામાં આશરે ૧૬૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે.

આ શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રમતગમત, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક આ તમામ ક્ષેત્રમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી શાળા અને મંડળનું ગૌરવ વધારેલ છે.

# લખતર કેળવણી મંડળ

પોતાના તાલુકાના વિદ્યોત્સુક બાળકો માટે શિક્ષણની કેડી કંડારવા માટે લખતર કેળવણી મંડળની સ્થાપના થઇ.

સૌ પ્રથમ શાળાની સ્થાપના તા. ૭-૬-૧૮૫૩ 'ગુજરાતી શાળા' નામે, ત્યાર પછી આ શાળા તાલુકા શાળા નં.-૧ અને પછી પે.સે. શાળા નં. ૧ અને હાલ રૂપાળીબા પે.સે. શાળા નં.-૧ નામથી ચાલી રહી છે.

**લખતર કેળવણી મંડળ દ્વારા ચાલતી સંસ્થાઓ :**

| | | |
|---|---|---|
| ૧. | જુગતરામ દવે પે.સે. શાળા નં.-૨ | ૧૯-૯-૧૯૦૯ (ધોરણ ૧ થી ૮) |
| ૨. | કરણસિંહજી મિડલ સ્કૂલ | ૧-૦૪-૧૯૪૫ (ધોરણ ૧ થી ૮) |
| ૩. | માજી રાજબા કન્યાશાળા | ૧૯-૦૯-૧૯૦૯ (ધોરણ ૧ થી ૮) |
| ૪. | સર જશવંતસિંહજી હાઇસ્કૂલ | ૨૩-૦૭-૧૯૨૩ (ધોરણ ૮ થી ૧૧) |

આજ શાળામાં ૧૧-૧૨ ઉચ્ચતર માધ્યમિક શાળા કુમાર શાળાના નામે હાલ ચાલી રહી છે. પ્રથમ શાળા ૧૯૪૨ માં ચાલુ કરવામાં આવી હતી. સ્વાતંત્રતા પછી એ શાળાને પે.સે. શાળા નં.-૧માં મર્જ કરવામાં આવતા શાળા બંધ કરવામાં આવી.

શ્રેષ્ઠ શિક્ષણની નેમ લઇને ઝઝૂમતા અનેક શિક્ષણ સંન્યાસીઓએ લખતર કેળવણી મંડળના દીવડામાં તેલ પૂરતા રહ્યા છે.

'કેળવણી એટલે માનવની પરિપકવતા અને સ્વાતંત્ર્યનો વિકાસ, પ્રેમનું પ્રફુલ્લન અને વૈદગ્ધ્ય કે દક્ષતા અને સદ્ગુણોના વિકાસ માટે શિવમ્ની પ્રાપ્તિ.'

*"Education should help us to grow mature and free, to flower in love and goodness to increase wisdom and virtue.'*

**-ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

# કેળવણી મંડળ–ચુડા

ચૂડા કેળવણી મંડળની સ્થાપના ૧૯૬૬માં થઇ હતી. આ મંડળની સ્થાપનાનો ઉદ્દેશ શિક્ષણ, સામાજિક સેવા હતો. આ કેળવણી મંડળના પ્રથમ પ્રમુખ શ્રી ધર્મેન્દ્રસિંહજી ઠાકોર સાહેબ ઓફ ચુડા તથા મંત્રીશ્રી ખીમચંદ માણેકચંદ વૈદ્ય હતા. આશરે છએક દાયકા પહેલા ચાલુ થયેલ આ મંડળની કેટલીક સંસ્થાઓ હાલ વિકસી છે જે નીચે મુજબ છે.

**કેટલીક સંસ્થાઓ :**

૧. શ્રી સી.ડી. કપાસી હાઇસ્કૂલ - ચુડા

૨. શ્રી જે.ડી. કોઠારી માધ્યમિક શાળા - ચોકડી

૩. ભૃગુપુર માધ્યમિક શાળા - ભૃગુપુર

૪. ચંપાબેન શાહ બાલમંદિર

**ચુડા કેળવણી મંડળ દ્વારા ચાલતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થતી પ્રવૃત્તિઓ :**

૧. રાજ્યકક્ષાનો વિજ્ઞાન મેળો - ૧૯૮૪-૧૯૮૫

૨. જિલ્લા કક્ષા વિજ્ઞાન મેળો - ત્રણ વખત

૩. નેત્રયજ્ઞ

૪. ચશ્મા વિતરણ

૫. શિક્ષક સંઘ સંમેલન

૬. ગરમ કપડા / રાશન કીટ વિતરણ

૭. દંત યજ્ઞ

૮. એન.સી.સી./એન.એસ.એસ. કેમ્પ

# મૂળી કેળવણી મંડળ

ધર્મ, શૌર્ય અને સંસ્કૃતિની શાખ સમા મૂળી તાલુકામાં તે વિસ્તારના વિદ્યાર્થીઓના શિક્ષણને ધ્યાને લઇ ઇ.સ. ૧૯૭૯માં મૂળી કેળવણી મંડળની સ્થાપના થઇ. શ્રી મૂળી કેળવણી મંડળના સ્થાપક પ્રમુખ તરીકે શ્રી અનોપચંદભાઈ રાજપાળ શાહને સંસ્થાની ધૂરા સોંપવામાં આવી હતી. સરકારી હાઇસ્કૂલમાંથી કેળવણી મંડળ દ્વારા સંચાલિત બોયઝ હાઇસ્કૂલ બનતા પ્રથમ આચાર્ય તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ રાવલની પસંદગી થયેલી.

એ પછી તો સંસ્થાની હરણફાળ ભરાઇ. અનુપચંદભાઈની નિશ્રામાં જ શ્રી મૂળી કેળવણી મંડળ વટવૃક્ષ પેટે વિકસતું હતું. ૧૯૮૧માં ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ થયો. ત્યારબાદ એક ગ્રંથાલયનું ભવ્ય મકાન પણ બન્યું અને મંડળના શિક્ષણક્ષેત્રમાં વધારો થતો ગયો.

**મંડળ દ્વારા સંચાલિત સંસ્થાઓ :**

- ✦ બોયઝ હાઇસ્કૂલ - મૂળી
- ✦ માતુશ્રી સી.એમ.એમ. ઉચ્ચતર માધ્યમિક શાળા - મૂળી
- ✦ જે.પી. પારેખ ગ્રંથાલય
- ✦ શ્રીમતી આર.ડી. ગાર્ડી માધ્યમિક શાળા - ઉમરડા
- ✦ માતુશ્રી ડાહીબહેન રાજપાળ કન્યા વિદ્યાલય - મૂળી
- ✦ શ્રી બી.એ. ગાર્ડી ઉ. બુ. વિદ્યાલય - વેલાળા (ધ્રાં)
- ✦ શ્રીમતી સવિતાબેન પૂનમચંદભાઈ શાહ બક્ષીપંચ છાત્રાલય - મૂળી

શિક્ષણ પ્રત્યેના અદકર્મથી સ્વ. અનોપચંદભાઈ શાહ તથા સ્વ. પૂનમચંદભાઈ શાહ, સ્વ. ભરતભાઈ શાહ જેવા શિક્ષણ હિમાયતીના પ્રમુખસ્થાને તથા મૂળીના મોટા ગજાના આગેવાનશ્રી કનુભાભાઈ ગુલાબસિંહ પરમાર જેવાની સતત રાહબરી થકી આ શૈક્ષણિક કેળવણી મંડળ તેની શિક્ષણ યાત્રાને અવિરત વેગવંતુ રાખી શક્યા છે.

નૂતન વિચારધારાને ટેકનોસેવી એવા વર્તમાન પ્રમુખશ્રી અમિતભાઈ ભરતભાઈ શાહ પોતાના પારિવારિક શિક્ષણ પ્રેમ અને વતન પ્રત્યેની અનન્ય લાગણીને આજે પણ અખંડ રાખી નવી દિશાઓ ખોલી રહ્યા છે.

# પાટડી કેળવણી મંડળનો ઇતિહાસ

પાટડી કેળવણી ક્ષેત્રે રાજ પરિવાર

*'તેજસ્વી સન્માન ખોજતે' નહિ ગૌત્ર બતલાકે*

*પાતે હૈ જગ પ્રશસ્તિ અપના કરતબ દીખલાકે.'*

પાટડી રાજ પરિવારમાં વીર, ધીર, વિદ્વાન, ધાર્મિક, ન્યાયપ્રિય, પરદુઃખભંજક, વિદ્યા, સાહિત્ય, સંગીત, કલાપ્રેમી, પ્રજાપ્રેમી અને સમાજ સુધારક રાજવીઓ થયા હતા. જેમની દીર્ઘ દૃષ્ટિ અને કુનેહનો લાભ પાટડીની પ્રજાને કેળવણી તેમજ વિવિધ ક્ષેત્રે થયો છે. પાટડીની શૈક્ષણિક સંસ્થાઓ- શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ, દરબાર શ્રી રઘુવીરસિંહ કુમાર શાળા, શ્રી નાનુબાપા ગુજરાતી કન્યા શાળા, શ્રી મોતીબાઈ કન્યા પ્રાથમિક શાળા ભાગ્યે જ કોઇ એવી શૈક્ષણિક સંસ્થા હશે જે રાજવી પરિવારના દાનથી વંચિત હોય.

પાટડીના આ રાજવી શ્રી સૂર્યમલજી (સૂરજમલજી) (ઇ.સ. ૧૮૮૪-૧૯૧૩)ની પુણ્યસ્મૃતિમાં આકાર પામેલ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડી શિક્ષણના આધુનિક પ્રવાહોથી સુસજ્જ છે. આખાય ભારત ખંડમાંય કદાચ નહીં હોય એવું જેની પાસે સમૃધ્ધ અને વિશાળ રમત-ગમતનું મેદાન છે.

શ્રી સૂરજમલજીનું વ્યક્તિત્વ તેમના નામને સાર્થક કરનારૂં હતું. ઇ.સ. ૧૯૦૭ માં પાટડીના 'રાજર્ષિ'નું બિરૂદ પામેલા રાજવીના નામ પર 'શ્રી સૂરજમલજી ઇંગ્લીશ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલ. જેનો આઝાદી પછી ઇ.સ. ૧૯૫૨માં શ્રી પાટડી કેળવણી મંડળ-પાટડીએ વહીવટ સંભાળ્યો પછી તેનું નામ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ રાખવામાં આવ્યું.

શ્રી દોલતસિંહજી (ઈ.સ. ૧૯૧૩-૧૯૨૮) એ પોતાના પિતાના સ્મરણાર્થે શ્રી કડવા પાટીદાર હિત વર્ધક મહામંડળને રૂપિયા ૧,૧૦,૦૦૦ નું દાન ગામડાના કડવા પાટીદાર વિદ્યાર્થીઓને અમદાવાદમાં રહેવા-જમવા માટે 'દરબારશ્રી સૂરજમલજી કડવા પાટીદાર બોર્ડિંગ હાઉસ'ના મકાન માટે તથા જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે આપેલ. જે આજે પણ કેળવણીની જ્યોત ત્યાં પ્રજ્વલિત છે.

સને ૧૯૨૦માં દરબારશ્રીએ પોતાના માતુશ્રી મોતીબાના સ્મરણાર્થે પાટડીમાં 'મોતીબાઈ કન્યાશાળા'નું મકાન બંધાવી આપી કન્યા કેળવણીને ઉત્તેજન આપેલ. ભરત-સીવણની તાલીમ માટે પણ આર્થિક મદદ તેઓશ્રી કરતા હતા.

દોલતસિંહજીનાં કુમાર સ્વ. રઘુવીરસિંહજીની યાદમાં પાટડીમાં 'શ્રી રઘુવીરસિંહજી પ્રાથમિક શાળા' બાંધવામાં આવેલ.

શ્રી નારાયણસિંહજી (ઇ.સ. ૧૯૪૦-૪૧)માં ગાદીએ આવ્યા. ઇ.સ. ૧૯૦૬માં શ્રી સૂરજમલજી ઇંગ્લીશ સ્કૂલની સ્થાપના સમયે ધન ઉઘરાવવામાં સક્રિય સેવાઓ આપી હતી.

શ્રી પ્રતાપસિંહજી ઇાસ. ૧૯૪૧-૧૯૪૭) ભારતના દેશી રાજ્યોના વિલિનીકરણ પહેલા 'પાટડી રાજ્ય'ના છેલ્લા રાજવી તરીકે દેસાઇ શ્રી પ્રતાપસિંહજીને તા. ૧૭-૧૨-૧૯૪૧નાં દિને રાજતિલક થયું હતું. પાટડીના પ્રતાપી અને બહુમુખી પ્રતિભા ધરાવતા રાજવીનો ૨૧-૧૧-૧૯૭૮માં સ્વર્ગવાસ થયો હતો. તેઓશ્રીની પુનિત યાદમાં રાજ પરિવાર તરફથી રૂપિયા ૩,૮૦,૦૦૦નું માતબર દાન પાટડી કેળવણી મંડળને મળ્યું હતું, તેમજ સ્વર્ગસ્થની યાદમાં પાટડીમાં 'શ્રી પ્રતાપસિંહજી ગર્લ્સ હાઇસ્કૂલ'નું અધ્યતન સુવિધાવાળું મકાન નિર્માણ પામ્યું હતું. અત્યારે જે સ્થળે શ્રી સૂરજમલજી પ્રાથમિકશાળા કાર્યરત છે.

શ્રી સૂરજમલજી હાઇસ્કૂલના ઉચ્ચતર માધ્યમિક શાળા વિભાગમાં સને ૧૯૯૫ થી રાષ્ટ્રીય સેવા યોજના એકમ શરૂ કરવામાં આવેલ. જેમાં એન.એસ.એસ. પ્રવૃત્તિઓ બે ભાગમાં વહેંચવામાં આવેલ. (૧) નિયમિત પ્રવૃત્તિ (૨) ગ્રામ દત્તક શિબિર. યુવાનીના ઉંબરે ઊભેલા યુવાનોને સમાજલક્ષી બનાવવા અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા પ્રેરણા આપી હતી.

સને ૧૯૭૬-૭૭માં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો શરૂ થયાની સાથે પુસ્તકાલય (જ્ઞાનની પરબ)ની શરૂઆત થઇ ત્યારથી આજ સુધી અંદાજે ૧૫૦૦૦ થી પણ વધારે પુસ્તકોથી સમૃધ્ધ છે. આ સંસ્થામાં પુઅર બોઇઝ વિભાગ તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્ય પુસ્તક-યુનિફોર્મ તેમજ નોટબુકો આપવામાં આવે છે.

પાટડીમાં આર્ટ્સ અને સાયન્સ સરકારી કૉલેજ ચાલુ થતા કેળવણી મંડળે પોતાના વિશાળ બિલ્ડીંગનો ઉપયોગ કરવા ફાળવેલ છે. આજે પણ આ કેમ્પસમાં કૉલેજ ચાલુ છે. હાલમાં કેળવણી મંડળ દ્વારા શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ માટે ૩,૬૬,૦૦,૦૦૦ ના ખર્ચે વિશાળ બિલ્ડીંગ આકાર લઇ રહ્યું છે. આજે પણ શ્રી પાટડી કેળવણી મંડળનો અનેરો વિકાસ થઇ રહ્યો. છે.

**(શ્રી પા.કે. મંડળ, પાટડીના સ્મરણિકા તથા સંમેલન ૨૦૦૦ના અંકમાંથી માહિતી સાભાર)**

## તૃષ્ણારહિત... સ્વામી શિવાનંદજી

૧૯૫૧નું વરસ હતું. માર્ચ મહિનો હતો. તારીખ ૨૭મી હતી. મધરાતનો સમય હતો. સર્વત્ર નિરવ શાંતિ હતી. પંખીઓ માળામાં સૂતા હતા - ગામ મીઠી નિંદરમાં હતું. ગામ બહાર આશ્રમની દોઢીમાં દરરોજના નિયમ મુજબ નિરાંતે - શાંતિથી એ ભર ઊંઘમાં હતા. ત્યાં અચાનક એક ભડાકો થયો. માળાના પંખી ચિચિયારી કરી ઉઠ્યા, પાદરમાં મોરલા ગહેંકી ઉઠ્યા. આશ્રમવાસીઓ પણ જાગી ઉઠ્યા. દોઢીમાં આવ્યા અને એમણે કહ્યું : બતી લાવો, કંઇક કરડ્યું છે, અજવાળું થયું. જોયું તો પડખામાંથી લોહીની ધાર થઇ હતી. આશ્રમવાસીએ કહ્યું 'ગોળી વાગી છે.' - અને એમણે કહ્યું: 'સરસ મૃત્યુ' એ હતા સ્વામી શિવાનંદજી. કાઠિયાવાડની સેવક ત્રિપુટી ફુલચંદભાઈ, ચીમનભાઈ અને શિવાનંદજી - માંના છેલ્લા.

શિવાનંદજીનો જન્મ સવંત ૧૯૫૨ના આસો મહિનાની વિજ્યા દશમીના રોજ. પિતાનું નામ ચત્રભુજ, ભણવામાં ઝાઝું ચિત્ત નહીં. તોફાની પણ ખરા - દાજીરાજ હાઇસ્કૂલમાં શિવાનંદજીના સહ વિદ્યાર્થી પ્રાણભાઈ આચાર્યે તેમના બાળવયનાં સ્મરણોમાં નોંધ્યું છે.

'દાજીરાજ હાઇસ્કૂલમાં એક જ ધોરણમાં હું અને તે વખતના શિવલાલ (શિવાનંદજી) સાથે ભણતા. મારાથી ઉંમરમાં મોટા. કાંઇક તોફાની એવા શિવલાલની સાથે બોલાવાનો નાતો. એકવાર ક્રિકેટના મેદાન પર થયો, અને તે પણ નાના એવા કજિયા અંગે. તે વખતે એવો ખ્યાર ન હતો કે આ યુવાનની સાથે જિંદગીના કેટલાક અમુલ્ય વર્ષો ગાળવાના છે. આ યુવાન સાથે રચનાત્મક તોફાનો કરવાનાં છે. સ્વપ્નો સેવવા છે. આવી વજ્જર જેવી કાયાવાળો આ યુવાન મને મુકીને વહેલાં વિદાય લેશે એ વિચાર તો કદી આવ્યો જ નહોતો.'

એ વખતે છબી પાડવાનો શોખ - આજે યુવાનોમાં છે તેવો અમને નહોતો. આજે એમ લાગે છે કે અમારો તે વખતનો એકાદ ફોટો હોત તો બીજું તો ઠીક પણ દાજીરાજ હાઇસ્કૂલમાં તે વખતે આજના જાણીતા વૃધ્ધો, તે જમાનામાં શું પહેરીને, કેવા પોષાકમાં શાળામાં જતા હતા તે જોઇ શકત. શિવલાલ, વજુભાઈ દવે, ડાહ્યાભાઈ જાની, પથુભાઈ ભાથી, અમે બધા જ સફેદ ફેંટા બાંધીને શાળાએ જતા. ઉઘાડે માથે શાળામાં કે ઘરની બહાર જવાના દિવસો હજુ બે દસકા પછી આવવાના હતા. એક દિવસ સવારે ફુલચંદભાઈ ધોળી ટોપીમાં નીકળ્યા, ત્યારે વઢવાણની

બજારમાં કુતુહલ થયું હતું. આજે એવું જ કુતુહલ ધોળા ફેંકા અને બાલાબંધી કેડિયા પહેરેલા વિદ્યાર્થીઓને શાળામાં આવતા આજના યુવાનો જુઓ તો તેમને થાય પણ એવા જ પોષાકમાં શાળાએ જતા તે હકીકત છે.

આ પડછંડ કાયાધારી શિવલાલ સાથે રોજ સાંજે ભોગાવાની રેતમાં હરિશંકર વિદ્યાર્થીના ગીતો સાદ ફાટી જાય એટલા જોરથી અમે ગાવા માટે ભેગા મળતા. તે દિવસોને યાદ કરૂં છું ત્યારે મને આજે પણ 'આજ અમારા આર્ય ગૃહમાં વાસીદે સાંબેલા જાય' - એ ગીત ગવરાવનાર શિવલાલ નજર સમક્ષ આવીને ઊભા રહે છે. આજની ઘરશાળાની નદીની પેલી ભેખડ ઉપર ઊભો રહું છું ત્યારે લગભગ એની નજીકમાં જ રોજ કુસ્તી કરતા, પ્રાર્થના કરતા અને ગીતો ગાવા માટે ભેગા મળતા. મોડા આવનારને 'હરિઓમ' કહીને બોલાવતા. શિવલાલના પડથંદા સંભળાય છે. એ શું ગળું હતું ? ત્યાંથી બોલે તો છેક જડેશ્વર સુધી સંભળાય. એ વાત આજે તો માન્યામાં પણ ન આવે એવા નબળાં ફેફસાવાળા સૌ થઇ ગયા છે.'

સ્ટેશન પાસે જીન સામે એક ડેલો છે. ત્યાં અમે થોડા વિદ્યાર્થીઓ વાંચવા માટે ભેગા થતા. વાંચતા કેવુંક એ તો અમે જ જાણીએ. અમારો આગેવાન (શિવલાલ) જ એવો કે જેને વાંચવામાં ઝાઝો રસ નહોતો, સવારે પહેલા સૂર્યોદય પહેલા ઉઠવું, પથારીમાં બેસીને જ પ્રાર્થના કરવી, નારદભાઈની વાવે સ્નાન માટે જવું, રાતના દીવા થાય તે પહેલાં ગામની બહાર નીકળી જયું. રોજ સાંજે વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) ના ટાવર સુધી ફરવા જવું, રાત્રે કોથળા પાથરી, પુસ્તકોનું ઓસીકું કરી સૂઇ જવું. ઘડિવાળ વસાવી શકીએ એવી તો અમારામાંના કોઇની ગુંજાશ હતી નહીં અને વહેલી સવારે તો ઉઠવું જ જોઇએ. એ તો નિર્ણય હતો. અમારો એ નિર્ણય કોઇ દિવસ તૂટ્યો નહીં. એનો બધો યશ અમારી જીવતી ઘડિયાળ જેવા શિવલાલ - સ્વામી શિવાનંદજીને ફાળે જાય છે. 'પ્રાંતઃસ્મરામિ'ના શ્લોક બોલતા સ્વામી સંભળાય અને અમે ઊઠી જતા.

એ જમાનામાં નાનપણમાં લગ્ન થથા. શિવલાલને પણ પરણાવી લગ્નનો લ્હાવો લેવા માટે વડીલો ઉત્સુક હતા. કેટલાક ખાનદાન કુટુંબ આ મુરતિયો જોવા પણ આવતા, અને એ વખતે વડીલો એમને કહેતા કે, 'ભાઈ-આજે દીકરીના મા-બાપ જોવા આવવાના છે. તારા ભગત વેડા જરા ઓછા કરી નાખ, અને વ્યવહાર સાચવ તો સારૂં.' પણ અલગારી - ધૂની શિવલાલને તેની કાંઇ અસર થતી નહોતી. તે તો

પોતાની મસ્તીમાં જ હતા. આવા વૈરાગીને પોતાની દીકરી પરણાને દુઃખી ક્યાં કરવી, એવું વિચારી કેટલાક પાછા જતા. આખરે સગા-વહાલાંને ખાત્રી થઇ કે આ ભાઈ કાંઇ ઘર બાંધે તેમ નથી અને તેથી પરણાવવાનો આગ્રહ તેમણે છોડ્યો.

ફુલચંદભાઈ કોચરબ આશ્રમમાં હતા. તે અરસામાં જ શિવાનંદજી પણ કોચરબ આશ્રમમાં જોડાયા અને અરસ-પરસ પરિચય થયો. શિવાનંદજી માંદગીને કારણે આશ્રમ છોડી વઢવાણ આવ્યા. થોડા સમય પછી ફુલચંદભાઈની તબિયત કથળતા તેઓ પણ આશ્રમ છોડી વઢવાણ આવ્યા. ફુલચંદભાઈએ વઢવાણમાં બાલાશ્રમ શરૂ કર્યો અને કે કામમાં શિવાનંદજી તેમની સાથે જોડાયા અને પછી તો તેમની બંનેની જોડી રામ-લક્ષ્મણની જોડી તરીકે કાઠિયાવાડમાં પ્રસિધ્ધ થઇ. રાષ્ટ્રીય શાળા વઢવાણમાં તેઓ સાથે રહ્યાં, સત્યાગ્રહમાં સાથે, શાળામાં હરિજન પ્રવેશના પ્રશ્ને રાષ્ટ્રીય શાળાના અનેક શિક્ષકો ફુલચંદભાઈને છોડી ગયા, ત્યારે શિવાનંદજી મક્કમપણે ફુલચંદભાઈ સાથે રહ્યાં.

શિવાનંદજી પછાત સમાજમાં જતા હતા. આભડછેટમાં માનતા ન હોતા. તેના કારણે કેટલાંક તેમના તરફ નારાજ હતા. એમાં એક વખત શિવાનંદજી તેમના અંધ માતાને લઇને વઢવાણના રામ મહેલના મંદિરે દર્શન કરવા ગયા. તોફાનીઓએ તેમને માર માર્યો અને ઢસડીને મંદિરના પગછિયા બહાર મુકી આવ્યા. તેમના અંધ માતાની પણ લવે કરી. શિવાનંદજીએ સવર્ણોનો રોષ વહોરી લીધો. પણ પછાત સમાજની  સેવા કરવાનું કામ તેમણે કદી ન છોડ્યું.

શિવાનંદજી જેલમાં પણ આનંદથી રહેતા. તેમને મન જેલ અને મહેલ બંને સરખા હતા. ફુલચંદભાઈ-શિવાનંદજીના જેલ જીવન વિષે સારો પ્રકાશ તેમની રોજનીશીમાં પાડ્યો છે.

બારડોલીમાં જમીન મહેલુસની લડત ઉપડી, તે વખતે પણ શિવાનંદજી ગામડાઓમાં ઘૂમી વળ્યા. આ લડત દરમ્યાન બહુ થોડા ભાઈઓને સરકારે કેદ કરેલા. પણ આ થોડામાં ય શિવાનંદજી હતા. લગભગ ત્રણ મહિના સુધી સાબરમતી જેલમાં ગુનેગાર કેદીઓ સાથે તેઓ રહ્યા. તે વખતે એઠલે ૧૯૨૮ની સાલમાં રાજદ્વારી કેદીઓના વર્ગ જેવું કશું ન હતું. જેલ નિવાસ દરમ્યાન તેઓ પાંત્રીસ શેર દળણું તેઓ આનંદ પૂર્વક દળી નાખતા.

કેવળ લંગોટ પહેરીને ઘંટી ચલાવે અને દળી રહ્યા બાદ આખા શરીરે લોટ

ઉડ્યો હોય એટલે ભભૂત લગાવેલ સન્યાસી હોય તેવા દેખાતા. કોઇ સાથી ઢીલા પોચા પડી જાય તો એમને આશ્વાસન આપતા અને કોઇવાર પોતાના ભાગ ઉપરાંત તેમને થોડું ઘણું દળી આપતા.

ઘાણી ચલાવવાનું સખત મજૂરીનું કામ પણ એમણે કર્યું હતું અને છતાં પ્રસન્ન રહેતા. જેલમાં ગીતાજીનો અભ્યાસ ચાલુ જ હતો.

ફુલચંદભાઈના અવસાન પછી સ્વામી પોતાનું કાર્યક્ષેત્ર દામડામાં રાખવા વિચાર તો રતા જ હતા. દુષ્કાળ અંગે રાહત કામો શરૂ કરાવવા માટે તેમને અનેક ગામડાઓમાં ફરવાનું થયું. એમાં વઢવાણ તાલુકાનું મુંજપર ગામ એમને ગમ્યું હતું. અવાર નવાર તેઓ અહીં રાત્રિ મુકામ કરતા હતા, તેથી મુંજપરમાં આશ્રમ કરવાનો તેમણે વિચાર કર્યો. શરૂઆતમાં વશરામ પટેલની વાડીએ એક ઝુંપડી બાંધીને તેઓ રહેતા અને ગામમાં બાલવાડી, રાત્રિશાળા, સફાઇ કાર્યક્રમ વિગેરે કામો કરતા હતા. દરમ્યાનમાં ગામના પાદરમાં શંકરની દેરી પાસેની જમીન ગામ લોકોએ સ્વામીને આશ્રમ કરવા ભેટ આપી. સ્વામીએ અહીં આશ્રમનું નિર્માણ કર્યું. નવા ઓરડા તૈયાર કરાવ્યા, પણ પોતે તો આશ્રમની દોઢીમાં ખુલ્લામાં જ સૂતા હતા.

આઝાદી આવ્યા પછી આશ્રમની રચનાત્મક પ્રવૃત્તિઓમાં વેગ આવ્યો. મુંજપર ગામના કામની સુવાસ આજુબાજુના ગામડાઓમાં ફેલાવા લાગી. સ્વ. ફુલચંદભાઈ શાહની યાદગીરીમાં મુંજપર ગામને 'ફુલગ્રામ' નામ આપવામાં આવ્યું. જે નામથી આજે પણ આ ગામ ઓળખાય છે.

સૌરાષ્ટ્રનું એકમ થયું ત્યારે જુદા જુદા રાજ્યોનો કબજો પ્રજાના પ્રતિનિધિઓએ સંભાળ્યો હતો અને કમિટી દ્વારા નવી વ્યવસ્થા ન થાય ત્યાં લગી વહીવટ ચલાવવામાં આવતો હતો. વઢવાણ રાજ્યની વચગાળાની કાઉન્સીલમાં સ્વામીજી અગ્રણી કાઉન્સીલર હતા અને તે વખતે તેમણે ઘણા ઉપયોગી કાર્ય કર્યા હતા.

ઝાલાવાડમાં આઝાદી પછી પડેલા પહેલા દુષ્કાળ વખતે સ્વામીજીએ ખૂબ કામ કર્યું હતું અને ગામડાઓને રાહત અપાવી હતી. આ અરસામાં તેમને ઝાલાવાડ જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા, ત્યારે તેમણે સંસ્થાને મજબૂત કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો હતો.

સૌરાષ્ટ્રનું એકમ થતાં ગિરાસદારી-જમીનદારી નાબુદ થઇ. ખેડૂતો જમીનના માલિક બન્યા. આ વખતે ઘડિયાળના કાંટા પાછા ફેરવવાનો કેટલાક જેમને આ સુધારા પસંદ નહોતા, તેમના તરફથી થયો. પરિણામે એ વખતે ઠેર ઠેર સૌરાષ્ટ્રમાં અનેક ખેડૂતોના ખૂન થયા. સ્વામીજીની પણ મધરાતે આવા એક માનવીની ગોળીથી હત્યા થઇ.

ઘાયલ સ્વામીજીને ફુલગ્રામથી સુરેન્દ્રનગર લાવવામાં આવ્યા. દાક્તરો કામે લાગી ગયા. પણ જખમ ઊંડો હતો, પેટમાં ક્યાં અને કેટલું નુકસાન થયું હતું તે જાણવા મળતું નહોતું. જેમ જેમ ખબર પડતી ગઇ તેમ સ્વામીના સ્વજનો અને સામાજિક કાર્યકરો દવાખાને ઉમટી પડ્યા. રસિકભાઈ પરીખ એ વખતે સૌરાષ્ટ્રના ગૃહપ્રધાન હતા, તેઓ પણ સુરેન્દ્રનગર આવી પહોંચ્યા. તબિયત લથડતી જતી હતી.

રસિકભાઈએ સ્વામીને ધીરેથી વાત કહી, ‘સ્વામી, આપણે જુદા પડવાનો સમય આવ્યો હોય તેમ લાગે છે, એટલે થોડી વાતો કરી લઇશું ?’

‘હા - ભલે’ સ્વામીએ જવાબ આપ્યો.

શરીરમાં કેટલું નુકસાન થયું છે તેની ખબર નથી. પરંતુ ઇશ્વરની કૃપા હોય અને અમારા બાધાના નસીબ હોય તો જ તમે બેઠા થાવ તેવું છે, એટલે આ વાત કરૂં છું. તમારે કાંઇ કહેવું હોય તો કહો. રસિકભાઈએ કહ્યું.

‘મારે શું કહેવાનું હોય ? જે કાંઇ કહેવું હતું તે આશ્રમમાં લખાવી દીધું છે. તે પ્રમાણે કરજો. હું તો આવી રીતે જવાનું મળ્યું તેથી લહેરમાં છું.’ સ્વામીએ કહ્યું.

અને દાક્તરો તેમને બચાવી ન શક્યા. સ્વામીએ તા. ૨૮-૪-૧૯૫૧ના રોજ ચિર વિદાય લીધી.

તેમને અંજલિ આપતાં સભામાં ઢેબરભાઈએ કહ્યું :-

‘ગોળીના અધિકારીઓ તો સૌરાષ્ટ્રમાં ઘણા છે. શિવાનંદજીએ મન, વચન અને કર્મથી ભાગ્યે જ કોઇન ખોટું લગાડ્યું હશે. ગોળીએ મારવા માટે બીજાએ કારણે આપ્યા હશે. પરંતુ શિવાનંદજીને ગોળી મારી, કારણ કે એ વીર પુરૂષ હતા - એ તૃષ્ણારહિત માણસ હતા. જીવન અને મૃત્યુ તેમને માટે સરખા હતા. સેવામાં એ સમાઇ ગયા.’

**-અરવિંદ આચાર્ય**

## ભોગાવાના તપસ્વી : ફુલચંદભાઇ શાહ

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ શહેર અને જોરાવરનગર વચ્ચે અંતરિયાળ, કાઠિયાવાડમાં આઝાદી પહેલાં જે સંસ્થાએ ખૂબ નામના મેળવી હતી તે રાષ્ટ્રીય શાળા - આજે જેને ઘરશાળાના નામથી ઓળખે છે તે ઊભી છે. કાઠિયાવાડ રાજકીય પરિષદનું મુખ્ય કાર્યાલય પણ વર્ષો સુધી અહીં જ હતું. ઝાંપામાં દાખલ થતા, ચોકના છેડે બે સમાધિ છે. ત્યાં ચીર:નિંદ્રામાં પોઢ્યા છે, ગાંધીના ગોવાળિયા - ફુલચંદભાઇ શાહ અને શિવાનંદજી. ફુલચંદભાઇએ રજવાડાં અને બ્રિટિશ સરકાર સામેના અનેક સત્યાગ્રહોમાં ભાગ લીધો, જેલ વહોરી, અને ક્ષયની બિમારીને આમંત્રણ આપ્યું. આઝાદીની ઉષા જોવા તે ન રહ્યા. ભર યુવાન વયે તે સહુ વચ્ચેથી ચાલ્યા ગયાં.

આઝાદી આવી, કાઠિયાવાડના નાના-મોટા રજવાડાઓનું વિલિનીકરણ થયું. સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઇ. રાજાશાહી નાબૂદ થઇ. જમીનદારી નાબૂદ થઇ. ખેડૂતો જમીનના માલિક બન્યા, કેટલાંકને આ નવો ફેરફાર ન ગમ્યો. આવા નારાજ થયેલા હત્યારાની ગોળીથી એક રાત્રે ફુલગ્રામ આશ્રમમાં શિવાનંદજી વીંધાઈ ગયા.

ફુલચંદભાઇ એટલે સાચનું સ્વરૂપ, અન્યાય સામે પ્રતિકારનું પ્રતીક. ભલભલાને મોઢામોઢ કહી દેનારા હતા. આઝાદી પહેલાનાં એ જમાનામાં કાઠિયાવાડની ધરતી ઉપર ચાર રાજાઓ ભડવીર ગણાતા. પાલિતાણાના સૂરજસિંહજી, મોરબીના વાઘજી ઠાકોર, જસદણના આલા ખાચર અને માળિયાના રાયસિંહજી.

માળિયા રાજ્ય તરફથી ખેડૂતોને ઘણી કનડગત થતી હતી. આ ત્રાસ દૂર કેમ થાય તે માટે ખાખરેચી ગામના ખેડૂતો ભેગા થયા, અને ભાઇ મગનલાલની આગેવાન તરીકે નિમણૂંક કરી. અને તા. ૨૭-૧૧-૧૯૨૯ના રોજ ભગવાનના ભરોસે, સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યુ. રાજ્યે દમનનીતિ શરૂ કરી, એટલે તેમણે માળિયા દરબારના ત્રાસની જાણ કરવા વઢવાણ આવ્યા. ફુલચંદભાઇ અને શિવાનંદજી વગેરે ખાખરેચીએ એકલે હાથે ઉપાડેલી લડતમાં મદદ કરવા માટે ખાખરેચી ગયા. માળિયા દરબાર રાયસિંહજીએ ફુલચંદભાઇને મળવા બોલાવ્યા. ફુલચંદભાઇમાં નમ્રતા હતી, સાદગી હતી, સાથોસાથ વીરતા હતી. તે બે-ધડક માળિયા દરબારને મળવા ગયા. રાયસિંહજી પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા, અને તેમાંય તે થોભિયાં રાખતા એટલે વધારે રૂઆબદાર લાગતા. દરબારે ફુલચંદભાઇને કહ્યું 'તમે મને ઓળખતા

નથી,આ માળિયાની ધરતીની માલીકોર મેં કંઇક મિયાણાને ભંડારી દીધા છે. તમે પોતડિયા વાણિયા બ્રાહ્મણ શું રાજ લેવાના છો ?' આ સાંભળી ફુલચંદભાઇ ઊભા થઇ ગયા અને દરબારને મોઢા મોઢ સંભળાવી દીધું કે, 'તમે મિયાણાને તો દાટી દીધા હશે, પણ આ ફુલચંદને કેમ દાટી દયો છો, તે હું જોઇ લઇશ.' એટલું કહીને સડેડાટ બહાર નીકળી ગયા. પછી તો રાજયે વધુને વધુ દમન કરવાનું શરૂ કર્યુ. મણિલાલ કોઠારી, અને બીજા સત્યાગ્રહીઓની ટુકડીઓ પણ ખાખરેચી સત્યાગ્રહમાં ભાગ લેવા ગઇ. આખરે સમાધાન કર્યુ.

ફુલચંદભાઇ માટે એમ કહેવાય છે કે તે આખા બોલા હતા, જે કાંઇ કહેવું હોય તે સ્પષ્ટ કહી દે. ઢેબરભાઇ સાથે એક પ્રસંગે વાત કરતાં એમણે કહ્યું હતું કે, 'અમે તો રહ્યા ઝાલાવાડી, અમને તમારી જેમ ગોળ ગોળ વકીલની ભાષામાં વાત કરતા ન આવડે. અમે તો તડને ફડ કરનારા.'

આવા ફુલચંદભાઇનો જન્મ વઢવાણ શહેરમાં ૧૮૯૫માં માર્ચ મહીનાની બીજી તારીખે થયો. પિતાનું નામ કસ્તુરચંદ, માતાનું નામ અમૃતબેન. કુટુંબનો વેપાર અનાજનો. ફુલચંદભાઇએ પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ વઢવાણ કેમ્પ(હાલ સુરેન્દ્રનગર)માં લીધું. અંગ્રેજી છઠ્ઠા ધોરણ હાલના નવમાં ધોરણમાં તે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં દાખલ થયા, અને પ્રથમ પ્રયત્ને મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા. બી.એ.ની પરીક્ષા તેમણે મુંબઇની વિલ્સન કૉલેજમાં પસાર કરી. પરંતુ તે પહેલા તેમના પિતાજીનું અવસાન થયું હતું. ધમધોકાર ચાલતી અનાજની પેઢીમાં ખોટ આવી હતી. પોતાના લગ્ન થઇ ગયા હતા. કુટુંબ આર્થિક સંકડામણ ભોગવતું હતું. અને તેથી ફુલચંદભાઇને બી.એ. થયા પછી તુરંત નોકરીએ લાગવાની જરૂરત ઊભી થઇ. એમાં દાજીરાજ હાઈસ્કૂલમાં માસિક રૂ. ૪૦/-થી તેમને શિક્ષકની નોકરી મળી. થોડા જ સમયમાં ફુલચંદભાઇ વિદ્યાર્થીઓમાં માનીતા બની ગયા.

એવામાં વઢવાણ કેમ્પમાં શ્રીમદ્ રાજચન્દ્ર જન્મ જયંતિ મહોત્સવ યોજ્યો હતો. જેમાં હાજરી આપવા મહાત્મા ગાંધી અને આચાર્ય આનંદશંકર ધ્રુવ આવવાના હતા. ફુલચંદભાઇને આ બન્ને મહાનુભાવોની વાણી સાંભળવાનું મન થયું. તેમણે રજા મૂકી, પણ હેડમાસ્તરે કહ્યું કે રજા તો દીવાન સાહેબ મંજૂર કરે- પછી તમારી રજા મંજૂર થાય. ફુલચંદભાઇ તો શ્રીજીને સાંભળવા જવા માટે મકકમ હતા. એટલે બીજે દિવસે શાળામાં ગયા એટલે હેડમાસ્તરે રજા મંજૂર કરાવ્યા વિના ગેરહાજર રહેવા માટે ઠપકો આપ્યો. બન્ને વચ્ચે જરા ગરમા-ગરમી પણ થઇ, બીજા શિક્ષકો વચ્ચે પડ્યા. અને વાત થાળે પડી. મહાત્માજીની વાણીએ ફુલચંદભાઇને આકર્ષિત કર્યા હતા, અને તેમને નોકરી પરથી મન ઉડી ગયું.

થોડા સમય બાદ તેમને સમાચાર મળ્યા કે મહાત્મા ગાંધી અમદાવાદમાં આશ્રમ બાંધી સ્થાયી થયા છે, રાષ્ટ્રીય શાળા ચાલુ કરવાના છે. તે માટે શિક્ષકોની જરૂર છે. ફુલચંદભાઇ તો આ વાત સાંભળી અમદાવાદ ઉપડ્યા, ગાંધીજીને મળ્યા. આશ્રમની કામગીરીમાં જોડાવા ઇચ્છા વ્યક્ત કરી. ગાંધીજીએ સંમતિ આપી. ફુલચંદભાઇએ વઢવાણ આવી હાઈસ્કૂલમાંથી રાજીનામું આપ્યું. અને રાજીનામું મંજૂર થતાં આશ્રમમાં જોડાયા. એ વખતે શાળા શરૂ નહોતી. તેથી ફુલચંદભાઇને આશ્રમની કામગીરી સોંપવામાં આવી હતી. પરંતુ થોડા સમય બાદ ફુલચંદભાઇની તબિયત એકદમ બગડતાં, તેમના માતાનું મન અમદાવાદ ઉપરથી ઉઠી ગયું. અને ફુલચંદભાઇ મહાત્માજીની રજા લઇ વઢવાણ આવ્યા.

હવે પાછો પ્રશ્ન કમાવાનો સામે આવીને ઊભો રહ્યો. થોડો વખત બાળશાળા શરૂ કરી, પરંતુ તે લાંબી ન ચાલી, ત્યારબાદ ધર્મશાળામાં બાલાશ્રમની શરૂઆત કરી. ચાર પાંચ પટેલના છોકરા અને થોડા ભરવાડના છોકરા ત્યાં રહેતા. શિવાનંદજી અને ફુલચંદભાઇ તેમને હાથે રાંધી જમાડતા - ભણાવતા. એક દિવસ વઢવાણના એક ગૃહસ્થે ફુલચંદભાઇને વાત કરી કે, 'તમે આટલી બધી મહેનત કરો છો, તો એક સારી મજાની શાળા ચલાવોને ! એમ કરો તો એક વરસ સુધી નક્કી રકમ હું આપીશ.' અને તેમાંથી જે શાળા સવંત ૧૯૬૩ના આસો પદ ૧૩ના રોજ વઢવાણમાં જન્મ થયો - તે જ વઢવાણની રાષ્ટ્રીય શાળા તરીકે નામ પામી. શાળાને ચીમનભાઈ વૈષ્ણવ જેવા ઉત્તમ આચાર્ય મળ્યા, ઉત્સાહી અને ધગશવાળા શિક્ષકો સાંપડ્યા અને થોડા વખતરમાં તો દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ પણ રાષ્ટ્રીય શાળામાં દાખલ થવા માંડ્યા. કાઠિયાવાડમાં આ શાળાએ નામના કાઢી. જે શાળાના મોટાભાગના શિક્ષકો આઝાદીના જંગમાં પાછળથી એક કે વધુ વખત જેલમાં ગયા, જે શાળાના વિદ્યાર્થીઓની ઠીક ઠીક સંખ્યાએ પણ પાછળથી સત્યાગ્રહ આંદોલનમાં ઝંપલાવ્યું. રાષ્ટ્રીય શાળામાં વિદ્યાભ્યાસ કરતાં કરતાં જ રામનારાયણ નાગરદાસ પાઠકે નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. પરંતુ નાની ઉંમરને કારણે તેમને પકડવામાં આવ્યા નહોતા.

વિદ્યાર્થીઓથી ધમધમતી આ શાળા પણ તૂટી. વઢવાણ કેળવણી મંડળ હસ્તક આ શાળા ચાલતી હતી. સંસ્થાના બંધારણમાં એક એવી જોગવાઇ હતી કે નાત-જાતના ભેદ વગર આ શાળામાં સહુને પ્રવેશ મળશે. શાળા ચાલતી હતી. પણ તેમાં પછાત સમાજના બાળકો દાખલ થતા નહોતા. એક ભાઈએ ફુલચંદભાઈને પૂછ્યું કે, 'અમારા છોકરાને તમે દાખલ કરો કે નહીં ?' ફુલચંદભાઈએ જવાબ આપ્યો કે જરૂર દાખલ કરીશું. ચણભણ - ચણભણ વાત ફેલાણી કે શાળામાં પછાત

સમાજના બાળકોને દાખલ કરવાના છે. વઢવાણ તો જૂનવાણી ગામ. આભડછેટ અંગેની વાત પણ કોઇ કરતા તૈયાર ન થાય, ત્યાં આભડછેટ કાઢવાનો અમલ કરવાની વાત તો કોણ સાંભળે ? ગામના આગેવાનો ફુલચંદભાઈ વિરુધ્ધ થયા. શિક્ષકોમાં પણ ભાગલા પડી ગયા. સૌરાષ્ટ્ર પત્રને પણ લાગ્યું કે માત્ર પછાત સમાજના બાળકોને પ્રવેશ આપવાના મુદ્દા ઉપર આવી વટવૃક્ષ જેવી ફુલી ફાલી સંસ્થા બંધ પડે તે યોગ્ય નથી. બાળકોને ન દાખલ કરવા અને સંસ્થાને તૂટતી બચાવી લેવી. પરંતુ ફુલચંદભાઈને મન સંસ્થા કરતાં સિધ્ધાંતનું મહત્ત્વ વિશેષ હતું. સિધ્ધાંત વગરની સંસ્થા, એ પ્રાણ વગરનું શરીર છે એમ તે માનતા હતા અને તેથી તેમણે એ જમાનામાં પછાત સમાજના બાળકોને શાળામાં દાખલ કર્યા. ૩૦૦-૪૦૦ જેટલી સંખ્યા ધરાવી શાળા તૂટી ગઇ. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨-૧૫ રહી અને તો પણ એ વિદ્યાર્થીઓને ફુલચંદભાઇ પ્રેમથી, આનંદથી અને સ્વસ્થતાથી ભણાવતા હતા.

ત્રીસ અને ચાલીસ વચ્ચેના દાયકાનું કાઠિયાવાડ એટલે નાના મોટા રજવાડા, તાલુકદારોની વચ્ચે વહેંચાયેલો પ્રદેશ. કેળવણી નહીંવત્. અંધશ્રધ્ધા ખૂબ, અસ્પૃશ્યતા ભારોભાર, અનેક કુરિવાજો. પ્રજા ખૂબ જ ગરીબ અને નિર્માલ્ય - રાજા કે દરબાર સામે થવાની વાત તો બાજુએ રહી, પણ રાજના ગામડાના એક પસાયતા સામે ચૂં કે ચાં ન કરી શકે. આવી વિષમ પરિસ્થિતિમાં રાજકીય વિચારો વ્યક્ત કરવા, સભા અને સરઘસો કાઢવાની તો વાત જ ત્યાંથી થાય ? સૌરાષ્ટ્ર પત્રે નોંધ્યું છે કે, તે વખતે મોરબી રાજ્યમાં છાપેલું હેન્ડબીલ વહેંચવું હોય તો પણ પોલીસની રજા લેવી પડતી - એવો એ જમાનો હતો.

આ કાઠિયાવાડને ફુલચંદભાઈએ જગાડ્યું. તેમણે કાઠિયાવાડ સત્યાગ્રહ દળની રચના કરી. તેમાં ભાવનાશાળી જુવાનોની ભરતી કરી, જેઓ જ્યાં જ્યાં ત્રાસ હોય, અન્યાય હોય, જ્યાં સત્યાગ્રહ કરવાની જરૂર હોય ત્યાં આ જુવાનોની ટુકડી પહોંચી જતી. આ કારણે વઢવાણ રાષ્ટ્રીય શાળા સત્યાગ્રહીઓનું મુખ્ય કેન્દ્ર બન્યું. અહીં ટુકડીઓની રચના થતી અને ક્રમવાર સત્યાગ્રહ માટે તેમનો મોકલવામાં આવતી.

ફુલચંદભાઈ યુધ્ધ કવિ હતા. એમણે ગુજરાતને અનેક આઝાદી ગીતો આવ્યા છે. આજે આપણે એ ગીતો વાંચીએ તો તેમાં અનેક ત્રુટિઓ દેખાય, મોટાભાગના ગીતો જોડકણા જેવા લાગે, એકની એક વાત જુદા જુદા ઢાળમાં કહેવાઇ હોય, કાં જુદા શબ્દોમાં કહેવાઇ હોય, ગીતમાં કલાતત્વ ઓછું હોય, ભાષા બરછટ લાગે.

આ બધી વાત સાચી, પણ આપણે એમ સમજવું જોઇએ કે આ વૃક્ષની છાંયે

નદીના કિનારે, પૂનમની રાત્રે, નિરવ શાંતિમાં લખાયેલા ગીતો નથી. આ તો લડતના મોરચા ઉપર લખાયેલા ગીતો છે. આ ગીતો કોઇ દિવાનખાનામાં ગાવાના ગીતો નથી કે આરામ ખુરશી ઉપર બેઠા વાંચવાના કે વાગોળવાના ગીતો નથી. આ ગીતો તો મેદાની ગીતો છે. એક જણ બુલંદ સ્વરે તે ગવરાવે, અને બીજાઓ તેને ઝીલે. એ લોકનાદમાંથી એક અદ્‌ભુત માહોલ ઊભો થતો. શૂરવીરોને પોરસ ચડતો, નાસી જનારાં રોકાઇ જતાં, ભાંગી પડેલા હૈયાને આ ગીતો નવું બળ આપતા. આ ગીતોએ તો અનેક રજવાડાની ઊંઘ હરામ કરી નાખી હતી.

બારડોલી સત્યાગ્રહ વખતે ફુલચંદભાઈ વેડછી થાણું સંભાળતા હતા. દરબાર સાહેબ અને ભક્તિબા કડોદ હતા. દરબાર સાહેબના ભાણ વખતે બહેનો ગાઈ શકે એવો ત્રણ તાળીનો રાસડો લખી મોકલવા ભક્તિબાએ ફુલચંદભાઈને સમાચાર મોકલ્યા, અને તુરત જ રાસડો તૈયાર.

*'બારડોલી તણા તે યુધ્ધમાં,*

*ખેડૂત વેઠે દેવા દુઃખ મારા બાંધવા.'*

આ રાસડો ભક્તિબાએ અને બહેનોએ દરબાર સાહેબની સભામાં ગાયો.

ફુલચંદભાઈનું પેલું ગીત તો મશહુર છે.

*'અમે ડરતા નથી હવે કોઇથી રે,*

*ભલે કાયાના કટકા થાય.'*

અવારનગારના કારાવાસે ફુલચંદભાઈના શરીરને ક્ષીણ કરી નાખ્યું. આમેય તેમનું શરીર એકવડું હતું. ટૂંકી જિંદગીમાં તેમણે અનેક અડચણો સહન કરી હતી. દેશી રાજ્યોના સત્યાગ્રહોમાં ભાગ લીધો હતો. એટલું જ નહીં પણ બ્રિટિશ હિન્દમાં પણ નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, વિરમગામ સત્યાગ્રહ, સવિનય ભંગ લડતમાં ભાગ લીધો અને કારાવાસ ભોગવ્યો હતો. વિસાપુર જેલ તે જમાનામાં પંકાયેલી હતી. આ જેલ નિવાસે ફુલચંદભાઈની કથળેલી તબિયતમાં વધારો કર્યો અને એક વખત ગાડી પાટેથી ઉતરી તે પાછી ફરી પાટે ન ચડી. ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહ વખતે ફુલચંદભાઈની તબિયત ખૂબજ નાજુક હતી અને છતાં લડતમાં ભાગ લેવા તે રાજકોટ ગયા હતા.

પરંતુ ત્યારબાદ તો દિન પ્રતિ-પ્રતિદિન સ્વાસ્થ્ય કથળતું રહ્યું. મૃત્યુ સામે જાણે કે તેમણે બાથ ભીડી હતી. મૃત્યુના થોડા દિવસ પહેલાં મેઘાણીએ પ્રથમ પથારીમાં સૂતેલા ફુલચંદભાઈની છબી પ્રસિધ્ધ કરી હતી અને નીચે ભોગાવાના એ તપસ્વીનું કાર્ય પ્રસિધ્ધ કર્યું હતું.

*વીરા તારી છબીને માથે માંડેલ છે શબ્દ*
*કે મોત સાથે તું ખેડે છે જીવનનું ધીંગાણું*
*ને આ જૂની ગોદડી જિંદગીની,*
*ગંધાતી ને ત્રાગે ત્રાજે જળેલી.*
*એને કાજે વિક્રમે કાગ ખાંધો !*
*તારા એવા નો'ય કંગાલ વેડા.*
*ને મૃત્યુની એવડી શી મજાલ,*
*કે તું જેવા વીર..... બાથ માંડે.*
*મૃત્યુ તો છે ગીધડાનું કુટુંબી*
*લોચા તોડે એ તો શબોના.*
*ભોગાવાની રેતના હે તપસ્વી,*
*રા'ની દેવડીની ચિતાને*
*બેઠો છું તું તાપ તો હે જતિ શો.*
*વર્ષોથી ? ના, ના યુગોથી અકેલો.*

ફુલચંદભાઈએ આ ગીત વાંચ્યું અને હસી પડ્યા કે, 'આ ખરો કવિ' અને પછી ગંભીર બનીને કહ્યું, 'ત્યારે હવે પ્રવાસની તૈયારી કરો.'

તા. ૩૦-૮-૧૯૪૧ના રોજ ગાંધીના ગોવાળિયાએ, શ્રી કાઠિયાવાડના ઘડવૈયાએ, અજેય સત્યાગ્રહીએ ચિર વિદાય લીધી.

ગાંધીજીએ લખ્યું :-

'આપણે એક સૌથી બહાદુર અને ઉત્તમ કાર્યકર્તા ગુમાવ્યો છે. જો કે તે યુવાન હતો, પણ તેણે મરી જાણ્યું.'

કાકા સાહેબ કાલેલકરે તેમને અંજલિ આપી :

'આદર્શ શિક્ષક, આદર્શ સૈનિક, આદર્શ સત્યાગ્રહી, યુધ્ધમાં જનતાના શાયર અને આદર્શ પરિણિત બ્રહ્મચારી.'

આટલી - આટલી વિવિધ વિભૂતિઓથી ફુલચંદભાઈનું જીવન શોભતું હતું. અને આઝાદી પછી વઢવાણ તાલુકાનાં મુંજપર ગામને સ્વ. ફુલચંદભાઈની યાદગીરીમાં ફુલગ્રામ નામ અપાયું હતું. જે નામથી આજે પણ આ ગામ ઓળખાય છે.

**-અરવિંદ આચાર્ય**

# અજ્ઞાત તપસ્વીઃ ચીમનભાઇ વૈષ્ણવ

બળવંતરાય મહેતાએ ચીમનભાઇ વૈષ્ણવના દેહ વિલય વખતે લખ્યું હતું 'વઢવાણ વીરભૂમિ છે, રત્ન ગર્ભા નગરી છે, ચીમનભાઇને જન્મ આપીને વઢવાણે એનું બિરૂદ સાર્થક કર્યુ. વઢવાણના જુવાનો મોતીભાઇને, ચીમનભાઇને અને ફુલચંદભાઇને યાદ કરે. તેમને અંજલિ આપે. તેમને જીવન ઝરમર પાસેથી આપણે ઘણું ઘણું મેળવવાનું છે. એમને પાત્ર થવા માટે આપણે પુરૂષાર્થ કરવાનો છે. એમનાં આદર્યા અધૂરાં રહ્યાં છે, તે આપણે પૂરા કરવાનાં છે.'

આવા ચીમનભાઇ વૈષ્ણવનો જન્મ સંવત ૧૯૫૩ના વૈશાખ વદ ત્રીજને દિવસે. પિતાનું નામ માધવરાય. ચીમનભાઇના પિતા કાઠિયાવાડમાં જુદી જુદી જગાએ જપ્તી ખાતામાં નોકરી કરતા હતા. પગાર હતો માસિક રૂ. ૩૦/- અને તેમાંથી માતા-પિતા મોટું ૧૨-૧૩ વ્યક્તિઓનું બનેલું કુટુંબ નિભાવતા હતા, સાદાઇથી રહેતા હતા, અને આડોશી-પાડોશીને સમય આવ્યે મદદ રૂપ પણ થતા હતા. આવી સાદાઇ, ધાર્મિકતા અને પરગજુપણાનો વારસો ચીમનભાઇને મળ્યો હતો.

એ જમાનામાં વઢવાણના ટીંબે મોતીભાઇ દરજી જુવાનોને સદાચાર અને પરોપકારના પાઠ ભણાવતા હતા, ચીમનભાઇ એમના સંપર્કમાં આવ્યા, અને ચીમનભાઇની સેવાવૃતિ સોળે કળાએ ખીલી ઊઠી.

ચીમનભાઇ વૈષ્ણવ મોતીભાઇની પ્રવૃત્તિના આધાર સ્તંભ જેવા હતા. મોતીભાઇના પુસ્તકોનું વર્ગીકરણ કરવું, વાંચકોને પુસ્તકો આપવા, તે પુસ્તકો આપતાં પહેલાં પુસ્તકનું રહસ્ય સમજાવવું. આ બધું કરમ તેઓ ધીરજથી કરતા. ધર્મ પુસ્તકાલયને ગાર-ગોરમટી કરવાની હોય ત્યારે પણ ચીમનભાઇને તે કામ કરવામાં નાનમ નહોતી. વઢવાણ કેમ્પ હાલનું સુરેન્દ્રનગરમાં અનાથાશ્રમની સ્થાપના થઇ, તે વખતે ચિમનભાઇએ ઘેર ઘેર ગોદડાં ઉઘરાવી, તેને વઢવાણ કેમ્પ આશ્રમમાં પહોંચતા કર્યા.

મેટ્રીકની પરીક્ષા પસાર કરી, તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા. કાઠિયાવાડમાં 'બ. ગો. મહેતા'ના નામથી ઓળખાતા બળવંતરાય મહેતા. શામળદાસ કૉલેજમાં તેમના કરતાં એક વર્ષ પાછળ હતા. તેમણે તે દિવસોને આ રીતે યાદ કર્યા છે.

ચીમનલાલ માધવરાય વૈષ્ણવ મારા પુરાણા સ્નેહી અને મિત્ર હતા.

ચીમનભાઇ તે વેળાએ બી.એ.ના પ્રથમ વર્ષમાં હતા. એમને દૂરથી જોતો. બી.એ.માં હું આવ્યો ત્યારે તેઓ સિનિયરમાં હોવાં છતાં કેટલાંક વર્ગોમાં અમારે સાથે બેસવાનું થતું હતું. પૂ. ગાંધીજી ભાવનગરમાં ૧૯૧૫માં આવી ગયેલા. સ્વ. ગોખલેજીના સ્મારક માટે તેઓ પ્રવાસ કરતા હતા. અમે જુવાનો એમનો થોડો ઘણો સમાગમ સાધી શકેલા. એમણે ત્રણ ચાર વ્યાખ્યાનો આપેલા, મુલાકાતો દ્વારા અનેક પ્રશ્નોના ઉત્તરો આપેલા. એમની મોહીની અમને થોડાકને લાગેલી. ચીમનભાઇને સૌથી વધુ લાગી. એમણે પહેરવેશ બદલ્યો. કેડિયું અને ટૂંકું ધોતિયું પહેરવાનું એમણે શરૂ કર્યું. માથે ફેટો બાંધતા. હોસ્ટેલમાં હાથે રાંધતા. શરીરશ્રમ કરતા અને સાદાઇથી રહેતા.

કૉલેજમાં તો શ્રીમંતોના નબીરા આવતા હોય, ગરીબોના પુત્રો પણ શ્રીમંતાઇનો ડોળ ઘાલતાં હોય. એ વાતાવરણમાં ચીમનભાઇ ભાત પાડતા. એમને કોઇ વિચિત્ર કે તરંગી ગણતું હશે, મશ્કરી પણ કરતા હશે, પણ એમની સાથે વાતો કરનાર એમની નમ્રતાથી અને સાધુતાથી અંજાઇ જતા. મૃદુ હાસ્ય કરીને, કામ કરી આપીને, ઉપયોગી થઇને, મજાક કે કટાક્ષોને ફુલદડાની જેમ ઝીલી લઇને, તેઓ વિરોધીઓને પણ જીતી લેતા. એમના વિરોધ કરનાર કોઇ રહેતું નહીં.

મોજ મજાહમાં તેઓ ભાગ લેતા નહીં. ગંભીરતાથી વાંચે, અભ્યાસ કરે, મનન કરે અને આચરણમાં ઉતારે. અર્થશાસ્ત્ર અને રાજનીતિ શાસ્ત્રમાં તેઓ ખૂબ ઊંડા ઉતરી ગયેલા. ખૂબ વાંચતા. પ્રિ. શાહાણિ તે વખતે પ્રોફેસર હતા. તેઓ અમને નવાં નવાં પુસ્તકો વાંચવા આપતા. ચીમનભાઇ તે ઝડપથી વાંચી જતાં. પૂ. ગાંધીજીએ ઘડતર માટે સૂચવેલા બીજા પુસ્તકો પણ તેઓ વાંચતા અને પચાવતા.

એમને કોઇ પદનો મોહ નહીં. કોઇ ધાંધલ ધમાલ ગમે નહીં. કીર્તિથી તેઓ દૂર ભાગે. રાજકારણ એમનાથી પવિત્ર થાય. તેઓ રાજકારણથી અલિપ્ત રહેવા ઇચ્છતા. કૉલેજના રાજકારણથી પણ તેઓ દૂર રહેતા, ટોલ્સ્ટોય, રસ્કિન, કારપેન્ટર આદી ચિંતકો અને વિભૂતિઓનું સેવન કરી તેઓ જીવન ઘડતર કરી રહ્યા હતા. કોઇને કાંઇ ન આવડે, અને એમની પાસે જાય તો સમય કાઢીને, પોતાનું જરૂરી કામ અળગું કરી આંગતુકને માટે સમય અને શક્તિ આપતા. તેમને સંતોષ આપતા.

વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા પરિચિતજનોમાં તેઓ માનીતા થઇ પડ્યા હતા. સૌ તેમને આદર ભાવે જોતા થયા હતા. તેમના બોલની સહુને કિંમત લાગતી. એ સ્થિતિનું કશું અભિમાન એમને ક્યારેય વળગ્યું જણાયું નહોતું.

કૉલેજમાં વેકેશન પડે એટલે રજાઓ દરમ્યાન ચીમનભાઇ, મોતીભાઇની સેવા પ્રવૃત્તિમાં લાગી જાય. કૉલેજનું શિક્ષણ પુરૂં કર્યા પછી, તેમનો વિચાર તો સેવા પ્રવૃત્તિમાં લાગી જવાનો હતો, પરંતુ અભ્યાસ માટે લોન લીધી હતી, તે પૂરી કરવા માટે નોકરી કરવાની જરૂર હતી. અને તેથી તેઓ શાન્તાક્રુઝ ગુરૂકુળમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાં તેમણે પોતાના સાથીદારો અને વિદ્યાર્થીઓનો અનોખો પ્રેમ સંપાદન કર્યો. નોકરી કરતાં કરતાં લોન ભરાઇ ગઇ.

અને આ બાજુ વઢવાણમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના થઇ. સંસ્થાને તે માટે આદર્શ આચાર્યની જરૂર પડી. ચીમનભાઇ ગુરૂકુળમાંથી રાજીનામું આપી વઢવાણ રાષ્ટ્રીય શાળાના આચાર્ય પદે નિયુક્ત થયા- અને કાઠિયાવાડની પ્રતિભાવંત સેવક ત્રિપુટી ફુલચંદભાઇ-શિવાનંદજી-ચીમનભાઇ -નો જન્મ થયો.

રાષ્ટ્રીય શાળાના એક વિદ્યાર્થી, અત્યારના જાણીતા બાળ કેળવણીકાર હેમુભાઇ રાજગોરે તે શાળાને યાદ કરતાં લખ્યું છે કે,

'ચીમનભાઇ પહેલેથી જ ઉધમ પરાયણ હતા. વહેલી સવારે પાંચ વાગે ઊઠે, અને મધુર સ્વરે પ્રભાતિયું કે ભજન ગાય. રાત્રે દસ વાગે અચૂક સૂઈ જાય. રાષ્ટ્રીયશાળાના બગીચામાં ગુલાબ વાવેલા. તેને પાણી પાવા સાકરિયા કૂવાનું મીઠું પાણી લાવતા. સાથે બે ત્રણ શિક્ષકોને બે વિદ્યાર્થીઓ હોય. પીપ ભરીને ખેંચી લાવીએ ને ગુલાબને પાણી પાઇએ. નાનકડો પણ એવો સુંદરને વ્યવસ્થિત બાગ એમણે બનાવ્યો હતો, કે જોનાર ખુશ થઇ જાય.'

સ્વ. રામનારાયણ ના. પાઠક તો ચીમનભાઇના પ્રિય શિષ્ય હતા. તેમણે તો તેમનું જીવન ચરિત્ર પણ લખ્યું છે. ચીમનભાઇના કામની વિગતો તેમના પાસેથી જાણવા જેવી છે.

'ચીમનભાઇ શિક્ષક મંડળના આચાર્ય હતા. તેમજ વિદ્યાર્થી મંડળના પ્રમુખ હતા. વિદ્યાર્થીઓને જીવન ઘડતરમાં તેઓ એક પિતાની માફક દોરવણી આપતા. શાળાની વ્યવસ્થા સંભાળવામાં વિદ્યાર્થીઓનું સ્વરાજય હતું. વિદ્યાર્થીઓ શાળાની ઇતર પ્રવૃત્તિઓ પોતે જ ચલાવતા. સ્વચ્છતા, આરોગ્ય, રમત-ગમત, પ્રવાસ, પર્યટન, ચર્ચા મંડળ, વિદ્યાર્થી માસિક, કૌમુદી ઉત્સવો, સ્વાધ્યાય-ગૃહ વગેરે તમામ કાર્યો વિદ્યાર્થી મંડળ સંભાળતું. સને ૧૯૨૧-૨૨ની સાલ હતી. અસહકારનો જુવાળ

પુરવેગમાં ચડ્યો હતો. વિદ્યાર્થીઓએ ચીમનભાઇના પ્રમુખ પદે એક માસમાં ખાદીની ટોપી અને પહેરણ પહેરવાનો ઠરાવ સર્વાનુમતે કર્યો. પરંતુ મહીનો-સવા મહીનો વીત્યા છતાં એ ઠરાવનો અમલ થયો નહીં. એકવાર વિદ્યાર્થી મંડળની બેઠકમાં ચીમનભાઇએ જાહેર કર્યુ 'ઠરાવ કર્યાને સવા મહિનો થયા છતાં હજી ઘણાં મિલના પેરણ પહેરે છે. આપણે જો ઠરાવ કરીએ અને ન પાળીએ તે કેમ ચાલે? હું વિદ્યાર્થી મંડળનો પ્રમુખ છું એટલે જ્યાં સુધી ઠરાવ મુજબ સૌ ખાદીની ટોપી અને પહેરણ નહીં પહેરે ત્યાં સુધી એક ટંક જમવાનું મેં નક્કી કર્યુ છે.'

'આ જાહેરાતની વિદ્યાર્થીઓ પર તાત્કાલિક અસર થઇ, કેટલાક મોટા વિદ્યાર્થીઓ પણ તેમની સાથે આ એકટાણામાં જોડાયા. ચીમનભાઇએ લગભગ બે માસ એક ટાંણા કર્યા ને ઘણા ખરા વિદ્યાર્થીઓ ખાદીની ટોપીને પહેરતા થઇ ગયા.'

૧૯૩૦ના 'મીઠા સત્યાગ્રહ' વખતે ચીમનભાઇ વિરમગામ સત્યાગ્રહ છાવણીના શિબિરાર્થી તરીકે કાર્ય કરતા હતા. અને આ છાવણીનું સંચાલન એટલી સુંદર રીતે કર્યું હતું. સ્વ. નાનભાઇ ભટ્ટે એમની વ્યવસ્થા શક્તિ માટે કહેલું કે 'વિરમગામમાં સરદાર તરીકેનો યશ મેં લીધો પણ સરદારનું ખરૂં કામ અને સરદારની ચિંતા તો ચીમનભાઇએ સ્વેચ્છાથી સ્વીકાર્યા હતાં.' વિરમગામમાં જ્યારે ચીમનભાઇ પકડાયા ત્યારે આગેવાન સત્યાગ્રહી હોવાને કારણે ન્યાયધીશે તેમને જેલમાં 'બી' ક્લાસ આપવાની ભલામણ કરી, અને પછી ચીમનભાઇને પૂછ્યું કે કાંઇ કહેવું છે ? ત્યારે ચીમનભાઇએ કહ્યું હતું કે મને 'સી' ક્લાસ આપજો. ચીમનભાઇને પંદર મહિનાની સજા થઇ. થોડા વખત સાબરમતી જેલમાં રહ્યા પછી, તેમની બદલી યરવડા જેલમાં થઇ. એ વખતે એમની તબિયત લથડી હતી, ક્ષયના ચિન્હ શરૂ થયા હતા-પણ જેલના દાક્તરે એ વાત કબૂલ ન રાખી-પાછળથી ગાંધીજીને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે જેલ સત્તાવાળાઓએ ચીમનભાઇને દૂધ રોટલી આપવા શરૂ કર્યા. જેલમાં છૂટ્યાં ત્યારે શરીર કથળી ગયું હતું. કથળી ગયેલ શરીરને તેમણે કુદરતી ઉપચારોથી સારૂં કર્યું. અને ફરી પાછા પછાત સમાજના શાળાના કામમાં લાગ્યા. ફુલચંદભાઇ એ વખતે માંદા હતા, એટલે બધો બોજો ચીમનભાઇ ઉપર આવ્યો. આ દિવસોમાં તેમણે રીટર્ન ટુ નેચર પુસ્તકનો 'કુદરત મય જીવન'ના નામથી અનુવાદ કર્યો. આ પુસ્તક ખૂબજ વખાણાયું. પછી બીજું પુસ્તક તેમણે 'ખોરાક' લખ્યું-તે પણ સારી રીતે પ્રસિદ્ધિ પામ્યું.

કુદરતી ઉપચારોથી સારું થયેલું શરીર કામના બોજાને કારણે ફરીવાર લથડ્યું. ક્ષયે ફરીવાર હુમલો કર્યો. અને આ હુમલો ગંભીર હતો. શરીર વધારે કથળવા માંડ્યું.

આ અરસામાં ચીમનભાઇએ યુવાન મિત્રોને જે કાગળ લખ્યા હતા, તેમાંથી કેટલાંક સુંદર પત્રોને એકત્રિત કરીને 'તેત્રીસ પત્રો' નામથી તેમનું પુસ્તક પ્રસિધ્ધ થયું. આ પુસ્તકમાં પણ તેમણે પોતાનું નામ લખવાને બદલે 'અજ્ઞાત' એવું નામ લખ્યું. સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું કે 'લેખક પોતાનું નામ કોઇ પણ રીતે બહાર ન આવે, તે શરતે આ પત્રોને પ્રગટ કરવાની પ્રકાશકોને પરવાનગી આપી છે, અને મારેય તેને માન આપ્યે જ છૂટકો છે. અનેક વિદ્યાર્થીઓ-મિત્રો અને જનતાની કિંમતી સેવા કર્યા છતાં છાપખાનાઓના આ જમાનામાં પ્રસિધ્ધિ રાખવાનું સદ્‌ભાગ્ય સહેજે પ્રાપ્ત થતું નથી. મૂળે તો એ ઇચ્છા જ, બલ્કે નિર્વાસના ક્યાંક જ હોય છે. નામનાને ઠોકર મારનાર તરીકે 'અજ્ઞાત' એક સરસ ઉદાહરણ રજૂ કરી રહ્યા છે.'

આ પુસ્તકે એ જમાનામાં ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. આ પત્રો એ વખતે જેટલા પ્રેરક અને ઉપયોગી હતા, તે આજે પણ છે - એવા ચિરંજીવ એ પત્રો છે.

શરીર ઘસાઇ ગયું હતું. મૃત્યુ હાથવેંતમાં હતું. ચીમનભાઇના તો મોઢા ઉપર આનંદની એ જ ઝલક હતી. મૃત્યુ આડે થોડા દિવસ હતા, ત્યારે એમણે એક મિત્રએ કાગળ લખાવ્યો.

'આ મુખ્ય અનંત છે. જર્જરિત ખોળિયું જઇને નવું આવશે. એમાં રાજી થવાનું હોય કે શોક કરવાનો? ડાયા પુરૂષો દેહની ચિંતા કરતા નથી. આત્મા અમર છે.'

અને તા. ૧-૬-૧૯૪૦ના રોજ એ અમર આત્માએ નશ્વર દેહ છોડી દીધો. સરદાર પટેલે લખ્યું. 'ભાઇ ચીમનભાઇ વૈષ્ણવ ગયાના સમાચાર જાણી દુઃખ: થયું. એ તો જીવનને સાર્થક કરી ગયા. પણ જૂના સૈનિકો જાય છે. તેની જગ્યા લેનારા કોઇ નીકળતા નથી તેથી દુ:ખી થવાય છે. બાકી એ તો જીવનભર પોતાની ફરજ બજાવતા ચાલ્યા ગયા, એના જવાનો શોક શો હોઇ શકે ! એ તો છૂટી ગયા.'

**-અરવિંદ આચાર્ય**

## અજાતશત્રુ : ભોગીલાલ ર. પરીખ

વજુભાઈ દવે, પ્રાણભાઈ આચાર્ય અને ભોગીભાઈ પરીખ, આ ત્રણ મિત્રોની ત્રિપુટી. વજુભાઈ દવે ઉંમરમાં સૌથી મોટા, અને ભોગીભાઈ પરીખ સૌથી નાના.

આજથી પંચોતેર વરસ પહેલાં વઢવાણના જે યુવાનો સ્વ. મોતીભાઈ દરજીના ધર્મ પુસ્તકાલયોમાં નિયમિત જતા તેમાનાં ત્રણ હતા વજુભાઈ, પ્રાણભાઈ અને ભોગીભાઈ. મોતીભાઈ દરજીના સહવાસે અને ધર્મ પુસ્તકાલયે તેમને સેવા પ્રવૃત્ત તરફ વાળ્યા, અને પાયાના સંસ્કારોનું સિંચન કર્યું.

ભોગીભાઈનો જન્મ ૧૯૦૧ના નવેમ્બર મહિનામાં. પિતાનું નામ રણછોડલાલ. તેમના એક કાકા ગોકળદાસ જે વઢવાણ રાજ્યના રેવન્યુ કારોબારી હતા. બીજા કાકા શિવાનંદજી - જે ગાંધીના રંગે રંગાયેલા, ફુલચંદભાઈ શાહના નાના ભાઈ જેવા. શિવાનંદજીના સહવાસને કારણે ભોગીભાઈ પણ નાનપણથી રાષ્ટ્રીય રંગે રંગાયા.

પ્રાણભાઈ આચાર્યે એક જગ્યાએ લખેલ છે 'જે શાળામાં બધા જ શિક્ષકોના પગાર એક સરખા હતા, જે શાળામાં પટાવાળો નહોતો અને જે શાળામાં આચાર્ય પોતે શાળાનો ઘંટ વગાડતા' તેવી વઢવાણની રાષ્ટ્રીય શાળાના શિક્ષકો ખાખીની એક જમાત હોય તેવા હતા. ભોગીભાઈ સૌથી નાનો બાપુડો જોગી હતો.

જે જમાનામાં સરકારી અધ્યાપન મંદિરમાં તાલીમ લઇને પ્રાથમિક શિક્ષક થવાનું બધા પસંદ કરતા, તે જમાનામાં ભોગીભાઈએ ગિજુભાઈ બધેકા પાસે બાળ અધ્યાપન મંદિરમાં બાળ કેળવણીની તાલીમ લીધી. ગિજુભાઈના પ્રિય વિદ્યાર્થી બન્યા. વઢવાણમાં માજેશ્વર બાગમાં - હાલ જ્યાં વિકાસ વિદ્યાલય ચાલે છે, ત્યાં વઢવાણ રાજ્ય તરફથી શરૂ થયેલ બાળ મંદિરના ભોગીભાઈ આચાર્ય બન્યા. ઝાલાવાડનું એ પ્રથમ બાળમંદિર હતું. વઢવાણના રાજવી કુટુંબના બાળકો પણ આ બાળમંદિરમાં શિક્ષણ લેતા હતા.

ભોગીકાકા તે વખતે અમને કેવું ભણાવતા તે તો મને યાદ નથી. હું, શાંતાબેન ચૂડગર, જગદીશ વજુભાઈ દવે, ઇન્દુબેન નવલરામ ત્રિવેદી - હવે ઇન્દુબેન અશ્વિનકુમાર વા. વ્યાસ અમે બધા ભોગીકાકાના વિદ્યાર્થીઓ હતા. ભોગીકાકા અમને ગીત ગવડાવતા તે યાદ આવે છે. અમારી સાથે રમતો રમતા તે યાદ આવે છે.

વઢવાણના બાળમંદિરમાંથી છૂટા થયા પછી તેઓ પાનાચંદ ઠાકરશી જૈન બોર્ડિંગમાં ચાલતા બાળમંદિરમાં જોડાયા - સુરેન્દ્રનગર આવ્યા. બાળમંદિર માટે

જમીનની જરૂર હતી. ભોગીભાઈના વઢવાણ રાજવીના સારા સંબંધને કારણે સુરેન્દ્રનગરમાં બાળમંદિર માટે જે જમીન મળી જ્યાં આજે કોઠારી બાલમંદિર અને અન્ય શિક્ષણ શાળાઓ કામ કરે છે.

નાના-મોટા રજવાડાઓનું વિલીનકરણ થયું. સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઇ, નાનાભાઈ ભટ્ટ સૌરાષ્ટ્રના પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા, અને તેમની નજર ભોગીભાઈ પરીખ ઉપર ઠરી. ભોગીભાઈ ખાસ કિસ્સા તરીકે કેળવણી નિરીક્ષક તરીકે નિયુક્ત થયા. સૌરાષ્ટ્રના શરૂઆતના વર્ષોમાં પ્રાથમિક શાળાઓ ખોલવાનું મુખ્ય કામ કર્યું. ગામડે ગામડે ફરીને ભોગીભાઈએ નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરી. સમાજ શિક્ષણના વર્ગો શરૂ કરાવ્યા.

પંચાયત રાજની શરૂઆત થતાં ભોગીભાઈની નોકરી પંચાયત ખાતાને ઉછીની આપવામાં આવી. ભાનુભાઈ શુક્લ જિલ્લા પંચાયત અધિકારી હતા. ગામડે ગામડે ગ્રામ પંચાયતની સ્થાપના કરવાની હતી, તેમને માર્ગદર્શન આપવાનું હતું. ભોગીભાઈએ આ કામ પૂરા દિલથી કર્યું. ગ્રામ પંચાયતોના એ જમાનામાં જે સંમેલનો મળ્યા હતા, તેને આજે વૃધ્ધતાને આરે પહોંચેલા યાદ કરે છે.

સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં, રાષ્ટ્રીય શાળા વઢવાણના મકાનમાં પણ નવી પ્રવૃત્તિઓ શરૂ થઇ અને ઘરશાળાના નામે તે ચાલુ થઇ. છાત્રાયલ શરૂ થયું. વીજળીના વર્ગો શરૂ થયા. હાઇસ્કૂલ ચાલુ થઇ અને ભોગીકાકા નિવૃત્ત થઇને ઘરશાળામાં જોડાયા હતા. પ્રાણભાઈ અને ભોગીભાઈની જોડી દાદા અને કાકાના નામથી વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ પડી.

ઘરશાળામાં એક વખત કુતરૂં મરી ગયું હતું. રસ્તા ઉપર પડ્યું હતું. સહુ જોતા અને એક બાજુ થઈને જતા રહેતા. કાકાને કોઇએ વાત કરી કે રસ્તામાં મરેલું કુતરૂં પડ્યું છે, તો વઢવાણથી કોઇને ખેંચી જવા માટે બોલાવી આપો. કાકા કહે, એમાં વળી કોઇને વઢવાણથી બોલાવવાની શી જરૂર ? કાકા પંચિયું પહેરીને તૈયાર થઇ ગયા. દોરી બાંધી કૂતરાને નદીએ ખેંચી ગયા અને ત્યાં તેને અગ્નિદાહ દીધો. વિદ્યાર્થીઓ જોઇ રહ્યા, શિક્ષકો તથા ઘરશાળામાં રહેતા કુટુંબો જોઇ રહ્યા.

એક વખત ઘરશાળાના વિદ્યાર્થીઓનો ઉત્તર ભારતનો પ્રવાસ રાખ્યો હતો. પ્રાણદાદા, ભોગીકાકા તેમની સાથે હતા. દિલ્હીમાં કુતુબ મિનાર જોઇને છોકરાઓને નાસ્તો આપવાનો હતો. નાસ્તામાં સુખડી અને થેપલાં હતાં. પ્રાણદાદાને મનમાં એમ કે સુખડી ચાર-પાંચ દિવસ સુધી બગડે નહીં, એટલે થેપલાં વધારે આપવા, અને સુખડીનું પ્રમાણ થોડું રાખવું. ભોગીકાકાને વાત કરી, તો ભોગીકાકા કહે, છોકરા

ભલે પેટ ભરીને જે ખાવું હોય તે ખાય - અને છોકરાઓએ સુખડી અને થેપલા પર મારો ચલાવ્યો. સુખડી ખલાસ કરી નાખી. એ વખતે ભોગીદાદા રાજી થયા હતા કે છોકરાઓએ આનંદથી અને પેટ ભરીને ખાધું.

હરદ્વારમાં વિદ્યાર્થીઓ ગંગા સ્નાન કરીને સીધા સ્ટેશને જવાના હતા. કારણ કે ગામમાં જવા જેટલો સમય નહોતો. હરદ્વારમાં કોઇ લોજ ૬૦ વિદ્યાર્થીઓને એક સાથે જમાડવા તૈયાર નહોતી, દોઢેક કલાક જેટલો સમય હતો. પ્રાણદાદા અને ભોગીદાદા પહોંચ્યા ધર્મશાળામાં, નર્મદાબેને ચૂલા ઉપર તપેલાં ચડાવી દીધાં. શાક અને ખીચડી તૈયાર થયા. પણ હવે તેને સ્ટેશન ઉપર પહોંચાડવાના હતા. મજૂર માટે તપાસ કરી, કાંઇ પત્તો ખાધો નહીં. તે દિવસે ભોગીકાકા ગરમા ગરમ શાકનું તપેલું માથા ઉપર ઊંચકીને હરદ્વારની બજાર વીંધી સ્ટેશન જતા હતા. સ્ટેશને પહોંચી છોકરાઓને ગરમા ગરમ ભોજન પીરસ્યું. ત્યારે ભોગીકાકાનો આનંદ ક્યાંય સમાતો ન હતો.

ભોગીકાકા ડોળા હતા, રામાકાકા - રામનારાયણ ના. પાઠક તો તેમને ભગવાનનું માણસ કહેતા. રામનારાયણ પાઠક ઘરશાળામાં આવે, ત્યારે તેમની પાસે વાર્તા સાંભળવા વિદ્યાર્થીઓ ટોળે વળતાં, એવી જ રીતે ભોગીકાકા પાસે વાર્તા સાંભળવી એ પણ એક લ્હાવો હતો, ઝાલાવાડના શિક્ષકો પાસે એક વખત તેમને જાપાનના એક શિક્ષકની વાત માંડી હતી. દેશ ઉપર આપત્તિ આવી, ત્યારે વૃધ્ધ થઇ ગયેલા એક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓને લઇને લડતની આગેવાની લીધી હતી તેવો કાંઇક પ્રસંગ હતો. ભોગીદાદાએ જ્યારે વાત પૂરી કરી, ત્યારે તાળીઓના ગડગડાટથી સહુએ તેમને વધાવી લીધા હતા.

ભોગીકાકા હતા તો શિક્ષણના જીવ, પણ જે કોઇ કામ તેમને સોંપવામાં આવે તે પ્રેમપૂર્વક કરતા. ઘરશાળાના સુથારી અને ઇલેક્ટ્રીકના વર્ગો બંધ થતા તેઓ સહકારી મુદ્રણાલયમાં જોડાયા અને વરસો સુધી કામ કર્યું.

પ્રાણદાદાએ તેમને અંજલિ આપતા લેખમાં લખ્યું છે.

અજાતશત્રુ શબ્દ આપણામાંના કોઇને માટે વાપરી શકાય તેમ હોય તો ભોગીભાઈને માટે જ વાપરી શકાય. એ કોઇને પણ સોઇ ઝાટકીને સંભળાવી દેતા. ભાનુભાઈ શુક્લ હોય, વજુભાઈ મહેતા હોય, સૌભાગ્યચંદ શાહ કે ઉસ્માન બોદા હોય કે ખુદ ત્રંબકભાઈ દવે હોય - સહુને મોઢામોઢ સંભળાવી દે. ફેર એટલો કે તેમના પર કોઇને ખોટું ન લાગતું. સહુ તેમના દિલને જ જોતા.

આવા અજાતશત્રુ ભોગીભાઈને તા. ૪-૬-૭૫ના રોજ મિત્ર-પરિવાર વચ્ચેથી સદા માટે વિદાય લીધી.

**-અરવિંદ આચાર્ય**

# આત્મરચનાનો અનંત યાત્રી - જુગતરામ દવે

સ્વરાજ આશ્રમ, વેડછીની પ્રાપ્ત (કુટિર)ની પરસાળ પર બેસી, જુગતરામભાઈને કાંતતા જોવા એ એક લ્હાવો હતો. મનમાંથી ઉદ્ગાર નીકળી જાય, 'કોઇ યોગભ્રષ્ટ આત્મા, અધૂરી સાધના પૂર્ણ કરવા વેડછીના વનવગડામાં જાણે આવી રહ્યો ન હોય.' કે, 'આરણ્યકના અપમાનિત એકલવ્યોને દીક્ષિત કરી, ગુરૂ દ્રોણાચાર્યના પાપનું પ્રાયશ્ચિત કરવા ન આવ્યો હોય.'

નહીંતર ક્યાં રજવાડી ઠાઠવાળું ગામ લખતર, ને ક્યાં વનવગડો - વેડછી, દરબારી ગામની દીવાલોમાં ન આકર્ષાતા, મુંબઇ પહોંચી જવું. 'વીસમી સદી'માં પત્રકારિત્વનો અનુભવ સાધુ ચરિત સ્વામી આનંદનો ભેટો - કાકા સાહેબના સાથી તરીકે વડોદરા - ગંગનાથ વિદ્યાલયમાં શિક્ષણ - ગ્રામ સેવાના એકડા ઘૂંટવા, ત્યાંથી કૂદકો મારી આશ્રમમાં ગૃહપતિ, ચણીબોરનો સ્વાદ ચખાડવો, વળી ત્યાંથી સ્વરાજની લડતના મુખપત્ર 'હરિજન બંધુ'માં પ્રૂફ રીડરને લેખક-હિમાલયની યાત્રામાં ગયેલા માતા નાનબાનું અવસાન, બ્રહ્મચારી (સંયમી) જીવન માટે માર્ગ મોકળો, બારડોલી સત્યાગ્રહ વખતે 'નવજીવન'ના રિપોર્ટર તરીકેની કામગીરી, આ બધું છતાં જીવ ગામડાનો, ગામડે જવા ઝખતો. ને આખરે સરભોણ, બારડોલી થઇને વનવગડા વેડછીમાં પહોંચી જવું. બાર વરસના ગાળામાં જીવનના નવનીત સમા અનુભવનું ભાથું લઇ, વેડછીમાં આવી રહેવું, તે જાણે કે 'ઘેર' આવી ગયો છું એવો સંતોષ - મને ઘર મળી ગયું - હાશ. ને વળી ઘર મળી ગયા પછી કોઇ ઘર છોડે ? પથારી પાથરી દીધી ને સાઠ સાઠ વર્ષ તપ-સાધના કરી. 'મારે બીજું ઘર જ નથી. હું મારે ઘેર જ છું.' આવી ભાવના માનીએ કે ન માનીએ પણ જાણે કે દરેક જીવને કોઇ ભૂમિ સાથે ઋણાનુબંધ હોય છે. જુગતરામભાઈને પણ આ ભૂમિ સાથે ઋણાનુબંધ હતો. આ ભૂમિને એમણે તપોભૂમિ-કર્મભૂમિ-સેવાભૂમિ બનાવી દીધી. એમના વિરાટ જીવન અને કવનને તો શું વર્ણવી શકાય ? લેખિને ટૂંકી પડે.. શબ્દસાથિયા ન જડે. છતાં આ શતાબ્દી વર્ષમાં લાગણીઓ ને ભાવનાઓ વ્યક્ત કરી સંતોષ અનુભવાય.

**બે મોરચા :**

આત્મરચનાના મંડાણ બે મોરચા પર કર્યા હતા.

(૧) વ્યક્તિગત સાધના (૨) સામાજિક ક્રાંતિ.

લુખ્ખી સાધનામાં, ગુફાની સાધનામાં તેમને રસ ન હતો. ગાંધીનો દીકરો હતો ને ! ગુફામાં ભરાઇને નહીં, એકાંતમાં નહીં, લોકાન્તમાં. સમાજ વચ્ચે ને સમાજ સાથે રહીને પોતે સાધના - આત્મ વિકાસ કરે ને સમાજને એ તરફ દોરે. આખરે

સમાજ પણ ઇશ્વરનું દૃશ્ય સ્વરૂપ જ છે ને ? તે સમાજ સાથે એકરૂપતા - સમરસતા ને તેમાંય વળી પાછા છેલ્લામાં છેલ્લા માનવી સાથે. આવી વ્યક્તિગત સાધનામાં નિયમિત પ્રાર્થના, સદવાચન, સતત કામમાં રહેવું, કામ કામનું ઓસડ ને તે બધા ચિંતનને, પુરૂષાર્થને પરિણામે આપણને મળે છે. 'ગીતા ગીત મંજરી', 'આત્મરચના', 'પ્રહલાદ-સહનવીર', 'ઇશોપનિષદ', અંતરપટને નાદોના કાવ્યની પ્રસાદી સતત સંયમી પરિશ્રમી, સ્વાવલંબી જીવન, આ બધા આત્મરચનાની સીડીનાં સોપાન છે. અગિયાર પ્રતોના આધાર પર વ્યક્તિગત સાધના. કોઇ કોઇ વાર ગમ્મતમાં કહેતા - 'આજે સમાજમાં ચૌદશિયાનું રાજ ચાલે છે. આપણને એકાદશિયાનો સમાજ સ્થાપવો છે.' વ્રકો એ આત્મરચનાને સ્વસ્થ સમાજની આધારશીલા છે. આમ તેમના સતત જપ ને તપ ચાલતાં રહ્યા. વિશેષતા એ કે આનો કોઇ દેખાવ નહીં, પ્રદર્શન નહીં, ધ્યાન દોરવાની કે આકર્ષિત કરવાની કોઇ ચેષ્ટા નહીં, આત્મશ્રી આત્મમાં રહે એ સાર્થક કરે.

બીજો મોરચો તે સામાજિક ક્રાંતિ, જે સમાજ, પ્રદેશ, પ્રજા વચ્ચે આવીને બેઠા, તે સમાજના આર્થિક, સામાજિક, રાજકીય ને શૈક્ષણિક માળખામાં મૂળભૂત પરિવર્તન, રચનાત્મક કાર્યમાં તે સામાજિક ક્રાંતિનો પાયો, આધારશીલા, વિનોબાજીની ઝંખના હતી. હિમાલયની શાંતિને બંગાળની ક્રાંતિ. જરા ખેચીને કહીએ તો જુગતરામભાઈ એટલે હિમાલયની શાંતિ (આત્મ રચના, વ્યક્તિગત સાધના) ને આ આદિવાસી પ્રદેશને પુનઃ જીવનમાં ક્રાંતિ. બે આધારશીલાઓ - બે મોરચાઓ. આધ્યાત્મના શિખરે હતાં. રમતો આત્માને સામાજિક શિખરે ઝંઝાવાત જેવા ક્રાંતિકારી. એક વિરાટ અને એક વામળો ! ઊંચા શિખર પર જોતાં ટોપી ઊડી જાય, તેમ આ બે મહાન શિખરો પર જોતાં અહમ્ ઊડી જાય- ઓગળી જાય. શિખર પર હોવા છતાં સૌ સાથે, સૌને આંગળી પકડાવી, બતાવી સાથે લઇ જાય. ઊંચા રહેવું ને છતાં સાથે રહેવું. સાથે રાખવાની ઉત્તમ કળા. એવો માર્ગદર્શક - ગુરૂ - કળાકાર.

આ સમયે જંગલ કાપવાનો કોન્ટ્રાક્ટર કોન્ટ્રાક્ટરોને ન આપો. મંડળીઓ બનાવો, ને તે કામ જંગલ સહકારી મંડળીઓને આપો. એમ વન-બાળોના હાથમાં વનનો કારભાર આવ્યો. સુરત, વલસાડ, ડાંગ જિલ્લામાં ૮૪ જેટલી મંડળીઓ રચાઇ. ધારાધોરણ ઘડાયા ને મજૂર હવે માલિક બન્યો. કારભાર કરવા લાગ્યો. નફાનો ભાગીદાર બન્યો. સ્વમાનનો અધિકાર બન્યો. ને જેને રૂ. ૨૦ ગણતાં નાકે દમ આવતો તેવા વન બ્રધરો પૈકી તૈયાર થયેલા સેવકો લાખોનો હિસાબ કરતા થઇ ગયા. લોકશાહી માળખાનો સ્વાદ ચાખ્યો ને નફામાંથી અનેક રચનાત્મક કામોમાં મદદ મળી.

આ પરિસ્થિતિ લાવવામાં ન મારામારી, ન કાપાકાપી, ન લોહીનું ટીપું, કોન્ટ્રાક્ટરો પ્રત્યે પણ પ્રેમભાવને મીઠા સંબંધો. જમીનને જંગલ બે આર્થિક ઘટકો.

બંને ક્ષેત્રે સમૂળી ક્રાંતિ. લોહીનું ટીપું રેડ્યા વિના આવી ગયા વન-બાળોનાં હાથમાં વન.

**ક્રાંતિની દિશા :**

આદિવાસીનો પ્રદેશ ! અહીં વળી નિશાળો કેવી ? અને માન્યતા એવી કે આ પ્રજા સુધરે નહીં. નરડા ને વળી ભણે ? આ એક પડકાર હતો. આ પડકાર સામે જુગતરામભાઇએ ખોંખારો ખાધો. લડવા ગયા વિના બીજે છેડેથી આશ્રમ જીવનના આધાર પર તાલીમ શરૂ કરી. સ્વરાજ મલ્યા બાદ તો ઠેર ઠેર શાળાઓ, આશ્રમ શાળાઓ થઇ. આંખ મીંચીને હાથ મુકો તો આ પ્રદેશમાં આશ્રમ શાળા હોય ને સમય પાકતા ક્રમશઃ ઠેઠ આંગણવાડીથી અનુસ્નાતકને બાલવાડીથી બી.એડ્. સુધીની શિક્ષણને સળંગ સાંકળ વ્યવસ્થા ઊભી થઇ. ભણતરની ભૂખ ઉઘડી. પહેલાં તો સાત ચોપડી ભણ્યા તો જાણે ગવર્નર. પણ આજે તો સ્નાતક થયા તે તો લઘુત્તમ ગણાય છે. ક્ષિતિજો વિકસી ને આ જ પ્રજામાંથી આ જ પ્રદેશ માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે સેવકો તૈયાર થયા. શિક્ષકો, આચાર્યો, સેવકો, કારભારીઓ, વહીવટ કરનારાઓ, જાહેર સંસ્થાઓ, પંચાયતો ચલાવનારા, ધારાસભ્યો, લોકસભાના સભ્યો, ને રાજકીય ક્ષેત્રે પણ આ સેવકોની હારમાળાં ઊભી કરી દીધી. આજે કોઇ આગળ કહેવું મહેણું મારવાની હિંમત કરે તેમ નથી. ઢાંકી દીધેલી શક્તિને અવકાશ આવ્યો ને તેને પ્રગટ કરી, આત્મ વિશ્વાસનો રણકો આવ્યો. માટીમાંથી મર્દ બનાવ્યા, અને છાપરીમાંથી છાત્રાલય બનાવ્યા. એ નઇ તાલીમનો ચમત્કાર. આખા દેશમાં કોઇ વન બ્રધરો પ્રદેશમાં નથી, તેવું અને તેટલું બહેનોનું શિક્ષણ પ્રમાણમાં અહીં છે, તેવું સ્વ. ઇન્દિરાજીએ પ્રમાણપત્ર આપી ખુશી વ્યક્ત કરી હતી. ને નવતર પ્રયોગે, નવો માનવી બનાવી દીધો. આ ઊભું કરવામાં જુગતરામભાઈ કોઇ સાથે લડવા નથી ગયા. કોઇ વિઘ્નો - હવનમાં હાડકાં નાખે તો શાંતિથી પ્રતિસાદ આપે, બાપુની ભેટ નઇ તાલીમ - પાયા પરનું આશ્રમી શિક્ષણ - ને તેમાંથી આરણ્યકોના અપમાનિત એકલવ્યોને મળી - ક્રાંતિની દિશા.

**પણ ખરૂં તો ડાંગ બચાવ્યું :**

દ્વિભાષિમાંથી ગુજરાત રાજ્ય નિર્માણ થયું. ડાંગ વનનો વૈભવ વિસ્તાર કોનો ? ગુજરાત કે મહારાષ્ટ્રનો ? ઝગડો, વિવાદ, સંઘર્ષ. સ્વ. છોટુભાઈ નાયકના મંડળે સખત પુરૂષાર્થ કર્યો. સામનો કર્યો ને છેવટે ડાંગ ગુજરાતને ભાગે આવ્યું. આ બધા પાછળ પ્રેરક ને પૂરક બળ તો જુગતરામભાઈનું. વ્યક્તિગત પણ ગયા ને માર્ગદર્શન આપ્યું. ડાંગ માર્યા વિના ડાંગ મેળવ્યું તે એમની વિશેષતા.

**અચકાય નહીં :**

આશ્રમની એક ગાય. ડીલે વધી ગઈ. ન દૂધ, ન વાછરડું. કામ લઇએ તો ?

હવે જોડીને પરિણામે ચરબી ઉતરતાં દૂધને વાછરડું આવ્યાં. ગુજરાતમાં હાહાકાર થઇ ગયો. માતાને હળે... મહા પાપ ! ધર્મની આંધળી ભાવનામાંથી નીકળી વૈજ્ઞાનિક માર્ગ પકડ્યો. સામનો થશે, સંઘર્ષ થશે તે ખાતરી છતાં આવા કામ કરતાં અચકાય નહીં. આ પણ એક ક્રાંતિકારી કાર્યક્રમ હતો.

**સ્વાગતમાં :**

વિનોબાના આશીર્વાદ લઇ ચાર બહેનો અખંડ બાર વર્ષની પદયાત્રાએ નીકળેલાં. ગુજરાતમાં બધે ફરી સુરત જિલ્લામાં પ્રવેશ કર્યો સ્વાગતમાં કહે 'આ પ્રદેશમાં લાજ કાઢનારી બહેનો કોઇ વર્ગમાં જોવા નહીં મળે. તમે કઇ નાતના ? કેવા ? કાંઇ જ નહીં પૂછે. ને આગળ જશો તો ખાદી વાતાવરણ જોવા મળશે. આમ તમારા બે કામ તો કરી દીધા ને ? આ પ્રદેશમાં બાપુને સરદારની - રાષ્ટ્રીય કાર્યકર્તાઓ, સંસ્થાઓના પ્રભાવને કારણે થયું. એમાં એક ભાગીદાર તેઓ તો ખરા જ ને ?'

થોડા આંતરજ્ઞાતિય લગ્નો, થોડા ફલાહાર લગ્નો, થોડા સુધારા, રાતને બદલે દિવસના લગ્નો, આમ સુધારામાં સાથ. છતાં 'હું' કોઇ જગ્યાએ નહીં. સહેજે મળે તે છોડે છે તેને મળે છે, ઇશોપનિષદનો આચાર ધર્મ પાળનાર.

**જશનું પોટલું :**

આ બધો રસથાળ છતાં જશનું પોટલું માથે લઇને ફર્યા નથી. જશ વેડછીના ખોળામાં. વહાલુડી વેડછીને - જે ઘરે ઘડાય તે ઘરને સમર્પણ.

**દુર્ભાગી જીવ :**

હું ૧૯૪૮માં વેડછી આવ્યો ત્યારે તો તૈયાર ભાણે બેસી ગયો. પણ આ ભાણું તૈયાર કરવામાં કેટલા સંઘર્ષ કરવા પડ્યા હશે, કેટલા સત્યાગ્રહો કરવા પડ્યા હશે, જેલવાસ - મંદિર ગણી, ભોગવવા પડ્યા હશે. આર્થિક મુશ્કેલીઓ ભોગવવી પડી હશે, એ બધાનો ઇતિહાસ તો માત્ર હથેળીમાં જ દેખાડ્યા છે. સંપૂર્ણ દર્શન થયું નથી. તૈયાર ભાણે બેસી ગયો ને શમરવાળો ને દુઃખદ કમભાગી પ્રસંગ યાદ આવે છે. હું નવો નવો. મને કહે, 'લ્યો, આ આત્મરચના વાંચજો.' મેં ના પાડી. 'હું કાંઇ વાંચતો નથી.' કેવા દુર્ભાગી જીવ. એમના હાથમાંથી મેં લીધી હોત તો ? એવો અહમ્ શૂન્યને 'હું' - અહમનું ધોયું - પણ ઘણું ખોયું. આશ્રમ જીવન પરનું સંપૂર્ણ દર્શન આત્મ રચનામાં છે. માર્કસના Das Capital જેવું ગણું. કેવો દુર્ભાગી ૧ પણ તેઓ તો ગંગાના પ્રવાહ જેવા - કોઇ સ્વીકારે, ન સ્વીકારે, માને ન માને પણ એ પ્રવાહ સતત વહેતો રહે, ને શારીરિક ને માનસિક સાધનામાં દર્શન થાય, ત્યારે લાગે કે સેવા એ સાધન હતું. પૂજા એ આરાધ્ય દેવી હતી. પ્રવૃત્તિ એ પૂજાપો હતો, પણ બધું - આત્મ રચના માટે ખરેખર હતાં. જુગતરામભાઈનું અવસાન કા. ૧૪-૩-૮૫નાં રોજ થયું.

**-હર્ષકાન્ત વોરા**

## પાયાના પથ્થર – રામનારાયણ ના. પાઠક

રામભાઈનો જન્મ થયો ૧૯૦૫ના ફેબ્રુઆરીમાં ભાલ અને ઝાલાવાડની સંધાણે આવેલા ભોળાદ ગામમાં. કુદરતની કોઇ અદ્‌ભુત વિચિત્રતા છે કે ભૌગોલિક રીતે ભાલ તથા ઝાલાવાડને તેણે 'નપાણિયા' રાખ્યા છે. પરંતુ સાથોસાથ સમાજ જીવનના હરકોઇ ક્ષેત્રે 'પાણીદાર' મેઘારમલો પકવ્યા છે. પિતા નાગરદાસભાઈ પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક હતા. સંસ્કૃતના અભ્યાસી અને રસિક એવા પિતાએ સંસ્કૃત કાવ્યો અને નાટકોમાંથી ઉત્તમ અંશોનો સંગ્રહ કરી ગુજરાતી ભાષાંતર સાથે 'સુભાષિત રત્ન મંજુષા' ગ્રંથ પ્રગટ કર્યો હતો.

સાત વર્ષ સુધી પિતા પાસે જ અભ્યાસ કરીને ૧૩ વર્ષની ઉંમરે રામભાઈ લાઠીની સંસ્કૃત પાઠશાળામાં દાખલ થયા. આશ્રમ જેવી જ આ પાઠશાળામાં રહીને 'સિધ્ધાંત કૌમુદી' અને 'અમરકોશ કંઠસ્થ' કર્યા. રામભાઈની રચનાઓમાં જે ભાષાવૈભવ દેખાય છે, તેની પાછળ સંસ્કૃતનો આ બહોળો અભ્યાસ તેમ જ તીવ્ર સ્મરણશક્તિ પડેલા છે.

એક વરસ લાઠી રહી રામભાઈ પોતાના મોટાભાઈ લક્ષ્મીશંકરભાઈ પાસે લીંબડી આવ્યા. લીંબડીમાં શાસ્ત્રીજી પાસે ભાગવતનો અભ્યાસ આરંભ્યો. લીંબડીમાં રામભાઈનો અભ્યાસ ચાલી રહ્યો હતો. શાસ્ત્રીજી અને લક્ષ્મીશંકરભાઈ બંને કીશોર રામભાઈને પ્રોત્સાહિત કરતા હતા.

આ દરમ્યાન ૧૯૨૦ની પહેલી ઓગસ્ટે મુંબઇમાં લોકમાન્ય ટિળકનું અવસાન થયું. ગાંધી યુગની ઉષા પ્રગટી ચૂકી હતી. સૌરાષ્ટ્રના પ્રખર આગેવાન અમૃતલાલ શેઠ તે સમયે લીંબડીમાં ન્યાયાધીશ હતા. વિદેશી શાસન સામે દેશમાં શરૂ થયેલી ઝુંબેશ તેમને સ્પર્શી ગઇ હતી. એમાં ટિળક મહારાજનું અવસાન થયું.

લીંબડીમાં હડતાળ ગામમાં શોક સરઘસ નીકળ્યું. રાજની નોકરી હોવા છતાં ઉઘાડા માથે અમૃતલાલ શેઠે આ સરઘસની આગેવાનો લીધી. નદીના પટમાં શોકસભા થઇ અને સ્વરાજ માટે કુરબાન થઇ જવાની હાકલ કરતાં પ્રવચનો થયા. યુવાવસ્થામાં ડગ દેતાં રામભાઈ આ સમગ્ર પ્રસંગ દરમ્યાન હાજર હતા. વક્તાઓના પ્રવચનો

દિલને અસર કરી ગયાં. ગાંધીસેનાના સૈનિક બનવાનો મનમાં વિચાર સ્ફૂર્યો. પણ સૈનિક કેવી રીતે બનવું ? શું કરવું ? આ પ્રશ્ને કોઇ સ્પષ્ટ માર્ગદર્શન મળે તેમ ન હતું.

લીંબડીમાં એક ઉદ્યોગશાળા ચાલતી. રામભાઈ તેમાં વણાટ શીખવા દાખલ થયા. વણાટ શીખીને વણકરોને મદદરૂપ થવાની મનમાં ઉદ્દાત્ત ભાવના હતી. ૭૦ વર્ષ પહેલાંના એ કાળે અસ્પૃશ્યતા સમાજમાં ચેપી રોગની જેમ ઘર કરી ગઇ હતી. ભાગવત શીખતો બ્રાહ્મણનો દીકરો અત્યંજ પાસે વણાટ શીખવા જાય એ વાત માત્રથી બ્રહ્મ વિદ્યાનું ગૌરવ ધરાવતાં શાસ્ત્રીજી ઉકળી ઉઠ્યા. શિષ્ય રામભાઈને પોતાને ત્યાં આવવાની બંધી કરી. ભાગવતનો અભ્યાસ અધૂરો રહ્યો. પણ આ ઘટનાએ તેમના આખા જીવનનું પરિવર્તન કરી નાખ્યું. તેના પરીપાક રૂપે ગુજરાતને ઉત્તમ સ્વાતંત્ર્ય સૈનિક મળ્યા.

વઢવાણમાં ભોગાવાને કાઠે તપસ્વી એવા ફુલચંદભાઈ શાહે આશ્રમ અને રાષ્ટ્રીય શાળા શરૂ કર્યા હતા. મોટાભાઈની પ્રેરણાથી રામભાઈ લીંબડીથી વઢવાણ આવ્યા. આ રાષ્ટ્રીય શાળામાં ચીમનભાઈ વૈષ્ણવ, વજુભાઈ દવે, પ્રાણભાઈ આચાર્ય જેવા નિષ્ઠાવાન અધ્યાપકો પાસે જીવનનું ભણતર અને ઘડતર શરૂ થયું. દિલમાં રાષ્ટ્ર ભાવનાનો રંગ સોળે કળાએ ખીલી ઉઠ્યો.

બે વરસ રામભાઈ રાષ્ટ્રીય શાળામાં રહ્યા. જીવન તો દેશ સેવામાં અર્પણ કરી દીધું હતું. ૧૯૨૩માં નાગપુરમાં સરદાર વલ્લભભાઈની આગેવાની નીચે ઝંડા સત્યાગ્રહ શરૂ થયો. ગુજરાતમાંથી ચુનંદા સૈનિકો તેમાં ભાગ લેવા ઉપડ્યા. સૌરાષ્ટ્રમાંથી ફુલચંદભાઈ, બળવંતભાઈ મહેતા, શિવાનંદજી, દરબાર ગોપાળદાસ વગેરે પણ રવાના થયા. તે વખતે માત્ર ૧૮ વરસની ઉંમરે રામભાઈ પણ આ સત્યાગ્રહમાં સામેલ થયાં હતાં. સૌરાષ્ટ્રના તેઓ પ્રથમ વિદ્યાર્થી સત્યાગ્રહી બન્યા હતા. (નાગપુરનાં ઝંડા સત્યાગ્રહના - સૌરાષ્ટ્રમાં રામભાઈ છેલ્લા અંતિમ અવશેષ હતા.)

૧૯૨૪માં તેઓ પાછા વઢવાણ આવ્યા અને રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ૧૯૨૭માં ગાંધીજીની હાજરીમાં પોરબંદરમાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું સંમેલન ઠક્કરબાપાના પ્રમુખપદે યોજાયું હતું. ગાંધીજીએ તેમાં ખાદી તેમ અસ્પૃશ્યતા

નિવારણનું કામ ઉપાડી લેવા અનુરોધ કર્યો. આથી પોરબંદર પાસે છાંયામાં ગાંધી આશ્રમની રામભાઈએ સ્થાપના કરી. ૧૯૨૭ થી ૧૯૫૨ સુધી આ આશ્રમ દ્વારા પછાત સમાજના સેવા અને અસ્પૃશ્યતા નિવારણનું કામ ચાલતું રહ્યું. આશ્રમની શાખા રૂપે માધવપુરમાં ગાંધી જ્ઞાન મંદિરનો તથા બરડા પંથકના ખાંભોદરમાં સર્વોદય આશ્રમનો પણ પ્રારંભ થયો હતો.

૧૯૨૯માં કાઠિયાવાડ સંઘ માટે ફાળો એકત્ર કરવા રામભાઈએ પૂર્વ આફ્રિકા અને બર્માનો વ્યાપક પ્રવાસ ખેડ્યો. પ્રવાસેથી પાછા ફર્યા ત્યાં ૧૯૩૦ની સાલમાં દેશમાં અદ્વિતીય એવા મીઠા સત્યાગ્રહની શરૂઆત થઈ રહી હતી. સૌરાષ્ટ્રમાં તે સમયે અમૃતલાલ શેઠ, મેઘાણીભાઈ, કકલભાઈ કોઠારી, બળવંતરાય મહેતા વગેરેની આગેવાની નીચે ઉત્સાહથી થનગનતા યુવકો, સત્યાગ્રહમાં ઝંપલાવવા ઉત્સુક થયા હતા. રામભાઈ વિરમગામની છાવણીમાં જોડાયા.

૧૯૩૦ થી ૩૨ દરમ્યાન બે વખત મળીને કુલ આઠ માસ સાબરમતી જેલમાં કાઢ્યા. વિરમગામની છાવણીમાં રહીને 'નવજીવન' અને ગાધીજીની આત્મકથા ઉપરથી રામભાઈએ પોતાના બહુ જાણીતા થયેલા પુસ્તક 'યુગાવતાર ગાંધી'ના ૩ ભાગ લખ્યા હતા.

સ્વતંત્રતા બાદ સૌરાષ્ટ્રનું એકમ અસ્તિત્વમાં આવ્યું હતું. ઢેબરભાઈની આગેવાની નીચે રચાયેલી સરકારે પ્રજાકીય આગેવાનોને ઉચ્ચ સ્થાને મુક્યા. જિલ્લા પંચાયત અધિકારી પદે ઝાલાવાડમાં ભૂપતભાઈ દેસાઇની, ગોહિલવાડમાં અમુલખભાઈ ખીમાણીની તેમજ જ સોરઠમાં રામભાઈની નિયુક્તિ થઈ હતી. તરવડાથી રામભાઈ જુનાગઢ આવ્યા. બે વર્ષ તેમણે આ કાર્યભાર સંભાળ્યો. આ દરમ્યાન જ વંથલી પાસેના શાપુર ગામે રતુભાઈ અદાણી, રામભાઈ, અકબરભાઈ નાગોરી વગેરેએ મળીને સર્વોદય આશ્રમની સ્થાપના કરી હતી. આશ્રમ અત્યારે પણ વિવિધ કાર્યો કરી રહેલ છે.

રામભાઈએ પ્રવાસ પણ ખૂબ ખેડ્યો છે. સમગ્ર ભારતની યાત્રા બે વાર કરી છે. તેના ફળ રૂપે 'ભારત યાત્રા'ન ૪ ભાગ અને 'ચાર પ્રવાસો' એ બે પુસ્તકો મળ્યા છે. ૧૯૫૫ના ફિનલેંડના પાટનગરમાં વિશ્વશંતિ પરિષદ યોજાઇ હતી. રામભાઈ ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય હતા. ફિનલેંડ ઉપરાંત રશિયા અને ઝેકોસ્લોવેકિયાનો પણ તેમણે બે માસ સુધી વિસ્તૃત પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસની

પ્રસાદીરૂપે 'પલટાતી દુનિયાના દર્શને' પુસ્તક લખાયું.

રામભાઈના અન્ય પુસ્તકોના નામ જોઇએ તો પચાસ વર્ષ પછી, સુવર્ણ મૃગ, જગતનો તાત, આવતી કાલ, ખાંડાની ધાર, માનવતાના મૂલ, યશોધરા, ભગવાન બુધ્ધ, સરદાર વલ્લભભાઈ, બાલ શિક્ષણ પ્રણેતા ગિજુભાઈ, સંસ્કૃતિના સંરક્ષકો, ભાગવત કથામૃત, સત્યાગ્રહી શહીદો, મહાભારતની વાતો, ધર્મકથાઓ (પાંચ ભાગ) વગેરેનો સમાવેશ થાય છે.

રામનારાયણભાઈનું સૌથી અગત્યનું કાર્ય હોય તો સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળાનાં સંપાદનનું છે. ૧૯૬૨માં સ્વામીજીની જન્મ શતાબ્દી નિમિત્તે તેમનું સંપૂર્ણ સાહિત્ય ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાનો નિર્ણય રામકૃષ્ણ આશ્રમની રાજકોટ શાખાના તત્કાલીન અધ્યક્ષ અને હાલ રામકૃષ્ણ મઠ અને મિશનના રાષ્ટ્રીય અધ્યક્ષ સ્વામી ભૂતેશાનંદજીએ કર્યો. ૧૯૬૨ થી ૬૨ના અઢી વર્ષ સુધી ૪૫૦ પાનાના એક, એવા ૧૨ ગ્રંથોનું સંપાદન રામભાઈએ કર્યું. આ સિવાય 'રામકૃષ્ણ કથામૃત'ના બે ભાગનું સંશોધિત પુર્ન સંપાદન પણ તેમના દ્વારા કરવામાં આવ્યું. ભારે જહેમત માગી લેતું આ કાર્ય રામભાઈની એકોપાસનાથી દીપી ઉઠ્યું હતું.

ભારતીય સંસ્કૃતિના ગૌરવગ્રંથ તુલસીદાસજી કૃત 'રામચરિત માનસ'નો ભાવવાહી ગુજરાતી અનુવાદ પણ તેમણે આપ્યો છે. ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિના રામભાઈ દસ વર્ષ સુધી સક્રિય સભ્ય હતા. પ્રૌઢ શિક્ષણ માટેના તેમના પ્રયાસો યાદગાર બની રહે તેવા છે.

૧૯૬૫ની આસપાસ રામનારાયણભાઈ ભાવનગર નજીક વાળુકળમાં સ્થાયી થયા.

રામભાઈ અને તેમના પત્ની નર્મદાબેને સ્વમહેનતે શબરીવાડીનું નિર્માણ કર્યું. કેટલાય મિત્રો-પરિચિતો માટે આ સ્થળ વિસામારૂપ બની જતું હતું. બાળકો માટેનાં એક સામાયિકનું તંત્રપદ પણ તેમણે સંભાળ્યું હતું. અલબત્ત બહુધા બને છે તેમ આ સામાયિકનું જીવન ત્રણ વર્ષથી વધારે ન ટક્યું.

૮૩ વર્ષની ભરી ભરી જિંદગી સાર્થક કરી ૧૯૮૮ના જુલાઈમાં રામભાઈનું અવસાન થયું. ગુજરાતના સાંસ્કૃતિક નવઘડતરના તેઓ એક પુરોહિત હતા.

**-રાજુલ દવે**

# નાગજીભાઈ દેસાઇ


નિરાધાર બાળકોનાં 'મા-બાપ' તરીકે પ્રસિધ્ધ થયેલાં બાળ ઉછેર અને બાળ કેળવણીનાં ક્ષેત્રે સંનિષ્ઠ સેવા કરનાર, કેળવણીકાર નાગજીભાઈ મેહરજી દેસાઇનો જન્મ ૧૪ ઓક્ટોબર, ૧૯૩૧નાં રોજ મહેસાણા જિલ્લાનાં વિજાપુર તાલુકાનાં માણેકપુર ગામે માલધારી પરિવારમાં થયો હતો. શ્વેત દાઢી, વિશાલ કપાળ, મજબુત બાંધો ધરાવતા નાગજીભાઈ સદૈવ ખાદીમાં સજ્જ રહેતાં. તેમનો પૂરો પરિવાર પણ ખાદીના વસ્ત્રો જ પહેરે છે. નાગજીભાઈ દેસાઇ 'ભાઈ' અને તેમના પત્ની શાંતાબેન દેસાઇ 'તાઇ'ના નામથી જાણીતા છે.

ધોરણ સાત સુધીનો અભ્યાસ માણેકપુરમાં કર્યો હતો. ભણવા માટે તેમણે ઘર છોડ્યું હતું. મુંબઇનાં ઘાટકોપર ગુરૂકુલ વિદ્યાલયમાં એક દયાળુ ગૃહસ્થને ત્યાં ઘરઘાટી તરીકે રહીને ધોરણ આઠનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. એ પછી અભ્યાસ માટે જુદી જુદી જગ્યાએ ફર્યા. મૂલ્યશ્રધ્ધા ખોઇ બેસે તેવી વિષમ સ્થિતિમાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું. ભાવનગરમાં બે વર્ષ સ્ટેશન પર મજૂરી કરી ફૂટપાથ પર રહ્યાં. એ પછી ઘરશાળામાંથી મેટ્રિક થયાં. સુરેન્દ્રનગર જિલ્લામાં સેવાદળ વ્યાયામ પ્રવૃત્તિ કરી અને સાથે યુવા સંગઠનનું કામ પણ કર્યું. ઇ.સ. ૧૯૫૮માં લોકભારતીમાંથી સ્નાતક થયાં. ગ્રામભારતી અમરાપુરની શિક્ષણ સંસ્થામાં બે વર્ષ આચાર્ય તરીકે ફરજ કાર્ય કરી સુરેન્દ્રનગર કોઠારી બાલમંદિરમાં જોડાયા હતાં.

'ભાઈ' અને 'તાઇ'એ બિસ્માર અને ખંડેર જેવા મકાનમાં અનાથ અને નિરાધાર કે ત્યજાયેલા બાળકો માટે સુરેન્દ્રનગરમાં અનાથાશ્રમ શરૂ કર્યો. બંને પતિ-પત્નીએ મિત્રો પાસેથી ઉઘરાવેલા ધાબળાઓથી શિયાળાની ઠંડીમાં ઠુઠવાતા માનવીઓને બચાવવાનું કામ કરતાં. એ પછી બાલાશ્રમ, છાત્રાલય, બાલગૃહ, પુસ્તકાલય, અનાથ બાળકોનું કલ્યાણ કેન્દ્ર, ભગીની સંસ્થા, લોક વિદ્યાલય અને મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર જેવી સંસ્થાઓ શરૂ કરી હતી. તેઓ આ સંસ્થાઓમાં ગૃહપતિ-શિક્ષક-સંચાલક તરીકેની ભૂમિકાઓમાં કામ કરતાં રહ્યાં હતાં. ગૃહમાતા-ગૃહપતિનાં વર્ગો કરતા હતા. તેમને ભાઈ-તાઇ ગૃહપતિ/ગૃહમાતા એવોર્ડ, ભાઈ-તાઇ શિક્ષણ એવોર્ડ, ભાઈ-તાઇ બાલસેવા એવોર્ડ શરૂ કર્યા હતાં. તેમના પુત્ર ડૉ. નિખિલેશભાઈ દેસાઇ અને પુત્રવધૂ જયશ્રીબહેન દેસાઇ પણ નાગજીભાઈનાં આ સેવાયજ્ઞમાં જોડાયેલા છે અને નિરંતર કાર્ય કરી રહ્યા છે.

નાગજીભાઈ દેસાઇએ ‘હૈયું અને હૂંફ’, ‘ગોકળીના ગીતો’ (બાલગીતો), ‘છાત્રોને પત્રો’, ‘મારૂં કેળવણીનું દર્શન’, ‘ભૂલ્યા નહિં ભૂલાય’, ‘શિક્ષણ સંવાદ’, ‘દીઠા મેં કપૂરના દીવા’, ‘એવોર્ડ’ (માનવીય મૂલ્યો પ્રેરિત પ્રસંગો), ‘શાળામાં રમતો’, ‘છાત્રાલય-હૂંફાલય’, ‘હસ્તાક્ષર’, ‘અંધારા ભેદીને’, ‘મારી કરમ-કથની’ વગેરે તેમનાં લખેલાં પુસ્તકો છે. ‘મારી કરમ-કથની’ તેમની આત્મકથા છે.

‘અંજારિયા એવોર્ડ’ ‘લોકભારતીનું કાર્ય-સન્માન’, ‘બાલસેવા એવોર્ડ’ ‘દર્શક શિક્ષણ એવોર્ડ’, ‘દિવાળીબેન મહેતા એવોર્ડ’ વગેરેથી તેઓ સન્માનિત થયાં હતાં. ‘મારી કરમ-કથની’ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું કાકાસાહેબ કાલેલકર પારિતોષિક પ્રાપ્ત થયું હતું. નાગજીભાઈ દેસાઇનું ૨૦ ઓગસ્ટ ૨૦૧૯નાં રોજ અવસાન થયું હતું. હરી ઓમ...



## પ્રેમની અમરતધારા, ફુલમાતા, અનાથોના અલ્લાબેલી, સેવાના વ્રતધારી, તપસ્વિની અરૂણાબેન દેસાઇ

*અણધાર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા,*

*નાભિથી વણ નીકળે, મોઢે આવે 'મા'* - **શિવદાન ગઢવી**

જે માતાની કૂખે બાળકનો જન્મ થાય અને તેને ત્યજી દેવામાં આવે તે બાળકની માતા બનનાર, પચાસ હજાર જેટલી નિરાધાર, ત્યક્તા મહિલાઓને આશરો આપી નવજીવન બક્ષનાર, બાળકલ્યાણ અને મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે અવિવાહિત જિંદગી જીવીને સમગ્ર જીવન અર્પિત કરી દેનાર શ્રી અરૂણાબેન દેસાઇનો જન્મ પ્રભાસપાટણમાં શ્રીહરિપ્રસાદ ઉદયશંકર દેસાઇના જયેષ્ઠ પુત્ર શ્રી શંકરપ્રસાદ તથા શ્રીમતી ઇન્દિરાબેનને ત્યાં જુનાગઢ મુકામે થયો હતો. માત્ર ત્રણ વર્ષની વયે માતાનું અવસાન તથા કિશોરાવસ્થામાં પ્રવેશ કરે ત્યાં તો પિતાનું પણ અવસાન થતા તેમની જિંદગીમાં નવો વળાંક આવ્યો. સમગ્ર જીવન દીનદુઃખી સ્ત્રીઓના ઉત્કર્ષ માટે અર્પણ કરી નાખ્યું.

ઝાલાવાડ પ્રદેશ અતિ પછાત વિસ્તાર, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ એટલો બધો વિકાસ નહીં. સમાજમાં સ્ત્રીઓનું કોઇ સામાજિક સ્થાન જ ન હતું. જેમાં અંધશ્રધ્ધા, બાળલગ્નો, અસ્પૃશ્યતા, વૃધ્ધ સાથે લગ્નો, એક કરતાં વધારે પત્ની અને સમાજમાં રૂઢ થયેલી પ્રથાઓ વચ્ચે માત્ર એકવીસ વર્ષની વયે ૧૯૪૬ની ૧૨મી જૂને ૧૪ બાળાઓ સાથે સમાજસેવા કરવા માટે રાષ્ટ્રીય શાળા (ઘરશાળા) વઢવાણ પૂ. શિવાનંદજી સ્વામીના આશીર્વાદ સાથે મહાભિનિષ્ક્રમણ કરી સેવાની ધૂણી ધખાવી.

અરૂણાબેનના વ્યક્તિત્વના બે મુખ્ય પાસા હતાં. એક સ્ત્રી પ્રત્યેની તેમની સંવેદના અને બીજું તેમનો સંઘર્ષનો સથવારો કરવાનો સ્પિરિટ. તેઓ કહેતા કે, 'સ્ત્રીને શિક્ષિત કર્યા વિના તેને સશક્ત સ્વાલંબી બનાવી શકાશે નહીં અને ત્યાં સુધી સ્ત્રી માટે જિંદગી શક્ય નથી.' ત્યજાયેલા નવજાત શિશુને વિદ્યાલયમાં ઉછેરી, ભણાવી પરણવા લાયક થતાં યોગ્ય મુરતિયા સાથે પરણાવી તે સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવે ત્યાં સુધીની સમગ્ર જવાબદારી નિભાવતાં. નવજાત બાળકને, નિઃસંતાન દંપતીને બાળક દત્તક આપીને નિરાધાર બાળકોને મા-બાપ પણ અપાવ્યા છે નવજાત શિશુને તેઓ જુએ ત્યાં તો તેમની આંખમાં આંસુ આવી જતાં. પોતાના પ્રેમ-વાત્સલ્ય દ્વારા તેને પોતાની ગોદમાં સુવરાવીને 'મા'ની હૂંફ આપતા.

વિકાસ વિદ્યાલય-વઢવાણ એ એક ત્યક્તા મહિલાઓનું ઘર હતું. નિરાધાર બાળકોની માતા અરૂણાબેન દેસાઇએ એક તેજપૂંજ હતો. તેમના જન્મ દિવસે સંસ્થાની તમામ બહેનોને તેઓ આઇસ્ક્રીમ ખવડાવે. દિવાશીના દિવસોમાં સંસ્થામાં ફટાકડાઓ પણ ફૂટે અને નવરાત્રિમાં ગરબાઓ પણ ગવાય. સંસ્થાના પચાસ વર્ષ (૧૯૯૫માં) પૂરાં થયાં ત્યારે તેમણે કહ્યું હતું કે જે વિસ્તારમાં મારૂં સ્વાગત પથ્થરો મારીને કરવામાં આવ્યું હતું ત્યાં તે જ લોકો આજે હાર પહેરાવીને સ્વાગત કરી રહ્યા છે.

અરૂણાબેન દેસાઇને 'આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ નિમિત્તે ગુજરાત સરકારશ્રી એવોર્ડ' (૧૯૮૧), 'ફિક્કા દ્વારા નારીશિક્ષણ એવોર્ડ' (૧૯૯૪), 'બાળકોના સંસ્કારીકરણ અને કલ્યાણમયી જીવન માટે એવોર્ડ' (૧૯૮૬), 'શ્રીમતી ચંપાબેન ગોંધીયા સંશાધન વિભાગ દ્વારા એવોર્ડ' (૧૯૯૨), 'અભિનય સમિતિ-મહેસાણા દ્વારા કોપર શિલ્ડ એવોર્ડ' (૧૯૯૩), 'રોટરી ઇન્ટરનેશનલ દ્વારા જીવન હેરીશ એવોર્ડ,' 'સમાજ કલ્યાણ વિભાગ દ્વારા મહિલા સુરક્ષા ક્ષેત્રે એવોર્ડ' (૧૯૯૮), 'શ્રી રાજીવ ગાંધી માનવ સેવા એવોર્ડ' (૨૦૦૨) તથા 'જાનકીદેવી બજાજ એવોર્ડ' (૨૦૦૬)થી સન્માનિત કરવામાં આવેલ હતાં.

રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માજીએ શ્રધ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, 'સતત સાંઇઠ વર્ષ સુધી સમાજમાં અત્યાચારનો ભોગ બની તિરસ્કૃત ત્યક્તા મહિલાઓને આશ્રય, આશ્વાસન, શિક્ષણ અને પ્રશિક્ષણ આપવાની તેમની સેવા સદા સ્મરણીય રહેશે તેમના નિધનથી ગાંધીવાદી અને બાળમહિલા કલ્યાણને વરેલા સમાજસેવિકાની ખોટ પડી છે.' મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શ્રધ્ધાંજલિ અર્પણ કરતા કહ્યું કે, 'ગુજરાતે એક સમાજ પરિવર્તક ગુમાવ્યા છે. વિકાસ વિદ્યાલય શોષિત પીડિત મહિલાઓના સંઘર્ષ માટેનું પ્રેરણા સ્થાન બની રહ્યું છે. મહિલાઓનાં માવતર ગુમાવ્યા છે.'

ઝાલાવાડમાં સતત છ દાયકા સુધી સેવાની ધૂણી ધખાવીને ઝાલાવાડની મધર ટેરેસા અરૂણાબેન દેસાઇ મહાશિવરાત્રી (મોક્ષદિન)ના દિવસે ઝાલર ટાણે મંદિરોમાં શિવઆરતી થઇ રહી હતી ત્યારે ઘંટારવનો નાદ સાંભળતા શિવમય બની પરમતત્ત્વમાં ભળી ગયાં.

*'આખર એક જતાં, કોડ્યું ન આખર કામના,*
*મોઢે બોલું 'મા', કોઠાને ટાઢક કાગડા.'* - **દુલા કાગ**

## સાહિત્યકાર પ્રજારામ રાવળ

ગુજરાતી ભાષાનાં જાણીતા સાહિત્યકાર પ્રજારામ નરોત્તમ રાવળનો જન્મ ૩ મે, ૧૯૧૭નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા વઢવાણ ખાતે થયો હતો. તેમણે કવિ અને અનુવાદક તરીકે સાહિત્ય સર્જન કર્યું હતું. તેઓ વ્યવસાયે આયુર્વેદનાં અધ્યાપક હતાં.

તેમણે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વઢવાણમાં પૂર્ણ કર્યું હતું. તેઓ મેટ્રીક થયાં બાદ ઇ.સ. ૧૯૪૧માં પાટણની આયુર્વેદિક કૉલેજમાંથી સ્નાતક થયાં. ઇ.સ. ૧૯૫૪ થી ઇ.સ. ૧૯૭૨ સુધી એમણે ભાવનગરની કૉલેજમાં અધ્યાપક અને ત્યારબાદ ઇ.સ. ૧૯૭૫ સુધી આચાર્ય તરીકે કાર્ય કર્યું હતું.

ગાંધીયુગનાં કવિઓની સાથે એમનું કાવ્ય સર્જન શરૂ થયું. ગોવિંદસ્વામી સાથે પ્રગટ કરેલ 'મહાયુધ્ધ' (૧૯૪૦) નામની ત્રણ કાર્યોને સમાવતી પુસ્તિકામાં 'આગામી મહાયુધ્ધ' કાવ્ય તેમણે રચેલું છે. વિશ્વયુધ્ધની ભયંકરતાનાં નિર્દેશ સાથે વિશ્વપ્રેમની ઝંખના એમાં પ્રગટ થઇ છે.

એમનો સ્વતંત્ર કાવ્યસંગ્રહ 'પદ્મા' (૧૯૫૬) છે. એમના બીજા બે કાવ્યસંગ્રહો 'નાન્દી' (૧૯૬૩) અને 'નૈવેદ્ય' (૧૯૮૦) દર્શાવે છે કે અરવિંદ દર્શનથી પ્રભાવિત કવિ જીવનમાં પ્રેમ અને સંવાદના ઉપાસક છે અને તેથી તેમની મોટા ભાગની કવિતા પ્રવૃત્તિ અને અધ્યાત્મ અનુભવ વિશેની છે. વિવિધ ઋતુઓ અને પ્રકૃતિનાં વિવિધ દૃશ્યોને વિષય બનાવી એમને ઘણાં પ્રકૃતિ કાવ્યો રચ્યાં છે, તો ઘણાં કાવ્યોમાં શ્રી અરવિંદનો મહિમા તથા શ્રી માતાજીની કૃપાથી અનુભવાતી ધન્યતાની લાગણી વ્યક્ત કરી છે. તેમણે ગીત, સોનેટ અને છંદોબદ્ધ રચનાઓ કરી છે. પરંતુ તેમની વિશેષ સિધ્ધિ ગીતમાં છે. 'ઝાલાવાડી ધરતી' વતનપ્રેમનો રણકો લઇને આવતું એમનું ધ્યાનયાત્ર પ્રકૃતિ ગીત છે.

'પરબ્રહ્મ' (૧૯૬૬)માં શ્રી અરવિંદના કાવ્યો અનુદિત છે. 'પ્રતિપદા' (૧૯૪૮)એ તેમનો ગોવિંદસ્વામીનાં કાવ્યોનો સહસંપાદનનો ગ્રંથ છે. 'બુધ્ધિનો બાદશાહ' (૧૯૬૮) અને લોકપ્રિય 'આયુર્વેદનું અમૃત' તેમનાં અન્ય ગ્રંથો છે. ઉપરાંત કાલિદાસનાં 'રઘુવંશ'નો તેમજ 'વાલ્મિકી રામાયણ'નાં સુંદરકાંડનો અનુવાદ 'સીતાઃ અશોકવન'માં આપેલ છે.

એમનું અવસાન ૨૮ એપ્રિલ, ૧૯૯૧નાં રોજ થયું હતું. આજે વઢવાણમાં 'પ્રજારામ રાવળ ચોક' આવેલ છે.

## પ્રજ્ઞાવાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

અધ્યયન-અધ્યાપન-અન્વેષણનાં ક્ષેત્રમાં જે સારસ્વતનાં યોગદાન અને દાયિત્વ ચિરંજીવી છે; એટલું જ નહીં આ ક્ષેત્રોમાં કોઇ વ્યક્તિથી જેઓ અનભિજ્ઞ નથી તથા જેમનું જીવન પણ શિક્ષણ-શિક્ષકને અનુરૂપ સાદું સંયમી અને સંનિષ્ઠ છે, એવા બ્રહ્મ અને સત્રના ઉપાસક તથા મહામાનવનું ચારિત્ર્ય ધરાવતા પંડિત સુખલાલજી લગભગ એક સૈકા જેટલું લાંબુ આયુષ્ય ભોગવીને ૨-૩-૧૯૭૮ના રોજ સત્તાણુંની પરિપકવ વયે આપણી વચ્ચેથી ચિરવિદાય  લઇ ગયા. એ ઘટના સ્વયં કેળવણીના ક્ષેત્રે ધ્યાનાર્હ ગણાય. ભારતીયવિદ્યા, ભારતીયદર્શન, જૈનન્યા અને ગાંધી વિચારનાં ક્ષેત્રે પંડિતજીના અવસાને ખાલીપો સર્જ્યો અને મોંઘેરૂં રત્ન આપણે ગુમાવ્યું.

સુરેન્દ્રનગર જિલ્લાના લીમલી ગામના સ્થાનકવાસી જૈન પરિવારમાં સંઘજીભાઈ સંઘવીના પુત્ર તરીકે ૮મી ડિસેમ્બર, ૧૮૮૦ના રોજ એમનો જન્મ. ચારની કુમળી વયે એમણે માતાનું સુખ ગુમાવ્યું. એમના પિતા બીજી વખત પરણ્યા. પરંતુ સુખલાલજીના ભાગ્યમાં માતા સુખ લખાયું જ ન હતું. તેથી ચૌદની વયે અપર માતાનું સુખ પણ  લોપાયું. આટલું દુઃખ ઓછું હોય તેમ સોળની વયે શીતળાના કારણે ચક્ષુનૂર પણ વિલાઇ ગયું. ભણવામાં અતિ તેજસ્વી હોવા છતાંય કૌટુંબિક વ્યવસાય અને પરંપરાને કારણે ધોરણ સાત પછીનું ભણતર છોડવું પડ્યું. આમ, આરંભનાં સોળ વર્ષની વયે પહોંચતા પહોંચતા તો પંડિતજી ઉપર કુદરત-દીધા પ્રકોપના પંજા પડી ચૂક્યા હતા. સામાન્ય માનવી વાસ્તે આવા આઘાતના વંટોળથી જીવન જીવવાનું અઘરૂં થઇ પડે, પરંતુ પંડિતજીએ તો વિધિના લેખનેય પલટાવવાનો અદ્વિતીય આકરો પુરૂષાર્થ આદર્યો અને કર્મઠ એવા આ વિદ્યાઋષિની તપશ્ચર્યા એવી તો દઢનિશ્ચયી રહી કે કુદરતના હાથ હેઠા પડ્યા અને પંડિતજી લગભગ પૂરા દશ દાયકાનું પરિણામદાયી અને સાધુચરિત જેવું જીવન જીવી ગયા. જોકે આમાંથી આઠ દાયકા જેટલું લાંબુ આયુષ્ય સુખલાલજીએ પ્રજ્ઞાચક્ષુ તરીકે ભોગવ્યું.

વિદ્યાનાં ઘુઘવાટા જળરાશિને અંતદૃષ્ટિ દ્વારા અધ્યયન-અધ્યાપન-અન્વેષણની ત્રિવેણીમાં પંડિતજીએ પલટાવી દીધું અને જ્ઞાનનું નેત્ર એવી તો તેજસ્વિતાથી ઉઘડ્યું કે જેણે સુખલાલ સંઘવીને પંડિત સુખલાલજી તરીકે પ્રસિદ્ધિ અપાવી. સાધુ-સંતો અને જ્ઞાનીઓના સત્સંગથી એમણે લીમલીમાં રહે રહે ધાર્મિક શિક્ષણ અંકે કર્યું. જિજ્ઞાસા સંતોષવી હોય તો સંસ્કૃત ભાષા તેમજ સાહિત્યનાં અને ધર્મશાસ્ત્રોનાં જ્ઞાન હોવા અનિવાર્ય છે એવી પ્રતીતિ પંડિતજીને થતાં જૈન વિદ્યાર્થીઓ

માટેની વારાણસી સ્થિત 'યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા'માં પરિવારજનોની અનિચ્છા હોવા છતાંય પહોંચી ગયા; માત્ર અઢારની વયે. ત્યાં વામાચરણ ભટ્ટાચાર્યના સાંનિધ્યમાં પંડિતજીએ ન્યાયશાસ્ત્રની દીક્ષા મેળવી. ત્યાંથી મિથિલા ગયા, જ્યાં તેમણે બાલકૃષ્ણ મિશ્રને ચરણે બેસીને નવ્ય ન્યાયનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. ત્યાંથી વારાણસી પરત આવી ગુરુવર્ય મિશ્રજીના આગ્રહથી જૈનદર્શનના અધ્યાપક તરીકે કાર્યરત રહ્યા. અધ્યાપનકાર્ય દરમ્યાન સંસ્કૃત તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ દૃઢીભૂત કર્યો. થોડાંક વર્ષ પછી તેઓ આગ્રા ગયા જ્યાં તેઓ સંપાદન અને અન્વેષણના કાર્યમાં રત રહ્યા અને 'પંચપ્રતિક્રમણ', 'કર્મગ્રંથ' અને 'યોગવિંશિકા' જેવા પ્રાકૃત ગ્રંથોને હિંદીમાં અનુદિત કર્યા, તેમ જ આલોચનાત્મક ઉદ્‌બોધનો કરીને તથા પ્રસ્તાવનાઓ લખીને બધા ગ્રંથને બહુમૂલ્ય બનાવ્યા.

૧૯૨૦માં મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણ સંદર્ભે સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં 'ગુજરાત પુરાતત્ત્વ મંદિર'માં ભારતીય દર્શનના પ્રાધ્યાપક તરીકે ખાસ નિમંત્રણથી ૧૯૨૨માં જોડાયા. અહીં તેમણે જૈનદર્શનના મૂલ્યવાન ગ્રંથ સિદ્ધસેન દિવાકર રચિત 'સન્મતિતર્કપ્રકરણ'નું વિવેચનાપૂર્ણ અને વિદ્વત્વપૂર્ણ સંપાદન પૂર્ણ કર્યું - બેચરદાસ દોશીના સહકારથી. આઠનવ વર્ષની સાધનાના પરિપાકરૂપે પાંચભાગ અને નવસો પૃષ્ઠ સંસ્કૃત ટીકાટીપ્પણ સાથે વિશ્વસાહિત્યને ચરણે પ્રસ્તુત કર્યાં. સામાન્ય લોકો પણ આવા બહુમૂલ્ય ગ્રંથથી અનભિજ્ઞ રહે નહીં તેવા શુભાશયથી બંને પંડિતવર્યે ગુજરાતીમાં એનો સાર એક પુસ્તક તરીકે પ્રજાને અર્પણ કર્યો.

૧૯૩૩માં જૈનદર્શનના પ્રાધ્યાપક તરીકે વારાણસી ગયા અને ૧૯૪૪માં સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી લીધી. થોડાક વર્ષ તેમણે ભારતીય વિદ્યાભવન (મુંબઇ)ને સેવાઓ આપી. ૧૯૪૭માં તેઓ અમદાવાદ આવ્યા અને મૃત્યુ પર્યન્ત (૨-૩-૧૯૭૮) અહીં રહીને અમદાવાદને નાનકડા ગુરુકુલમાં ફેરવી દીધું. આ ત્રણ દાયકા દરમિયાન પંડિતજીએ ગુજરાત વિદ્યાસભા સંચાલિત ભોળાભાઇ જેશીંગભાઇ અધ્યયન અને સંશોધન વિદ્યાભવનમાં અને લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં અધ્યાપન - અન્વેષણ કાર્યથી વિદ્યાજગતને સમૃદ્ધ કર્યું. એમનો વિદ્યાવ્યાસંગ પણ એટલો દૃઢશ્રદ્ધ કે ગુજરાત વિદ્યાપીઠના કાર્યકાળ દરમ્યાન એમણે એક પણ રજા ભોગવી ન હતી. વિદ્યાના પ્રભાવે કરીને જ એમનું સ્વાસ્થ્ય પણ નિરામય રહેલું એમ કહી શકાય. ગુજરાત વિદ્યાપીઠમાં 'સન્મતિતર્ક પ્રકરણ' વિશે તેઓ અન્વેષણકાર્ય કરી રહ્યા હતા ત્યારે એક સમયે પરિશ્રમના બહુશ્રુત વિદ્વાન અને ભારતીયવિદ્યા (ઇન્ડોલૉજી)ના નિષ્ણાત તથા બર્લિન વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપક ડૉ. સ્યૂડર્સ ભારત - અમદાવાદ આવેલા. એમણે પંડિતજીને મળવાની પૃચ્છા દર્શાવી

એટલે પ્રધ્યાપક રસિકલાલ પરીખ એમને બંધ ખંડમાં અન્વેષણરત પાસે બિલ્લીપગે લઇ ગયા. બંનેનો પ્રવેશ એટલો નીરવ રહ્યો કે એમના આગમનની જાણ પંડિતજીને થઇ નહીં. આથી ડૉ. સ્યૂડર્સ પંડિતજીની અન્વેષણ પદ્ધતિ પ્રત્યક્ષ નિહાળી શક્યા અને એટલા બધા પ્રભાવિત થયા કે પછીથી એમણે પોતાના અધ્યાપકોને તાલીમ આપવા વિનંતી કરી.

૧૯૭૨ના ડિસેમ્બરમાં ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃત વિભાગના અન્વયે એક અખિલ ભારતીય પરિસંવારનું-મોડર્નિઝેશન ઓફ ઇન્ડોલોજિકલ સ્ટડીઝ- આયોજન કરેલું અને આ લેખક એમને એના ઉદ્ઘાટન કરવા એમને અશક્તિ દર્શાવી કે હું આશ્ચર્યચક્તિ થયેલો. ત્યારે 'ઇન્ડલોજિકલ સ્ટડીઝ ઇન ધ ગુજરાત વિદ્યાપીઠ' નામથી એક પુસ્તિકા અમે પ્રસિધ્ધ કરેલી ત્યારે ઉલટ-ઉત્સાહથી એમણે માહિતી પૂરી પાડેલી. આમ પ્રસિધ્ધિનો મોહ બિલકુલ નહીં રાખનાર પંડિતજી વિદ્યાનાં વિતરણ અને વિસ્તરણ તો નિઃસ્વાર્થ અને નિર્વ્યાજભાવે કરતા હતા. સત્યશોધક હોવાથી સાંપ્રદાયિક પડછાયાઓથી સદાય દૂર રહેતા.

એમનું જીવન સાદું, નિર્મળ, ચારિત્ર્યપૂર્ણ, કરૂણાસભર અને મૃદુવ્યક્તિત્વથી સભર જીવનદૃષ્ટિ, સંયમી પ્રકૃતિ, સ્પષ્ટ વક્તા, મર્મગામી સૂઝ અને અજાતશત્રુ સમા પંડિતજીનું સાંનિધ્ય સહુને તીર્થસ્થળસમું અનુભવાતું. આમ, એમનું જીવન ઋષિ જેવું તપસ્વી અને નદી જેવું પવિત્ર-પ્રેમાળ રહ્યું હતું. ઋષિનું કુળ અને નદીનું મૂલ જલદી જાણવું પ્રાપ્ત ના થાય એમ પંડિતજી વિશે હતું. પરંતુ તપસાધના સંયમત્યાગથી ભર્યું ભર્યું જીવન જીવનારને કુળ કે મૂળ વિશે જાણવાની જરૂર શી ? તેઓ સ્વયં વ્યક્તિ મટીને કુટુંબ અને સંસ્થા જેવા વડવૃક્ષ હતાં.

સુખલાલજીની ઉંમર વધતી જતી તેમ તેમનું વિદ્યાતેજ અને તપસાધના સમ્યગ રીતે વધતાં જતાં હતાં. આથી કોઇપણ સમયે સાચા શોધાર્થીને આવકારવા સદાય તત્પર રહેતા. અન્વેષણની ચર્ચા કરતાં ક્યારેય એમને કંટાળો વ્યક્ત કર્યો નથી. આવી પ્રવૃત્તિ સમયે કુદરતી હાજત અવરોધરૂપ ના બને તે સારૂં લાંબી ચર્ચા કરવાની હોય ત્યારે પંડિતજી ઉપવાસ કરતા. આવી હતી એમની વિદ્યોપાસના. વિદ્યાવાચસ્પતિના સંખ્યાતીત અન્વેષકોને એમણે વિદ્યાવાચસ્પતિની દીક્ષાથી અલંકૃત કર્યા છે. અભિનંદન ગ્રંથો અને સામયિકોમાં ઘણા લેખો લખ્યા હતા. 'અધ્યાત્મ વિચારણા', 'જૈનધર્મનો પ્રાણ', 'દર્શન અને ચિંતન' (બે ભાગ), 'વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનો', 'ભારતીય તત્ત્વવિદ્યા', 'તત્ત્વાર્થસૂત્ર', 'એડવાન્સ સ્ટડીઝ ઇન ઇન્ડિયન લોજિક એન્ડ મેટાફિઝિક્સ', 'પેસિફીઝમ એન્ડ જૈનીઝમ' જેવા એમના મહત્ત્વના ગ્રંથોથી ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિની ગરિમા મૂઠી ઊંચેરી રહી છે.

# આજીવન લોકશિક્ષક : દેવશંકર મહેતા

દેવશંકર મહેતા એટલે સૌરાષ્ટ્રની ભૂમિમાં 'ચેતમછંદર' અને 'ફૂલછાબ' જેવાં સાપ્તાહિક અખબારો તે જમાનામાં વાચકોમાં લોકપ્રિય થઇ પડેલાં એ મેઘાણી અને ગુણવંતરાય આચાર્યના સમયના લેખક તા. ૧૬-૧-૧૯૧૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગુજરવદી ગામે તેમનો જન્મ.

પિતા કાશીરામ અને માતા પૂરીબહેનનાં કુલ આઠ સંતાનોમાંના દેવશંકર ચોથું સંતાન હતા. માતા-પિતા સંસ્કારતીર્થ જેવાં. બાર વરસની ઉંમરે પહોંચેલા દેવશંકર, પિતાજીને ધ્રાંગધ્રા સ્ટેટના રાજગવૈયા તરીકે નિમણુંક મળતાં પરિવાર ગુજરવદીથી ધ્રાંગધ્રા રહેવા ગયા.

૧૯૨૮માં લખતરના રાજચંદ્ર રાવલની દસ વરસની દીકરી કાન્તાબેન સાથે દેવશંકરભાઈનાં લગ્ન થયાં ત્યારે માત્ર બાર વર્ષની ઉંમર.

શરૂઆતમાં બે વરસ ધ્રાંગધ્રા શિક્ષક તરીકેની નોકરી કરી ત્યારે તેઓ સાત ધોરણ પાસ હતા. પિતા કાશીરામની બીમારીને લીધે ધ્રાંગધ્રા છોડી ગુજરવદી આવ્યા.

પંદર વરસની વય, બીમાર પિતા, માતા, ચાર નાના ભાઈ તથા પત્નીની ભરણપોષણની જવાબદારી તેમના માથે આવી પડી. નાચવા-કૂદવાની ઉંમરે કોંઢ ગામની ધૂળી નિશાળમાં શિક્ષક તરીકે રહ્યાં, પરંતુ પગાર ઠન ઠન ગોપાલ ! આઠ મહિના રાતી પાઇ ન મળતા પિતાને ગુજરવદીમાં મોસાળું એટલે ખેતી કરી.

૧૯૪૬માં પ્રથમ વાર્તાસંગ્રહ 'ગામને ઝાંપે' પ્રગટ થયો. વાચકોએ ખૂબ વખાણ્યો. લખવાની દિશા બરાબર પકડાઇ. '૪૭ માં 'પેપા ને લીંબોળી' નામે બીજો વાર્તાસંગ્રહ પ્રગટ થયો, પરંતુ પ્રથમ ત્રણ પુસ્તકો વિશેનાં વિવેચકોનાં તથા સમકાલીન લેખકોનાં નિવેદનો સાંભળી કલમ મૂકી દીધી. ફરી ખેતી અને ગામસેવામાં લાગી ગયા. પરંતુ પત્ની કાંતાબેન લેખકની શક્તિને પિછાણતાં હોય તેમ હિંમત આપતાં રહ્યાં. ફરી લખવાને પ્રેર્યા.

પછી તો તેમની લેખન સરવાણી વણથંભી વહેતી થઇ. લગભગ ૨૭ ઐતિહાસિક નવલકથાઓ, ૨૫ સામાજિક નવલકથાઓ, ૧૧ દરિયાઇ નવલકથાઓ અને નવલિકા સંગ્રહો આપ્યા. આમાંની દસ શ્રેષ્ઠ નવલિકાઓનું અલગ સંપાદન કરીને પ્રકાશિત કરી.

# શ્રેષ્ઠ શિક્ષિકા : મુક્તાબેન વ્યાસ

સુરેન્દ્રનગરની બાલિકાઓના શૈક્ષણિક વિકાસને કાજે સતત ૪૦ વર્ષો સુધી પ્રવૃત્ત આદરણીય મોટાબહેન એટલે શ્રીમતી મુક્તાબેન વ્યાસ.

૩-૪-૧૯૦૬માં લીંબડીમાં અત્યંત સંસ્કારી માતા-પિતાને ત્યાં જન્મેલા મુક્તાબેન બાળપણથી જ અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા. લીંબડીની લેડી વિલિંગ્ડન કન્યાશાળામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરીને રાજકોટની બાર્ટન ફીમેલ ટ્રેનીંગ કૉલેજમાં જોડાયા. ઉચ્ચ ગુણાંત સાથે ફાઇનલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા.

૧૯૨૬માં તેમના શિક્ષક જીવનની શરૂઆત વઢવાણ કેમ્પની વિક્ટોરિયા જ્યુબીલી શાળામાં થઇ. આદર્શ શિક્ષણ પ્રેમી આચાર્યોની રાહબરીમાં મુક્તાબેનને ઉત્તમ શિક્ષણ કાર્ય કરવાની તક સાંપડી. ૧૯૪૭માં અલગ સૌરાષ્ટ્રની રચના થઇ તે સમયે સૌરાષ્ટ્રના શિક્ષકોમાં આચાર્યોની પસંદગી પરીક્ષામાં મુક્તાબેન પ્રથમ નંબરે ઉત્તિર્ણ થયા. ૧૯૫૦માં શ્રીમદ્ રાજચંદ્ર કન્યાશાળાના આચાર્યા તરીકે નિયુક્ત થયા. ૧૧ વર્ષ સુધી કન્યાશાળાના આચાર્યા પદે રહી મુક્તાબેને સુરેન્દ્રનગરની બાલિકાઓમાં સંસ્કાર સિંચનનું મહામૂલું કાર્ય બજાવ્યું. વિદ્યાર્થીઓ પ્રત્યે પારાવાર વાત્સલ્ય, શિક્ષણની ઊંડી સમજ, વિદ્યાર્થીઓની વિશેષ શક્તિની પરખ ને કાર્યદક્ષતાએ તેમને એક ઉત્તમ શિક્ષણશાસ્ત્રી તરીકે સ્થાપિત કર્યા.

સતત વિદ્યાવ્યાસંગી મુક્તાબેનનું કાર્ય કેળવણી ક્ષેત્રે જ મર્યાદિત નથી રહ્યું, ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પણ તેમણે સુંદર યોગદાન આપ્યું છે. સ્વપ્રતિભા અને ચારિત્ર્યબળે તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણના ઘડતરમાં જોડ્યા અને તેવી જ રીતે સ્ત્રી પ્રગતિ મંડળમાં અગ્રિમ રહી નારી સમજને જાગૃત કર્યો. નાની બચત યોજનામાં ઊંડો રસ લઇ રાષ્ટ્રીય વિકાસમાં સક્રિય સાથ આપ્યો.

સુરેન્દ્રનગર વિસ્તારની શાળાઓનાં સર્વાંગી વિકાસમાં શૈક્ષણિક સગવડો, સમાજ અને જનરાહત વિષયક પ્રશ્નોનું સાતત્ય મુક્તાબેને જાળવી રાખ્યું અને સાથીઓ, શિષ્યો, અધિકારીઓને સમાજના સર્વ સ્તરે સંપર્કમાં આવેલા સહુનો પ્રેમ અને આદર પ્રાપ્ત કર્યો.

કન્યાશાળાના આચાર્યાપદેથી નિવૃત્ત થયા પછીથી પણ રતિલાલ વર્ધમાન શાહ બાલ કેળવણી મંડળ સંચાલિત ફૂલચંદભાઈ શાહ કુમાર મંદિરના આચાર્યાપદે રહી શિક્ષણની સેવાના પ્રવાહને અખંડિત રાખ્યો. ગીતાના કર્મયોગથી જીવનને સભર બનાવ્યું. મુક્તાબેનની વિનમ્રતા, આજીવન શિક્ષણકાર્યને સંસ્કારશીલ જીવન સહુને માટે સદાય પ્રેરણારૂપ બન્યું.

પ્રાથમિક શિક્ષણનાં ક્ષેત્રે ૪૦ વર્ષ નિષ્ઠાપૂર્વક શિક્ષણકાર્ય કર્યું તે માટે મુક્તાબેનને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું. રતિલાલ વર્ધમાન બાલ કેળવણી મંડળ, બ્રાહ્મણ મિત્ર મંડળ અને તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે પણ શ્રેષ્ઠ શૈક્ષણિક કામગીરી માટે તેમનું બહુમાન કર્યું.

મુક્તાબેનની અપ્રતિમ બુધ્ધિશક્તિ, સરળતા, સજ્જતા ને એકનિષ્ઠાએ શિક્ષણ જગતમાં તેમને ઊંચા આસને બિરાજમાન કર્યા. સુરેન્દ્રનગરની વિદ્યાર્થિનીઓનાં ઘડતરમાં વિશેષ ધ્યાન આપીને જે સંસ્કારી પેઢીનું તેમણે સર્જન કર્યું તે વિદ્યાર્થિનીઓ આજે પણ મુક્તાબેનના સંસ્કાર વારસાની સૌરભ ફેલાવી રહી છે.

શિક્ષણ જગતના મોથી મુક્તાબેનનું તા. ૨૬-૩-૯૫ના દિને દેહાવસાન થયું.

મનુષ્યમાં જન્મથી જ પૂર્ણત્વ પડેલું હોય છે. શિક્ષણ એ આજન્મપૂર્ણતાના આવિષ્કારની પ્રક્રિયા છે. તેમના મંતવ્ય મુજબ... *"Education may be described as a development of faculty. Education is the manifestation the perfection already existing in man."*

માનવમાં કેટલીક શક્તિઓ વિદ્યમાન હોય છે. કેળવણી દ્વારા આ શક્તિઓના વિકાસથી પૂર્ણત્વ પામી શકાય છે. તેઓ માનતા કે કેળવણી એ ખોજની પ્રક્રિયા છે. *"learning is really discovering."*

**-સ્વામી વિવેકાનંદ**

## લોકધર્મી કરમશીભાઈ મકવાણા

ગુજરાતનાં સંનિષ્ઠ, ગાંધીવાદી, રચનાત્મક કોંગ્રેસી નેતા અને સામાજિક કાર્યકર કરમશીભાઈ મકવાણાનો જન્મ ૭, ઓક્ટોબર, ૧૯૨૮નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા તાલુકાના અડાળા ગામે થયો હતો. પાંચાળ પ્રદેશની ધરતીને શિક્ષણરૂપી જ્યોત થકી પ્રજલિત કરી સમગ્ર સમાજને શિક્ષિત કરવામાં તેમનો સિંહફાળો રહ્યો છે, તેમજ સમાજનો રાજકીય અને સામાજિક સંગઠનને બળવતર બનાવી કુરિવાજોને નાબૂદ કરી સમાજને સાચી રાહ ચીંધવા તેઓએ જિંદગી ખપાવી દીધી હતી. તેમના માતાનું નામ ભાણીબહેન અને પિતાનું નામ કાનજીભાઈ હતું. તેમના બહેનનું નામ મથુરાબેન અને ભાઇનું નામ સવશીભાઈ અને વિનોદભાઈ હતું. તેમનાં લગ્ન શાંતાબેન સાથે થયાં હતાં.

ઇ.સ. ૧૯૩૯નાં ભયંકર દુષ્કાળનાં સમયે તેમના પિતાશ્રીએ આજીવિકા માટે ધજાળા ગામ છોડી જોરાવરનગર ગયા. કરમશીભાઈ અને તેમના માતા-પિતા ત્યાં છૂટક મજૂરી કરી ચાર કે આઠ આના મેળવતાં. એક નાનકડી ભાડાની ઓરડીમાં તેઓ રહેતાં. જોરાવરનગર-વઢવાણ વચ્ચે સ્વ. ફૂલચંદભાઈ, સ્વ. ચમનભાઇ વૈષ્ણવની રાષ્ટ્રીય શાળા સંસ્થામાં ખેડૂત મજૂરની જરૂર હતી. ત્યાં તેમના પિતાશ્રી કામે લાગ્યા. એ વખતે ગાંધીજીનાં અંતેવાસી શ્રી ભગવાનજીભાઈ પંડ્યા અસ્પૃશ્યતાનાં પ્રશ્ને બંધ પડેલ રાષ્ટ્રીય શાળામાં રહી પ્રવૃત્તિ ચલાવે. એ સંસ્થામાં કરમશીભાઈ, તેમના માતા-પિતા ખેતીકામ, મજૂરી કરે. એ સમયે ભગવાનભાઈ, ભાઇશંકરભાઈ અને માનભાઈની સમજણથી કરમશીભાઈ ખાદી ભંડારમાં કામ કરતા અને ભણતા. પાછળથી તે શાળામાં દાખલ થયા. એ સમયે સ્વરાજની લડત, સત્યાગ્રહ-આંદોલન ચાલતાં હતાં. સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણમાં સભાઓ થતી, સરઘસો નીકળતાં અને હડતાલો પડતી.

ભગવાનજીભાઈ પંડ્યાએ કરમશીભાઇને પાંચ ધોરણ પછી આગળ અભ્યાસ માટે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા મોકલ્યાં. આશરે ઇ.સ. ૧૯૪૩ થી ૧૯૪૭માં તેઓ ત્યાં ભણેલા. ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ પૂરો કરી કરમશીભાઈ પાછા આવ્યાં. તેમના મનમાં પછાત પાંચાળ પ્રદેશમાં કામ કરવાની

ભારે ધગશ હતી. આથી ડિસેમ્બર, ૧૯૫૨નાં ધજાળાનાં ચોરે (ચોક) કરમશીભાઈએ ગ્રામસેવક બની પાંચેક વિદ્યાર્થીઓથી વિદ્યાયજ્ઞ આરંભ્યો હતો.. રાત્રિશાળા શરૂ કરી, પ્રૌઢ શિક્ષણ કાર્ય શરૂ કર્યું. દિવસે ગ્રામજનોનાં નાના નાના બાળકોની ગ્રામશાળા શરૂ કરી. બાળકોને ભણાવે, તેમની સાથે સફાઇ કરે, પાણી ભરે, ઝાડનાં ખાડા ખોદે, ઝાડ વાવે, રસ્તા બનાવે, ચોક બનાવે. એ રીતે કરમશીભાઈ 'માસ્તર'ની ઉપમા પામ્યા.

નાનાભાઈ ભટ્ટ, નટવરલાલ બૂચ, મૂળશંકર ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', રતિભાઈ અંધારિયા વગેરે ગુરૂજનોએ તેમનાં જીવતર ઘડવામાં મહત્ત્વનો ફાળો આવ્યો હતો.

કરમશીભાઈએ સવશીભાઈ સાથે મળી ૫ મે, ૧૯૫૮નાં રોજ ધજાળા ગામનાં ચોરામાં જ છાત્રાલય સહિતની ગ્રામ વિદ્યાલય લોકશાળા ૧૦ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ કરી. ચોરાની નાનકડી ઓરડી એ રસોડું. ચોરાનો ઓરડો એ છાત્રાલય અને અભ્યાસખંડ ! ચોરાની સામેના ચોકમાં રેતી પાથરીને આભના ચંદરવા નીચે સૂવાનું.

તેમની નાનકડી સંસ્થામાં આસપાસનાં ગામોના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી. મકાનની અગવડ હતી પાકા મકાનો બાંધવા પુષ્કળ પૈસા જોઇએ, જે તેમની પાસે નહોતા. તેથી તેમને બાવડાંના બળે ગ્રામજનોનાં સહકારથી સમૂહકામ દ્વારા બે છાત્રાલયો તથા ભોજનાલય રસોડાનાં ત્રણ સાદા કાચાં માટીનાં મકાન બનાવ્યા. આ રીતે સૌના સહિયારા પુરૂષાર્થનાં પ્રતિકરૂપે ધજાળા ગામને પાદર છાત્રાલય સહિતની નાનકડી શિક્ષણ સંસ્થા બની ગઇ.

તેમણે સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા, ચોટીલા, વઢવાણ તથા જસદણ જેવા તાલુકાઓમાં જુદી જુદી ૨૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરીને અબુધ અને અજ્ઞાન તેમજ પછાત જ્ઞાતિની પ્રજાને પ્રાથમિક શિક્ષણથી માંડીને માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણની ઉમદા સવલતો પૂરી પાડી હતી. તેઓ કન્યા કેળવણી ક્ષેત્રે પણ ઊંડો રસ ધરાવતા હતા. ઝાલાવાડનાં આગેવાન તથા એક સમયનાં ગુજરાતનાં મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝાએ સંસ્થાની મુલાકાત લીધી હતી.

ધજાળામાં કરેલ કામની કદરરૂપે ગ્રામજનોએ તેમનાં પર વિશ્વાસ મૂકીને

તેમને સરપંચ બનાવ્યા. સરપંચ બન્યા પછી તેમણે લોકોના સહકાર અને સરકારી મદદ મેળવી શાળાનું પાકું મકાન બંધાવ્યું. ગામનાં ટીંબે પ્રથમ આ પાકું મકાન હતું. કરમશીભાઈ ઇ.સ. ૧૯૬૩માં સાયલા તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઇ.સ. ૧૯૬૮માં સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતનાં સભ્ય બન્યા.

ગુજરાત વિધાનસભાની સને ૧૯૭૨, ૧૯૭૫, ૧૯૮૦, ૧૯૮૫, ૧૯૯૦ તેમજ ૧૯૯૫ના વર્ષમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા મત વિભાગમાંથી સતત ચૂંટાઇ આવીને તેઓએ પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી અને તાલુકાનાં વિકાસનાં કામો તેમજ અન્ય લોકોપયોગી કામગીરી કરી હતી. ઇ.સ. ૧૯૯૦માં કરમશીભાઈ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાઇ આવ્યા હતાં. ૧૨ માર્ચ, ૧૯૯૦નાં રોજ ગુજરાત રાજ્યનાં પ્રધાન બન્યાં હતાં. સને ૧૯૯૦ થી ૧૯૯૪ સુધી તેઓશ્રીએ નશાબંધી અને આબકારી તેમજ નાની સિંચાઇ ખાતાના કેબિનેટ મંત્રી તરીકે ફરજ બજાવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાનાં સહકારી બેંકના તેઓ ડિરેક્ટર હતાં. રાજ્ય પંચાયત પરિષદ, સિંચાઇ સલાહકાર સમિતિ, જેલ સુધારણા સમિતિ, ગુજરાત વિદ્યુત બોર્ડ જેવી સંસ્થાઓમાં સભ્યપદે રહીને રાજ્યનાં વિકાસ ક્ષેત્રે અનેકવિધ કાર્યો કર્યા હતાં. તદુપરાંત સુરેન્દ્રનગર જિલ્લા રોજગાર સમિતિ, જિલ્લા ૨૦ મુદ્દા પ્રોગ્રામ સલાહકાર સમિતિ જેવી અનેકવિધ સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતાં. સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રણ વર્ષના કારમાં દુષ્કાળ વખતે વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કરમશીભાઇની દુષ્કાળ રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. સાયલાની તૃષા છિપાવવા માટેની વર્ષોથી ઇચ્છિત માનસરોવર લઘુ સિંચાઇ યોજનાનું ખાતમુહૂર્ત કરમશીભાઈનાં હસ્તે થયું હતું.

મૂલ્યનિષ્ઠ રાજકારણી તરીકે તેમણે ઇ.સ. ૧૯૯૫માં બાબુભાઈ વાસણવાળા ટ્રસ્ટ તરફથી રૂ. ૨૧,૦૦૦/-નો એવોર્ડ તેમજ 'દર્શક' ફાઉન્ડેશન તરફથી રૂ. એક લાખનાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૦ જુલાઇ, ૧૯૯૭નાં રોજ ૭૬ વર્ષની વયે હૃદયરોગનાં હુમલાથી તેમનું અવસાન થયું હતું.

# 'પદ્મશ્રી' શ્રીમતી મુક્તાબહેન પી. ડગલી

'પદ્મશ્રી' શ્રીમતી મુક્તાબહેન પી. ડગલીનો જન્મ ૨ જુલાઇ, ૧૯૬૨નાં રોજ અમરેલી જિલ્લાના નાના આંકડિયામાં માતા ઉજમબહેન અને પિતા બાવનજીભાઈ ગોલ પરિવારમાં થયો હતો. માત્ર સાત વર્ષની ઉંમરે મગજનાં તાવને કારણે બંને આંખોની રોશની ગુમાવી દીધી. પ્રાથમિક શિક્ષણની શરૂઆત અંધ ઉદ્યોગ શાળા, ભાવનગરમાં થઇ. ત્યારબાદ અમદાવાદની અંધ કન્યા પ્રકાશ ગૃહ સંસ્થામાં રહી ઇ.સ. ૧૯૮૨માં એસ.એસ.સી. તેમજ ટીચર ટ્રેઇનીંગ ડીપ્લોમાં / બી.એડ. (સ્પેશ્યલ વ્યક્તિને ભણાવવાનો) પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કર્યું. અભ્યાસકાળ દરમ્યાન ગુજરાત કક્ષાની વિવિધ હરીફાઇઓ જેવી કે બ્રેઇલ વાંચન, બ્રેઇલ લેખન, વક્તૃત્વ સ્પર્ધા જેવી જુદી જુદી સ્પર્ધાઓ, રમત ગમત સ્પર્ધાઓ તથા સ્વરચિત કાવ્યો અને ટૂંકી વાર્તાઓની લેખન હરીફાઇઓમાં અવારનવાર પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

કાવ્ય લેખનમાં નાનપણથી જ રસ છે. અંધજનોનાં ઉધ્ધારક શ્રી લુઇ બ્રેઇલને અંજલી આપતા કાવ્યની રચના કરી હતી. આ ઉપરાંત શિક્ષણ લેતા લેતા વેકેશનમાં સમયને પણ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વણી લઇને ટેલિફોન ઓપરેટર, પર્સનાલિટી ડેવલોપમેન્ટ, ઇંગ્લિશ સ્પીકીંગ કોર્ષ, લીડરશીપ તથા હેન્ડીક્રાફ્ટ જેવા વિવિધ કોર્ષ કરીને હોસ્ટેલમાં રહેતી અંધ બહેનોને આર્થિક સહાય કરવી, માંદગીનાં સમયે તેમની સેવા-સુશ્રુષા કરવી, અભ્યાસમાં નબળી હોય તેવી અંધ બહેનોને શિક્ષણ આપવું, બહેનોનાં પ્રશ્નોને વાચા આપવી, દરેક અંધ બહેનોને સમાન દૃષ્ટિએ સહાયભૂત થવાનો અભિગમ દાખવેલ છે.

આ ઉપરાંત અત્યાર સુધીમાં દસ થી બાર વખત રક્તદાન પણ કરેલ છે. વિદ્યાર્થી જીવનમાં ઉપરોક્ત વિશિષ્ટ પાસાઓને ધ્યાનમાં લઇને અંધ કલ્યાણ કેન્દ્ર અને લાયન્સ ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આદર્શ વિદ્યાર્થીઓનો એવોર્ડ ઇ.સ. ૧૯૮૨માં આપવામાં આવ્યો હતો.

અભ્યાસકાળ પૂર્ણ થતા શ્રી બાબુભાઈ એ. બાબવાણી કે જેઓ શ્રી અમરેલી જિલ્લા અંધજન પ્રગતિ મંડળના મંત્રી છે. તેઓશ્રીનાં સંપર્કમાં આવતા સેવાના સંસ્કારો સવિશેષ દીપી ઊઠ્યા. શ્રી બાબવાણી સાહેબની સંસ્થામાં સતત બાર વર્ષ સુધી માનદ્ સેવા આપી. ૨૦ મે, ૧૯૮૪માં સમાન વિચાર ધરાવનાર અંધ યુવક શ્રી પંકજભાઈ કે. ડગલી (ગર્ભશ્રીમંત જૈન પરિવારનાં શિક્ષિત સેવાભાવી શિક્ષક, એમ.એ., બી.એડ., સુધીનો અભ્યાસ કર્યા પછી પરિવારનાં ધીકતા વ્યાપારને છોડી,

થાનમાં શિક્ષક તરીકે સર્વિસ કરતાં  એક પ્રતિભાશાળી યુવાન) સાથે મુક્તાબેનનાં લગ્ન થયાં અને આ બંને પતિ-પત્નીએ નિ:સંતાન રહી સમાજની સેવા કરવાનું નક્કી કર્યું. સંસ્થા માટે મુંબઇ, કોલકતા અને ગુજરાતનાં અન્ય ગામો અને શહેરોમાં દાન મેળવવા માટે અર્થયાત્રા કરી સંસ્થાને મદદરૂપ થયા. સંસ્થા બાળકોનાં શિક્ષણનાં નૂતન પ્રવાહોથી પરિચિત કરાવી તેમના માટે રાત-દિવસ એક કર્યા.

આ સમય દરમિયાન ખાનગી ઉમેદવાર તરીકે વાંચન કરી બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. સેવાનાં કાર્ય કરતાં તેઓ અંધ બહેનોને ભૂલ્યા નથી. અભ્યાસ કરી ચૂકેલી, ઘરકામ અને રસોઇ કામનાં જ્ઞાનથી વંચિત એવી અંધ બહેનોને ઘેર પોતાનાં ખર્ચે રસોઇ અને ઘરકામની તાલીમ આપી યોગ્ય મુરતિયો શોધી સંસ્થા શરૂ કર્યા પહેલા ૩૧ અંધ બહેનોને લગ્નજીવનમાં પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કાર્ય કરેલ છે.

અંધ બહેનોનાં કાર્યને વેગવંતુ બનાવવાનું જરૂરી હોવાથી તેમનાં પ્રશ્નોને ઝડપી ઉકેલ લાવવા માટે તેમણે ઇ.સ. ૧૯૯૬માં માત્ર ૪ અંધ બહેનોથી શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજની નામની સંસ્થા શરૂ કરી. હાલ સુરેન્દ્રનગર શહેરમાં આ સંસ્થામાં ૨૦૦ જેટલી અંધ બહેનોને શિક્ષણ તથા વિશિષ્ટ રોજગારલક્ષી તાલીમ આપીને પગભર બનાવવાનાં પ્રયાસ કરવામાં આવે છે. આ સંસ્થા આજે માત્ર જિલ્લામાં જ નહીં પણ દેશભરમાં પ્રખ્યાત છે. તેને આ મુકામે પહોંચાડવામાં મુક્તાબેન અને તેમનાં પતિ પંકજભાઈનો સૌથી મહત્ત્વનો ફાળો છે. અનેક મુશ્કેલીઓ વેઠીને, પડકારોનો સામનો કરીને, ધીરજથી કામ કરી, માન-અપમાનની પરવા કર્યા વગર તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે.

આ સંસ્થાએ વિકલાંગોને લગતી યોજાયેલ ૭ જેટલી કોન્ફરન્સમાં ભાગ લીધેલ છે. અન્ય ૧૩ સંસ્થાઓમાં હાલનાં સમયે યોગદાન આ સંસ્થા આપી રહી છે. આ સંસ્થાના મંત્રીશ્રી મુક્તાબહેન તથા સંસ્થાને ૨૬ માર્ચ, ૨૦૦૩નાં રોજ ઉપરાષ્ટ્રપતિ ભૈરવસિંહ શેખાવતનાં હસ્તે 'માતા જીજાબાઈ સ્ત્રી શક્તિ-૨૦૦૧ પુરસ્કાર', ૨૬ માર્ચ, ૨૦૦૮નાં રોજ મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગર દ્વારા ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર, ૩ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (મંત્રાલય) દિલ્હી દ્વારા સન્માન, ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯નાં રોજ 'ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ', ૧૧ માર્ચ ૨૦૧૮નાં રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સિવાય અન્ય ૪૪ જેટલા પુરસ્કારથી મુક્તાબેન તથા સંસ્થાને સન્માનિત કરવામાં આવ્યા છે.

# 'પદ્મભૂષણ' દલસુખ માલવણિયા

ભારતીય વિદ્વાન, લેખક અને તત્ત્વચિંતક દલસુખ ડાહ્યાભાઈ માલવણિયાનો જન્મ ૨૨ જુલાઇ, ૧૯૧૦નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાનાં સાયલા ગામમાં થયો હતો. તેઓ જૈન સાહિત્ય તથા જૈન, બૌદ્ધ અને હિન્દુ દર્શનો પરનાં લખાણો માટે જાણીતા હતાં. તેમણે જૈન ધર્મનાં શાસ્ત્રો પરનાં તેમનાં લખાણો સાથે જૈન સાહિત્યમાં ફાળો આપ્યો.

તેમનાં વડવાઓ ધ્રાંગધ્રા પાસેનાં માલવણ ગામના હતા, તેથી તેમની અટક 'માલવણિયા' પડી. પિતાને સાયલામાં પરચૂરણ વસ્તુઓની દુકાન હતી. દલસુખભાઈનો પ્રાથમિક અભ્યાસ સાયલામાં થયો, પરંતુ તેમની દસેક વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિ વચ્ચે સુરેન્દ્રનગર અનાથાશ્રમમાં દલસુખભાઈ અને તેમનાં ત્રણ ભાઈઓને દાખલ થવું પડ્યું. અહીં અંગ્રેજી પાંચમાં (અત્યારનાં નવમાં) ધોરણ સુધી અભ્યાસ કર્યો. તે દરમ્યાન આશ્રમની અવ્યવસ્થિત લાઇબ્રેરીને ગોઠવતા જાય, વાંચતા જાય ને વિચારતા જાય.

તે ગાળામાં તેમનાં એક સગાના કહેવાથી ઇ.સ. ૧૯૧૭માં દલસુખભાઈ બિકાનેર પહોંચ્યા. અહીં સ્થાનકવાસી જૈન પરિષદ ગૃહસ્થ જૈન પંડિતો તૈયાર કરતી હતી. તેની સ્થાપનાનો મૂળ ખ્યાલ મોરબીનાં વતની પણ વર્ષોથી જયપુરમાં વસતા દુર્લભજીભાઈ ઝવેરીને આવેલો. તેમની દેખરેખ હેઠળ બિકાનેરમાં ચાલતી આ સંસ્થાના આશ્રયે દલસુખભાઈએ બિકાનેર-જયપુર-બ્યાવર-અંજાર (કચ્છ)માં રહીને જૈનશાસ્ત્રો અને ગ્રંથોનો અભ્યાસ કર્યો, તેથી તેમને ઇ.સ. ૧૯૩૧માં 'ન્યાયતીર્થ' અને 'જૈન વિશારદ' પદવી મળી.

શ્રી ઝવેરીએ એમને અમદાવાદમાં પંડિત બેચરદાસ દોશી પાસે મોકલ્યા કે જેઓ સંસ્કૃત-પ્રાકૃતિ ભાષા અને વ્યાકરણનાં સમર્થ પંડિત હતા. ઇ.સ. ૧૯૩૨માં સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાને કારણે પંડિતજીને સજા થઇ. બીજી બાજુ તેમની પાસે દલસુખભાઈનો વિદ્યાભ્યાસ પૂરો થયો. પરંતુ દુર્લભજીભાઈ ઝવેરી ખરેખર માનવ પારખું ઝવેરી હતાં. એમણે દલસુખભાઈમાં રહેલી પ્રતિભા પિછાણી લીધી હતી.

ઇ.સ. ૧૯૩૨માં ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંત વાતાવરણવાળા

શિક્ષણ કેન્દ્ર 'શાંતિ નિકેતન'માં તેમને મોકલ્યાં. તેમણે વિદ્યુશંકર શાસ્ત્રી પાસેથી પાલી ભાષા અને બૌદ્ધ ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. મુનિ જિનવિજયજી પાસેથી પ્રાકૃતિ ભાષા અને જૈન આગમોનો ઇ.સ. ૧૯૩૪ સુધી વધુ અભ્યાસ કર્યા પછી સ્થાનકવાસી જૈન પરિષદનું મુખપત્ર 'જૈનપ્રકાશ'ની ઑફિસ, મુંબઇમાં જોડાયા. તેઓ નોકરી અને ટ્યૂશનો કરીને ગુજરાન ચલાવતા.

દલસુખભાઈને હિંદુ યુનિવર્સિટી, બનારસમાં સેવા આપતા પંડિત સુખલાલજીએ પોતાના મદદનીશ તરીકે આવવા સૂચન કરતા ફેબ્રુઆરી, ૧૯૩૫માં તેમની સાથે જોડાયા. પંડિત સુખલાલજીનાં સાનિધ્યમાં તેઓ તત્ત્વજ્ઞાનમાં અને સંશોધનમાં આગળ વધ્યા. ઇ.સ. ૧૯૪૪માં પંડિત સુખલાલજી આ પદેથી નિવૃત્ત થયાં. તે સમયે આ યુનિવર્સિટીના કુલપતિપદે પ્રખ્યાત તત્ત્વજ્ઞાની ડૉ. રાધાકૃષ્ણન હતાં. તે બંનેની નજરમાં દલસુખભાઈનું સ્થાન ઊંચું હતું તેથી જૈનચેરનાં અધ્યાપક તરીકે તેઓ ગોઠવાયા.

ઇ.સ. ૧૯૫૨માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રબાબુને મુનિ પુણ્યવિજયજીની ભલામણથી દિલ્હીમાં પ્રાકૃતિ ટેક્સ્ટ સોસાયટીની સ્થાપના કરી. તેની કાર્યવાહક સમિતિમાં લેવાયેલ દલસુખભાઈ પછીથી તેના માનદ મંત્રી બન્યા. ઇ.સ. ૧૯૫૭માં અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના મિલમાલિક-ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈએ કરી. તેનું નિયામકપદ સંભાળવા દલસુખભાઈ ડિસેમ્બર, ૧૯૫૯માં અમદાવાદ આવ્યાં. વિશાળ ગ્રંથભંડાર અને હજારો બહુમૂલ્ય હસ્તપ્રતો ધરાવતી આ સંસ્થા દેશ-વિદેશમાં જાણીતી બની છે. તેના પાયામાં દલસુખભાઈ છે. ઇ.સ. ૧૯૭૬માં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયાં, પણ આ સંસ્થાના સલાહકાર તરીકે તેમની સેવા લેવાયેલી.

ગુજરાતી અને હિન્દીમાં તેમણે ૪૦ પુસ્તકોનાં લેખન-સંપાદન કર્યા છે. જેમાં 'જિનવિજયજી અભિનંદન ગ્રંથ', 'જૈનધર્મનો આદિકાળ', 'ગણધરવાદ', 'જૈન દાર્શનિક સાહિત્યનું વિહંગાવલોકન', 'જૈન આગમ', 'હિંદુ ધર્મ', 'જૈન ધર્મચિંતન', 'સ્થાનાંગસમવાયાંગ તર્કભાશા', 'જૈનાગમ', 'સ્વાધ્યાય', 'જૈનાગમ મિમાંસા' વગેરેનો સમાવેશ થાય છે.

બનારસ, દિલ્હી, મુંબઇ, ઇન્દોર તથા ઉજ્જૈન યુનિવર્સિટીમાં પી.એચ.ડી.નાં વિદ્યાર્થીઓનાં માર્ગદર્શક તેમજ કેનેડાની ટોરોન્ટ યુનિવર્સિટી,

બર્લિનની ફ્રી યુનિવર્સિટી અને પેરીસ યુનિવર્સિટીમાં મુલાકાતી અધ્યાપક રહ્યાં હતાં. 'સંબોધિ' ત્રૈમાસિકનાં સંપાદક રહ્યાં હતાં.

**દલસુખભાઈને મળેલા માન-સન્માનો :**

- ✦ ઇ,સ. ૧૯૭૪માં તેમને ભારત જૈન મહામંડળ તરફથી ',સમાજગૌરવ'ની પદવી મળી.
- ✦ દર્શન સાહિત્યની રચના માટે 'સિધ્ધાંતભૂષણ' પદવી અને સુવર્ણચંદ્રક.
- ✦ પ્રાકૃતિ-જૈનધર્મ પરિષદ, વારણસીનાં પ્રથમ અધિવેશનમાં તેઓ સન્માનિત થયેલાં. તેઓ સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીમાં પણ અધ્યાપક હતાં.
- ✦ જૈન વિશ્વભારતી સંસ્થા દ્વારા 'જૈન વિદ્યામનીશી' એવોર્ડ લાડનૂ, રાજસ્થાન ખાતે ઇ.સ. ૧૯૯૦માં એનાયત થયેલો.
- ✦ જૈન સંસ્કૃતિ સંશોધક મંડળ અને પ્રાકૃતિક ટેક્સ્ટ સોસાયટીનાં તેઓ માનદ્ મંત્રી હતાં.
- ✦ ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સ, નાગાર્જુન શોધ સંસ્થા, અ.ભા. દર્શન પરિષદ, ગુજરાત તત્ત્વજ્ઞાન પરિષદ, જૈન સાહિત્ય સમારોહનાં તેઓ પ્રમુખ હતાં.
- ✦ ગુજરાતી સાહિત્ય પરિષદનાં પોરબંદર-સંમેલન (૧૮૭૬)માં સંશોધન વિભાગનાં વિભાગીય પ્રમુખ હતાં.
- ✦ બૌદ્ધદર્શનનાં અધ્યાપન અંગે સવા વર્ષ કરતાં વધુ સમય તેમણે કેનેડાની ટોરન્ટો યુનિવર્સિટી તરફથી ઇ.સ. ૧૯૬૮માં આમંત્રણ મળતાં ગાળ્યો હતો.
- ✦ ભારતનાં રાષ્ટ્રપતિજીએ તેમને 'સર્ટિફિકેટ ઓફ ઓનર' આપી બહુમાન કરેલું.
- ✦ ભારત સરકારે તેમને સાહિત્ય અને શિક્ષણમાં ફાળો આપવા બદલ ઇાસ. ૧૯૯૨માં 'પદ્મભૂષણ'નાં ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા હતા.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૦માં તેમનું અવસાન થયું હતું. સમગ્ર ભારતવર્ષનાં જૈન દર્શનના મહાન વિદ્વાન તરીકે આગળ વધેલા પંડિત દલસુખભાઈ માલવણિયાનું જીવન પ્રેરણારૂપ બની રહે તેવું છે.

# સાહિત્યકાર પ્રભુલાલ દોશી

સાહિત્યકાર પ્રભુલાલ દોશીનો જન્મ ૨ મે, ૧૯૩૬નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાનાં વઢવાણ તાલુકામાં સુરેન્દ્રનગર ખાતે થયો હતો. તેમનાં પિતાનું નામ વાડીલાલ દોશી અને માતાનું નામ મંગળાબેન દોશી હતું. અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ. સુધીનો અભ્યાસ કરીને ઇ.સ. ૧૯૫૪થી જેગડવા પ્રાથમિક શાળા, જોરાવરનગર કોમ્પોજીટ પ્રાથમિક શાળા, એન.ટી.એમ. હાઇસ્કૂલ ખાતે શિક્ષક તરીકે નોકરીમાં જોડાયા અને છેલ્લે ઇ.સ. ૧૯૯૪માં નાયબ ચીટનીશની પદવી પરથી વય મર્યાદાનાં કારણે નિવૃત્ત થયાં હતાં.

તેમણે આશરે ૩૦૦ ઉપરાંત પુસ્તકો પ્રસિધ્ધ કર્યાં. જેમાં બાળસાહિત્ય તેમજ ગણિત વિષયનાં સૌથી વધારે પુસ્તકો લખ્યા છે. પ્રવીણ પ્રકાશન, નવભારત પ્રકાશન, ગુર્જર સાહિત્ય પ્રકાશન તેમજ ગુજરાતી સાહિત્ય અકાદમીનાં આર્થિક સહયોગથી પણ તેમણે ઘણા બધા પુસ્તકો પ્રસિધ્ધ કર્યા છે. તેમનાં સાહિત્ય સર્જનમાં બાળવાર્તા, બાળગીતો, નાટકો, અંગ્રેજી ભાષામાં બાળ સાહિત્ય વગેરે સાથે સાથે વિજ્ઞાન વિષયક પુસ્તકો પણ લખ્યા છે. તેમનાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરથી ૬ પુરસ્કારો પ્રાપ્ત થયાં છે. ગુજરાતનાં ગણમાન્ય સમાચાર પત્રો તેમજ સામયિકોમાં પ્રભુલાલ દોશીની રચનાઓ અવારનવાર પ્રસિધ્ધ થતી હતી.

આકાશવાણી પરથી પણ તેમનાં બાળસાહિત્યની રચનાઓ સમયાંતરે પ્રસારિત થતી રહે છે. એક જ મૂળાક્ષર પરથી બનેલા શબ્દોમાંથી સળંગ નાનકડી અને સરસ વાર્તાઓ લખવાનો આગવો પ્રયોગ પ્રભુલાલ દોશીએ કર્યો હતો. આવી વાર્તાઓનું સર્જન કરવું કેટલું અઘરૂં છે તે પ્રયત્ન કરનારને જ ખબર પડે.

બાળ સાહિત્ય ઉપરાંત ગણિત વિષયનાં આશરે ૫૦થી પણ વધુ પુસ્તકો તેમજ વિજ્ઞાન વિશેનાં પુસ્તકો પણ તેમણે લખ્યાં છે. ગણિતમાં 'ગણિત કરાવે ગમ્મત', 'ગણિતનાં રસગુલ્લા', 'ગણિતનાં ગતકડાં', "Amusement form Mathematics', 'ગણિતમાં કાબેલ બનો', 'ગણિત સાપ સહેવું છે', 'ગણિતમાં સંખ્યાઓની સરગમ', 'ગણિતની મોજ માણો', 'ગુણાકાર-ભાગાકારની કરામતો', 'ભાગાકાર નવનીત', 'ગણિત-ગંગા', 'અંકોના અલકમલકમાં' વગેરે પુસ્તકો તેમજ

બાળવાર્તાનાં ૮૦થી પણ વધારે પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત લઘુકથા, અપરાધ કથાઓનાં પુસ્તકો પણ તેમણે લખ્યા છે. મોટેરાઓ માટે કાવ્યો અને મુક્તકો પણ લખ્યા છે. અંગ્રેજી ભાષાનાં શબ્દો કયાંથી આવ્યા તે વિષેની માહિતી આપતા બે દળદાર શબ્દકોષ લખ્યા છે. એ સિવાય અંગ્રેજી ભાષામાં બાળવાર્તાઓનાં પણ પુસ્તક પ્રભુલાલ દોશીએ લખ્યાં છે.

પ્રભુલાલભાઈની એક ખાસ વિશિષ્ટતા એ હતી કે તેઓ હંમેશા ચાલતાં ચાલતાં નીકળતા ને હાથમાં એક થેલી રાખતા જેમાં છેલ્લે પ્રકાશિત થયેલા પુસ્તકો હોય જ..! ને રસ્તામાં જાણીતા શિક્ષક મળે એટલે ઊભા રહે, ખબર અંતર પૂછે અને થેલીમાંથી ૨-૩ પુસ્તકો કાઢે, તેમાનાં નવા પ્રયોગ, નવા વિચાર કે નવીન રચનાને પુસ્તક ખોલીને બહુ સહજ રીતે સમજાવે. જાણે હાલતો ચાલતો કેળવણીનો ખંડ...! પછી એ ૨-૩ પુસ્તકો શિક્ષકને ભેટ આપી સંતોષ અને પ્રસન્ન મુદ્રાએ આગળ ચાલવા લાગે. ઝાલાવાડનાં ગૌરવ સમાજ પ્રભુલાલ દોશીનું અવસાન ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ થયું.

Shree Zaverchand Meghani

**District Institute of Education and Training (DIET)**
**Surendranagar**

**✱ VISION ✱**

Provide leadership In Assuring Qualitative Development And Stimulating Innovation In The Field of Elementary Education

**✱ MISSION ✱**

- Trai the elementary teachers through the qualitative training and academic resource.
- Achieve and promote excellence in training and research.
- Uphrade the elementary schools with knowledge emerging education technologies.
- Promote the inservice field interaction and innovation in elementary schools at grass root level.
- Contribute to development of quality learning materials for elementary education.
- Provide leadership in innovating pre-service elementary teacher training.

## પૂ. ગાંધીજીના લાકડાં, ગિજુભાઈ બધેકાના શિષ્યા, મોન્ટેસરી પધ્ધતિના હિમાયતી બાળ કેળવણીકાર : કુ. શાંતાબહેન ચૂડગર

વઢવાણ શહેર બે ભગિનીઓ થકી શોભાયમાન-દેદીપ્યાન હતું. એક શ્રી અરૂણાબેન દેસાઇ અને બીજા શ્રી શાંતાબેન ચૂડગર. શ્રી અરૂણાબેન સ્ત્રી કેળવણી માટે ઝઝૂમ્યાં. જ્યારે શ્રી શાંતાબેન ચૂડગર બાળ કેળવણી માટે. શાંતાબેન ચૂડગરનો જન્મ વાણિયા જ્ઞાતિમાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના રંગપુર ગામે તા. ૨૩-૦૨-૧૯૨૩ ના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ત્રંબકલાલ અને માતુશ્રીનું નામ જીવતીબેન હતું. છેલ્લા સાંઇઠ વર્ષથી બાલપ્રવૃત્તિઓ અને શિક્ષણકાર્ય કરતાં હતાં.

શાંતાબેન ચૂડગર મુછાળી મા ગિજુભાઈ બધેકાના શિષ્યા હતાં. રાજકોટ ખાતે શ્રી ગિજુભાઈના સાનિધ્યમાં બાળ કેળવણીના પાઠ શીખ્યાં. આ પાઠને જીવનમંત્ર બનાવ્યો. મોન્ટેસરી પધ્ધતિથી આજીવન શિક્ષણકાર્ય કરાવતાં રહ્યાં. વઢવાણ શહેરમાં રાષ્ટ્રીય શાળાના ઉપક્રમે તા. ૨૧ ફેબ્રુઆરી ૧૯૨૫ માં આ બાલમંદિરનું ઉદ્‌ઘાટન મહાત્મા ગાંધીજીના વરદ હસ્તે થયેલું. આઝાદી પહેલાં ઇ.સ. ૧૯૨૫ થી ૧૯૪૮ દરમ્યાન મોન્ટેસરી પધ્ધતિની શિક્ષણ પધ્ધતિ દ્વારા બાલમંદિર ધમધમતું હતું. જેમને મુછાળી માંનું બિરૂદ આપવામાં આવેલ હતું, તેવા બાળ કેળવણીકાર શ્રી ગિજુભાઈ બધેકાના માર્ગદર્શન પ્રમાણે આ બાલમંદિરમાં કાર્ય થતું હતું. વઢવાણના પ્રજાવત્સલ રાજવી શ્રી જોરાવરસિંહજીએ પોતાના યુવરાજ પુત્ર શ્રી સુરેન્દ્રસિંહજીના જન્મદિન મુબારક માટે બાલમંદિરને સ્ટેટ હસ્તક લીધેલું. આ બાલમંદિરમાં કુ. શાંતાતાઇ ઇ.સ. ૧૯૩૯થી બાળસેવા અને શિક્ષણ માટે જોડાયેલાં.

બાલમંદિરમાં બાળકોને તેડી લાવવા માટે શાંતાતાઇ તેડાગર બહેનની પણ ભૂમિકા ભજવતાં હતાં. વઢવાણની શેરીઓમાં ઘેર ઘેર જઇને બાળકોને પોતાની કાંખમાં તેડી બાલમંદિરમાં લઇ આવવાનું ભગીરથ કાર્ય કેમણે કરેલું. બાળકોને શિક્ષણ આપવા માટે જ થઇને તેઓએ આજીવન લગ્ન નહીં કરવાનો નિર્ણય કરેલો. વઢવાણ શહેરના બાળકોને બાલમંદિરમાં લઇ આવા માટે વઢવાણ સ્ટેટ તરફથી સિગરામની પણ વ્યવસ્થા હતી. આ બાલમંદિરમાં તેના શારીરિક અને માનસિક

ક્ષમતામાં વધારો થાય તેવો સાત્ત્વિક અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવતો હતો. રાષ્ટ્રને એક ઉમદા નાગરિક પ્રાપ્ત થાય તે માટેના ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવામાં આવતું હતું. જેમાં બાળક ઘડતર-ચણતર-ગણતર એટલે કે કેળવણી પામીને જાય, નહીં કે પાઠ્યક્રમ. બાલમંદિરનો અભ્યાસક્રમ સંપૂર્ણતઃ મોન્ટેસરી પધ્ધતિ પ્રમાણેનો જ ચલાવવામાં આવતો હતો. આ બાલમંદિરમાં બાલસાહિત્ય, કિશોરકથાઓ, રમતગમતના સાધનો વિપુલ પ્રમાણમાં હતાં.

જીસીઇઆરટી, ગાંધીનગર પ્રેરિત ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આયોજિત શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકનના ડાયેટકક્ષાના તાલીમવર્ગમાં વ્યાખ્યાતાશ્રીઓ દ્વારા વઢવાણ તેમના નિવાસસ્થાને કુ. શાંતાતાઇની મુલાકાત લેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. આ મુલાકાત વ્યાખ્યાતાશ્રીઓ માટે ચિરસ્મરણીય બની રહી હતી. પંચ્યાસી વર્ષની ઉંમરે તેમનામાં બાળકની જેમજ ખીલુખીલું કરતો ચહેરો, ભોળપણ, તરવરાટ અને નિખાલસતાના દર્શન આપણને થયા કરે. ગિજુભાઈ બધેકા સાથેના તેમના સંસ્મરણો જીવન શિક્ષણના માધ્યમથી વાગોળવા તેમજ તેમના વિચારોને વ્યાપક બનાવવા માટે મુલાકાત લેવાનું પ્રયોજન કરેલું પણ તે આપણા સોના માટે નસીબમાં નહીં હોય.

શાંતાબેન ચૂડગરના વિદ્યાર્થીઓ પૂર્વ ધારાસભ્યશ્રી નંદકિશોરભાઈ દવે, પર્યાવરણ પ્રેમીશ્રી ભવાનીસિંહ મોરી, જિલ્લાના ખ્યાતનામ સર્જન શ્રી ડૉ. પી.સી. શાહ મુખ્યત્વે હતા. બાળપ્રેમી થઇને આજીવન અવિવાહિત જીવન જીવીને પોતાની સમગ્ર જાત બાળકોના શિક્ષણ માટે સમર્પિત કરી દીધી હતી. ભાવનગરમાં આવેલ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભુવન જેવા જ બાલમંદિરની અનુભૂતિ વઢવાણમાં થતી હતી. આજે પણ વઢવાણના મેળાના મેદાન પાસે ઇતિહાસની તવારિખમાં પોતાની સાક્ષી પૂરતું આ ભવન આજે પણ ઊભું છે. છેલ્લા વઢવાણ દાજીપરા મધ્યે પોતાના નિવાસસ્થાને ફેફસાંના કેન્સરની બીમારીના પરિણામે સત્યાસી વર્ષની ઉંમરે તા. ૧૪-૧૨-૨૦૦૭ના રોજ નિર્વાણ પામ્યા. કુ. શાંતાતાઇના અવસાને બાલમંદિરના બાળક્રિડાંગણમાં સંભળાતો બાળકોના કિલકિલાટનો સૂર ઓગળી ગયો. ઝાલાવાડમાં બાળગીતોરૂપી વાગતી ઝાલર જાણે કે બંધ થઇ ગઇ. સૌ બાળપ્રેમીઓ વતી તેમની વિદાયને વંદન.

# એક કેળવણી નિરીક્ષકની આત્મકથા

**–પ્રાણજીવન આચાર્ય**

કોઇને થતું હોય છે કે વહેલા જન્મ્યા હોત તો સારૂં હતું, કોઇને એમ પણ થતું હશે કે થોડા મોડા જન્મ્યા હોત તો સારું હતું. પણ ક્યારે જન્મ લેવો એ આપણી પસંદગીનો પ્રશ્ન નથી. એટલે હું તો એમ સમજ્યો છું કે જે થયું તે ઠીક જ થયું હશે. જ્યારે મારા સમયની શિક્ષણની સગવડ અને આજની સગવડની સરખામણી કરૂં છું, ત્યારે એમ થાય છે કે આ દિવસોમાં જન્મ લેવાનું બન્યું હોત તો બીજું તો ઠીક પણ ઉચ્ચ શિક્ષણ તો લઇ શક્યો હોત.

આજે તો જેને ભાગ્યે જ શહેર કહી શકાય તેવાં કસ્બાનાં ગામોમાં પણ કૉલેજ છે. મારે જ્યારે કૉલેજ જવાનો વખત આવ્યો ત્યારે એટલે કે ૧૯૯૧માં સૌરાષ્ટ્રમાં બેજ કૉલેજ હતી. એક ભાવનગરમાં, બીજી જૂનાગઢમાં. વઢવાણ તરફના બધા વિદ્યાર્થીઓ 'ધન્યાસ્તે શામળી શાળા, ધન્યાસ્તે.... ગુરૂ' એમ કહીને જેને બિરદાવતા તે શામળદાસ કૉલેજમાં અભ્યાસ માટે જતા.

હું પણ ભાવનગર ભણવા માટે ગયો. મેટ્રિક પાસ થયા પછી આગળ શું કરવું ? કૉલેજમાં ભણવા જવું અગર તો નોકરી-ધંધે લાગી જવું, જો મળી જાય તો. ભાવનગર જેટલે દૂર ભણવા જવું હોય તો ગાંઠે નાણું જોઇએ જે મારી પાસે તો હતું નહીં. પણ જો મારા મિત્રો જાય તો હું કાં ન જાઉં ? વિધવા માતા ફીના પૈસા, વીશીના પૈસા અને ભાવનગર ચાર વખત આવવા-જવાના પૈસા ક્યાંથી કાઢશે, એ વિચાર ન કર્યો અને અમારા યજમાન રૂગનાથજી સલાટ પાસેથી ચાલીસ રૂપિયા વ્યાજે લઇ હું ભાવનગર જવા ઉપડી ગયો.

ચાલીસ રૂપિયામાં ભાવનગર પહોંચાય, કૉલેજ ફી ભરી શકાય અને વીશીનું ખર્ચ પણ આપી શકાય (હોસ્ટેલમાં જમવાનો તો પ્રશ્ન હતો જ નહીં) તે કેટલું અઘરૂં છે તેની ખબર પડતાં ઝાઝો વખત ન લાગ્યો અને ત્રણ માસમાં જ કૉલેજને રામ રામ કરી પાછો આવતો રહ્યો અને નોકરીની શોધ શરૂ કરી.

જે શાળામાં નોકરી મળી શકે એવું કદી, કોઇ કહે તો પણ હું ન માનું એવી વઢવાણ કેમ્પની તાલુકદારી ગિરાશિયા સ્કૂલમાં મને છેલ્લા આસિસ્ટન્ટની નોકરી મળી ત્યારે જાણે કે બહુ ભારે નોકરી મળી છે એવું મને લાગ્યું હતું. પગાર તો જોકે રૂ. ૧૫ + ૪ રૂપિયા મોંઘવારી અને પાંચ રૂપિયા ઘરભાડું મળી રૂપિયા આખા ચોવીસ મળતા,

પણ મિત્રોને કહેવાય તો ખરૂંને કે કુંવરોની કૉલેજમાં માસ્તર છું.

વઢવાણ કેમ્પની તાલુકદારી ગિરાશિયા સ્કૂલને વઢવાણમાં બધા કુંવરડાની કૉલેજ તરીકે જ ઓળખતા અને નાના હતા અને હાઇસ્કૂલમાં ભણતા ત્યારે કોઇ કોઇ વાર આ કુંવરોની કૉલેજના ગ્રાઉન્ડ પર ક્રિકેટની મેચ રમાતી તે જોવા જતા, અમારી દાજીરાજ હાઇસ્કૂલમાં તે માટે અર્ધો દિવસની રજા પડતી. વઢવાણથી ચાલીને કૉલેજના ગ્રાઉન્ડને છેડે જઇને અમે બેસતા. કોઇ કહે કે 'આ રાજકોટ દરબાર લાખાજીરાજ રમે છે' તો કોઇવાર માંગરોળના નવાબ રમે છે એવું કહે અને સમજતા ઓછું હોય પણ મેચ જોવા જવાનું અમે ચૂકતા નહીં. એ દિવસોમાં આ સ્કૂલ આ કૉલેજ માટે જે છાપ પડી હતી તે એવી હતી કે સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરવાનું મળે તેને હું મારૂ સદ્‌ભાગ્ય ગણતો થઇ ગયો.

આ સ્કૂલમાં મને નોકરી મળી કેવી રીતે ? મને મારી દાજીરાજ હાઇસ્કૂલના હેડ માસ્તર શ્રી કે.એન. શાહે બહુ સારો ભલામણ પત્ર લખી આપ્યો હતો તે પત્ર નોકરી મળવાનું એક કારણ હતું એમ માનું છું અને બીજું કારણ એ હશે કે જ્યારે ઈન્ટરવ્યુ માટે મને બોલાવવામાં આવ્યો ત્યારે યુરોપીયન પ્રિન્સિપલ શ્રી રોબર્ટસે પૂછેલું Do you play games ? ત્યારે એના જવાબમાં મેં કહ્યું હતું કે હું ક્રિકેટ રમું છું. ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો ત્યારે વેકેશન હતું તેથી હું કેવુંક ક્રિકેટ રમી શકું છું એની કસોટી તો સાહેબ કરી શકે એમ હતા નહીં એટલે મારી વાત તેમણે માની લીધી હોવી જોઇએ, તેથી અથવા શિક્ષકની નોકરી માટે ઝાઝા ઉમેદવાર ન હોય તેથી પછી મારે એ શાળાથી જ મારા શિક્ષક તરીકેના વ્યવસાય પ્રારંભ કરવાનું મારા નસીબમાં લખાયું હશે તેથી મને નિમણૂંક મળી અને ઊઘડતી સ્કૂલે ગિરાશિયા સ્કૂલના શિક્ષકે પહેલાં જોઇએ તેવા કપડાં નવા સિવડાવેલા પહેરીને હું હાજર થવા ગયો.

પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું મારે પહેલે જ દિવસે થયું. સ્કૂલના હેડ માસ્તરથી મૂળજીભાઈ ચતુરભાઈ પટેલ (જે પાછળથી રાજકોટની હંટર ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ થયા હતા.) મારો નિમણૂંકનો હુકમ જોઇ, શિષ્ટાચાર પૂરતો રોબટર્સ સાહેબ પાસે મને મળવા માટે મોકલ્યો. હું સાહેબના બંગલે ગયો અને જેને મળવું હોય તેને શોધતા જે ઓરડામાં તે હોય તે ઓરડા સુધી પહોંચી જઇએ એમ બંગલામાં નીચે કોઇને ન જોયા તેથી મેડા પર જવા દાદર ચડવા માંડ્યો : અર્ધે રસ્તે મિસિસ રોબટર્સ મળી ગયા અને મને ઉપર જતો જોઇ લગભગ ચીસ પાડતાં એ ઉપર દોડી ગયા. શું થયું અને શા માટે એ ઉપર દોડી ગયાં તેનો વિચાર કરતો હું ત્યાં હતો ત્યાં જ થંભી ગયો.

ત્યાં રો રોબટર્સ સાહેબ આવ્યા, મારો હાથ તેમણે પકડ્યો અને લગભગ ધસડીને મને નીચે લઇ ગયા અને પછી મને પૂછ્યું: "Whay were you Sauntring in my house ?"

હું મેટ્રીક પાસ થયો હતો એ સાચું, પણ એનો અર્થ એવો થોડોજ હતો કે યુરોપિયન બોલે તે સમજી શકું અને અંગ્રેજીમાં જવાબ આપી શકું ? વળી Saunter શબ્દ તો મારા વાંચવામાં કદી આવ્યો જ નહોતો, તેથી જો જવાબ આપવાનો પ્રયત્ન કરીશ તો વધારે બફાઇ જશે એમ સમજી મેં મારો નિમણૂંકનો પત્ર જ માત્ર તેમની સામે ધર્યો, એટલે Follow me કહી સાહેબ આગળ ચાલ્યા, હું તેમની પાછળ ગયો અને તેમણે મને મૂળજીભાઈને સોંપી દીધો. મને લાગે છે કે સાહેબે છ મહિના રાહ જોવાને બદલે તેજ દિવસે મારી નિમણૂંકનો પત્ર રદ કર્યો હોત : પણ તેમ ન કર્યું અને તે દિવસથી શિક્ષણના ધંધામાં મેં પ્રવેશ કર્યો.

પણ શું ખરેખર તે દિવસે મેં શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો ખરો ? આવો પ્રશ્ન તે દિવસે થયો ન હતો. આવું તો છેક ત્રણ ચાર વર્ષ પછી મારી જાતને પૂછવા જેવું લાગેલું. શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ કરવા આડે હજુ ત્રણેક વર્ષ બાકી હતાં. વઢવાણમાં રાષ્ટ્રીય શાળા શરૂ થવાની હતી, ચિમનભાઈ વૈષ્ણવ જેવા આચાર્ય નીચે કામ કરવાનું હતું અને ત્યાં શિક્ષણના ધંધાની થોડી જાણકારી મળવાની હતી. પણ એને તો હજુ વાર હતી અને તે દિવસ તો એની મને ખબર પણ ક્યાં હતી ? આજે એમ કહી શકું કે તાલુકાદારી ગિરાશિયા સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયો ત્યારે મને નોકરી મળી એટલો જ અર્થ હતો.

વીસ વર્ષની મારી ઉંમર હતી. મેટ્રિક પાસ થવા માટે જે પુસ્તકો વાંચવા જ પડે તે સિવાય બહુ ઓછાં પુસ્તકો વાંચ્યા હતા. જેને સામાન્ય જ્ઞાન કરીએ તેવું ખાસ સામાન્ય જ્ઞાન મળ્યું ન હતું. જે પ્રાથમિક હાઇસ્કૂલમાં પણ ચૂડગર સાહેબ એકલા જ ટ્રેઇન્ડ શિક્ષક હતાં એટલે ટ્રેઇન્ડ શિક્ષકની ભણાવવાની પધ્ધતિમાં તફાવત હોય તેની કોઇ ગતાગમ ન હતી. હાથમાં ચોપડી લઇને વર્ગ સમક્ષ વાંચવું તેને ભણાવવું કહેવાય એવી કાંઇક કલ્પના હતી.

વર્ગમાં ગયો ત્યારે જે ખુરશી જોઇ તેનાથી મને વહેલું આશ્ચર્ય થયું. એ ખુરશી બેસવા કરતાં વર્ગના આભૂષણ માટે હોય તેવી લાગતી હતી. જો બેસવું જ હોય તો એક બે પગથિયા ચડવા પડે તેવી એ ખુરશી હતી. વર્ગ છૂટતાં પાસેના વર્ગમાં જે શિક્ષક હતા તે જમનાદાસ ચટ્ટને મારા અચંબાની વાત જ્યારે મેં કહી ત્યારે આ ભલા શિક્ષકે

વડીલની જેમ મને સમજાવ્યું, 'ભણાવતી વખતે શિક્ષકે બેસવાનું નથી હોતું. એટલે એમજ સમજોને કે ખુરશી બેસવા માટે નહીં પણ વર્ગ ખંડ કાંઇક બાંડો ન દેખાય તે માટે રાખી છે.' શિક્ષકશાસ્ત્રનો મારા માટે આ પહેલો પાઠ હતો.

સ્કૂલમાં મુળજીભાઈ પટેલ જેવા આચાર્ય હતા. હરીલાલ મહેતા અને તનસુખરાય ઓઝા તેમજ જમનાદાસ ચટ્ટ જેવા શિક્ષકો હતા એટલે ભણાવવામાં તો આવતું જ હશે પણ છાપ એવી પડેલી કે ત્યાં ભણાવવા કરતાં વધુ ધ્યાન બીજી બાબતો પર આપવામાં આવતું. ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ, હોકી જેવી રમતો વિદ્યાર્થીઓને આવડવી જોઇએ. બંદૂકથી નિશાન લેતા આવડવું જોઇએ. સવાર-સાંજ Good Morning અને Good Night કહેવાની ટેવ પડવી જોઇએ. આ બધી બાબતોને ત્યાં પ્રાધાન્ય મળતું.

અઠવાડિયે એક દિવસ વારાફરતી દરેક શિક્ષકને હોસ્ટેલ ડ્યુટી આવતી. સવારે વહેલા અંધારામાં શિક્ષકે સ્કૂલ પર પહોંચી જવું પડે. રોલકોલનો ઘંટ વાડે તે પહેલાં હાજર થવાનું ને રાતના દસ વાગ્યા સુધી શાળામાં જ રહેવાનું. વચ્ચે એક કલાક કુમાર સાહેબોને ભોજન લેવાનું હોય તે દરમ્યાન શિક્ષક ઘેર જઇને જમી આવે. શિયાળામાં વહેલી સવારે ગામમાંથી ત્યાં જવું એજ ઘણી મોટી વાત હતી. મારી સાથે એક શિક્ષક હતા તેમનો ડ્યૂટીનો દિવસ આવે ત્યારે તેમના પિતાશ્રી તેમને છેક શાળા સુધી સવારે મુકી જતા. મને તો કોઇ મુકવા આવનાર હતું નહીં એટલે એ દિવસોમાં એ નિર્જન રસ્તા પર બીતો બીતો પહોંચી જતો.

આ ડ્યુટીનો દિવસ ભારે ત્રાસદાયક લાગતો. વિદ્યાર્થીઓની રૂમમાં કદી પગ ન મુકવો. વિદ્યાર્થી ક્યાંય બહાર ન જાય તેનું ધ્યાન રાખવું. ગેમ્સ વખતે હાજરી આપવી. આવું બધું કરવાનું આવતું પણ અહીં તો બધા તાલુકાદારોના સુપુત્રો હતા. એ બહાર નીકળી જ પડતા, તોફાન પણ કરતા અને એવું સાહેબના ધ્યાન પણ આવી જાય તો તે માટે ડ્યુટી પરના શિક્ષકને સાહેબ જવાબદાર ગણતા.

સાંજે ગેમ્સનો ઘંટ વાગે તે પહેલા જેની ડ્યુટી હોય તે શિક્ષકે સાહેબને બંગલે જવાનું, તે દિવસ કુમાર સાહેબોએ કઇ રમતો રમવાની છે તે પૂછવાનું અને ટાઇમ ટેબલમાં જોઇને સાહેબ જે કહે તેની જાહેરાત કુમાર સાહેબો પાસે કરવાની રહેતી. આમ તો બંગલે જવાનો જે અનુભવ પહેલે દિવસે થયો હતો તે યાદ રહી ગયો હતો. તેથી બંગલે જવાનું આવે તે ગમતું નહિ પણ ડ્યુટીનો દિવસ આવે ત્યારે ગયા વિના

છૂટકો ન હતો. એક દિવસ બંગલે પૂછવા ગયો, બહાર ઊભો રહ્યો, ખાંસી ખાધી, ઘણું કર્યું, પણ સાહેબ મહેરબાન બહાર ન પધાર્યા. ગેમ્સનો સમય થવા આવ્યો હતો. સમયસર ગેમ્સ શરૂ થાય તે જોવાની જવાબદારી પણ ડ્યુટી પરના શિક્ષકની ગણાતી. એટલે ના છૂટકે બોલીમાં ગેમ્સનું જે ટાઇમ ટેબલ હતું તેમાં જોઇને તે દિવસે જે રમતો રમવાનું લખ્યું હતું તે મુજબ મેં જાહેર કર્યું "Big boy's tennis, other cricker' પણ ત્યાં તો અક્કર ચકરમાંથી સાહેબ મહેરબાન નીકળ્યા અને બોલ્યા "No, boy boy's cricket, oters tennis.' મારી દશા વિદ્યાર્થીઓને જોઇ અને તેમને મજા પણ પડી. મને શું થયું તે મારૂં મન જાણે છે. તેજ દિવસે નોકરી ફગાવી દઇને નીકળી ગયો હોત તો મારૂં તો જે થવું હોય તે થાત પણ એ યુરોપીયન પ્રિન્સિપાલનો ઘમંડને તો યોગ્ય જવાબ મળી ગયો હોત, પણ એકલી હિંમત ન હતી.

સાહેબ મારા પર ગુસ્સામાં હતા તે હું જાણતો હતો. એને એમજ હતું કે મને અંગ્રેજી આવડતું નથી, તેથી મારા વર્ગમાં આવે ત્યારે પાસેના વર્ગમાં જે શિક્ષક હોય તેમને બોલાવી લાવે અને પોતે જે કહે તે પેલા શિક્ષક મને સમજાવે. એને કેવી રીતે કહું કે બીજા કોઇ શિક્ષકને લાવવાની જરૂર નથી ? પણ સત્ર પૂરૂં થતાં મને એ છૂટો જ કરવા માંગતા હતા તેથી આવું બધું કરતા હતા. મુળજીભાઈએ મને કહ્યું હતું કે મારે બીજે નોકરીની શોધમાં રહેવું એ મારા માટે જરૂરનું છે. તેથી મેં અરજીઓ કરવા માંડી હતી.

સત્ર પૂરૂં થયું એ દિવસોમાં એક બનાવ બન્યો અને સાહેબનો મારા પ્રત્યેનો વર્તાવ બદલાયો. એટલે સુધી કે મારે ચાલુ રહેવું હોય તો મને છૂટો કરવામાં નહીં આવે તેવું મને તેમણે કહેવરાવ્યું. પણ ત્યાં રહેવાની મારી ઇચ્છા જ ન હતી.

તાલુકદારી ગિરાશિયા સ્કૂલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ માટે એક સારી એવી પાર્ટી ગોઠવવામાં આવી હતી. એ પ્રિન્સિપાલ મી. સ્ટ્રીપ ઘણાં વર્ષો સુધી પ્રિન્સિપાલ તરીકે રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓની પ્રીતિ સંપાદન કરી હતી. તેથી પાર્ટીમાં જૂના ઘણા ખરા વિદ્યાર્થીઓ હાજર રહેવાના હતા. માત્ર તાલુકદારો જ નહીં, ધ્રાંગધ્રા રાજ સાહેબ અને બીજા રાજવીઓ પણ તે પાર્ટીમાં આવવાના હતા. આમ મિત્રો સિવાયના કોઇ દાખલ ન થાય તે જોવા શાળાના દરવાજે નિમંત્રણ કાર્ડ જોઇને આમંત્રિતોને આવવા દેવા તેનું નક્કી થયું. પણ પ્રશ્ન એ હતો કે એ કામ કરે કોણ ? કોઇ તૈયાર ન થયા તેથી મેં તે કામ સ્વીકાર્યું. રોબટર્સ સાહેબની ઇચ્છા એ કામ મને સોંપવાની ન હતી. એમને એમ હશે કે એ કામ હું નહીં કરી શકું. પણ હું લગભગ

મરણિયો થયો હતો. ગમે તેવો ચમરબંધી આવે તો પણ આમંત્રણ કાર્ય વિના દાખલ થવા નહીં દઉં એવું નક્કી કરીને જ હું દરવાજે ઊભો રહ્યો. વઢવાણ ઠાકોર સાહેબ આવવાના હતા. જેમની ભલામણને કારણે મને નોકરી મળી હતી તે મારા હેડમાસ્તર આવાના હતા. એમની પાસે પણ આમંત્રણ કાર્ડ માંગીશ ? આવું વિચારતો હતો ત્યાં ડૅપ્યુટી પોલિટીકલ એજન્ટની ગાડી આવી અને કાર્ડ પ્લીઝ કહીને હું આડો ઊભો રહ્યો. ડૅપ્યુટી પોલિટીકલ એજન્ટ જેવા અધિકારીને કાર્ય સાથે લેવા આવવાની જરૂર નહિ હોય, કોઇ તેમની પાસે કાર્ડ માંગશે તેવું તેમણે માન્યું નહીં હોય પણ કાર્ડની માગણી કરવામાં આવે છે તેવું તેમણે જોયું કે તુરત તેમણે ગાડી પાછી લેવરાવી. દરવાજે પોલીસ પાર્ટી હતી તે તો મને મદદ કરવા મુકવામાં આવી હતી, પણ મારી ફરજ આમ જડની જેમ બજાવતો જોઇ એ બધા ઉશ્કેરાઈ ગયા અને જો માળિયા દરબારના કુમાર જે મારા પાસે ઊભા હતા તેમની હાજરી ન હોત અને રોબટર્સ સાહેબ દોડતા આવી પહોંચ્યા ન હોત તો કદાચ પોલીસના જમાદારે તે દિવસે મને વ્યવહારૂ થવાનું શીખવવાનો તેની રીતે પ્રયાસ કરી લીધો હોત. રોબટર્સ સાહેબે ડેપ્યુટી સાહેબની ગાડીને પાછી વળતી જોઇ અને તે દોડી આવ્યા. મને શાબાશી આપી. ડેપ્યુટી સાહેબને જાતે જ જઇને બોલાવી આવ્યા અને પાર્ટી વખતે મને તેમની પાસે લઇ ગયા. એ દિવસથી એ કૂણા પડ્યા પણ મારે ત્યાં નોકરી કરવી જ ન હતી.

એ સ્કૂલમાં રહ્યો તે દરમ્યાન દર શનિવારે જે Punshiment bel ! વાગતો તે મને યાદ રહી ગયો હતો. શનિવારે ઘણું કરીને નવ વાગે ઘંટ વાગતો. બધા શિક્ષકો એ સાંભળીને શિક્ષણનું કામ બંધ કરીને તેમની પાસેના રજિસ્ટરમાં દરેક વિદ્યાર્થીઓને અઠવાડિયા દરમ્યાન માર્ક એટલે કે Counduct ના માર્ક પ્લસ અને માઇનસનો સરવાળો કરીને તૈયાર રાખે. આ પ્લસ અને માઇનસ કોઇપણ શિક્ષક વર્ગમાં રહેતી. એક વિદ્યાર્થીને જો પાંચ માઇનસ થઇ ગયા હોય તો એ વિદ્યાર્થી કોઇપણ શિક્ષક પાસેથી એને રીઝવીને એક પ્લેસ મેળવવા પ્રયત્ન કરતા. કેમ કે તે જાણતા કે દર પાંચ માઇનસે એક સોટીની શિક્ષા શનિવારે સહન કરવાની હોય છે. સાહેબ સોટી ધીમે મારતા એવું પણ ન હતું. રજિસ્ટરમાં જોઇ સાહેબ નામ બોલતા જાય અને વિદ્યાર્થી ઊભા થતા જાય અને સાહેબની સોટી હાથ પર પડે. કહેવાય ત્યારે કુમારો, તેમના ગામમાં જાય ત્યારે બધાના ઉપર રોફ મારી શકે પણ આ સ્કૂલમાં એક ગોરો પ્રિન્સિપાલ આવી રીતે શિક્ષા કરે અને કોઇ બરફ પણ ન કાઢે. આ સજામાંથી બચવા માટે આ કુમારો શિક્ષકોની જે ખુશામત કરતા તે જોઇ આ તે કેવી કેળવણી એવું હું

વિચારતો. આવી રીતે તૈયાર થયેલા કુમારો બીજાઓ પર જુલમ કરતા ન થઇ જાય તોજ નવાઇ કહેવાય.

ત્યાં મેં જોયું હતું કે કુમારો બીજી રીતે જોઇએ તો બુધ્ધિશાળી, લાગણીવાળા પણ હતા જ. આજે પણ દૂધરેજના કનુભા જે એક વખત કવોડ્રેન્ગુલર મેચમાં રમતા તે જ્યારે મળે છે ત્યારે હજુ જાણે મારા વિદ્યાર્થી જ હોય તેમ માન આપે છે. ઘોડાગાડીમાં જતા હોય અને મને જોઇ જાત તો ગાડી ઊભી રાખે. નીચે ઉતરે નીચા નમી નમસ્કાર કરે. કનુભા અપવાદરૂપ નથી.

જ્યાં એકવાર આવી કુમારોની શાળા ચાલતી ત્યાં આજે સુરેન્દ્રનગર જિલ્લાનું પોલીસ હેડક્વાટર્સ છે. દરવાજામાં દાખલ થતાં સામે ગોઠવાયેલી તોપ નજરે પડે છે, તે પણ વિધિની વિચિત્રતા જ હશે ને ?

સત્ર પૂરૂં થતાં મને ચિખલીની મિડલ સ્કૂલમાં ફારસીના શિક્ષક તરીકેની નિમણૂંક મળી અને ત્યાં જવા નીકળ્યો.

એવો એક નિયમ હતો કે શિક્ષક જે ગામમાં નોકરી કરતા હોય તે ગામમાં જ તેણે રહેવું જોઇએ. નોકરીના ગામથી બે માઇલ કરતાં વધારે દૂરના ગામે તેનું વતન હોય તો ત્યાંથી આવ-જા કરી શકે તેવી પરવાનગી આપવામાં આવતી લાલાજીનું ગામ ઝાલોદથી આઠેક માઇલ દૂર હતું. એમને પંદર દિવસ તેમના ગામ રહેવાની જરૂર પડી ત્યારે એમણે પંદર દિવસની રજાની માગણી કરી. શા માટે રજાની જરૂર છે એવું જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે રાતે તેમણે ઘેર રહેવું જ પડે એવા સંયોગો છે. રોજે રોજ શાળાએ આવી શકશો ખરા ? એવું પૂછવામાં આવતાં તેમણે હા પાડી એટલે તેમને અપવાદ દાખલ રોજ આવ-જા કરવાની પરવાનગી આપવામાં આવી અને આઠ માઇલ દૂરથી લાલાજી આવતા. ચાલીને આવતા ત્યારે પણ એક મિનિટ પણ મોડા નથી પડ્યા એ અમે જોયું હતું.

પ્રાથમિક શાળાના શિક્ષકને ટપાલવાળું ગામ મળે તે માટે શિક્ષકોને બધી જ મહેનત કરતા મેં જોયા છે. લાગવગ લગાડે, અમલદારોને રાજી કરવા જે કાંઇ કરી શકાય તેવું બધું કરે અને લાલાજી એવા હતા જેમણે ટપાલવાળા ગામની શાળાના હેડમાસ્તર તરીકે જવાની ના પાડી, કારણ કે ત્યાં તેમણે બ્રાન્ચ પોસ્ટમાસ્તર તરીકે કામ કરવું પડે. એ કહેતા કે ટપાલખાતું એક કલાકની કામગીરી માગે છે પણ શિક્ષકો મોટે ભાગે ટપાલનું જ કામ કરતા હોય છે અને શાળાના કામના ભોગે કરતા હોય છે. ટપાલ જ્યારે આવે અને એ તો શાળાના ચાલુ સમય દરમ્યાન પણ આવે ત્યારે શિક્ષક

શાળાનું કામ પડતું મૂકીને ટપાલનું જ કામ કરતા હોય છે. લાલાજી એવું કરવા તૈયાર ન હતા. થોડો વખત બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે તેમણે કામ કરેલું ત્યારે તેમણે અનુભવ થયેલો કે ટપાલનું કામ કરવા જતા શાળાના કામને હાનિ પહોંચે છે અને તેમણે તેથી જ્યાં ટપાલનું કામ કરવાનું ન હોય તેવા ગામે બદલી માગી. આવી બદલી માગનાર શિક્ષક એકલા લાલાજી જ હતા.

પ્રવાસમાં શિક્ષકોના ખર્ચે ના જવું તેવા પરિપત્રો હતા. પણ એનો અમલ ઘોઘારી સાહેબે જેટલો ચુસ્ત રીતે કરેલો મેં જોયો છે તેવો કોઇ અધિકારીએ કરેલો મેં જોયો નથી. આસિ. ડે. એજ્યુ. ઇન્સ. હતા ત્યારે પણ એજ રીતે અમલ તે કરતા. જ્યારે પ્રવાસમાં નીકળે ત્યારે સીધા સામાનની પેટી સાથે જ હોય, મીઠું, મરચું પણ સાથે હોય. શિક્ષકને કદી કાંઇ ખર્ચ કરવાનું હોય જ નહીં. તેમની સાથે પ્રવાસમાં હોઇએ ત્યારે તેમના જ રસોડે અમારે જમવાનું હોય.

એમનો અંગત રસોયો હતો તેના વિશે પણ મજાની વાત છે. નોકરીની શરૂઆતમાં એ તેમનો પટાવાળા તરીકે હતો. ઘોઘારી સાહેબની બદલી થતાં એ પટાવાળાએ રાજીનામું આવ્યું. શા માટે ? એને લાગ્યું કે ઘોઘારી સાહેબ જેવા અધિકારી પાસે નોકરી કર્યા પછી બીજા અધિકારી પાસે તેનાથી નોકરી નહીં થાય. ઘોઘારી સાહેબે તેને ઘણું સમજાવ્યો પણ તે ન માગ્યો - બસ તેમણે તેને પોતાના અંગત રસોયા તરીકે રાખી લીધો. સરકારી નોકરીમાં હોય અને તેને જે પગાર મળે તેટલો એને પગાર આપ્યો, સરકારી નોકરીમાંથી જ્યારે પેન્શન પર ઉતરવાનો વખત આવ્યો ત્યારે તેને પેન્શન બાંધી આપ્યું, અલબત્ત ફેર એટલો કે તેમ છતાં તેને રાખ્યો પોતાની સાથે જ, એની પાસેથી કામ લેવાનું બંધ કર્યું.

શાળા માટે મકાન ન હતું, રાચરચીલું ન હતું, કોઇ ફંડ ન હતું પણ એ બધી બાબતોનો વિચાર કરવા બેસીએ તેવી અમારી ઉંમર પણ ન હતી. એવા વિચાર કરવા બેસીએ તો વામણા લાગીએ એવી હવા મહાત્માજીએ ઊભી કરી હતી. મુનસર તળાવની પાસે એક મંદિર છે ત્યાં અમે શાળા શરૂ કરી. એ મિડલ સ્કૂલ હતી. પાંચમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓએ જ અસહકાર કર્યો હતો. જે ફી વિદ્યાર્થીઓ હાઇસ્કૂલમાં આપતા એ ફી તેમણે આ શાળામાં આપવા માંડી અને શાળા શરૂ થઈ. પહેલા દિવસથી જ વર્ગો ભરચક થઇ ગયા તે જોઇને અને કાંઇક તો લડતના ભાગ તરીકે શાળા શરૂ થઇ હતી તેથી ગામના લોકોને પણ શાળા પ્રત્યે લાગણી હતી એટલે અમારા યોગક્ષેમનો પ્રશ્ન મુશ્કેલ ન બન્યો.

રાષ્ટ્રીય શાળામાં અમે જે રીતે કામ કરતા તેમાં શૈક્ષણિક કોઇ દૃષ્ટિ હતી એવું નથી કહી શકતો પણ એટલું ચોક્કસ કહી શકું કે એમ.જે. હાઇસ્કૂલમાં અમે એટલી ધગશથી કદી કામ કર્યું હતું. ભણાવવાની પધ્ધતિમાં કાંઇ તફાવત ન પડ્યો પણ ભણાવવાની પાછળની ભાવનામાં તફાવત હતો જ. મજા પણ પડતી, અમને બધાને કામ કરવાનો સંતોષ પણ હતો. શાળાને ગુજરાત વિદ્યાપીઠની માન્યતા મળી.

આ દિવસોમાં જ વઢવાણમાં ફુલચંદભાઈએ એક બાળ શાળા શરૂ કરી હતી અને તેનો ધીમે ધીમે વિકાસ થતાં કુમાર શાળા અને વિનય મંદિર શરૂ થયા હતા. ચમનભાઈ વૈષ્ણવ, ડાહ્યાભાઈ જાની, વજુભાઈ દવે, પથુભાઈ ભાથી ભોગીભાઈ પરીખ, આચાર્ય જયંત અને અમૃતલાલ આચાર્ય વગેરે ત્યાં શિક્ષકો તરીકે જોડાયા હતા. ધર્મ પુસ્તકાલયમાં જેમણે કામ કર્યું હતું તેવા જ્યાં જ્યાં હોય તેમને બોલાવી લેવા એવો જાણે નિર્ણય કર્યો હોય તેમ મને પણ વિરમગામની શાળા છોડીને વઢવાણની રાષ્ટ્રીય શાળામાં જોડાઇ જવાનું નોતરૂં મળ્યું અને મેં તુરત સ્વીકારી લીધું : હર્ષપૂર્વક.

અમદાવાદમાં ભરાયેલી રાષ્ટ્રીય કોંગ્રેસ જોવા વિરમગામથી ગયો અને ત્યાંથી સીધો વઢવાણ જઇ રાષ્ટ્રીય શાળામાં જોડાઇ ગયો.

તે દિવસથી શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો એમ કહી શકું.

**-સાભાર- 'આવળનાં ફૂલ'**



# પુસ્તકાલયો

**રાષ્ટ્રીય પુસ્તકાલય-વઢવાણ**

આ પુસ્તકાલય મુખ્ય બજારમાંથી મોચીવાડના રસ્તે જતા જ આવેલું છે. રાષ્ટ્રીય પુસ્તકાલયની સ્થાપના આશરે દોઢસો વર્ષ પહેલાં થઇ હતી.

મોતીભાઈએ 'ધર્મ પુસ્તકાલય'ના નામથી વઢવાણમાં આ જ્યોત જલાવી. એમના અવસાન પછી ત્રંબકલાલ ગુલાબચંદ વોરાએ આ પુસ્તકાલય શિવા શુક્લની શેરીમાં ચલાવ્યું. એમના પછી ભુદરલાલ કસ્તુરચંદ વોરાએ નાથાવોરાની શેરીમાં આ પુસ્તકાલય ચાલુ રાખ્યું. 'વઢવાણ મિત્ર મંડળ' પત્રિકાના તંત્રી શ્રી પ્રાણલાલ વીરચંદ વોરાએ ઇ.સ. ૧૯૩૦ થી ૧૯૪૨ સુધી વઢવાણ યુવક સંઘની ઑફિસમાં 'ધર્મ પુસ્તકાલય' ચાલુ રાખ્યું.

શ્રી સુખલાલ ઓઘડદાસ શાહે માંડવીના ચોકમાં આ પુસ્તકાલયને ઇ.સ. ૧૯૪૫માં 'રાષ્ટ્રીય પુસ્તકાલય'નું નામ આપીને ચાલુ રાખ્યું. એમણે ફંડ કરીને નવા પુસ્તકો વસાવ્યા. છેલ્લે તેઓ વઢવાણ છોડીને સુરેન્દ્રનગર રહેવા ગયા. પછી પણ નિયમિત રીતે વઢવાણ આવીને આ પુસ્તકાલય ચલાવતા.

શ્રી સુખલાલના અવસાન પછી પણ કેટલાક ભાવનાશાળી અને સાહિત્ય શોખીન દ્વારા આ પુસ્તકાલય ચાલુ રખાયું છે. જે આજે પણ ચાલુ છે. સંચાલન ખાનગી ટ્રસ્ટ કરે છે. દર મહિને નવા પુસ્તકોની ખરીદી થાય છે. સુંદર અને સ્વચ્છ વહીવટ છે. આ ગ્રંથાલયમાં ૭૫૦૦ પુસ્તકો છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના પુસ્તકો છે. ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજવિદ્યા તેમજ રાજકારણ અંગેના પુસ્તકો તથા કિંમતી અને અમૂલ્ય સંદર્ભગ્રંથો આ પુસ્તકાલયમાં સંગ્રહીત છે.

## શ્રી સી.યુ. શાહ શબ્દલોક

સ્થાપના : ૧૯૮૨-૯૩

શ્રી મહંમદભાઈ માંકડ ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ બનતા સુરેન્દ્રનગરમાં તેમનું સન્માન યોજાયું. તે વખતે તેમણે કહ્યું, સુરેન્દ્રનગરમાં સાહિત્યની પ્રવૃત્તિ થાય તો સારૂં. તે વખતે સુરેન્દ્રનગરના સાહિત્ય પ્રેમીઓએ તેમની વાત સ્વીકારી અને આ દિશામાં વિચારવાનું શરૂ કર્યું તેમાં પૂજ્યશ્રી નાગજીભાઈ દેસાઇ, શ્રી નટુભાઈ મહેતા, શ્રી ભાનુભાઈ શુક્લ, ડૉ. પી.એન. ખારોડ, ડૉ. પી.સી. શાહ,

શ્રી ભૂપેન્દ્રભાઈ દવે, શ્રી ચંદ્રકાન્તભાઈ દોશી, શ્રી હસુભાઈ વોરા અને સાહિત્ય પ્રેમીઓના સહકારથી શબ્દલોક સંસ્થાની સ્થાપના થઇ. જેના સ્થાપક પ્રમુખ તરીકે શ્રી નાગજીભાઈ દેસાઇ, મંત્રી તરીકે નટુભાઈ મહેતા નટુભાઈ તેમજ ઉપરોક્ત સાહિત્ય રસિકોના શબ્દલોકના સભ્યપદે રહી મેળાના મેદાનમાં સુરેન્દ્રનગર નગરપાલિકાએ જમીન ફાળવતા ત્યાં અદ્યતન મકાન બનાવવામાં આવ્યું.

શબ્દલોકમાં લાયબ્રેરી શરૂ કરવામાં આવી. તે પહેલા સંસ્કાર સોસાયટીમાં શ્રી નટુભાઈ મહેતાના મકાનમાં ઉપરના હોલમાં ચાલતી હતી. તે શબ્દલોકનું નવું મકાન બન્યું, તેમાં ફેરવવામાં આવી. આ લાયબ્રેરીમાં સાહિત્યના પુસ્તકો મોટી સંખ્યામાં મંગાવવામાં આવ્યા. દરેક પ્રકારના મેગેઝીન મંગાવવામાં આવતા અને આ નવા મકાનમાં લાયબ્રેરી શરૂ થતાં સુરેન્દ્રનગરના લોકો માટે સાહિત્યપ્રેમીઓ માટે સુંદર વ્યવસ્થા ઊભી થઇ અને લોકો તેનો લાભ લેતા થયા.

આમાં સંસ્થામાં સાહિત્યને લગતા કાર્યક્રમો પણ યોજાવા લાગ્યા. ઘણા સાહિત્યકારોએ આ શબ્દલોક સંસ્થામાં પધારીને સુરેન્દ્રનગરના લોકોને તેમના જ્ઞાનનો લાભ આપ્યો. સમય જતાં તેના વિકાસ માટે શ્રી નાગજીભાઈ દેસાઇએ માનનીય શ્રી સી.યુ. શાહ પાસેથી રૂપિયા પાંચેક લાખનું દાન મેળવી સંસ્થા સાથે તેમનું નામ જોડ્યું અને સી.યુ. શાહ શબ્દલોક નામની સંસ્થાએ નવું ક્લેવર મેળવી પ્રવૃત્તિને વેગ મળ્યો. હાલમાં લાયબ્રેરી અને સાહિત્યની અન્ય પ્રવૃત્તિઓ ચાલુ છે.

**શબ્દલોકની અન્ય પ્રવૃત્તિઓ :**

સાહિત્યકારોને બોલાવી આ સાહિત્યને લગતા પ્રવચનો, વાર્તા સ્પર્ધાઓ, કાવ્ય પઠન અને સ્પર્ધાઓ સાહિત્યને લગતી પ્રવૃત્તિઓ આ સંસ્થામાં યથાય છે. આ સંસ્થા ઊગતા સાહિત્યકારોને ઘણું માર્ગદર્શન આપે છે.

## ઊર્મિસરોજ મહિલા અને જગદીશ ત્રિવેદી બાળ પુસ્તકાલય–સુરેન્દ્રનગર

**આરંભ તા. ૧૬-૬-૨૦૧૬**

૨૦, શારદા સોસાયટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગરના એક ઓડામાં ૨૫૦ પુસ્તકોથી મહિલાઓ માટે અને ૧૦૦ પુસ્તકોથી બાળકો માટે પુસ્તકાલયની શરૂઆત થઇ.

મહિલાઓ અને બાળકોનો ઉત્સાહ જોઇ ઊર્મિસરોજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જીનતાન ઉદ્યોગનગરના બગીચામાં પાકું મકાન ૨૦ ફૂટ દ ૭૦ ફૂટનો હોલ તથા સ્ટેજ

સાથે ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવ્યું નવા મકાનનું ઉદ્‌ઘાટન તા. ૨૩-૧૨-૨૦૧૯ સોમવાર સવારે થયું. અત્યારે (વર્ષ-૨૦૨૧માં) આ પુસ્તકાલયમાં ૨૦૦૦થી વધુ પુસ્તકો, મેગેઝીનો, ચાર મોટા રીડીંગ ટેબલ, ખુરશીઓ, છાપા રાખવાના સ્ટેન્ડ વગેરે જનતા માટે તદ્દન નિઃશુલ્ક છે.

અહીં બહેનોને તથા બાળકોને કોઇપણ જાતની ફી કે ડીપોઝીટ લીધા વગર પુસ્તકો વાંચવા માટે આપવામાં આવે છે. તદુપરાંત પરીક્ષાર્થી બહેનો પોતાની પરીક્ષાલક્ષી તૈયારી પણ આ ગ્રંથાલયમાં કરે છે.

સમયાંતરે મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે રંગોળી, મહેંદી, વાનગી અને કેશગૂંથણ જેવી સ્પર્ધાઓના આયોજનો થાય છે. ઉપરાંત બાળકોને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર, લીંબુ ચમચી, ફ્રોગરેસ (દેડકા દોડ) અને કોથળાદોડ જેવી સ્પર્ધાઓના આયોજન થયા છે. ઊર્મિસરોજ ટ્રસ્ટ તરફથી પ્રોત્સાહક ઇનામો પણ આપવામાં આવે છે.

આ ગ્રંથાલયમાં નવલકથાકાર દેવશંકર મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત ખ્યાતનામ સાહિત્યકારોના પ્રવચન યોજવામાં આવે છે, જેનો લાભ આ વિસ્તારનાં તમામ સાહિત્યરસિકો નિઃશુલ્ક લઇ શકે છે. આ પુસ્તકાલયના પટાંગણમાં પુસ્તક વિમોચન, સાહિત્ય સંગોષ્ઠી અને કવિ સંમેલન જેવા કાર્યક્રમો સમયાંતરે ગોઠવવામાં આવે છે.

**શ્રી જોરાવરસિંહ પુસ્તકાલય :**

આ પુસ્તકાલય મસ્જિદ ચોકમાં દેના બેંક સામે આવેલું છે. આ પુસ્તકાલયનું નામ જોરાવરસિંહજીના નામ પરથી રાખવામાં આવેલું છે. જેનું સંચાલન નગરપાલિકા કરે છે. આ પુસ્તકાલયના હાલના ગ્રંથપાલ મહાવીરસિંહ જાડેજા છે. આ પુસ્તકાલયમાં ૧૩,૯૩૩ પુસ્તકો છે અને તેના સભ્યો ૪૧૪ છે.

**લુકાસ લાઇબ્રેરી–ખારાઘોડા :**

પુસ્તકો માનવીના સાચા માર્ગદર્શક અને ગુરૂ છે. એ બધા જાણે છે, પરંતુ ડિઝિટલાઇજેશનના આ જમાનામાં માધ્યમનું સ્વરૂપ બદલાતા લોકો કોમ્પ્યુટરની નજીક અને પુસ્તકોથી દૂર થતા જાય છે. લોકોના ઘરોમાં પહેલાની જેમ પુસ્તકોથી શોભતા કબાટો હવે ઓછા જોવા મળે છે. ત્યારે લાઇબ્રેરીઓની દશા પણ મુરતિયાઓની રાહ જોતી સોળ શણગાર સજીને બેઠેલી કન્યાઓ જેવી છે. આજે

લાયબ્રેરીઓ ઘણી છે, પણ એમાં સચવાયેલા અમૂલ્ય પુસ્તકોના ડોકિયું કરનારા હવે નથી મળતા. આ વાતને સ્વીકારવી પડે એવો ઇતિહાસ નવાગામ ખારાઘોડામાં આવેલી લુકાસ લાઇબ્રેરીનો છે. કચ્છના નાના રણની કળા, સંસ્કૃતિ અને લોકજીવનની ઝીણામાં ઝીણી અભ્યાસ નોંધોને સંઘરીને બેઠેલી આ લાઇબ્રેરીની સ્થાપના ૧૯૧૦માં લુકાસ નામના અંગ્રેજ અધિકારીની યાદમાં કરવામાં આવેલી. વિશાળ સેન્ટ્રલ હોલ અને પૂરતા હવાઉજાસ વચ્ચે અહીં કેટલાક પુસ્તકો સ્ટીમર દ્વારા લાવવામાં આવ્યા હતા. એ સમયે બધા પુસ્તકો અંગ્રેજીમાં હતા, પણ પછી એમાં ગુજરાતી ભાષાના ઘણા પુસ્તકોનો પણ સંગ્રહ કરાયો હતો. આ વિસ્તારમાં અંગ્રેજોએ મીઠાનો વેપાર ચાલુ કર્યો એ પૂર્વે વિલિયમ્સ નામના અધિકારીએ આ વિસ્તારનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો અને 'વિલિયમ્સ ઓથર' નામનું પુસ્તક લખ્યું છે. જે અહીં સચવાયેલું છે. હાલમાં હિન્દુસ્તાન સોલ્ટ નામની કંપની આ પુસ્તકાલયની દેખરેખ રાખે છે. પણ 'ખાટલે મોટી ખોટ' કહેવતની માફક જે લાઇબ્રેરીમાં પ્રવેશવા એક જમાનામાં લાઇનો લાગતી ત્યાં આજે રોજના માંડ બે-ચાર પુસ્તક શોખીનો જ આવે છે. અજોડ ઇતિહાસ અને સંસ્મરણો સાચવીને બેઠેલી આ શતાયુ લાયબ્રેરી વાચકો, ઇતિહાસવિદ્દો અને કલારસિકોને યાદ કરી રહે છે.



| ક્રમ | ગામ | પુસ્તકાલયનું નામ | સ્થાપના તારીખ | પુસ્તકની સંખ્યા (વર્ષ ૨૦૨૧માં) | પુસ્તકાલયના સભ્યોની સંખ્યા (વર્ષ ૨૦૨૧માં) | સંચાલન કરતી સંસ્થા | હાલનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરેન્દ્રનગર | જવાહરલાલ નહેરૂ સાર્વજનિક પુસ્તકાલય | આશરે ૧૦૦ વર્ષ જુની | ૩૨૦૦૦ | ૫૦૦ થી વધુ | નગરપાલિકા | ટાવર પાસે, સુરેન્દ્રનગર |
| ૨. | સુરેન્દ્રનગર | સરકારી જિલ્લા પુસ્તકાલય | ૦૧-૦૬-૧૯૫૫ | ૫૨૦૦૦ | ૩૫૦૦ | રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગ્રંથાલય ખાતું | સી.જે. હૉસ્પિટલ સામે, સુરેન્દ્રનગર |
| ૩. | જોરાવર-નગર | લહેરચંદ કુંવરજી પુસ્તકાલય | ૨૬-૦૫-૧૯૪૩ | ૧૯૩૬૬ | ૨૩૫ | નગરપાલિકા | રામજી મંદિર પાસે, પાણી ની ટાંકી પાસે, જો.નગર |
| ૪. | વઢવાણ | જોરાવરસિંહજી પુસ્તકાલય | ૧૮૭૮ | ૧૩૯૩૩ | ૪૧૪ | નગરપાલિકા | શ્રીનાથજી ચોક, મુખ્ય બજાર, વઢવાણ |
| ૫. | સાયલા | પૂ.શ્રી દેવચંદ્રજી સાર્વ. પુસ્તકાલય-વાંચનાલય | ૩૧-૧૦-૧૯૬૧ | ૧૩૦૦૦ આશરે | ૨૫-૩૦ | ખાનગી ટ્રસ્ટ | વિહત ચોકની બાજુમાં, મેઇન બજાર, સાયલા |

| ક્રમ | ગામ | પુસ્તકાલયનું નામ | સ્થાપના તારીખ | પુસ્તકની સંખ્યા (વર્ષ ૨૦૨૧માં) | પુસ્તકાલયના સભ્યોની સંખ્યા (વર્ષ ૨૦૨૧માં) | સંચાલન કરતી સંસ્થા | હાલનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૬. | ચોટીલા | સરકારી તાલુકા પુસ્તકાલય | ૦૬-૧૨-૧૯૯૯ | ૮૯૮૪ | ૧૫૦૨ | રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગ્રંથાલય ખાતુ | મેઘાણી સ્મારક સામે, ચોટીલા |
| ૭. | ધ્રાંગધ્રા | જશવંતસિંહજી સરકારી તાલુકા પુસ્તકાલય | ૩૧-૦૧-૧૯૦૧ | ૨૬૭૭૮ | ૩૩૭૦ | રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગ્રંથાલય ખાતુ | તાલુકા પંચાયત પાસે, ચરમાળિયા કેમ્પસ ધ્રાંગધ્રા |
| ૮. | લીંબડી | શ્રી દેવચંદ્રજી સાર્વ. પુસ્તકાલય | ૧૯૪૬ | ૧૪૨૦૦ | ૭૮૩ | રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગ્રંથાલય ખાતુ | પાંજરાપોળની બાજુમાં, પુલ પાસે, કંસારા બજાર સામે, લીંબડી |
| ૯. | પાટડી | સરકારી તાલુકા પુસ્તકાલય | ૦૮-૦૩-૧૯૯૦ | ૧૧૩૦૦ | ૪૯૬ | રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગ્રંથાલય ખાતુ | કોમર્શીલય સેન્ટર, બીજા માળ, ગાડી દરવાજા પાસે પાટડી |
| ૧૦. | લખતર | લખતર તાલુકા પુસ્તકાલય | ૦૪-૦૮-૨૦૦૬ | ૨૨૦૦૦ | ૭૦૦ | ડિસ્ટ્રીક્ટ લાયબ્રેરી | સહયોગની બાજુમાં, અમદાવાદ હાઇવે, લખતર |

# નઇ તાલીમ સંસ્થાઓ

**પ્રસ્તાવના :**

અંગ્રેજ સરકારે શરૂ કરેલા અંગ્રેજી શિક્ષણનાં ભયાનક અનિષ્ટોએ આપણા દેશનાં કેટલાંક જાગૃત કેળવણીકારોને વિચાર કરતા કરી મૂક્યા. હિંદની યુવાપેઢીને એ અનિષ્ટોમાંથી બચાવી લેવા અને આપણી પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરાના ઉદ્દાત સંસ્કાર વારસાના જતન માટે એમને રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા થઇ.

આપણે જેની વાત કરીએ છીએ તે 'નઇ તાલીમ'ના મૂળ આ રાષ્ટ્રીય શિક્ષણના વિચારોમાં પડ્યા છે. ગાંધીજીના ભારત આગમન પૂર્વે ઇાસ. ૧૯૦૫માં થયેલા બંગભંગના જનઆંદોલનમાં વિનાશકારી અંગ્રેજી શિક્ષણને છોડીને રાષ્ટ્રીય શિક્ષણની હિમાયત કરવામાં આવેલી. એ વખતે દેશમાં ઠીક ઠીક પ્રમાણમાં રાષ્ટ્રીય શાળાઓ-મહાશાળાઓ શરૂ થઇ. જેમ કે બનારસની હિન્દુ કૉલેજ, રવીન્દ્રનાથની શાંતિનિકેતન વગેરે...

રાષ્ટ્રીય શિક્ષણનો બીજો દોર ઇ.સ. ૧૯૨૦માં શરૂ થયેલા અસહકારના આંદોલનમાં જોર-શોરથી શરૂ થયો. આ આંદોલનમાં ખંડનાત્મક પાયામાં સરકારી શાખાઓ, શિક્ષણ છોડવાની અને રચનાત્મક પાસામાં રાષ્ટ્રીય શિક્ષણ લેવાની વાત થઇ. એની શરૂઆત પણ મહાત્મા ગાંધીએ 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપનાથી કરી. દિલ્હીમાં 'જામિયા-મિલિયા ઇસ્લામિયા'ની સ્થાપના થઇ.

આ તો વાત થઇ 'નઇ તાલીમ'ની પૂરોગામી ભૂમિકાની. બે નઇ તાલીમની વાત કરીએ.

**નઇ તાલીમના સિધ્ધાંતો :**

**સ્વાવલંબન :**

નઇ તાલીમ ઊભી છે આ સ્વાવલંબનના મૂલ્ય પર. શિક્ષણ મેળવીને ચક્તિ પગભર ન થઇ શકે. બીજા પર આધારિત બને તો એ શિક્ષણનું કોઇ મૂલ્ય નથી. એમાંય ભારત જેવા ગરીબી ધરાવતા દેશ માટે દરેક નાગરિક ઉત્પાદક શ્રમ કરે એ અનિવાર્ય બાબત ગણાય. વિદ્યાર્થીઓ શ્રમ પ્રત્યેની સૂગ દૂર કરીને ઉદ્યોગ દ્વારા ઉત્પાદક શ્રમકાર્ય સાથે શિક્ષણ મેળવે એ વિચાર બુનિયાદી કેળવણીનો પ્રાણ છે.

**અનુબંધ :**

જીવાતા જીવન સાથે જો શિક્ષણનો તાલમેલ ન હોય તે તો કેમ ચાલે ?

**પ્રસ્તાવના :**

અંગ્રેજ સરકારે શરૂ કરેલા અંગ્રેજી શિક્ષણનાં ભયાનક અનિષ્ટોએ આપણા દેશનાં કેટલાંક જાગૃત કેળવણીકારોને વિચાર કરતા કરી મૂક્યા. હિંદની યુવાપેઢીને એ અનિષ્ટોમાંથી બચાવી લેવા અને આપણી પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરાના ઉદ્દાત સંસ્કાર વારસાના જતન માટે એમને રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા થઇ.

આપણે જેની વાત કરીએ છીએ તે 'નઇ તાલીમ'ના મૂળ આ રાષ્ટ્રીય શિક્ષણના વિચારોમાં પડ્યા છે. ગાંધીજીના ભારત આગમન પૂર્વે ઇાસ. ૧૯૦૫માં થયેલા બંગભંગના જનઆંદોલનમાં વિનાશકારી અંગ્રેજી શિક્ષણને છોડીને રાષ્ટ્રીય શિક્ષણની હિમાયત કરવામાં આવેલી. એ વખતે દેશમાં ઠીક ઠીક પ્રમાણમાં રાષ્ટ્રીય શાળાઓ-મહાશાળાઓ શરૂ થઇ. જેમ કે બનારસની હિન્દુ કૉલેજ, રવીન્દ્રનાથની શાંતિનિકેતન વગેરે...

રાષ્ટ્રીય શિક્ષણનો બીજો દોર ઇ.સ. ૧૯૨૦માં શરૂ થયેલા અસહકારના આંદોલનમાં જોર-શોરથી શરૂ થયો. આ આંદોલનમાં ખંડનાત્મક પાયામાં સરકારી શાખાઓ, શિક્ષણ છોડવાની અને રચનાત્મક પાસામાં રાષ્ટ્રીય શિક્ષણ લેવાની વાત થઇ. એની શરૂઆત પણ મહાત્મા ગાંધીએ 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપનાથી કરી. દિલ્હીમાં 'જામિયા-મિલિયા ઇસ્લામિયા'ની સ્થાપના થઇ.

આ તો વાત થઇ 'નઇ તાલીમ'ની પૂરોગામી ભૂમિકાની. બે નઇ તાલીમની વાત કરીએ.

**નઇ તાલીમના સિધ્ધાંતો :**

**સ્વાવલંબન :**

નઇ તાલીમ ઊભી છે આ સ્વાવલંબનના મૂલ્ય પર. શિક્ષણ મેળવીને ચક્તિ પગભર ન થઇ શકે. બીજા પર આધારિત બને તો એ શિક્ષણનું કોઇ મૂલ્ય નથી. એમાંય ભારત જેવા ગરીબી ધરાવતા દેશ માટે દરેક નાગરિક ઉત્પાદક શ્રમ કરે એ અનિવાર્ય બાબત ગણાય. વિદ્યાર્થીઓ શ્રમ પ્રત્યેની સૂગ દૂર કરીને ઉદ્યોગ દ્વારા ઉત્પાદક શ્રમકાર્ય સાથે શિક્ષણ મેળવે એ વિચાર બુનિયાદી કેળવણીનો પ્રાણ છે.

**અનુબંધ :**

જીવાતા જીવન સાથે જો શિક્ષણનો તાલમેલ ન હોય તે તો કેમ ચાલે ?

જીવનલક્ષી શિક્ષણ દ્વારા વ્યક્તિત્વ ઘડતર થાય તો તે ટકાઉ બને. શિક્ષણનો રોજબરોજના જીવન સાથે અનુબંધ એ અતિ મહત્ત્વનો સિધ્ધાંત છે.

**માતૃભાષામાં શિક્ષણ :**

શિક્ષણનું માધ્યમ માત-ભાષા જ હોય શકે, અન્ય ભાષાના માધ્યમથી શિક્ષણ એ તો બાળકની સર્જનાત્મક શક્તિ પર મોટા વ્રજઘાત છે. નઇ તાલીમ આને પાયાની બાબત ગણે છે.

**નઇ તાલીમના સત્ત્વો :**

-સમૂહ જીવન

-છાત્રાલયમાં શિક્ષક-વિદ્યાર્થી સાથેના સમૂહજીવનને કેળવણીનું ઘરૂવાડિયું માન્યું છે.

-હકારાત્મક નાગરિકત્વ અને અહિંસક સમાજરચના નઇ તાલીમનું લક્ષ છે.

-કમ્પ્યુટર અને કોદારીનો કાવ્યાત્મક સમન્વય એગ્રો નઇ તાલીમ.

**ગાંધીજીની નઇ તાલીમની સંકલ્પના :**

જુઓ, આ નઇ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પૂરૂં કરવા દીધું તો હિન્દુસ્તાનનો નકશો જ બદલાઇ જશે.

આજની કેળવણી તો નકામી છે. જે છોકરાઓ શાળા-કૉલેજોમાં શિક્ષણ મેળવે છે તેમને અક્ષરજ્ઞાન ભલે મળતું હોય પણ જીવનને માટે અક્ષરજ્ઞાન ઉપરાંત બીજું પણ કંઇક છે એ અક્ષરજ્ઞાન આપના બીજા અંગોને નકામા બનાવી દે તો કહીશ કે, મારે તમારૂં અક્ષરજ્ઞાન નથી જોઇતું... સારાંશ એ કે, હરેક પ્રકારના શરીરશ્રમ કરનારા જોઇએ અને એની સાથે સૌને માટે અક્ષરજ્ઞાન પણ જોઇએ. જે જ્ઞાન મુઠ્ઠીભર લોકોની પાસે જ હોય તે મારે કામનું નથી. હવે સવાલ એ છે કે, સૌને એ જ્ઞાન કેવી રીતે મળે ? એ વિચારમાંથી નઇ તાલીમનો જન્મ થયો છે. હું તો કહું છું કે, નઇ તાલીમ સાત વરસના બાળકથી નથી. માના ગર્ભથી શરૂ થવી જોઇએ. એનું રહસ્ય તમે સમજી લો. મા પરિશ્રણ કરનારી હશે, વિચારવાન હશે, વ્યવસ્થિત હશે, સંયમી હશે તો બાળક પર એના સંસ્કાર માના ગર્ભમાંથી જ પડશે.

**-મહાત્મા ગાંધી**

(ગાંધીજીનું શિક્ષણ દર્શન, સં.શ્રીમ.જો. પટેલ પૃ-૯૩)

મેકોલેબ્રાન્ડ અંગ્રેજી કેળવણીને 'ગુલામીની કેળવણી' ગણનારા મહાત્મા

ગાંધીએ ઇ.સ. ૧૯૩૭માં રાષ્ટ્ર સામે 'નઇ તાલીમ'નો બળવાન વિચાર મૂક્યો.

ગાંધીજી માનતા કે 'રાજ્ય સાત વર્ષની ઉંમરે બાળકને પોતાના હવાલે લે, તે તેને કમાતું બનાવીને મા-બાપને પાછું આપે.'

વળી એમણે કહ્યું કે, 'મારી નઇ તાલીમની વ્યાખ્યા છે કે જેને નઇ તાલીમ મળી છે તેને જો ગાદી પર બેસાડશો તો, તે ફુલાશે નહીં અને ઝાડું આપશો તો તે શરમાશે નહીં. તેને માટે બંને કામની સરખી જ કિંમત હશે.'

**ગુજરાતમાં નઇ તાલીમ :**

મહાત્મા ગાંધીએ આપેલાં આ નઇ તાલીમના વિચારોના પડઘા ગાંધીના ગુજરાતમાં ઝીલનાર પહેલા હતા શ્રી નાનાભાઈ ભટ્ટ. નાનાભાઈએ સોળેકળાએ ખીલેલી ભાવનગરની દક્ષિણામૂર્તિ છોડીને આંબલા ગામે 'ગ્રામ દક્ષિણામૂર્તિ'માં બાપુની નઇ તાલીમ અને ડેનમાર્કની 'ફોક સ્કૂલ'નો સમન્વય કર્યો. આ આંબલાની સંસ્થાનો પહેલો ફાલ એટલે આપણાં જિલ્લામાં નઇ તાલીમનો પાયો નાખનાર શ્રી કરમશીભાઈ મકવાણા અને સવશીભાઈ મકવાણા.

**સુરેન્દ્રનગર જિલ્લામાં નઇ તાલીમ :**

ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલાથી નઇ તાલીમની દીક્ષા લઇ આવેલા કરમશીભાઈ-સવશીભાઈ, આ બંધુ બેલડીએ નઇ તાલીમ દ્વારા જિલ્લાના અંતરિયાળ ગામડા ધજાળા-ભિમોરામાં ઇ.સ. ૧૯૬૮માં લોકશાળાઓ શરૂ કરી. જોતજોતામાં આ ઊંડાણના, અંતરિયાળ વિસ્તારોમાંથી નિરક્ષરતાના અંધકાર દૂર થયાને કેળવણીનો પ્રકાશ ફેલાયો.

મકવાણા બંધું બેલડીએ શરૂ કરેલી આ પરંપરા પછી તો ઘણીબધી એની શાળાઓ-પ્રશાખાઓમાં વિસ્તરીને ઘેઘૂર વડલો બની છે.

આ ધજાળા અને ભિમોરા ગ્રામવિદ્યાલયની સાથે જોડાયેલી સંસ્થાઓની યાદી લાંબી થાય એમ છે.

આવા જ બીજા એક કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઇ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ-સણોસરાથી નઇ તાલીમનો મંત્ર લઇને સુરેન્દ્રનગરના આંગણે નઇ તાલીમ દ્વારા સમાજ પરિવર્તનની ધૂણી ધખાવે છે.

આજે હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાંથી કેળવણી પામીને પોતપોતાના કાર્યક્ષેત્રોમાં યશસ્વી કાર્ય કરી રહ્યા છે.

# પ્રૌઢ શિક્ષણ

સાક્ષરતાનો સામાન્ય અર્થ વ્યક્તિને વાંચતા, લખતા અને ગણતા આવડવું જોઇએ એવો કરવામાં આવે છે. આપણા દેશમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે. કોઇ કારણોસર આ ઉંમર દરમિયાન બાળક શિક્ષણથી વંચિત રહી જાય તો તેનો સર્વાંગી વિકાસ રૂંધાય છે. શાસન-પ્રશાસન દ્વારા વ્યક્તિના સર્વાંગી વિકાસને નૈતિક જવાબદારી તરીકે સ્વીકારવામાં આવી છે. આ જવાબદારીનું એક ફળ એટલે પ્રૌઢ શિક્ષણ.

પ્રૌઢ શિક્ષણનો ઇતિહાસ તપાસીએ તો તેના મૂળ વેદકાળ સુધી જાય છે. ભારતમાં આધુનિક યુગમાં એક ચોક્કસ ખ્યાલને ધ્યાને રાખી ૧૯૭૮થી વિધિવત્ રૂપે પ્રૌઢ શિક્ષણની શરૂઆત થઇ. જેમાં માત્ર સાક્ષરતા જ નહીં પરંતુ વ્યક્તિનો સામાજિક, આર્થિક, વ્યવસાયિક વગેરે દિશામાં પણ વિકાસ થાય તે બાબતને ધ્યાને રાખવામાં આવી છે. ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ ૧૫ થી ૩૫ વર્ષની વ્યક્તિઓ માટે ચલાવવામાં આવતો કાર્યક્રમ તે પ્રૌઢ શિક્ષણનો કાર્યક્રમ.

**સ્વરૂપ :**

- શરૂઆતમાં નિરક્ષરોને રોજ રાત્રે બે કલાક વાંચતા-લખતા શીખવવામાં આવતું.
- પુનરાવર્તન ન થાય તો ભણેલું ભૂલી જવાય. આ અનુભવના આધારે ૧૯૭૮માં પ્રૌઢ શિક્ષણનો કાર્યક્રમ શરૂ થયો.
- ૧૯૮૨-૮૩માં આ કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો. જેમાં પ્રથમ વર્ષે મૂળ સાક્ષરતા (બેઝીક લિટરસી) માટે.
- બીજા વર્ષે ૩૫૦ કલાક, અનુસાક્ષરતા માટે ૧૫૦ કલાક અને ત્રીજા વર્ષે અનુસરણ માટે ૧૦૦ કલાક એમ સમય મર્યાદા નક્કી કરવામાં આવી. આ કાર્યક્રમ માટે ભારત સરકારે અનુદાન આપવાનું નક્કી કર્યું.
- મૂલ્યાંકન અને અભિપ્રાયના આધારે ૧૯૮૫માં ત્રણ વર્ષના કોર્ષને બે વર્ષનો કરવામાં આવ્યો. ૬૦૦ કલાકનો સમય યથાવત રાખવામાં આવ્યો. જેમાં પ્રથમ વર્ષે ૮ માસ બેઝિક લિટરસી માટે અને ૪ માસ અનુસાક્ષરતા માટે તથા બીજા વર્ષને અનુસણ કાર્ય માટે ફાળવવામાં આવ્યા.

✦ ૧૯૮૬ની નવી શિક્ષણ નિતિ અન્વયે ૧૯૮૮માં રાષ્ટ્રીય સાક્ષરતા મિશને પ્રૌઢ શિક્ષણના વર્ગો બંધ કરાવી, સાક્ષરતા અભિયાનનો એક નવો અભિગમ અપનાવ્યો.

✦ ૧૯૯૨માં સુધાર્યા મુજબની નવી શિક્ષણનિતિ મુજબ નવસાક્ષરો અને પ્રાથમિક શિક્ષણ લઇ ઊઠી ગયેલા લોકો માટે નિરંતર શિક્ષણનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો. જેમાં સાક્ષરતાની સાથે સામાજિક, આર્થિક, વ્યાવસાયિક અને અન્ય વિકાસને ધ્યાને લેવામાં આવ્યા.

✦ પૂર્વ સાક્ષરતા અંગે ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા કાર્યક્રમો

| અ.નં. | કાર્યક્રમની વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧. | ગ્રામ ક્રિયાત્મક સાક્ષરતા કાર્યક્રમ | ૧૯૭૮ |
| ૨. | રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ યોજના | ૧૯૭૮ |
| ૩. | રાજ્ય પુરસ્કૃત પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ | ૧૯૮૦-૯૧ |
| ૪. | સંપૂર્ણ ક્રિયાત્મક સાક્ષરતા કાર્યક્રમ | ૧૯૮૬ |
| ૫. | સામૂહિક ક્રિયાત્મક સાક્ષરતા કાર્યક્રમ | ૧૯૯૨-૯૮ |
| ૬. | અનુસાક્ષરતા અભિયાન | ૧૯૯૩-૯૮ |
| ૭. | નિરંતર શિક્ષણ કાર્યક્રમ | ૧૯૯૯-૨૦૦૯ |
| ૮. | સરસ્વતી યાત્રા (સાક્ષરતા ભારત-૨૦૧૨) | ૨૦૧૨ |

**પ્રૌઢ શિક્ષણની પધ્ધતિ :**

મુખ્યત્વે પ્રૌઢ શિક્ષણમાં આપણે બે પ્રકારનાં કામ કરવાના હોય છે. (૧) અક્ષરજ્ઞાન અને (૨) સાક્ષરતા સામાજિક કે અન્ય પ્રકારની ચેતના જાગૃત કરવી.

**અક્ષરજ્ઞાન :**

✦ મુળાક્ષરો વારંવાર લખાવવાં, બોલાવવાં, ગોખાવવાં, સ્વર-વ્યંજનો શીખી લીધા પછી જ વાચન-લેખન કરાવવું. (આ જૂની પ્રથા હવે પ્રચલિત નથી. તેના ઘણાં કારણો છે. આ મનોવૈજ્ઞાનિક નથી, વધુ મહેનત પડે છે, સમય વધુ જાય છે વગેરે)

✦ ચિત્રો બતાવી તેના નામ સામે અક્ષર જોડી શીખવવાની રીત. દા.ત. ભ (ભમરડાનો), ચ (ચકલીનો) ઇત્યાદિ. પરંતુ તેમાંય શબ્દ કે વાક્યના વાચન

વખતે ભણનાર અક્ષર વાચન કરે છે. શબ્દોના બધા અક્ષરો વાંચતો નથી. ‘બાળક’ વાંચવાને બદલે બ...ળ....દ... એ રીતે ખચકાટ સાથે વિચિત્ર, અર્થ વગરનું વાંચન થાય છે.

✦ હવે પહેલા વાક્યનું વાંચન, નાનુ વાક્ય પસંદ કરી આપવું. ઉદાહરણ તરીકે જનચેતના વાંચનમાળા ભાગ-૧નો પહેલો પાઠ ‘ભણે તે તરે’ તે વાક્ય પછી શબ્દ વાંચે તે શબ્દોમાંથી અક્ષર શીખે. આ અક્ષરોમાંથી નવા નવા શબ્દો, વાક્યો અને નવા પાઠ બને.

જનચેતના વાચનમાળા આ પધ્ધતિ પ્રમાણે તૈયાર કરવામાં આવી છે.

આ ઉપરાંત લોબેક પધ્ધતિ, પથિક પધ્ધતિ, ગ્લોબલ પધ્ધતિ, અનુસારી પધ્ધતિ, અવસ્થી પધ્ધતિ, શૂન્ય પધ્ધતિ, અંડા-દંડા પધ્ધતિ, પ્રસંગ પધ્ધતિ જેવી અનેક પધ્ધતિઓ છે.

હાલ ત્રિપદ પધ્ધતિનો ઉપયોગ થાય છે. જેમાં

(૧) અક્ષર બતાવી ઉચ્ચાર બતાવવો. (આ ‘ભ’ છે)

(૨) આ શું છે ? ઘણા અક્ષરોમાંથી એક પર લાકડી (પોઇન્ટર) મૂકી વાંચવા કહેવું.

(૩) અમુક અક્ષર બતાવો. એમ કહેવું.

ટૂંકમાં ત્રણ પગથિયાં (આ ‘ભ’, છે આ શું છે ? ‘ભ’ બતાવો.) વડે અક્ષર પરિચય અપાય છે.

**ચેતનાજાગૃતિ માટેની પધ્ધતિઓ :**

ચેતનાજાગૃતિ માટે કથન, જૂથચર્ચા, નિદર્શન, પેનલચર્ચા, સેમિનાર (જ્ઞાનગોષ્ઠિ), પરિસંવાદ, સમસ્યા ઉકેલ જેવી પધ્ધતિઓ અપનાવવામાં આવે છે.

**એક સાક્ષર એક નિરક્ષરને ભણાવે :**

પ્રૌઢ શિક્ષણ માટેનું આ સૂત્ર-પ્રયુક્તિ ખૂબ જાણીતી થઇ છે. ભણેલો સમાજના પૈસાથી ભણ્યો છે. અભણ સંજોગોના કારણે ભણી શક્તો નથી. દરેક ભણેલો એક નિરક્ષરને ભણાવે તો નિરક્ષરતા ખૂબ ઝડપથી દૂર થાય. વ્યક્તિ પોતાની રીતે નિરક્ષર સાથે મળીને સમય, સ્થળ, નક્કી કરે. સંજોગોવસાત્ સ્થળ બદલે-એમ પોતાની રીતે જ આ કામ ચાલ્યા કરે. આ રીતે વાંચતો, લખતો થયેલો સાક્ષર પછી પોતાને જરૂરી વાંચન કરતો રહે અને તે રીતે સતત વિકાસ કરે એવી આમાં અપેક્ષા હતી.

**કઇ પધ્ધતિ કામ લેવું સારૂં ?**

દરેક પધ્ધતિ અમુક પરિસ્થિતિ અને સંજોગ સાથે સંબંધ ધરાવે છે. તેની સફળતાના કેટલાક કારણો હોય છે, તો કેટલીક મર્યાદાઓ પણ હોય છે. એટલે પધ્ધતિ નક્કી કરવાની હોતી નથી. જેમને જે સમયે જે સંજોગોમાં વધુ અનુકૂળ આવે, સારી સફળતા મળે, ઝડપથી સારું પરિણામ આપે, શિક્ષણ પ્રક્રિયા આનંદથી ચાલે, ભણનાર-ભણાવનાર બંનેને અનુકૂળ આવે તે પધ્ધતિ સારી.

**પ્રૌઢ શિક્ષણમાં મદદરૂપ થતી સંસ્થાઓ :**

પ્રૌઢ શિક્ષણના સ્વરૂપ, કામ કરવાની રીત અને હેતુઓમાં સમયાંતરે ફેરફારો થતાં રહ્યા છે. પરંતુ નિરક્ષરતા દૂર કરવાનો મુદ્દો તેમાં સતત ચાલતો રહ્યો છે. આ કાર્યક્રમ મોટેભાગે સરકારી તંત્ર દ્વારા વર્ષોથી ચાલે છે. એટલે આ કામ સરકારી કામ છે એવી છાપ સર્વત્ર વ્યાપી છે. જે છાપને ભૂંસવા હવે આ કાર્યને લોકોનું કાર્ય ગણ્યું છે. જેના ભાગરૂપે સમાજની વિવિધ સંસ્થાઓની મદદ લેવામાં આવે છે. જેમ કે (૧) ગામની પ્રાથમિક શાળા (૨) મહાશાળા-તાલીમ સંસ્થાઓ-કૉલેજો (૩) પુસ્તકાલયો-જનશિક્ષણ કેન્દ્રો (૪) સ્વૈચ્છિક સંસ્થાઓ (૫) ધાર્મિક સંસ્થાઓ અને મંડળો (૬) જેલો (૭) સરકારી ખાતાઓ (૮) માધ્યમિક શિક્ષણ બોર્ડ (૯) પ્રૌઢ શિક્ષણ નિયામકની કચેરી (૧૦) રાજ્ય સંશોધન કેન્દ્ર



**સાક્ષરતા માટેના અપેક્ષિત કૌશલ્યો :**

| પ્રથમ તબક્કો | બીજો તબક્કો | ત્રીજો તબક્કો |
|---|---|---|
| આઠ માસ (૩૦૦ થી ૩૫૦ કલાક)<br>મૂળાક્ષરોની ઓળખ<br>સરળ વાક્યોનું વાચન (૧ મિનિટમાં ૩૦ શબ્દો)<br>સમજપૂર્વક મૂકવાચન અને મુખવાચન<br>સંદેશા, સૂચનો, ભીંતપત્રો,<br>માર્ગસૂચક સંકેતો, પાટિયા વગેરે જેવું વાંચન<br>૧ મિનિટમાં ૧૦ શબ્દોની ઝડપે અનુલેખન<br>૧ થી ૧૦૦ સુધીના અંકની ઓળખ-લેખન<br>સાદા સરવાળા-બાદબાકી | ચાર માસ (૧૫૦ કલાક)<br>રસ-રુચિ મુજબનું વાંચન<br>નવશિક્ષિતો માટેનું વાચન<br>સમાચારપત્રોનું સમજ પૂર્વકનું પસંદગીનું વાચન<br>જીવન ઉપયોગી કે ધંધામાં ઉપયોગી વાતોનું વાંચન<br>૧ મિનિટમાં ૧૫ શબ્દોની ઝડપે અનુલેખન<br>૧ મિનિટમાં ૧૦ શબ્દોની ઝડપે શ્રુતલેખન<br>ટૂંકા પત્રો લખવા, અરજી કરવી કે ફોર્મ ભરવા<br>૧ થી ૧૦૦૦ સંખ્યાની ઓળખ<br>ત્રણ અંકના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર | બાર માસ (૧૦૦ કલાક)<br>ક્રિયાત્મક સાક્ષરતા પર વધુ ભાર<br>વ્યક્તિ આત્મનિર્ભર બને તેવા અનુભવો<br>રોજિંદુ સામાન્ય વિજ્ઞાન<br>મૂલ્યોની સમજ<br>વ્યક્તિ, કુટુંબ, સમાજના પ્રશ્નો અને તેના ઉકેલની ક્ષમતા માટેના અનુભવોની વાત |

ઉપરોક્ત રૂપરેખાને ધ્યાને રાખી ગુજરાતમાં તેના અભ્યાસ માટે 'નવ જાગરણ વાચનમાળા' બનાવી હતી. તેમાં મુકેલાં પાઠોની વિષય વસ્તુમાં નાગરિકતા, હક્ક, ફરજો, મૂલ્યો, વ્યવસાયી ક્ષમતાનો વિકાસ જેવા મુદ્દાઓને મહત્ત્વ અપાયું હતું. તે ઉપરાંત વ્યસન મુક્તિ, કુટુંબ કલ્યાણ, મહિલા જાગૃતિ, દહેજનું દૂષણ, શિક્ષણની જરૂર જેવા મુદ્દા પણ હતા.

અંક વાંચન, લેખન, નાણાંકિય પરિચય, તોલ-માપ જેવી બાબતો પણ હતી.

આ ઉપરાંત કેટલાક સુધારાઓ કરી ઘડિયાળમાં સમય જોવો, તોલમાપના માપિયાની ઓળખ અને ઉપયોગ, પોતાને જરૂરી લેવડ-દેવડના વ્યવહારુ હિસાબ જેવી બાબતો પણ સમાવવામાં આવી.

**મૂલ્યાંકન :**

શીખવનારે જે શીખવ્યું તે ભણનારને કેટલું આવડ્યું તે જોવાનું કામ મૂલ્યાંકન કરે છે. શિક્ષણની પ્રક્રિયામાં આપેલા અનુભવો દ્વારા અપેક્ષિત કૌશલ્યો પ્રાપ્ત થયા કે નહીં, અધ્યયન નીપજ થઇ કે નહીં તેની ચકાસણી મૂલ્યાંકન દ્વારા થાય છે.

પ્રૌઢ શિક્ષણના કાર્યની સફળતા-નિષ્ફળતા જોવા માટે ચીલાચાલુ પરીક્ષણ પધ્ધતિ નહીં, પરંતુ સતત મૂલ્યાંકનની રીત વધુ અનુકૂળ રહેશે. કારણ કે પ્રૌઢોને ભણાવ્યા પછી પાસ-નાપાસ કરી દેવાના નથી. પ્રૌઢ શિક્ષણનો એ હેતુ પણ નથી. આપણે તેમને નક્કી કરેલા હેતુ સુધી લઇ જ જવાના છે. અહીં મૂલ્યાંકન એ પરીક્ષણ કરતાં વધુ આગળ જઇ, વિશાળ અર્થમાં વપરાય છે.

સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરતી વખતે ભણાવનારને યોગ્ય જાણકારી મળી કે કેમ ? તાલીમ મળી કે કેમ ? સમયસર પૂરતું સાહિત્ય મળ્યું કે કેમ ? તેનો યોગ્ય ઉપયોગ થયો ? બેઠક અને પ્રકાશની વ્યવસ્થા યોગ્ય હતી કે કેમ ? ભણાવનારે શું ભણાવ્યું ? કેટલું ભણાવ્યું ? ક્યારે, કેટલો સમય અને કેવી રીતે ભણાવ્યું ? સ્વયંસેવકોએ દબાણથી, શરમથી કે ઉત્સાહથી કામ કર્યું ? વગેરે બાબતોનું મૂલ્યાંકન પણ આવશ્યક છે.

પ્રૌઢ શિક્ષણમાં ભણનારને માહિતી કરતા જ્ઞાનનો સાચો, વ્યવહારુ ઉપયોગ કરતાં આવડે તે મહત્ત્વનું છે. માત્ર સહી કરતાં, માત્ર વાંચતા, લખતાં, ગણતાં આવડી ગયું એ મુદ્દાઓ પૂરતું મૂલ્યાંકન મર્યાદિત નથી. શીખેલા મુદ્દાઓનો શીખનાર વ્યવહારમાં સારી અને સાચી રીતે ઉપયોગ કરે તે મહત્ત્વનું છે. પ્રૌઢ શિક્ષણમાં સાચું મૂલ્યાંકન આ વાત ઇચ્છે છે.

## આશ્રમશાળાઓ

ધોરણ ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ આપતી જે શાળામાં વિદ્યાર્થીઓને રહેવા તેમજ જમવાની સગવડ પણ હોય તેવી શાળાને આશ્રમશાળા કહેવામાં આવે છે. જે ખાસ કરીને અંતરિયાળ ગામોમાં રહેતા વિદ્યાર્થીઓ દ્વારા સમૂહજીવનના અભ્યાસના હેતુ માટે રસોઇ કાર્યમાં મદદ, સફાઇ તથા સુશોભન કાર્ય, ગૌશાળા કાર્ય, બાગકામ, ખેતીકામ, કાંતણકામ જેવા શ્રમકાર્યો પણ કરવામાં આવે છે. આમ, આશ્રમશાળા એટલે બુનિયાદી શિક્ષણ આપતી છાત્રાલય સાથેની શાળા. ગુજરાત રાજ્યમાં આશ્રમશાળાનો પ્રારંભ ૧૯૫૩થી થયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૨ આશ્રમશાળાઓ આવેલી છે.

પ્રથમ આશ્રમશાળા સન ૧૯૬૭માં કમરશીભાઈ મકવાણાનાં પ્રમુખસ્થાને વિમુક્તજાતિ આશ્રમશાળા-ધજાળા શરૂ કરવામાં આવી.

સુરેન્દ્રનગર જિલ્લાની આશ્રમશાળાઓની યાદી નીચે મુજબ છે.

૧. વિમુક્તજાતિ આશ્રમશાળા, ધજાળા, તા. સાયલા જિ. સુરેન્દ્રનગર
૨. વિમુક્તજાતિ આશ્રમશાળા, ભિમોરા, તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર
૩. બક્ષીપંચ આશ્રમશાળા, નાવા, તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર
૪. બક્ષીપંચ આશ્રમશાળા, કાળાસર, તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર
૫. બક્ષીપંચ આશ્રમશાળા, ચોટીલા, તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર
૬. બક્ષીપંચ આશ્રમશાળા, ફુલગ્રામ, તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર
૭. બળદેવભાઈ આશ્રમશાળા, વાઘેલા, તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર
૮. બક્ષીપંચ આશ્રમશાળા, વીરેન્દ્રગઢ, તા. ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર
૯. બક્ષીપંચ આશ્રમશાળા, દેગામ, તા. પાટડી જિ. સુરેન્દ્રનગર
૧૦. બક્ષીપંચ આશ્રમશાળા, મોટી મજેઠી, તા. પાટડી જિ. સુરેન્દ્રનગર
૧૧. આત્માનંદજી આશ્રમશાળા, મોટી મજેઠી, તા. પાટડી જિ. સુરેન્દ્રનગર
૧૨. બક્ષીપંચ આશ્રમશાળા, સાવડા, તા. પાટડી જિ. સુરેન્દ્રનગર

આ આશ્રમશાળાઓ નવા નામાંકરણ મુજબ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા તરીકે ઓળખાય છે.

# વઢવાણ રાજ્ય : એક ઐતિહાસિક અભ્યાસ

**શિક્ષણ :**

ઓગણીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રમાં શિક્ષણ મધ્યયુગની પરંપરા પ્રમાણે ચીલાચાલુ ઢબે 'પંડ્યાની નિશાળો' કે 'ધુળિયા નિશાળો' તરીકે ઓળખાતી શાળાઓમાં અપાતું હતું. વઢવાણ રાજ્યમાં પણ આવી 'પંડ્યાની શાળા' કે 'ગામેઠી શાળા' આવેલી હતી. આ સમયે વઢવાણમાં ગોરપદ કે કથાકારના અધિકારની માફક નિશાળ ચલાવવાનો અધિકાર ત્યારે કુટુંબક હતો. પંડ્યા કુટુંબની ત્રણ પાંખો હતી અને આ કુટુંબીઓએ વર્ષ વર્ષના ભણાવવાના વારા રાખ્યા હતા. આવી ગામઠી શાળામાં કવિશ્રી દલપતરામે બે વર્ષ અને ચાર મહિના અભ્યાસ કર્યો હતો.

કર્નલ માલેટે જ ૧૮૪૬માં સૌરાષ્ટ્રમાં એજન્ટીના વહીવટ હેઠળ રાજકોટમાં અંગ્રેજી અને ગુજરાતી શાળા સ્થાપી સૌરાષ્ટ્રમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. રાજવીઓ શાળામાં કોઇપણ પ્રકારની ફી લેવાનો વિરોધ કરતા હતા, પરંતુ પોલિટિકલ એજન્ટના આગ્રહને કારણે તેઓ દરેક વિદ્યાર્થી પાસેથી એક આનો ફી લેવા સંમત થયા હતા. વઢવાણ રાજ્યમાં તા. ૦૧-૦૯-૧૮૨૬ના રોજ વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર)માં વર્નાક્યુલર શાળા (ગુજરાતી) ખોલવામાં આવી હતી. કાઠિયાવાડ ડિરેક્ટરી (૧૮૮૬)ના જણાવ્યા પ્રમાણે ઇ.સ. ૧૮૮૬માં વઢવાણ રાજ્યમાં ૧૮ વર્નાક્યુલર શાળાઓ અને એક હાઇસ્કૂલ હતી. આ મુજબ ઇ.સ. ૧૮૮૫માં બાલસિંહજી ગાદી ઉપર આવ્યા ત્યાર પછી તેમણે વઢવાણ શહેરમાં જ તેમના વડીલબંધુના નામ ઉપરથી 'દાજીરાજજી હાઇસ્કૂલ'ની સ્થાપના કરી હતી. આ શાળાને પટેલ હાઉસમાં બેસાડવામાં આવી હતી. (૨૬-૦૧-૨૦૦૧માં થયેલ ભૂકંપનાં કારણે પછીથી શાળા માટે નવું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે.) ઇ.સ. ૧૯૦૮માં વઢવાણ રાજ્યમાં કુલ ૩૦ શાળાઓ આવેલી હતી. જેમાં ૨૨ રાજ્ય શાળાઓ અને ૮ ગામઠી શાળાઓ આવેલી હતી. ૨૨ રાજ્ય શાળાઓમાં ૧ હાઇસ્કૂલ, ૧ એંગ્લો વર્નાક્યુલર શાળા જેમાં ચોથા ધોરણ સુધીનો અંગ્રેજી માધ્યમનો અભ્યાસક્રમ ચાલતો હતો તથા ૨૨ પ્રાથમિક કુમારશાળાઓ વઢવાણ રાજ્યમાં આવેલી હતી. જેમાં ઇ.સ. ૧૯૧૮-૧૯માં જે ૨૨ પ્રાથમિક કુમાર શાળાઓ હતી, તેમાં ૩નો ઉમેરો થઇ ૨૫ ની થઇ હતી. ઇ.સ. ૧૯૪૦-૪૧માં વઢવાણ રાજ્યમાં કુલ ૩૫ શાળાઓ આવેલી હતી. તેમાં ૧ હાઈસ્કૂલ, ૨ એંગ્લો વર્નાક્યુલર શાળાઓ હતી. જેમાં ૧ નાગનેશ અને ૧

જોરાવરનગરમાં આવી હતી. આ ઉપરાંત જે અગાઉ ૨૫ વર્નાક્યુલર શાળાઓ હતી તેમાં ૨ શાળાઓનો ઉમેરો થઇ તેની સંખ્યા ૨૭ની થઇ હતી. ઇ.સ. ૧૯૦૮-૦૯માં બાલસિંહજીના સમય પ્રાથમિક શિક્ષણને મફત બનાવવામાં આવ્યું હતું. એવી જ રીતે જોરાવરસિંહજીના સમયમાં દાજીરાજ હાઇસ્કૂલ અને નાગનેશ કંપોઝિટર શાળામાં લેવાતી ફી બંધ કરવામાં આવી હતી.

ઇ.સ. ૧૮૮૦-૮૧માં ગરાસિયાના છોકરાઓ માટે વઢવાણમાં ગરાસિયા સ્કૂલ બાંધવામાં આવી. એ મકાનમાં ૩૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય એટલી જગ્યા હતી, તેમજ બે શિક્ષકો રહી શકે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. એના મકાન બંધાવવામાં ૩૫,૫૪૦નો ખર્ચ થયો હતો આ શાળા ખોલવા પાછળનો હેતુ માત્ર ગરાસિયાઓની અજ્ઞાનતા હોવાથી ગરાસિયાઓનો પુત્ર શિક્ષણ મેળવે તો તેમની હાલત સુધરે તેવા હેતુથી આ શાળા શરૂ કરાઇ હતી. ગરાસિયાઓ ઘણાખરા અભણ હતા. તેથી કામદારો તેમને છેતરી નાણાંનો ગેરવહીવટ કરતા.

**મોન્ટેન્સરી પદ્ધતિનું શિક્ષણ :**

ઇ.સ. ૧૮૭૦માં ઇટાલીમાં જન્મેલા મેડમ મોન્ટસરીએ રોમ યુનિવર્સિટીમાંથી માનસશાસ્ત્રની ડિગ્રી લઇને બહાર આવ્યા. ત્યારે બાળવિકાસની પ્રવૃત્તિને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું. આ રીતે તેમણે ઇ.સ. ૧૯૧૫માં આંતરરાષ્ટ્રીય મોન્ટેસરી મંડળની સ્થાપના કરી. ત્યારબાદ તેઓ ભારતમાં આવ્યા હતા અને તેમણે મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવા હિમાયત કરી હતી. વઢવાણ રાજ્યમાં મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવા માટે તા. ૨૧-૦૨-૧૯૨૫ના રોજ બાલમંદિરનું ઉદ્‌ઘાટન ગાંધીજીના હસ્તે થયું હતું. આ સમયના રાજવી જોરાવરસિંહજીએ યુવરાજ સુરેન્દ્રસિંહજીના જન્મદિનની ખુશાલીમાં એ બાલમંદિર રાજ્ય હસ્તક લીધું હતું અને ત્યારબાદ આ બાલમંદિરને જોરાવરસિંહજી બાલમંદિર નામ આપવામાં આવ્યું હતું. આ બાલમંદિરનો તમામ ખર્ચ રાજ્યએ ઉપાડી લીધો હતો. બાળકોને લેવા અને મુકવા માટે રાજ્ય દ્વારા બે સિગરામ શરૂ કરવામાં આવ્યા હતા. લેરાભાઈ ભોગીભાઈ પરીખ, પથુભાઈ ભાથી, વજુભાઈ દેપાળા, વજુભાઈ દવે, કુ. શાંતાબેન ચૂડગર જેવા બાળકેળવણીકારો શહેરની શેરીઓમાં ઘેર ઘેર જઇ બાળકોને પ્રેમપૂર્વક તેડી બાલમંદિરમાં લઇ જતા હતા. ઇ.સ. ૧૯૩૯થી આ બાલમંદિરમાં ગીજુભાઇ બધેકાના માર્ગદર્શન મુજબ ભાવનગરની દક્ષિણમૂર્તિ જેવું બાળકોનું શિક્ષણ

આપવામાં આવતું હતું. આઝાદી પછી આ બાલમંદિર માટે મીની બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**કન્યા કેળવણી :**

અઢારમી સદી અને ઓગણીસમી સદીની છેલ્લી પચ્ચીસી સુધી વઢવાણમાં કન્યાઓના શિક્ષણ માટે કોઇ ધ્યાન અપાયું નહોતું. પરંતુ ઇ.સ. ૧૮૮૬માં વઢવાણ રાજ્યમાં બે પ્રાથમિક કન્યાશાળાઓ હતી. તેમાં એક વઢવાણ શહેરમાં જેમાં છઠ્ઠા ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું અને બીજી નાગનેશમાં જેમાં ચોથા ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ ઉપરાંત વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) તા. ૧૮-૬-૧૮૮૩માં શ્રીમદ્ રાજચંદ્ર કન્યાશાળાની સ્થાપના થઇ હતી. તેમાં ગુજરાતી ઉપરાંત સંસ્કૃત શિક્ષણ આપવામાં આવતું હતું.

અઢારમી સદીના અંત ભાગમાં ઇ.સ. ૧૭૯૫માં સ્થપાયેલી લંડન મિશનરી સોસાયટી અને આયરિશ પ્રેસ બિટેરિયન (આઇ.પી.) મિશન જેવી મિશનરી સંસ્થાઓએ ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર સાથે કન્યા કેળવણીની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. આમાં આઇ.પી. મિશને ઇ.સ. ૧૮૪૦-૪૨ દરમિયાન રાજકોટ અને પોરબંદર તથા ઘોઘામાં બે કન્યાશાળા સ્થાપી હતી. આ મિશન દ્વારા શાળામાં આવવા કન્યાઓને આકર્ષવા ૪૫ રૂપિયાની વસ્તુઓ દહેજરૂપે ભેટ આપવામાં આવતી હતી. વળી તે સમયે એક એવો વહેમ પ્રચલિત હતો કે કન્યાને ભણાવવામાં આવે તો તે વિધવા થાય. ઉપરાંત બાળલગ્ન, ફરજિયાત વૈધવ્યપાલન, લાજપ્રથા વગેરેને કારણે પણ કન્યા કેળવણીનું પ્રમાણ નહિવત્ હતું. વઢવાણ રાજ્યમાં આઇ.પી. મિશન દ્વારા તા. ૧-૪-૧૮૯૬માં 'આઇ.પી. મિશન મિશ્રશાળા'ની સ્થાપના કરી હતી.

ઇ.સ. ૧૯૨૦-૨૧માં જોરાવરસિંહજીના સમયમાં રામપરામાં એક પ્રાથમિક કન્યાશાળા ખોલવામાં આવી. જે ઉમેરાતા કુલ ત્રણ પ્રાથમિક કન્યાશાળા રાજ્યમાં હતી. જે સુરેન્દ્રસિંહજીનાં રાજ્યકાળ સમયમાં ઇ.સ. ૧૯૩૫-૩૬માં ચારની થઇ હતી અને ઇ.સ. ૧૯૪૦-૪૧માં તે પાંચની થઇ હતી. જોરાવરસિંહજીએ રાજ્યમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમજ પોતાની માતાની સ્મૃતિમાં તેમના નામ ઉપરથી લાડકીબાઈ કન્યાશાળા બંધાવી હતી. ૧૯૪૫માં વઢવાણ સ્ત્રી વિકાસગૃહ સ્થાપવામાં આવ્યું હતું. આ સંસ્થા કન્યાઓ અને પ્રૌઢવયની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે શરૂ કરવામાં આવી હતી. સમાજની દુભાયેલી, ત્યજાયેલી, દુઃખદ પ્રસંગોમાં સપડાયેલી સ્ત્રીઓના

આંસુ લૂછવા અને સમાજમાં સ્ત્રીના વ્યક્તિત્વનું પ્રતિષ્ઠાન કરવા અને તેમની પ્રાથમિક ઉન્નતી સાધવા માટે તેમજ આર્થિક ક્ષેત્રે પગભર બનીને પોતાનું જીવન જીવી શકે તે માટે તાલીમ આપી તેઓને તૈયાર કરવા આ સંસ્થા સ્થપાઇ છે. આ સંસ્થા હુન્નરકળા અને ગૃહવિજ્ઞાનના વિષયો પણ શીખવે છે.

આમ વઢવાણ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણીનો વ્યાપ ખૂબ હતો. પરંતુ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કન્યાઓ માટે અલગથી શાળા શરૂ કરી નહોતી.

**પ્રાથમિક શિક્ષણ :**

વઢવાણ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ ૧૯૦૧ થી ૧૯૪૧ ગાળા દરમિયાન જાણી શકાય છે. જેમાં જે. ૧૯૦૭-૦૮માં શાળાની સંખ્યા ૨૧ની હતી, તેમાં વધારો થઇ ૧૯૨૧-૨૨માં ૨૯ની થઇ અને ઇ.સ. ૧૯૪૦-૪૧માં તે ૩૪ની થઇ હતી. તેવી જ રીતે વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી હતી. વઢવાણ રાજ્યમાં જોરાવરસિંહજી અને સુરેન્દ્રસિંહજીના સમયમાં પ્રાથમિક શિક્ષણનો તેમજ કન્યા કેળવણીનો સારો એવો પ્રોત્સાહક સમયગાળો ગણવામાં આવે છે.

**માધ્યમિક શિક્ષણ :**

વઢવાણ રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ ૧૯૦૧ થી ૧૯૪૧ ગાળા દરમિયાન જાણી શકાય છે કે વઢવાણ રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ સારો એવો થયો હતો. જેમાં ઇ.સ. ૧૯૦૭-૦૮માં દાજીરાજ હાઇસ્કૂલ એક માત્ર શાળા હતી. તેથી તેની સંખ્યા દર્શાવેલ છે. જેમાં ૨૪૪ હતી. જે ઇ.સ. ૧૯૪૦-૪૧માં વધીને અઢી ગણી ૮૦૬ થઇ હતી. જોકે આ માધ્યમિક શાળામાં જોરાવરસિંહજીના સમયની કન્યાઓને દાખલ કરવામાં આવી હતી. તેથી કન્યાઓના માધ્યમિક શિક્ષણને થોડું ઘણું પ્રોત્સાહન મળ્યું હતું. કોઇ સ્વતંત્ર કન્યાઓ માટેની માધ્યમિક શાળા આઝાદી પૂર્વે ખોલવામાં આવી નહોતી.

**છાત્રાલય પ્રવૃત્તિ :**

વઢવાણ રાજ્યમાં શિક્ષણનો વિકાસ થતા છાત્રાલય પ્રવૃત્તિનો પણ વિકાસ થયો. ૧૯મી સદી સુધી છાત્રાલય પ્રવૃત્તિનો વઢવાણ રાજ્યમાં કોઇ વિકાસ થયો નહોતો. પરંતુ જશવંતસિંહજીના સમયમાં વઢવાણમાં પૂર્વ રાજવી બાલસિંહજીના નામ ઉપરથી 'બાલસિંહજી ગરાસિયા છાત્રાલય' શરૂ કરવામાં આવી હતી. જે છેક આઝાદી

પર્યંત ચાલુ રહી હતી. આ છાત્રાલયમાં માત્ર ગરાસિયાઓના બાળકોને જ એડમિશન આપવામાં આવતું. સુરેન્દ્રસિંહજીના સમયમાં ઇ.સ. ૧૯૪૦-૪૧ના વર્ષ દરમિયાન આ છાત્રાલય માટે રાજ્ય તરફથી ૧૦૦૦/- રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

**પુસ્તકાલય :**

વઢવાણ રાજ્યમાં ઇ.સ. ૧૮૭૮માં પ્રથમ 'નેટીવ લાઇબ્રેરી' સ્થપાઇ હતી. રાજ્યએ શિક્ષણનો વિકાસ થાય તે માટે પુસ્તકાલય પ્રવૃત્તિની શરૂઆત કરી હતી. તે માટે રાજ્યની દરેક શાળામાં નાનું પુસ્તકાલય પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય વઢવાણના સમાજ સેવક અને દેશની આઝાદી માટે લડનારા નેતા મોતીભાઈ પરમાર (દરજી)એ પણ 'ધર્મ પુસ્તકાલય' નામે વઢવાણમાં પુસ્તકાલય શરૂ કરી.

## વઢવાણ રાજ્યની કેટલીક સંસ્થાઓ :

**દાજીરાજ હાઇસ્કૂલ :**

વઢવાણના ભૂતપૂર્વ રાજવી સ્વ. શ્રી દાજીરાજજીના નામ ઉપરથી બાલસિંહજીએ તેમના શાસનકાળ દરમિયાન 'દાજીરાજ હાઇસ્કૂલ'ની ઇ.સ. ૧૮૮૫માં સ્થાપના કરી હતી. બાલસિંહજીએ વઢવાણના ગાદી સંભાળી. આ રાજવીના દિલમાં વડીલબંધુ માટે અપાર આદર અને માન હતા. એ વખતે વઢવાણમાં જન્મેલા પ્રખ્યાત કરી દલપતરામ ડાહ્યાલાલ ત્રવાડીએ બાલચંદ્રસિંહજીને વઢવાણમાં હાઇસ્કૂલ શરૂ કરવાનું નમ્ર સૂચન કર્યું. પ્રજાપ્રેમી રાજા તત્કાળ કવિના એ સૂચનને વધાવી લીધું અને અમલમાં પણ મૂકી દીધું. રાજમહેલની સામે જ એક વિશાળ ઇમારત હતી, જેનું નામ 'પટેલ હાઉસ' હતું. આ વિશાળ ઇમારતમાં જરૂરી સુધારા કરી ત્યાંજ 'શ્રી દાજીરાજ હાઇસ્કૂલ' શરૂ કરવામાં આવી. એના પ્રથમ આચાર્ય શ્રી કે.જે. દેસાઇ બન્યા હતા. આ હાઇસ્કૂલમાં શિક્ષણની સાથે સાથે શારીરિક શિક્ષણની પ્રવૃત્તિ પણ સારી એવી થતી હતી. તેનું ક્રિકેટની રમતમાં સારું એવું નામ હતું. આ ઉપરાંત વોલીબોલની રમતમાં પણ દાજીરાજ હાઇસ્કૂલનું નામ હતું. આ ઉપરાંત દાજીરાજ હાઇસ્કૂલને અનેક વિદ્વાનો, સાહિત્યકારો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને કલાકારો ગુજરાતને ભેટ ધર્યા છે.

**રાષ્ટ્રીય શાળા :**

ગાંધીજી દ્દઢ સંકલ્પવાળા અને સિદ્ધિ અર્થે સંપૂર્ણ આગ્રહ ધરાવનારા એક સમર્થ વ્યક્તિ હતાં. ઇ.સ. ૧૯૧૯માં એમણે અસહકારની ચળવળ શરૂ કરતા પ્રજાને ચાલુ શાળાઓ છોડવાની હાંકલ કરી અને તે માટે નવી રાષ્ટ્રીય શાળાઓ ખોલી. જેમાં હજારો વિદ્યાર્થીઓ જોડાયા. જેમાં સૌરાષ્ટ્રમાં ત્રણ રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરવામાં આવી હતી. તેમાંથી એક વઢવાણમાં તા. ૨૧-૦૨-૧૯૨૫ની સાલમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વરદ્ હસ્તે તેની સ્થાપના થઇ હતી.

આ સંસ્થાના પાયામાં ગાંધી વિચારને સમર્પિત એવા સ્વ. ફૂલચંદભાઈ, સ્વ. ચીમનભાઈ અને સ્વ શિવાનંદજીએ આ ઝાલાવાડની ભૂમિ પર શિક્ષણની સાથે રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય શરૂ કર્યું. આ સંસ્થા માટે શ્રી સુરેન્દ્રસિંહજીએ ૧૦૦ એકર જેટલી જમીન દાનમાં આવેલ તેના પર દાતાની મદદથી ઇમારત બાંધવામાં આવી. આ શાળામાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ થતી હતી. ઉપરાંત રાષ્ટ્રીય શાળામાં સ્વદેશી શિક્ષણ ઢબે શિક્ષણ આપવામાં આવતું તેમજ ગૃહ ઉદ્યોગની તાલીમ પણ અહીં આપવામાં આવતી હતી. એક સમયે શ્રી ફૂલચંદભાઈ, શ્રી ચીમનભાઈ અને શ્રી શિવાનંદજી દ્વારા હરિજન બાળકોને પણ શાળામાં પ્રવેશ આપવાની હિમાયત કરી હતી અને તેના વિરોધમાં અમુક વર્ષ માટે શાળા બંધ રહી હતી. આઝાદી બાદ અહીંયા કૃષિવિજ્ઞાનનું શિક્ષણ આપવાનું શરૂ કરવામાં આવ્યું.

**લાડકીબાઈ કન્યાશાળા :**

વઢવાણમાં કન્યા કેળવણીના ઉદ્દેશથી લોક લાડીલા રાજવી જોરાવરસિંહજીએ દાજીરાજ સાહેબના રાણી સીતાબાના શુભ હસ્તે ‘લાડકીબાઇ કન્યાશાળા’નું તા. ૧૫-૧૨-૧૯૨૦ના રોજ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૩૦-૧૨-૧૯૨૧ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ શાળા સ્ટેશન રોડ ઉપર ખાંડીપોળ દરવાજા સામે આવેલી છે. આ શાળા લક્ષ્મીબેન માણેકલાલ શેઠે સાસુજી લાડકીબાઈની યાદમાં શરૂ કરાવી હતી. આ શાળાના શિક્ષક દશરથસિંહ અસ્વારે જણાવ્યું કે, રાજાશાહી સમયની કન્યા કેળવણીની યાદ રૂપી શાળા છે. આ શાળામાં ૧૦૦થી વધુ શિક્ષકો, ૧૦ પટ્ટાવાળા સહિત હજારો બાળકોથી ધમધમતી હતી. પરંતુ ૨૦૦૧માં ભયાનક ભૂકંપમાં ઐતિહાસિક ઇમારત જર્જરિત બની છે.

# વઢવાણ

વઢવાણ મારૂં વતન હતું એટલે ગામમાં જ નોકરી કરવાની હોય તો ગમે એ તો હતું જ. ઉપરાંત અસહકાર કરીને, સરકારની ગ્રાન્ટ લેતી શાળાની નોકરી છોડીને વિરમગામની રાષ્ટ્રીય શાળામાં કામ કરતો હતો ત્યાંથી વઢવાણમાં રાષ્ટ્રીય શાળામાં જ નોકરી કરવાનું થતું તે પણ ગમતી વાત હતી. વધારામાં વઢવાણની શાળામાં જે શિક્ષકો હતા તેમાંના લગભગ બધા જ મારા મિત્રો હતા એથી પણ હોંશભર્યો હું વઢવાણ આવ્યો.

પહેલે દિવસે શાળામાં હાજર થવા ગયો ત્યારે જે ડેલામાં શાળા ચાલતી હતી એ ડેલો જોઇને નાસીપાસ થવાનું મારે કોઇ કારણ ન હતું. વિરમગામમાં અમે જ્યારે નવી શાળા શરૂ કરી ત્યારે અમારે મુનસર તળાવની પાળે આવેલા મંદિરમાં જ શાળાની શરૂઆત કરવી પડી હતી. આલિશાન મકાન હોય, વિદ્યાર્થીઓને બેસવા બાંકડા હોય તેને આવશ્યક અને અનિવાર્ય જરૂરિયાત ગણવાનું છોડી દીધું હતું અને વઢવાણના લોકો જેને 'રાંકાનો ડેલો' કહીને ઓળખતા એ ધર્મશાળામાં કામ કરવાની મજા આવશે એવી માનસિક તૈયારી સાથે પહેલા દિવસે હું એ ડેલામાં દાખલ થયો, પણ ત્યાં કામ કરવાને હજુ વાર હતી. અમારા આચાર્ય ચમનભાઈ વૈષ્ણવે મારી કસોટી કરવાનું નક્કી કરી રાખ્યું હતું તેની મને ખબર ન હતી. શાળામાં હાજર કરીને ચીમનભાઈએ મને ગામમાં, દેપાળા શેરી પાસે ચાલતી આ શાળાની બાળવર્ગ શાખામાં કામ કરવા મોકલી આપ્યો.

ત્યાં ત્રણ વર્ગો હતા. સૌથી નાનામાં નાના બાળકોના વર્ગમાં મારે શિક્ષક તરીકે જવાનું હતું. આ નાનકડા ભુલકાઓને શું ભણાવાય અને કેવી રીતે ભણાવાય તેની કશી જ ખબર નહીં. છોકરા કોઇ રડે, ઝઘડે ત્યારે પાસેના વર્ગમાંથી પ્રાણશંકર મો. ત્રિવેદી જેમને ત્યાં બધા પ્રાણભાઈ મૂછાળા કહેતા, તે આવે અને મારા વર્ગના વિદ્યાર્થીઓને હસાવી જાય. લહેરમાં લાવી જાય અને પાછા જેવા તે જાય કે તુરત મારો વર્ગ પહેલા હતો તેવો થઇ જાય. પ્રાણભાઈ શું કરતા તેથી વર્ગ શાંત થઇ જતો અને આનંદમાં આવી જતો તે મારાથી સમજી શકાતું ન હતું. મને એટલું સમજાયું કે પાંચ-સાત વર્ષની ઉંમરનાં બાળકોને ભણાવવા માટે હું નકામો હતો. તેમને ભણાવતાં મને આવડતું ન હતું. સાંજે શાળા છૂટે ત્યારે હું ખૂબ થાકી જતો એવું યાદ છે. મેટ્રિક સુધી

ભણેલો હોય તે, ગુજરાતી ભણેલા કરતાં વધારે સારો શિક્ષક થઇ શકે એવું ઊંડે ઊંડે મારામાં અભિમાન હશે એમ લાગે છે, અને આ અભિમાન થોડા જ દિવસમાં ઉતરી ગયું. પ્રાણભાઈ ત્રિવેદી અને પેલા લ્હેરાભાઈ મારા કરતા ચડિયાતા છે - શિક્ષક તરીકે ચડિયાતા છે તેવું મે સ્વીકારવા માંડ્યું.

ચીમનભાઈ વૈષ્ણવે મને આ બાળવર્ગમાં મુક્યો તેની પાછળ કારણ હશે જ. પહેલે દિવસે શાળામાં હાજર થવા ગયેલો હું બાળવર્ગમાં કામ કરતો હું એ વ્યક્તિઓમાં થયેલા ફેરફારને તેમણે જોઇ લીધો હશે અને બાળવર્ગના બાળકો હિતને તેમજ મારા પોતાના હિતને પણ નજરમાં રાખીને પૂરૂં એક અઠવાડિયું પણ નહીં થયું હોય ત્યાં તેમણે મને વિનય મંદિરમાં પેલા રાંકાના ડેલામાં ચાલતી શાળામાં કામ કરવા બોલાવી લીધો અને અઠવાડિયાના અનુભવે નમ્ર બનેલો હું વિનય મંદિરના શિક્ષક તરીકે હાજર થયો.

વિનય મંદિરમાં ચીમનભાઈ હતા, ડાહ્યાભાઈ જાની હતા, વજુભાઈ દરે હતા, પથુભાઈ હતા, અમૃતલાલ આચાર્ય હતા. લગભગ બધાને મારા હાઇસ્કૂલના દિવસોથી હું ઓળખતો. મોતીભાઈની દુકાને અમે સાથે બેસતા, ધર્મ પુસ્તકાલયમાં અમે સાથે કામ કરતા. નારદભાઈની વાવમાં સાથે ન્હાવા જતા. કાનેટીનો કૂવો ગાળવા આવા જૂના મિત્રો સાથે કામ કરવાનું આવ્યું પણ આજ સુધી પેલી તાલુકદારી ગિરાશિયા સ્કૂલમાં, ચિખલીની મિડલ સ્કૂલમાં અને વિરમગામની એમ.જે. હાઇસ્કૂલ કે ત્યાં અમે શરૂ કરેલી રાષ્ટ્રીય શાળામાં હું જે રીતે કામ કરતો તેમાં અને વઢવાણના વિનય મંદિરમાં જે રીતે બધા શિક્ષણનું કામ કરતા તેમાં ઘણો મોટો તફાવત હતો.

વઢવાણની રાષ્ટ્રીય શાળામાં દાખલ થતાં જ મને ચીમનભાઈએ બોલાવીને જે પહેલી વાત કરી તે એ હતી કે શાળાના કોઇપણ વિદ્યાર્થીને તુંકારે બોલાવવાનો નહીં, બલકે વિદ્યાર્થીઓને માન દઇને બોલાવવા જોઇએ. મણિલાલને, મણિભાઈ, રતિલાલને રતિભાઈ, અમૃતને અમૃતભાઈ કહીને જ બોલાવવા જોઇએ. શારીરિક શિક્ષા કોઇપણ સંયોગોમાં કદી કોઇપણ વિદ્યાર્થીને કરી શકાય જ નહિ એવો નિયમ હતો તેની પણ મને તેમણે વાત કરી. એક દિવસ પાણીની તરસ લાગતા મેં એક વિદ્યાર્થીને પાણી લઇ આવવા મોકલ્યો, તે જોઇ એ વિદ્યાર્થીને ખુદને નવાઇ લાગી. મને પછી ખબર પડી કે ગમે તેવું નાનું અંગત કામ વઢવાણની રાષ્ટ્રીય શાળાના કોઇ શિક્ષક વિદ્યાર્થી પાસે કરાવતા નહીં. માતા પોતાના બાળકને માન દઇને બોલાવતી નથી.

કોઇવાર સજા પણ કરે છે, એવી દલીલ કરીને વિદ્યાર્થીને માન દઇને બોલાવવા એવો શા માટે આગ્રહ રાખવો એવું અમે કોઇએ કદી ચીમનભાઈને પૂછ્યું હોય તેવું યાદ નથી. ચીમનભાઈ કહેતાઃ આપણી પાસે વર્ગમાં ભણવા વિદ્યાર્થીઓમાંથી કોઇ ભાવિ મહાપુરૂષ નહીં હોય તે આપણે જ્યાં જાણીએ છીએ ? ભવિષ્યમાં આપણો વિદ્યાર્થી દેશનો નેતા થાય, આગળ પડતો પ્રતિષ્ઠિત નાગરિક થાય ત્યારે આપણને એ વાતનું દુઃખ થાય કે આને હું તુંકારે બોલાવતો એ પરિસ્થિતિ ઊભી ન થાય તેવું આપણે કેમ ન કરીએ ?

ગૌર વર્ણ, પાતળો સુકલકડી દેહ, રૂપેરી ફ્રેમનાં ચશ્માં પાછળથી વાત્સલ્ય નીતરતી આંખો અને સાંભળ્યાં જ કરવાનું મન થાય તેવી એમની વાણી એવા ચીમનભાઈએ શાળામાં એક જાદુ કર્યો હતો, એક ચમત્કાર કર્યો હતો. એ જે કાંઇ કહે તે કરવા અમે બધા તૈયાર રહેતા. 'વહેલા સવારે ઊઠીને શાળાએ આવો અને ત્યાં શિક્ષણ શાસ્ત્રના ચાલતા અભ્યાસમાં જોડાવ' એવું રહે તો અમે તેને ફતવો ન માનતા, તે અમને આજ્ઞા પણ ન લાગતી અને અમે તેમ કરતા. અભ્યાસ પૂરો થાય એટલે વિદ્યાર્થીઓ સાથે રમવા જવાનું કહે તો કછોટો મારીને રમવા જતા અને એ સુકોમળ ચીમનભાઈને રમતા જોઇ રહેતા અને અમારો થાક ઉતરી જતો. લાંબી પરશાળના દખણાદા ખૂણે આવેલી નાની અંધારી ઓરડીમાં નાનકડા ઢાળિયા સામે કોથળો પાથરીને બેસી લખતા ચીમનભાઈ કે ચાલુ વર્ગે કોઇવાર આવીને એક બાજુ વિરુધ્ધ દિશામાં ઊભા રહી અમને વર્ગમાં શીખવતા સાંભળતા ચીમનભાઈ અને વિદ્યાર્થીઓ સાથે રમતા રમતા પસીનાથી રેબઝેબ થતા ચીમનભાઈ બંને એક જ વ્યક્તિ છે કે જુદી જુદી વ્યક્તિઓ છે તેવી પણ કોઇવાર અમને શંકા થતી.

રમતના મેદાનમાંથી પાછા આવીને અમે ઘેર જવા નીકળીએ ત્યારે ચીમનભાઈ વિદ્યાર્થીઓને દૂધ પાવા બેસે. દૂધ ગાળવાનું કપડું એ જાતે જ સાબુથી ધોઇ નાખે એવી એમની ચીવટ હતી.

ગાવાનો એમને શોખ ન હતો પણ જ્યારે હિન્દી કાર્ય શીખવતા હોય ત્યારે એવા મીઠા અવાજે કાવ્ય ગાય કે કોઇવાર તો અમારો વર્ગ છોડીને એમના વર્ગમાં જઇને બેસવાનું અમને મન થતું.

વઢવાણ દાજીરાજ હાઇસ્કૂલ ચાલતી પણ એવું કહેવાતું કે ભણવામાં તેજસ્વી વિદ્યાર્થીઓ બધા ત્યાંથી રાષ્ટ્રીય શાળામાં આવીને દાખલ થઇ ગયા હતા. બીજી

શાળાઓ કરતાં અમારે ત્યાં અભ્યાસક્રમ જુદો હતો. અંગ્રેજી પ્રત્યક્ષ પધ્ધતિથી શીખવવામાં આવતું, હિસ્ટ્રીનો અભ્યાસ ફરજિયાત હતો. એક વિષમાં વિદ્યાર્થી નાપાસ થાય એટલે ઉપરના વર્ગમાં જઇ જ ન શકે અને તેનું આખું વર્ષ બગડે તેવી પરીક્ષાની પધ્ધતિ ન હતી. જે વિષયમાં વિદ્યાર્થી નાપાસ થયો હોય તે વિષય પૂરતો જ એ વિદ્યાર્થી નીચેના વર્ગમાં બેસે અને બાકીના વિષયો માટે ઉપરના વર્ગમાં જઇ શકે તેવી શ્રેણી પધ્ધતિ હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીની નાની પુસ્તિકાઓ ઇતર વાંચન માટે વર્ગમાં હતી. શિક્ષકો માટે સમૃધ્ધ કહી શકાય તેવું કેળવણીના પુસ્તકોથી ભરચક એવું પુસ્તકાલય હતું. પૂર્ણિમાના ઉત્સવો હતા. પ્રદર્શનો યોજાતા. નાના અને મોટા પ્રવાસો ગોઠવાતા. શાળાના ચોગાનમાં સુંદર મજાનો બાગ હતો. ફૂલછોડ પર બેસતાં ફૂલોને કોઇ ચૂંટતા નહીં.

પાગલખાનાના પાગલો જાણે કો હોય તેમ શિક્ષકો કામ કરતા, રોજ શીખવવાના વિષયની પૂર્વ તૈયારી કરીને જ શિક્ષક વર્ગમાં પગ મુકતા અને પૂર્વ તૈયારી બરાબર કરવામાં આવી છે કે નહીં તે ચીમનભાઈ અને ડાહ્યાભાઈ જાની વર્ગમાં આવીને જોઇ પણ જતા વર્ગમાં જો કોઇને વધારે બોલવાનું આવે તો વિદ્યાર્થીને આવતું-શિક્ષક પ્રશ્ન પૂછવા પૂરતા જ બોલતા.

શાળા છૂટે અને ઘેર જવાનો વખત થાય ત્યારે વિદ્યાર્થીઓ શું કે શિક્ષકો શું બધા જ જાણે કે Fresh હોય તેવા થનગનતા નીકળતા.

આવી આ શાળામાં કામ કરતાં કરતાં શિક્ષણની સૂઝ આવવા લાગી અને શિક્ષણનો વ્યવસાય ગમવા લાગ્યો.

ત્રણેક વર્ષ આ રીતે કામ કર્યું ત્યાં તે વખતે ઘણું કરીને ચીમનભાઈને બાદ કરતા અમારામાંના ઘણાખરાને ઓછેવત્તે અંશે સંકટ લાગેલું તેવો એક પ્રશ્ન ઉપસ્થિત થયો. જે શાળાને રાષ્ટ્રીય શાળા કહેવામાં આવે તે શાળાના બારણાં પછાત સમાજના બાળકો માટે શું ખુલ્લા ન હોવા જોઇએ ? રાષ્ટ્રીય શાળા એટલે કહેવાતા ઉચ્ચ વર્ણના બાળકોને જ કેળવણી આપતી શાળા એવો અર્થ હોઇ શકે ? ચીમનભાઈ આ બાબતમાં ખૂબ સ્પષ્ટ હતાં, મક્કમ હતા અને તેમણે નિર્ણય લીધો હતો કે પછાત સમાજના બાળકોને સમજાવીને પણ શાળામાં દાખલ કરવા જ જોઇએ. ફુલચંદભાઈ અને શિવાનંદજીનો તેમને ટેકો હતો. શાળાના જે શિક્ષકો આજીવન સભ્યો હતા તેમની સમક્ષ આ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો ત્યારે પહેલી જ વાર બધા ચીમનભાઈની સાથે

આ પ્રશ્ને નથી એવું દેખાયું. કાકા સાહેબ આવ્યા-તેમણે બધાને સમજાવ્યા અને છતાં કોઇ સમજ્યા નહીં. ત્રણસો-ચારસો બાળકોવાળી આ શાળામાં એક પણ વિદ્યાર્થી નહીં રહે તો પછી ભણાવવા કોને ? વઢવાણની સમગ્ર જનતા આ રીતે જ વિચારતી. પોપટલાલ ચૂડગર જેવા ધારાશાસ્ત્રી પણ અમારી જેમ જ વિચારતા સૌરાષ્ટ્ર પત્રના અધિપતિ સ્વ. અમૃતલાલ શેઠને પણ એવું લાગતું કે એક પૂર્ણ વિકાસ પામેલ વૃક્ષ ઉખડી જશે અને એમણે સૌરાષ્ટ્રમાં તેવું લખ્યું પણ ખરૂં. પણ સમાજના એક વર્ગની સામે બારણાં બંધ કરીને શાળા ચલાવવી અને તેને રાષ્ટ્રીય શાળા કહેવી એ વાત ફુલચંદભાઈને, શિવાનંદજીને અને ચીમનભાઈને કોઇ સમજાવી શક્યું નહીં. એજ સાચા શિક્ષકો હતા, એજ ગાંધીજીના સાચા અનુયાયી હતા અને એક દિવસ પછાત સમાજના વિદ્યાર્થીના પ્રવેશ સાથે સ્થૂળ અર્થમાં શાળા બંધ પડી અગલ તો બંધ પડી જશે એવું મેં માની લીધું અને હવે ક્યાં જવું એ પ્રશ્ન થયો.

બે મહિના રાણપુર 'સૌરાષ્ટ્ર'માં કામ કરવા જઇ બેઠો. અમારા જૂના મિત્ર ડાહ્યાભાઈ જાની ત્યાં જોડાયા હતા. થોડો વખત જે અમારી સાથે રાષ્ટ્રીય શાળામાં શિક્ષક હતા તે કકલભાઈ કોઠારી પણ ત્યાં હતા અને અમૃતલાલભાઈ, મેઘાણીભાઈ, પંડ્યાજી વગેરેની ત્યાં મંડળી જામી હતી. પણ મારો જીવ પત્રકારનો હતો જ નહીં તેથી ત્યાં ન ગોઠ્યું એ જેમ સાચું છે તેમ એ પણ સાચું કે કામ કરવાની જે મજા વઢવાણની શાળામાં આવતી હતી, કામ કરવાનો જે સંતોષ મળતો તેવી મજા કે સંતોષ રાણપુરમાં ન હતો. મને રોજ વઢવાણની શાળા યાગ આવતી. વઢવાણના વિદ્યાર્થીઓ યાદ આવતા અને ખાસ તો ચીમનભાઈ યાદ આવતા. આબુના પ્રવાસે અમે ચાલીને વિદ્યાર્થીઓને લઇ ગયા. ત્યારે આબુ રોડથી માઉન્ટ જવા માટે પગે ચાલીને રાતે નીકળ્યા. ગાડા જઇએ, અંતકડી રમતા જઇએ અને લહેર કરતા જઇએ તે બધું યાદ આવતું. અર્ધે રસ્તે બધાએ રાત રોકાવાનો નિર્ણય કર્યો ત્યારે નાના વિદ્યાર્થીઓ માટે અને બધાના સાધન માટે જે ગાડું ભાડે રાખ્યું હતું તેની સાથે કોણ જાય તે સવાલ ઊભો થતાં ચીમનભાઈએ એ કામ કર્યું. બધા થાક્યા હતા એક ચીમનભાઈ જ થાક્યા ન હતા. ગાડામાં જે તેમના મોંઘામૂલા બાળકો હતા તેમને માત્ર ગાડાવાળાની જ સંભાળ નીચે જવા દેવા ચીમનભાઈ તૈયાર ન હતા અને ગાડાવાળો તો રાતમાં જ મુસાફરી કરતા તૈયાર હતો, તેથી ચીમનભાઈ તૈયાર થયા. રાજીખુશીથી નહીં પણ ચીમનભાઈ

એકલા ગાડા સાથે જાય તે બરાબર ન લાગતા તેમની સાથે જવા વજુભાઈ તૈયાર થયા અને હું પણ ખૂબ થાક્યો હતો છતાં તેમની સાથે જવા તૈયાર થયો. ગાડામાં અમારે બેસવાનું ન હતું. ગાડાવાળો અમને બેસવા દે તો પણ ચીમનભાઈ તેમ થવા દે તેવા ક્યાં હતાં ? જે નક્કી કર્યું હોય તે મુજબ જ થવું જોઇએ તેવા આગ્રહી ચીમનભાઈ હતા અને આખી રાત ચાલ્યા જ કરવાનું છે તેવું જણવા છતાં વજુભાઈ અને હું ગાડા સાથે અને ચીમનભાઈ સાથે ઊપડ્યા. પગ ચાલવાની ના પાડે, ઊંઘે ઘેરાયેલી આંખો, પ્રયત્ન કરીએ તો પણ બંધ થયા કરે અને ચાલતા ચાલતા ઝોકું આવી જાય એટલે ગાડાનો પાછળનો ભાગ પકડી લઇ એ એવી રીતે આખી રાત ચાલીને માઉન્ટ આબુ, દેલવાડા સુધી પહોંચ્યા તે રાત યાદ આવતી ત્યારે એમ થતું કે એવી જ રીતે ફરીને જો ચમનભાઈ સાથે પ્રવાસમાં જવાનું થાય તો કેવું સારૂં ? લાકડા લેવા ગયેલા કૃષ્ણ બળદેવ અને સુદામા રાત્રે આશ્રમે પાછા ન આવ્યા અને વરસાદ થયો તેથી સાંદીપનિ ગુરૂ તેમને શોધવા જંગલમાં ગયા હોત, કારણ કે એ ગુરૂ હતા એ બધું તો એ વખત યાદ નહીં આવેલું પણ પાછળથી એ સમજાયું કે શિક્ષક ભાષા, ગણિત, ઇતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન વિષયો શીખવનાર તો છે પણ તે પહેલા અને ખાસ તો તેની પાસેના બાળકોનું માતાની જેમ જતન કરનાર મુખ્ય છે અને જો એવો એ હોય તેજ એ સાચો શિક્ષક થઇ શકે છે. આવા ચીમનભાઈ હતા અને વજુભાઈ પણ કાંઇક આવા હતા તે તો મારે વર્ષો પછી છેક ઉત્તરાવસ્થામાં જોવાનું હતું કે શારદા મંદિરના વિદ્યાર્થીઓ નળસરોવરના પ્રવાસે ગયા હતા. પહેલી જ વખત વજુભાઈ પ્રવાસમાં ન હતા. રાત પડી, બાળકોની બસને અમદાવાદ પહોંચવાનો સમય થઇ ગયો એટલે વજુભાઈએ ટેલિફોન લીધો અને કેમ હજુ બસ નથી આવી તેની પૂછપરછ કરવા માંડી, સાણંદ ફોન કર્યો, વઢવાણ ફોન કર્યો અને જ્યારે પાકા સમાચાર ન મળ્યા ત્યારે સ્પેશિયલ બસ કઢાવીને વિદ્યાર્થીઓને શોધવા તે નીકળી પડ્યા. જોગાનુજોગ દિવસે હું તેમને ત્યાં જ હતો તેથી હું પણ તેમની સાથે ગયેલો તેથી મને બરાબર યાદ છે કે રસ્તામાં એક શબ્દ પણ તે ઉચ્ચારતા નહીં, છોકરા ક્યાં હશે, તેમનું શું થયું હશે; તેમણે ખાધું શું હશે તેની જ એ ચિંતા કરતા હતા અને છેક લખતર પહોંચ્યા ત્યારે ખબર પડી કે તેમની બસ બગડી હોવાથી રેલવે રસ્તે જવા એ બધા બસના સ્ટેશને ગયા છે ત્યારે સ્ટેશને જઇને બધાને મળ્યા ત્યારે જ તેમનામાં જાણે કે જીવ આવ્યો એ બધા

વિદ્યાર્થીઓને સ્પેશિયલ બસમાં લઇને છેક સવાર પડી ત્યારે શારદા મંદિર પહોંચ્યા હતા. ચીમનભાઈ અને વજુભાઈ આવા શિક્ષકો હતા અને રાણપુરમાં, સૌરાષ્ટ્રની ઓફિસમાં બેઠો બેઠો હું આ બધું યાદ કરતો હતો અને જો કોઇ સારી શાળામાં શિક્ષક તરીકે નોકરી મળી જાય તોજ શાંતિ થશે એમ લાગતું હતું અને લગભગ એવી નોકરી મળી પણ ગઇ. જ્યાં શિક્ષક તરીકે જવાનું બન્યું. તે હતી શુક્લતીર્થની નર્મદા હાઇસ્કૂલ.

વઢવાણની રાષ્ટ્રીય શાળામાં જોડાયો ત્યારે વૈષ્ણવ જેવા સંતપુરૂષની સાથે કામ કરવાનો લ્હાવો માણ્યો. વૈષ્ણવ જેવા શિક્ષકો મોટી સંખ્યામાં હોય એ ક્યાંથી બને ? ભાષા શીખવે તો પણ વિદ્યાર્થીને મંત્રમુગ્ધ કરી દે. ગણિત કે આંક શીવવાનું આવે તો પણ વજુભાઈ અને ભોગીભાઈ જેવા સિધ્ધ બાલ શિક્ષકોને ઘડીભર વિચારતા કરી મૂકે. શાળાના સંચાલનમાં એટલા જ કુશળ. એમ જોવા જઇએ તો મીઠાની લડત વખતે પણ વિરમગામની છાવણીએ તેમનું જૂદું જ દર્શન ક્યાં નહીં કરેલું ? કદી ન ભુલાય તેવા જે શિક્ષકને જિંદગીમાં પહેલી જ વાર જોયા અને તે પછી એમની સાથે જેને બેસાડી શકાય તેવા કોઇ જ જોયા ન હોય તેવા ચીમનભાઈ વૈષ્ણવ હતા.

વજુભાઈ દવે પણ એક અત્યંત સફળ શિક્ષક, તે વખતે અમારા શિક્ષક મંડળમાં હતા. વજુભાઈ સાથે તો તે પછીનાં વર્ષોમાં એટલો નિકટનો પરિચય થયો કે તેમણે તેમની જિંદગીના અમૂલ્ય વર્ષો જે શાળાને લગભગ સમર્પણ કરી દીધા એ શાળા શારદા મંદિરમાં વર્ષમાં બે ત્રણ વખત તો હું જતો જ તે કેવળ વજુભાઈના એ સર્જનનો દિન પ્રતિદિન થતો વિકાસ જોવા ખાતર જ જતો.

વઢવાણમાં બીજા પણ એક સારા શિક્ષક જોયા-તે હતા ભોગીભાઈ પરીખ. વજુભાઈ-ગિજુભાઈના પટ્ટ શિષ્ય ખરા; બાલ શિક્ષક તરીકે પણ ગિજુભાઈની નજર કોના પર ઠરે એ જો તેમને પૂછવામાં આવે તો કદાચ પહેલું નામ ગિજુભાઈની જીભે ભોગીભાઈનું આવે. ભોગીભાઈએ બાલમંદિર બહાર પગ મૂક્યો જ નથી એવું કહેવું હોય તો કહી શકાય. કુમાર મંદિરમાં કે વિનય મંદિરમાં કામ કરવું હોય તે તેમને ફાવે નહીં એવું તો નહીં પણ એમનું દિલ નાચી ઊઠે બાળ મંદિરના બાળકોને જોઇએ.

**-પ્રાણજીવન આચાર્ય**

## શિવાનંદજી સ્વામી–ફુલચંદભાઈ શાહ : સમાધિસ્થાન



**વઢવાણ ઘરશાળામાં આવેલ સ્વાતંત્ર્ય સેનાનીઓની સમાધિઓ આજે પણ સ્વતંત્રતા માટેના સંઘર્ષની ગાથા યાદ અપાવે છે.**

આઝાદ દેશમાં લવાતો પ્રત્યેક શ્વાસ સ્વાતંત્ર્યનો ઉત્સવ છે. આઝાદી મળ્યાને હવે ૭૪ વર્ષ પૂરાં થઇ રહ્યા છે, ત્યારે પણ સમગ્ર વિશ્વએ માર્ગનો દાખલ ટાંકે છે. જુઓ આમ આઝાદી મેળવવા માટેના યજ્ઞમાં ૧૯૧૭ થી ૧૯૪૭ સતત ૩૦ વર્ષ દરમ્યાન ઝાલાવાડે કદી ન વિસરાય તેવો ફાળો આપ્યો હતો.

પૂ. મહાત્મા ગાંધીજી ઇ.સ. ૧૯૧૬માં હિન્દીઓના હક્કની લડત લડવા માટે દક્ષિણ આફ્રિકામાંથી ભારત આવતા જ આઝાદી મેળવવા માટે એક નવો જ અધ્યાયની શરૂઆત થઇ. આઝાદી માટે આ યજ્ઞમાં મોતીભાઈ દરજી, ફુલચંદભાઈ, ચીમનભાઈ વૈષ્ણવ, શિવાનંદજી સરદાર પટેલના જમણા હાથ સમા મણીલાલ કોઠારી, મોહનલાલ સંઘવી, સુખલાલ શાહ, સુખલાલ શેઠ, મણીલાલ વીરચંદ વોરા વગેરે વ્યક્તિઓ જોડાઇ હતી. ૧૯૨૮માં વાણી સ્વાતંત્ર્ય માટે ઝાલાવાડની પ્રજાએ આઝાદીનો આતરા જગાવવાનો પ્રસાયો કર્યા હતા. વઢવાણ મોતીચોકમાં જાહેર સભા યોજાઇ હતી. આ સભામાં સત્યાગ્રહીઓને લાઠીના ઘા મારીને ધરપકડ કરવામાં

આવી હતી. ૧૯૩૦માં રાજાશાહી તેમજ બ્રિટીશશાહી દ્વારા ઝાલાવાડની પ્રજાની આશા અને આકાંક્ષાઓ કચડવામાં આવી હતી. ત્યારે વઢવાણ, ધ્રાંગધ્રા અને લીંબડી રાજ્યે આઝાદીનો દીવડો જલતો રાખવા ભૂગર્ભ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જ્યારે જ્યારે માતની હાકલ પડી ત્યારે ફુલચંદભાઈ, બળવંતભાઈ મહેતા, ચીમનભાઈ વૈષ્ણવ, લક્ષ્મીદાસ દાણી, આત્મારામ ભટ્ટ, શંભુશંકર, જોરસંગ કવિ વિગેરેની આગેવાની નીચે અનેક સૈનિકોની ટુકડીઓએ સત્યાગ્રહ-સંગ્રામમાં ઝંપલાવ્યું હતું. આ ટુકડીઓ માટે ખેડૂતો પરના જુલ્મો અને ધ્રાંગધ્રામાં વાણી સ્વાતંત્ર્યની લડતો કરીને પ્રભાત ફેરી, સરઘસ, હડતાલ, રોજિંદા કાર્યક્રમો બન્યા હતા.

૧૯૩૯માં ફુલચંદભાઈ નશ્વર દેહ છોડીને ચાલ્યા જતા તેમને જૈન મુનિરાજ માફક પાલખીમાં બેસાડી તેમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી. તેમની સ્મશાન યાત્રામાં ઢેબરભાઈ, રસિકભાઈ પટેલ, શિવાનંદજી સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

૧૯૩૦ થી ૧૯૪૨નો સમય ઝાલાવાડ માટે ગૌરવવંતો હતો. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં વઢવાણ રાજ્યે શિવાનંદજી, ગિરધરભાઈ શાહ, પ્રભુભાઈ વોરાની ધરપકડ કરી હતી. ૧૯૩૦ થી ૧૯૪૨ વઢવાણનો મોતીચોક આઝાદીની રણભૂમિ બની ગઇ હતી. અહીંથી કોંગ્રેસના સંદેશો પ્રજાને પહોંચાડતો હતો. વઢવાણ રાજ્ય આઝાદી બાબતે સહિષ્ણુ હતું. દિવાન ભીમજીભાઈની સહાનુભૂતિ રાજકીય ચળવળ પ્રત્યે હતી. ૧૯૩૦ની લડત સુધી વઢવાણના રાજવી જોરાવરસિંહ અને ૧૯૪૨ની લડત વખતે વઢવાણ કેમ્પને સુરેન્દ્રનગર નામ વઢવાણના રાજવીએ આપ્યું હતું.

૧૯૪૮માં કાઠિયાવાડના રાજ્યોનું વિલીનીકરણ થયું અને રાજધાનીનું શહેર મટીને વઢવાણ તાલુકા મથક બન્યું હતું. બીજી તરફ સુરેન્દ્રનગર ઝાલાવાડ જિલ્લાનું મુખ્ય મથક બન્યું હતું. સૌરાષ્ટ્ર મુંબઇમાં વિલીનીકરણ થયા પછી સૌરાષ્ટ્રના ઝાલાવાડ, ગોહિલવાડ, હાલાર પંથકના નાનો બદલાયા હતા. ૧૯૫૯માં મુંબઇ સરકારે જિલ્લાના કાર્ય મથકના નામોથી ઓળખવાનું નક્કી કરતા ઝાલાવાડ સુરેન્દ્રનગર તરીકે ઓળખીતું થયું હતું. આજે આઝાદી મળ્યાને ૭૪ વર્ષ પૂરા થઇ રહ્યા છે. ત્યારે પ્રત્યેક શ્વાસ સ્વાતંત્ર્યનો ઉત્સવ બન્યો છે. ૭૪માં સ્વાતંત્ર્ય દિને ખુશ થઇને જિંદગીમાં ભલે બીજી હજાર ઉપાધીઓ હોય, આપણે ગુલામ તો નથી. તેમ કહીને આઝાદીના પક્ષ માટે યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને સલામ કરીએ.

**આઝાદીની લડતમાં ઝાલાવાડની તવારીખ :**

- ઇ.સ. ૧૮૮૦ માં વઢવાણના વાળંદોએ હડતાલ પાડી.
- ઇ.સ. ૧૮૮૭ માં મહાજને ૬ મહિનાની હડતાલ પાડી.
- ઇ.સ. ૧૮૯૭ માં બ્રાહ્મણોએ વિધોટી અંગે રાજ સામે ત્રાગા કર્યા તેમજ અસહકારનું આંદોલન કર્યું.
- ઇ.સ. ૧૯૧૬ માં મહાત્મા ગાંધી ગોખલે સ્મારક માટે વઢવાણ આવ્યા હતા.
- ઇ.સ. ૧૯૧૭ માં વઢવાણ મહાજને ફરીથી હડતાલ પાડી.
- ઇ.સ. ૧૯૨૧ માં મહાત્મા ગાંધીજી તિલક સ્મારક માટે વઢવાણ આવ્યા હતા.
- ઇ.સ. ૧૯૨૪ માં રાષ્ટ્રીય શાળાના બાલમંદિરના ઉદ્‌ઘાટનમાં મહાત્મા ગાંધીજી આવ્યા હતા.
- ઇ.સ. ૧૯૪૭ માં વઢવાણ કેમ્પ સુરેન્દ્રનગર બન્યું હતું.
- ઇ.સ. ૧૯૫૯ માં ઝાલાવાડ પ્રદેશને સુરેન્દ્રનગર જિલ્લાનું નામ અપાયું હતું.

## સાક્ષરતા પ્રમાણ

સુરેન્દ્રનગર જિલ્લામાં સાક્ષરતા પ્રમાણ નીચે મુજબ છે.

| વર્ષ | કુલ | પુરૂષ | સ્ત્રી |
|---|---|---|---|
| ૧૯૬૧ | ૨૪.૫ | ૩૩.૮ | ૧૪.૭ |
| ૧૯૭૧ | ૨૯.૮૬ | ૪૦.૦૨ | ૧૯.૦૬ |
| ૧૯૮૧ | ૩૭.૪૭ | ૪૮.૬૧ | ૨૫.૦ |
| ૧૯૯૧ | ૫૪.૭૭ | ૬૭.૮૩ | ૪૦.૬૫ |
| ૨૦૦૧ | ૬૧.૬૧ | ૭૪.૧૯ | ૪૫.૧૦ |
| ૨૦૧૧ | ૭૨.૦૪ | ૮૨.૦૩ | ૬૧.૩૪ |

## શ્રી દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન

આ એ સમયની વાત છે, જ્યારે ગાંધીજી ભારતમાં આવ્યા નહોતા, નહોતો પામ્યો ગાંધીયુગ એ સમયે યુવાનોના લાડીલા હતા બાળ ગંગાધર તિલક, જેમણે એ જમાનામાં 'સ્વરાજ અમારો જન્મસિધ્ધ હક્ક છે' એવો નારો ગજાવ્યો હતો. આ એ જમાનો હતો જ્યારે ઝાલાવાડમાં માત્ર એક જ હાઇસ્કૂલ 'દાજીરાજ હાઇસ્કૂલ' હતી. દાજીરાજ હાઇસ્કૂલના તે જમાનાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રભક્તિ વિષે સ્વામી આનંદે એક સ્થળે લખ્યું છે.

'શિવલાલ જ્યારે હાઇસ્કૂલમાં ભણતા તે દરમ્યાન ગુજરાત કાઠિયાવાડમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગલાચરણ થઇ ચૂક્યું હતું. લોકમાન્ય તિલક એ જમાનામાં ઊગતી પૂજાના આદર્શ પુરૂષ હતા. લાલ-બાલ-પાપની ત્રિપુટી પર આખો દેશ મુગ્ધ હતો. રાષ્ટ્રીય ભાવનાનું જે મોજું આ દેશ પર ફરી વળ્યું હતું તેમાંથી વિદ્યાર્થીઓ મુક્ત ન હતાં !

દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓએ એક મંડળ સ્થાપ્યું હતું અને તિલક મહારાજના 'કેસરી' ઉપરથી તે મંડળનું નામ 'કેસરી મંડળ' રાખવામાં આવ્યું હતું. તે મંડળના સભ્યો સ્વદેશી ચીજવસ્તુઓનો જ ઉપયોગ કરતા હતા. આ મંડળમાં શિવલાલ આગળ પડતો ભાગ લેતા હતા. લોકમાન્ય તિલકને ઇ.સ. ૧૯૦૮માં જ્યારે છ વર્ષની કેદની સજા થઇ ત્યારે ભાઇ શિવલાલે હડતાલ પડાવી હતી અને સ્કૂલના મકાન ઉપર તેમજ પોતાના ઘર ઉપર શોક દર્શક કાળો વાવટો ચડાવ્યો હતો.

સ્વામી આનંદે જેમના નામનો ઉલ્લેખ કર્યો છે તે શિવલાલ એટલે શિવલાલ પાનાચંદ શાહ જે દાજીરાજ હાઇસ્કૂલમાંથી મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષામાં બીજે નંબરે પાસ થઇ, ગુજરાત કૉલેજમાં આગળ ભણવા ગયા હતા. ત્યાંથી એલિફીન્સ્ટન્ટ કૉલેજમાં જોડાયા ને પછી વિલાયત જઇ આઇ.એ.એસ.ની પરીક્ષામાં બેઠા અને ઝાલાવાડના પ્રથમ આઇ.એ.એસ. થયા. જોકે તેમણે તેના જીવનનો મોટો ભાગ અવિભક્ત ભારતનાં સંયુક્ત પ્રાંતમાં સનદી અધિકારી તરીકે ગાળ્યો હતો.

સ્વામી આનંદના શિવારંગીના હિંમતલાલ રામચંદ્ર દવે ગાંધીજીના અંતેવાસી. તે પણ દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. દાજીરાજ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રવાદી વાતાવરણ હતું તે સ્વામી આનંદની નોંધ દ્વારા જાણવા મળે છે.

ગાંધીજીનું આગમન ભારતમાં થયું તેમણે સાબરમતીમાં પોતાનો આશ્રમ શરૂ

કર્યો. એ કાળમાં વઢવાણમાં મોતીભાઈ દરજી યુવાન વિદ્યાર્થીઓ પાસે સમાજ સેવાનું કામ કરાવતા હતા. લાયબ્રેરી ચલાવતા હતા. દાજીરાજ હાઇસ્કૂલનાં અનેક વિદ્યાર્થીઓ પણ એ પ્રયત્નોમાં જોડાયા હતા. તે સ્વ. વજુભાઈ દવેની મોતીભાઈ દરજીએ આપેલ સ્મરણાંજલિમાંથી જાણવા મળે છે.

૧૯૧૭ના ચૈત્રના ધોમધખતા હતા. ઝાલાવાડની ન પાણી ધરતી પર વહેતા ભોગાવાના નીર ચોમાસામાં જ સૂકાય છે. તે આ ચૈત્રમાં માથોડું માથોડું ખોદવા છતાં દેખાતા નહોતા. વઢવાણની બહેનોને પીવાના પાણીનું ભારે દુઃખ હતું. લાખુપોળ બાપુનો સાકરિયો કૂવો પણ સુકાઈ હતો હતો.

દરબારગઢની પાસે હાટડીમાં અવિરતપણે સંચેખર ખરાવનાર મોતીભાઈના હૈયામાં બહેનોની અબોલ ધા પહોંચી. સંચા પર બેઠા બેઠા તેમની આંખ સીમ બાજુ ચારે તરફ વળી. હૈયામાંથી સેર ફુટી, જાણે કૂવાની ક્વારી ફૂટી રોજ જરૂરિયાત પૂરતું જ કમાતા આ દરજી પાસે નવાણ ગળાવવાના પૈસા ન હતા અને નાગરિકો પાસેથી દાન મેળવવા જેટલી પ્રતિષ્ઠા ન હતી. છતાં હતાશ હૈયામાં હામ રાખી તેની નજર જુવાન વિદ્યાર્થી-સરદાર પર પડી.

સાંજના સાત વાગ્યા અને ડાયો (ડાહ્યાભાઈ) હરગોવિંદભાઈ જાની જેમણે ઉત્તરાવસ્થામાં સન્યાસી ધારણ કરી હમણાં નંદ સરસ્વતિ નામ ધારણ કર્યું અને ત્રિવેણી સંગમમાં જીવતા જળ સમાધિ લીધી. વજુ (વજુભાઈ દવે) (ગુજરાતના સમર્થ બાળ કેળવણીકાર, શારદા મંદિર-અમદાવાદના સંસ્થાપક માંના એક), ભોગી (ભોગીલાલ પરીખ) (સ્વામી શિવાનંદજીના ભત્રીજા), પ્રાણ (પ્રાણજીવન આચાર્ય-ઘરશાળાનાં પ્રાણદાદા) બ્રહ્મચારી અમૃતલાલ આવ્યા અને અલગારીઓનો આ અખાડો એ હાટડી પર જામ્યો. રાબેતા મુજબ જપ્ત સાહિત્ય પોલીસ ચોકી સામે જ વાંચવાનું હતું. પરંતુ મોતીભાઈને ચેન ન હતું. છેવટે શિવા (સ્વામી શિવાનંદજી) સાથે સૌથી નાના ચંપકભાઈ (ચંપકલાલ ચુનિલાલ દાદભાવાળા) પણ આવ્યા. હવે કોઇ બાકી નથી એની ખાત્રી કરી મોતીભાઈએ હૈયું ઉકેલ્યું.

આજે મને એક વિચાર આવ્યો છે, આપણે બધા એકઠા મળીને આપણા પાદરમાં નવાણોને ઉલેચીએ અને ઠેર ઠેર નવા વીરડા પણ ગાળીએ. આટલા બધા હાથ કામે ચડશે તો થોડા વખતમાં આપણી બહેનોનું પાણી ભરવાનું દુઃખ ઓછું થશે. મોતીભાઈનું વાક્ય સૌએ વધાવી લીધું. બીજા દિવસથી એ વખતની વાનરસેના કામે લાગી ગઇ. શ્રમયજ્ઞની વિચારસરણી એ વખતે ક્ષિતિજમાં નહોતી ત્યારે વઢવાણને આંગણે યોજના પુર સરનો શ્રમયજ્ઞ શરૂ થયો. મૃતપાય થયેલા નવાણ એક પછી એક

સજીવન થવા લાગ્યા. રોજ એક બે નવા વીરડા તો ગળાયા જ હોય અને બહેનોને આશીર્વાદરૂપ બન્યા જ હોત.

એક રવિવારની સાંજે બ્રહ્મચારી મોતીભાઈની સરકારી નીચે હથોડા અને ટાંકણા લઇ આ ટુકડી કાનેટીના કૂવે પહોંચી. ટાંકણા મંડાણા, હથોડા પડવા લાગ્યા. સ્વામીજી અને બ્રહ્મચારી વચ્ચે હરીફાઈ જામી. બપોર સુધીમાં કૂવો અનેક ફૂટ ઊંડો ઉતરી ગયો પણ પાણી તો ક્યાંય દેખાયું નહીં. ટુકડી ભુખી રહી કોઇ પાસે ભાતું હતું નહીં. મોતીભાઈની મહેરબાનીથી ફક્ત ચણા ફાકવા મળ્યા. પણ તેના હાથ-પગમાં સાંજ સુધી તાકાત એવી રહી શકે કે ન પૂછો વાત. કુદરતનું કરવું અને કોઇ પાતળા તળિયા ઉપર ઢાંકણું મુકવામાં આવ્યું અને બ્રહ્મચારીના હથોડાનો જોરદાર ઘા પડતાં પાણીની સેર ફૂટી ગઇ. આખી ટુકડી જેમ તેમ સલામત કૂવાથી બહાર નીકળી.

વજુભાઈની નોંધ સાંજે નામો - પ્રાણભાઈ આચાર્ય, ડાહ્યાભાઈ જાની, સ્વામી શિવાનંદજી વિગેરે એ વખતે દાજીરાજ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. આ વિદ્યાર્થીઓ એ જમાનામાં પોલીસ ચોકી સામે બ્રિટીશ સરકારે જપ્ત કરેલ સાહિત્ય વાંચતા ! આમાનાં મોટા ભાગના તેમના જીવન દરમ્યાન સત્યાગ્રહમાં ભાગ લઇને જેલવાસ ભોગવ્યો હતો.

ગાંધીજીની કામગીરીથી પ્રભાવિત થયેલા તેમના અનુયાયી બનેલા ફુલચંદભાઈ, ચમનભાઈ વૈષ્ણવ અને શિવાનંદજીએ પોતાનું કાર્યક્ષેત્ર વઢવાણ રાખ્યું. સમગ્ર કાઠિયાવાડનાં દરેક રાજ્યોમાં થયેલ અન્યાય સામે સત્યાગ્રહ કરવાનો હોય તો ત્યાં વઢવાણના ફાઇટરો મોખરે હોય. કાઠિયાવાડ રાજકીય પરિષદનું કાર્યાલય વઢવાણમાં રાખ્યું અને સમગ્ર વઢવાણમાં પ્રજા જાગૃતિનું એક મોજું ઊભું થયું. જે સમયે દેશી રાજ્યમાં કોઇપણ પ્રકારની પ્રજાકીય ચળવળ થઇ શકતી નહોતી, તે સમયે વઢવાણ રાજ્ય એવું 'રામ રાજ્ય' હતું કે જ્યાં આ થઇ શકતું હતું. રાજકીય જાગૃતિની અસર વિદ્યાર્થી સમાજ ઉપર પણ અવશ્ય જણાતી હતી.

'ભારત છોડો' આંદોલન વખતે અગત્યના નેતાઓને શરૂઆતના દિવસોમાં પકડી લેવામાં આવ્યા હતા, તેથી લડત ચલાવવાની જવાબદારી વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપર હતી. ૧૯૪૨ના લોક આંદોલન અંગે તે વખતના દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થી સ્વ. સૌભાગ્યચંદ શાહે નીચે પ્રમાણે નોંધ કરી છે.

ફુલચંદભાઈ શાહ, ચમનભાઈ વૈષ્ણવ, મણિભાઈ કોઠારી, મોતીભાઈ દરજી અને શિવાનંદજીની તપોભૂમિ વઢવાણમાં સ્વરાજની લડતના મંડાણ થઇ ચૂક્યા હતા. ૪૨માં શિવાનંદજી શરૂઆતના દિવસોમાં રાજ્યે પકડી લીધા હતા, તેમજ ગીરધરલાલ શાહ, પ્રાણલાલ વોરા જેવા આગેવાનોને પણ એજન્સીની સૂચનાથી રાજ્યે પકડી લીધા

હતા. ચુનિલાલ ચૂડગર બોંબ કેસમાં પકડાયા હતા.

વઢવાણ, સુરેન્દ્રનગર, લીંબડીની હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદી કાર્યકરોએ તે વખતની લડતની આગેવાની લીધી હતી. પથુભાઈ ભાથી, સુખલાલભાઈ શાહ, સુખલાલભાઈ શેઠ, મણીભાઈ ગાંધી, બેરી પોપટલાલ ચૂડગર પણ આઝાદીની લડતને ટેકો આપતાં હતાં. નાગરદાસ ચમનજીભાઈ પંડ્યા દાજીરાજ હાઇસ્કૂલમાં રાજ્યનાં શિક્ષક હોવા છતાં ધોળી ટોપી પહેરતાં હતાં. વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક કાર્યકરો દરરોજ વંદે માતરમ્ ગાઇને શાળામાં દાખલ થતાં. જાહેર સભાઓ થતી હતી, આ સભામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા હતા.

સુરેન્દ્રનગરની આઝાદીની લડતનું નેતૃત્વ ઇશ્વરગિરી ગોસ્વામી, કિરચંદભાઈ કોઠારી અને તેમની બોર્ડિંગના રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા વિદ્યાર્થીઓ કરતાં હતાં. વઢવાણ અને લીંબડીની જૈન બોર્ડિંગો આઝાદીની લડતનાં મુખ્ય કેન્દ્રો હતાં.

વઢવાણના વિદ્યાર્થીઓ સૂત્રો બોલાવતા બોલાવતા સરઘસો કાઢતા હતા. એક વખત આવા સરઘસ ઉપર લાઠીચાર્જ થતાં તે વખતનાં વયોવૃધ્ધ આગેવાન નાગરિક વિરચંદભાઈ સુખલાલ વોરાને ગંભીર ઇજાઓ થઇ હતી. ફુલચંદભાઈથી તાલીમ પામેલા તેમની હેઠળ ઘડાયેલા એવા અમે કોઇ વિદ્યાર્થીઓ મારપીટ કે લાઠીચાર્જથી થાક્યાં ન હતાં. તેવામાં અમદાવાદની ગુજરાત કૉલેજનાં મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવા જતાં, બ્રિટીશ આર્જન્ટનાં હાથે ગોળીથી વિંધાઇ જતાં શહિદ થયેલા વિનોદ કિનારીવાલાનાં પ્રસંગે અમારી દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓમાં જોમ પૂર્યું.

દાજીરાજ હાઇસ્કૂલ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે એકઠા થયેલા વિદ્યાર્થીઓ કોઇપણ સંજોગોમાં ધ્વજ ન ચડાવી શકે તે માટે વઢવાણ રાજ્યે પોલીસનો સખત બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરંતુ આ બધા બંદોબસ્તને વટાવીને, પોલીસની આંખમાં ધૂળ નાખીને નટુભાઈ દલીચંદ શાહે બધાની હાજરીમાં શાળાનાં મકાન ઉપર ધ્વજ ચડાવી દીધો.

પોલીસદળ તે દિવસે ખૂબ ક્રૂર બન્યું. દાજીરાજ હાઇસ્કૂલથી માંડી ખારવાની પોળ સુધી, પેટી બાજુ લાખુપોળ સુધી એકત્ર થયેલા નાગરિકોને પોલીસે તેમની પાછળ પડીને ઝુડી નાખ્યાં. ઘણાને તો મરણતોલ માર પડ્યો. વઢવાણ રાજ્યે અચોક્કસ મુદત સુધી દાજીરાજ હાઇસ્કૂલને બંધ જાહેર કરી. વિદ્યાર્થીઓને આખું વરસ અભ્યાસ જતો કર્યો. અભ્યાસ છોડનારાઓમાં વજુભાઈ મહેતા, કિરચંદભાઈ શેઠ, અંબિકાપ્રસાદ ત્રિવેદી વગેરે હતાં.

કેટલાક પ્રસંગો તો આજે પણ નજર સમક્ષ તરવરે છે. વઢવાણમાં ગિરધરલાલ નાગરદાસ શાહની તેમનાં ધોળીપોળનાં તેમના નિવાસસ્થાનેથી ધરપકડ વખતે હજારોની સંખ્યામાં સ્થાનિક પ્રજા અને વિદ્યાર્થીઓ એકત્ર થયાં હતાં. ગિરધરભાઈની ધરપકડના વિરોધમાં કેટલાક વિદ્યાર્થીઓ સૂઇ જવા માંગતા હતા, જેથી ગિરધરભાઈને પોલીસ લઇ જઇ ન શકે. આ વખતે ગિરધરભાઈએ ટોળાને સમજાવ્યું અને વઢવાણમાં પોલીસ અને પ્રજા વચ્ચે એક ભયંકર અથડામણ ટાળી શકાઇ. લોકક્રાંતિની આ લડત વખતે વઢવાણનાં રાજવી અને રાજ્યની સંભાળ ભરી દરમ્યાનગીરીથી અનેક અથડામણો થતી અટકી ગઇ હતી.

આમ અમારી ૧૯૪૨ની લડત ચાલી હતી, તેમાં કોઇ ભેદભાવ ન હતો. સૌ પોતાની જાતનાં આગેવાન હતાં. સૌ સ્વેચ્છાએ ફના થવાની તૈયારી કરીને લડતમાં જોડાયા હતા. કાંઇક મેળવવાની ભાવનાથી નહીં પણ સ્વરાજનાં યજ્ઞમાં કાંઇક કરી છૂટવાની તૈયારી સાથે જુવાનિયાઓએ લડતમાં ઝુકાવ્યું હતું. આ લડતમાં વઢવાણનાં યુવાનો અનેક તકલીફો, મુશ્કેલીઓ સહન કરી, અભ્યાસ જતો કરી, સ્વરાજની ઇંટ બન્યા હતા. તે વાત આજે યાદ કરતાં અમારી છાતી ગજગજ ફુલે છે.

સો વરસ વટાવી ચૂકેલી ઝાલાવાડની સૌથી જૂની અમારી દાજીરાજ હાઇસ્કૂલે તેના જીવનકાળ દરમ્યાન અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ, આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓ, નામાંકિત દાક્તરો, વકીલો, સમાજ સેવકો, કેળવણીકારો, કવિઓ, ઉદ્યોગપતિઓ, દાતાઓ અને સંત સન્યાસીઓ રાષ્ટ્રને ચરણે ધર્યા છે.

દાજીરાજ હાઇસ્કૂલ એટલે ઝાલાવાડની સૌથી જૂનામાં જૂની હાઇસ્કૂલ એટલે આજુબાજુનાં રજવાડામાં તેમજ તાલુકદારી ગામોનાં જે વિદ્યાર્થીઓને હાઇસ્કૂલમાં અન્યાય કરવો હોય તે સહુ વઢવાણ દાજીરાજ હાઇસ્કૂલમાં દાખલ થતા હતા.

૨૦૦૧માં ભૂકંપ વખતે હાઇસ્કૂલનું મકાન વિદ્યાર્થીઓને બેસવા માટે સલામત ન રહ્યું. નવા મકાન માટે વડાપ્રધાનની ભૂકંપ સહાયથી હવે તેના કંપાઉન્ડમાં નવું મકાન અસ્તિત્વમાં આવ્યું છે.

આ છે અમારી દાજીરાજ હાઇસ્કૂલ જેણે ૧૦૦ વરસ કરતાં વધારે વારસની મંઝિલ ઓળંગી છે.

'સલામ, દાજીરાજ હાઇસ્કૂલ તને સલામ'

**-અરવિંદભાઈ આચાર્ય**

# અગરિયાનું શિક્ષણ

'ધોમધખતા તાપમાં રણની અંદર મા ધરતીની પછારી કરતા હોય, આકાશ જેનું ઓઢણ હોય અને ઓશીકાં જેનાં મીઠાના અગર હોય, જેમની રોજીરોટી સાથે ચેડાં થતાં હોય, સોદા થતા હોય, દુકરતની સામે સતત ઝઝૂમતા હોય અને પુરૂષાર્થ જેનું નિત્ય કર્મ છે તેવા માનવ એટલે અગરિયા.'


રોજગારી માટે છ મહિના સુધી એટલે કે ઓક્ટોબરથી એપ્રિલ સુધી કચ્છના નાના રણમાં મીઠાના કામદાર તરીકે જતા રહે છે. અગરિયા શિયાળા અને ઉનાળામાં રણમાં ચાલ્યા જાય છે. જ્યાં રહેવા-જમવાની અસહ્ય તકલીફ, આકાશની અખિલાઇ એ જ તેમનું વિશ્વ, પૂનમની ચાંદનીનો પ્રકાશ તેમના માટે વીજળી અને ખારૂં પાણી તેમના માટે ગંગાજળ. ઉનાળામાં ૪૮° ડિગ્રી તાપમાન કરતાં પણ વધારે તાપમાનમાં કાળી મજૂરી કરવાની હોય અને શિયાળામાં ૦૪° ડિગ્રીમાં મીઠાના અગરમાં ખૂલ્લા પગે પાણીમાં કામ કરવાનું થાય છે. શિયાળાની કાતિલ ઠંડીમાં આ કુટુંબો પોતાના બાળકો સાથે રણમાં છ મહિના વિતાવે છે. આ કુટુંબના બાળકોને શિક્ષણ મળતું નથી, તેનો નિરક્ષર રહે છે અને કાયમી મજૂર તરીકે પોતાનું જીવન વિતાવે છે.

'રત્નાકર તો રીસ ચડાવી, મલક ગયો છે છોડી,
હૈયે મીઠપ ધરતી, આ ખારૂડી ધરતી... આ ખારૂડી ધરતી.'

ખારાશવાળો આ સમગ્ર વિસ્તાર ખારાપાટ તરીકે ઓળખાય છે. જમીનના પેટાળમાં ખારૂં પાણી ધરાવતા આ વિસ્તારમાં મીઠું પાકે છે. દેશમાં ૭0% થી વધુ મીઠું ગુજરાતમાં પાકે છે. જેમાં ખારાપાટ વિસ્તાર એકલો જ ૧0% ઉત્પાદન કરે છે. ખારાપાટ વિસ્તાર કચ્છના નાના રણને અઢીને આવેલા ૪૯૫૩માં ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવતા અભ્યારણને ૧૯૭૩ ગુજરાત સરકારે ઘુડખર અભ્યારણ તરીકે જાહેર કર્યું છે. ઘુડખરને જંગલી ગધેડા અથવા ખચ્ચર પણ કહેવામાં આવે છે.

ખારાપાટના રણમાં બધી નદીઓ સમાઇ જાય છે. અગરિયા મીઠું પકવવા માટે આ પાણી બહાર કાઢે છે. આ પાણીની એન.સી.ટી. ત્યારે ૧૮ની હોય છે. આ પાણીને ગરણા (ચોકડી)માં એટલે કે પાટો જે ૬૦ કરમ ઊભા (બે ડબલા બરાબર એક કરમ) અને આડો ૩૦ કરમ હોય છે જેમાં ભરવામાં આવે છે. સૂર્યના તાપમાન થકી આ પાણીની એન.સી.ટી. જ્યારે ૨૪ની બની જાય ત્યારે તે પણી મીઠું પકવવા માટે તૈયાર થાય છે. આ પાણી જ્યારે બહાર કાઢવામાં આવે છે ત્યારે તેમાંથી ગેસ પણ નીકળે છે. જાનના જોખમે મીઠું પકવનાર અગરિયાના પગમાં મોટા મોટા ફોલ્લા પડી ગયા જાય છે.

# ધાંધલપુર શાળાનો ઇતિહાસ



આજથી દોઢસો વર્ષ પહેલા ભારત દેશ આઝાદ નહોતો થયો, એ સમયમાં ધાંધલપુર નાનું પરંતુ ખૂબ જ સુખી રજવાડું હતું. ધાંધલપુરમાં અઢારય વર્ણની વસ્તી હતી, એ સમયમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નીચું હતું. ત્યારે ધાંધલપુરમાં વેપારીઓની ઘણી વસ્તી હતી, એ લોકોનો વેપાર ખૂબ ધમધમતો. આ ગામમાં વેપારીઓના બાળકોને શિક્ષણ મળી રહે એ માટે ગામધણી અને વેપારીઓના પ્રયત્નોથી, ઇ.સ.૧૮૬૫માં ધાંધલપુરમાં પ્રાથમિક શાળાની શરૂઆત કરવામાં આવી. એ સમયમાં ધાંધલપુરની શાળામાં ગુજરાતી તથા અંગ્રેજીમાં શિક્ષણ અપાતું. આ શાળામાં શિક્ષકો તરીકે અંગ્રેજોએ પણ કામગીરી કરેલ છે, જે શાળાના જૂના રેકોર્ડ પરથી જણાય આવે છે. એ સમયમાં ધાંધલપુરની શાળા ખૂબ જ પ્રચલિત હશે, જે શાળાના જૂના જી.આર. પરથી જણાય આવે છે.

અમારી શાળામાં ઇ.સ.૧૮૬૯ વખતના જનરલ રજિસ્ટર હજી સચવાયેલ છે. એનો અભ્યાસ કરતા માલૂમ પડે છે કે અમારી શાળામાં ગુજરાત તેમજ ગુજરાત બહારના કરાંચી અને મુંબઇ જેવા જન્મો સ્થળો હોય તેવા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂકેલ છે. તે સમયમાં ધાંધલપુર શિક્ષણનું મોટું કેન્દ્ર હશે તેવું શાળાના જૂના રેકોર્ડ જોતા માલૂમ પડે છે. શાહીના ખડિયામાં બોળેલી ટાંક પેનથી લખેલા જૂના ચામડાના પૂઠા ચડાવેલા રજીસ્ટરો હાલમાં પણ શાળાના ધરોહર તરીકે સાચવી રાખેલ છે. હાલ તો ધાંધલપુર શાળા કુમાર શાળા, કન્યા શાળા, માધ્યમિક શાળા એમ ત્રણ ભાગમાં વહેચાયેલ છે. આમ હાલની ધાંધલપુર શ્રી કુમાર પે-સેન્ટર તરીકે ઓળખાતી શાળાનો ઇતિહાસ ખૂબ જ ગૌરવ પૂર્ણ છે અને ગુજરાતની ખૂબ જૂની શાળાઓમાં ધાંધલપુર શાળાનો સમાવેશ થાય છે.

# નોલી શાળાનો ઇતિહાસ – ૧૦૦ વર્ષ જૂની શાળા

પ્રાથમિક શાળાનો ઇતિહાસ નોલી ગામ પુરાતન ગામ છે. અહીં શ્રી ટૂંડેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ શિવાલય સુખભાદર ડેમમાં આવેલું છે. જે ઐતિહાસિક દ્દષ્ટિએ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. હાલ સુખભાદર ડેમ મમતા નોલી સ્ટેટ હાઇવે પર આ મંદિરનું નિર્માણ થયેલ છે. એક સમયે નોલી ગામ આજુબાજુનું વેપાર મથક હતું.

નોલી ગામમાં શાળાની સ્થાપના અંગ્રેજી એજન્સી અને ગાયકવાડ સરકાર તથા રાજાશાહીના શાસનમાં શ્રી સુખલાલ રણછોડભાઇ વણિકના સઘન પ્રયત્નોથી ગામમાં શાળા શરૂ કરવામાં આવી હતી. ગામમાં પ્રથમ શિક્ષક તરીકે શ્રી હરિશ્ચંદ્રસિંહ રાજપુત નિમાયા હતા. ગામના આગેવાન શ્રી અપાભાઇ લક્ષ્મણ રાજગોરમાં મકાનમાં પ્રથમ શાળા શરૂ કરવામાં આવી હતી.

ગામમાં પ્રથમ શિક્ષણ મેળવનાર અને દાખલ થનાર વિદ્યાર્થી તરીકે ગગજીભાઇ આપાભાઇ રાજગોર હતા. તેઓએ શાળામાં જૂની બે ધોરણ પાસ કરેલ. ગગભા ગોર અંગ્રેજી એજન્સી સરકારમાં બાર ગામના મુખી તરીકે નિમાયા હતા. (જેઓની પાસે સ્મૃતિ રૂપે હાલ તલવાર છે) ગગભા ગોર મુખીના તથા મહાદેવ મંડળના સઘન પ્રયત્નોથી નોલી ગામના દરબાર સાહેબ શ્રી જીવાભાઇ માત્રાભાઇએ શાળા બાંધવા નોલી પાદરમાં નદી કિનારે જમીન આપેલ. ત્યારબાદ ગગભા મુખી તથા મહાદેવ મંડળની આગેવાનીમાં સ્વખર્ચે શાળાનું બાંધકામ કરાવેલ તથા ધર્મશાળાનું બાંધકામ કરાવ્યું. ગામમાં સસ્તા અનાજની દુકાન તથા વારંવાર પડતાં કારમાં દુષ્કાળમાં પશુઓ માટે કેટલ કેમ્પ તથા અન્નક્ષેત્ર શરૂ કરાવેલ. જેઓ બારવટીયા ટેબલ પર તથા પાલવ ભાવના સમકાલીન હતા જેઓના નામ છે આજે પણ ગબ્બર મુખી નોલી એવી છાતી ધરાવે છે.

જેઓએ પ્રથમ વિદ્યાર્થી તરીકે રહી અને મુખી સુધીની સફરમાં એક ઓરડામાંથી ચાર રૂમાળી શાળાના વિકાસ સુધી આજીવન પ્રથમ વિદ્યાર્થી તરીકે રહ્યાં. નોલી ગામે સુખભાદર ડેમ બનતા જુનુ ગામતળ ડૂબમાં જતા નવું ગામતળ મધુર મંજૂર થતા પોલીસ સ્ટેશનની બાજુમાં નવી પ્રાથમિક શાળાનું નિર્માણ થયેલું.

## સેજકપરની રાજ્યતા અને નિશાળ

ગોહિલ દરબારોમાં સૌરાષ્ટ્ર આગમનના આધ્ય પુરૂષ એટલે સેજકસિંહજી ગોહિલ. તેઓના નામ ઉપરથી આ ગામનું નામ સેજકપર પડેલું છે તેમ કહેવાય છે. સેજકજી ગોહિલનો સમય ઇ.સ. ૧૨૫૦ થી ૧૨૯૦ ની આસપાસનો ઐતિહાસિક ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે.

સમયાંતરે શિક્ષણનો વિકાસ વધતો ગયો તેમ આપણે બ્રિટીશકાળનો ઇતિહાસ તપાસીએ તો ઇ.સ. ૧૮૧૩ પછી શાળા માટે સ્વતંત્ર મકાન થવાનો પ્રારંભ થયો. સૌરાષ્ટ્રમાં જોઇએ તો રાજકોટમાં ઇાસ. ૧૮૩૭ માં પ્રથમ ગુજરાતી પ્રાથમિક શાળા બની. ઇ.સ. ૧૮૫૫ મુંબઇ રાજ્યમાં જોઇએ તો ૧૮૬૫ માં સૌરાષ્ટ્રમાં ૭૧ શાળાઓ હતી ૪૧૮૯ વિદ્યાર્થીઓ હતા.

સેજકપરની સ્થાપના થઇ તે સમયે બ્રિટીશકાળ તો હતો જ, પરંતુ રાજાશાહી સત્તા પ્રમાણે જોઇએ તો. ઇ.સ. ૧૭૫૧ માં ખવડ દરબારો સાયલા રાજ્ય સત્તા ભોગવતા ત્યારે શેસમલજી સામે હાર થતા જાદરાબાપુ ખવડે સુદામડા રાજ્યગાદી સ્થાપી અને તેમના મોટાભાઈ કાંધાબાપુ ખવડના આમતુબાપુ ખવડે સેજકપર રાજ્યગાદી સ્થાપી. કાઠિયાવાડ ડિરેક્ટરી પ્રમાણે જોઇએ તો સેજકપર સત્તા નીચે ૪ ગામ હતા. ૨૯ ચો.મી.નો વિસ્તાર હતો. આ શાળાની સ્થાપના થઇ હશે ત્યારે સામતબાપુ ખવડનાં વંશજોમાં ત્રણ તાલુકદારો હતા ઓછાબાપુ ખવડ, પુંજાબાપુ ખવડ, દેસાબાપુ ખવડ. જેઓના વંશજોએ ૧૯૪૭ સુધી રાજ્ય સત્તા ભોગવી. ટૂંકમાં તે તાલુકદારી સમયમાં નિશાળની સ્થાપના થઇ હોય તેમ જણાય છે. તે પ્રાચીન શાળાનું મકાન આજે પણ ઊભું છે. તે મકાનને પહેલા દેશી નળિયા હતા અને ત્યારપછી નળિયામાં ફેરફાર કરી સિમેન્ટનું પ્લાસ્ટર કરવામાં આવેલ છે.

ઇ.સ. ૨૦૨૦ ની પરિસ્થિતિએ આ સેજકપર શાળામાંથી ગંગાનગર, શાંતિનગર, ગોપાલનગર એમ ત્રણ શાળાઓ અલગ થયેલ હોવાથી આજે શાળામાં કુલ નોંધાયેલા ૧૦૬ વિદ્યાર્થીઓ છે અને ધો. ૧ થી ૮ નો અભ્યાસક્રમ છે. આજની દૃષ્ટિએ ૧૪૦ વર્ષની પુરાણી સેજકપર પ્રા.શાળામાં અભ્યાસ કરી જીવનમાં પ્રગતિ કરનાર તેમજ શાળા અને ગામનું ગૌરવ વધારનાર એવા વિદ્યાર્થીઓને યાદ કરીએ તો, શાળાનું જનરલ રજીસ્ટર્ડ તપાસતા માલુમ પડે છે કે ૫-૬-૧૯૨૮ માં શાળા છોડ્યાનું સર્ટિ, ધોરણ-૬ (છઠ્ઠું) બતાવે છે. તે જોતા આપણને આનંદ થાય કે આજથી ૧૦૦ વર્ષ પહેલા સેજકપરની શાળામાં છ ધોરણ ભણાવવામાં આવતું. ટપાલ ઘરની સ્થાપના પણ ઇ.સ. ૧૯૦૦ માં થયેલ જોવા મળે છે. બ્રિટીશકાળમાં મુખી જુસબભાઈ પાયક કુટુંબના પરિવારોના નામ સેજકપર શાળામાં નોંધાયેલા જોવા મળે છે, તેમજ દેરાવાસી અને સ્થાનકવાસી જૈનોના નામ પણ શાળામાં નોંધાયેલા જોવા મળે છે.

# શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ, પાટડી

ખારાપાટમાં આવેલા 'પાટડી' ગામની પોતીકી ઓળખ છે. ભોજનના સ્વાદને 'મીઠા' દ્વારા 'મીઠુ' બનાવનાર માનવીની મીઠાશ પણ અનેરી છે. આવા ગામમાં આવેલી 'શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ'નો પણ ગૌરવવંતો ઇતિહાસ છે. શ્રી સૂર્યમલસિંહજી (સૂરજમલજી) (ઇ.સ. ૧૯૧૩) પાટડીના રાજવી. આ રાજવીની પૂણ્યસ્મૃતિમાં આકાર પામેલી શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડી શિક્ષણના આધુનિક પ્રવાહો અને સાધનોથી સુસજ્જ છે. તેનું વિશાળ પટાંગણ ધ્યાન ખેંચે છે. સૂરજમલજી કેળવણીમાં રસ લેતાં એનું પ્રમાણ (સન ૧૯૦૬)માં તેમણે પાટડીમાં અંગ્રેજી સ્કૂલ શરૂ કરાવેલી અને તેના નિભાવની સઘળી જવાબદારી પોતે ઉઠાવેલી. ખરેખર પાટડીમાં પ્રજાપ્રેમી, સાહિત્યપ્રેમી રાજવીની દીર્ઘદ્રષ્ટિ અને કુનેહનો લાભ પાટડીને કેળવણીમાં, આરોગ્ય, વ્યાપાર, કૃષિ વિવિધ ક્ષેત્રે થયો છે.

ઇ.સ. ૧૯૦૬માં પાટડીના 'રાજર્ષિ'નું બિરૂદ પામેલા રાજવીના નામ ઉપરથી સૂરજમલજી ઇંગ્લિશ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલ. જેનો આઝાદી પછી ઇ.સ. ૧૯૫૨માં શ્રી પાટડી કેળવણી મંડળ-પાટડીએ વહીવટ સંભાળ્યો પછી તેનું નામ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ રાખવામાં આવ્યું. આ સૂરજમલજી હાઇસ્કૂલમાં અનેક મહાનુભાવોએ અભ્યાસ કરેલ છે. જેમાંથી ઘણાં ડૉક્ટરો, એન્જિનિયરો, ઊંચા હોદ્દેદારો તરીકે સેવા આપી ચૂક્યા છે-આપી રહ્યા છે. પ્રથમ આચાર્ય તરીકે શ્રી યશવંતરાય જે.ઓઝા (તા. ૧૮-૬-૪૮ થી ૨૯-૪-૫૦) સેવા આપેલી છે. મૂર્ધન્ય સાહિત્યકાર, મહાવૈદ્ય, પાટડીના પનોતા પુત્ર શ્રી લાભશંકર ઠાકરે અહીં અભ્યાસ કરેલો છે.

શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડી પાસે ખાસી એવી મોટી લાયબ્રેરી છે. સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડીમાં ગૌરવવંતો ઇતિહાસ ધરાવતું નામ છે.

# કેળવણીનો ઇતિહાસ–સુદામડા

વિશ્વમાં સૌથી પ્રથમ સ્વતંત્ર થયેલું એવું કહી શકાય એવું ગામ એટલે સુદામડા. હાલ સાયલા તાલુકામાં આવેલું છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે વિ.સં. ૧૬૫૦ થી ૧૭૦૦ની આસપાસ  લાખા કરપડા નામના દરબારે સુદામડાની જનતાને સ્વતંત્રતા આપી દીધી હતી. તે નિર્ણયની કાઠી તેની ગવાહ પૂરે છે.

એવી નિંભણ નદીના તીરે શોભતું મા સરસ્વતીનું મંદિર એટલે સુદામડા ગામની પ્રાથમિક શાળા.

સુદામડાની પ્રાથમિક શાળા આજે ૨૦૨૧માં ૧૫૨ વર્ષ પૂરા કરી ચૂકી છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સમયે સુદામડાની શાળાનો જન્મ થઇ ચૂક્યો હતો. તા. ૨૩-૧-૧૮૬૯ એ સુદામડાની શાળાની સ્થાપના થઇ હતી.

સુદામડા ઇતિહાસના પાસે અમર તો છે જ, પણ કેળવણીના ઇતિહાસમાં પણ ઘણું આગવું સ્થાન ધરાવે છે. આજે ૨૦૨૧ના જમાનામાં પણ આપણે જે શિક્ષણમાં હરણફાળ ભરી રહ્યા છીએ, ત્યારે પણ આપણા જી.આર. રજીસ્ટરો ગુજરાતીમાં નીભાવવામાં આવે છે. પરંતુ સુદામડામાં આજથી ૧૫૦ વર્ષ પહેલા જી.આર. રજીસ્ટરો અંગ્રેજીમાં લખાયેલા છે. તેજ બતાવે છે કે ત્યારે કેટલું શિક્ષણ આગળ હશે, તેનો જી.આર. સાખ પૂરે છે. એટલું જ નહીં પણ ત્યાં સુદામડામાં જૈન સમાજ બહોળો વસવાટ કરતો હતો. તેઓ પરદેશ સાથે એ જમાનામાં મોટો ધરોબો ધરાવતા તા. જેથી જૈન પરિવાર દુનિયાના દેશો સાથે આવ-જાવના સંપર્કમાં રહેતો હતો, તેથી ઘણા પરિવારના બાળકો વિદેશમાં વસવાટ કરતા અને વિદેશમાં જન્મભૂમિ ધરાવતા બાળકોને ભણાવાનો મોકો હતો. સુદામડા આ શાળાને મળેલી છે.

સુદામડાનો જી.આર.માં હાલ અમેરિકા-આફ્રિકા જેવા દેશોના નામ જોડાયેલા છે અને આ શાળાનું પ્રાથમિક શિક્ષણ તે બાળકોએ લીધેલું છે. હાલમાં મુંબઇમાં ઇન્કમટેક્ષ ઑફિસર પદ ધરાવતા યશવંતભાઈ ગોહિલ સુદામડા પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા તેમજ એવા અનેકવિર સપૂતો સમાજને ભેટ આપેલ છે.

## શ્રીમતી એ.વી. ઓઝા અને શ્રી વી.જે. ઓઝા હાયર સેકન્ડરી સંસ્કાર વિદ્યાલય-લખતર

ગુજરાત રાજ્યના પછાત ગણાતા સુરેન્દ્રનગર જિલ્લાનું એક તાલુકા મથક એટલે લખતર. ભૂતકાળમાં ભવ્ય સમૃધ્ધ ઇતિહાસ ધરાવતું આ ગામ છતાં કેળવણીનું પ્રમાણ નહીવત.

દીકરી ઘરના ઉંબરા બહાર પગ મૂકવાની હિંમત ના કરે તેવી જડ માનસિકતા વચ્ચે લખતરના અદના આદમીઓ માટે ખાસ મહિલાઓ દ્વારા શ્રી શક્તિ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી. કન્યા કેળવણીની જ્યોત પ્રગતિ.

ઇ.સ. ૧૯૭૦માં શ્રી શક્તિ મહિલા મંડળની સ્થાપના બાદ ટ્રસ્ટ દ્વારા સંસ્થાનું કાર્યક્ષેત્ર અને ક્લેવર ઘડાયું. જેમાં કેન્દ્રસ્થ હેતુ લખતરની દીકરીઓને કેળવણી આપી રોજગારી અપાવી પગભર કરવાનું હતું. ઘેર ઘેર જઇ માતા-પિતાને સમજાવી. સૌ પ્રથમ મહાલક્ષ્મી મંદિરમાં રૂમો ભાડે લઇ સંસ્થાને માધ્યમિક શાળાના રૂમમાં પરિચિત કરાઇ. ૧૯૭૧માં GSEB દ્વારા મંજૂરી મળતા માધ્યમિક કક્ષાનું શિક્ષણ શરૂ થયું. પ્રતિસાદ અને પ્રયત્નોના રૂપે ત્યાર પછી જૂન-૧૯૭૬માં ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ થયો.

આમ ૧૯૭૦થી શરૂ થયેલ આ સેવા યજ્ઞમાં સમગ્ર તાલુકાની ૮૭૫૨ બહેનોએ પોતાનું જીવતર રોશન કરેલ છે. અહીં ૨૦૦૦ કરતાં પણ વિવિધ વિષયો ધરાવતા પુસ્તકોવાળી સમૃદ્ધ લાયબ્રેરી પણ સ્થપાઇ છે. જેનો સારો એવો ઉપયોગ થાય છે.

સ્થાપના વર્ષથી આજ સુધી આ શાળા એસ.એસ.સી. અને એચ.એસ.સી.માં વર્ષો સુધી આશરે ૧૦૦ ટકા જેવું પરિણામ લાવી તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાને રહેલ છે. ૧૯૭૦ની સ્થાપના પછી આ સંસ્થાએ નાની બાબતોને બાદ કરતા ક્યારેય કોઇ દાતાઓની મદદ લીધી નથી. હાલ શાળામાં ધોરણ ૯ થી ૧૨ સુધીના શિક્ષણ વર્ગો ચાલે છે. શાળા પાસે સમૃધ્ધ એક્ટીવ લેબોરેટરી પણ છે.

## શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલ-સુરેન્દ્રનગર

શ્રી એન.ડી.રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલના આદ્યસ્થાપક શ્રી નર્મદાશંકર દયાશંકર રાવલે સને ૧૯૨૧માં સ્થાપના કરી. જ્યારે બ્રિટીશ સલ્તનતનો મધ્યાહન સોળે કળાએ ખીલ્યો હતો ત્યારે કેળવણીકાળ અને શિક્ષણવિદ્ શ્રી નર્મદાશંકર દયાશંકર રાવલે સુરેન્દ્રનગરની પ્રથમ શાળા શરૂ કરી. આ શાળાના વિદ્યાર્થીઓએ સફળતાના શિખરે પહોંચ્યા છે. કેટલાક ઉદાહરણોની ઝાંખી જોઇએ તો શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મનુભાઈ શાહ કેન્દ્રીય પ્રધાનપદને શોભાવ્યું હતું. સુરેન્દ્રનગરની સમસ્ત પ્રજાજનો માટે ગૌરવભરી બાબત એ હતી કે શ્રી ઘનશ્યામભાઈ ઓઝા મુખ્યમંત્રી, ગુજરાતના નાથ બન્યા હતા એ શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. અન્ય એક મહાનુભાવ શ્રી જયસુખલાલ હાથી ભૂતપૂર્વ ગવર્નર બન્યા હતા. સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીના પ્રણેતા શ્રી ચંદુલાલ સુખલાલ સાહેબે પણ શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવ્યું હતું. બાપાલાલભાઈ તથા અન્ય નામાંકિત વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરોએ આ શાળામાં શિક્ષણ લઇને વિવિધ પદોની ગરીમા વધારી છે, ત્યારે આ શાળા ગર્વની અને ધન્યતાની લાગણી અનુભવે છે.

ઘણા વર્ષો સુધી શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલ મેળાના મેદાન પાસે કાર્યરત હતી. કુદરતની થપાટ એટલે કે ૨૦૦૧ના ભૂકંપ સમયે એ અડીખમ યોધ્ધાની માફક ઊભી રહી હતી. શાળાના ટ્રસ્ટીશ્રીઓએ આ શાળાને નવા રંગરૂપ અને નયનરમ્ય વાતાવરણ પ્રવૃત્તિના ખોળામાં હોય તેવી જગ્યાએ જમીન ખરીદીને ભૂકંપ પ્રૂફ અને આલીશાન જાજરમાન નવું બિલ્ડીંગ બનાવીને શાળાને ભેટ કર્યું ગામમાંથી આ શાળા નવી ઇમારતમાં ૨૦૦૯માં સ્થળાંતર કર્યું.

શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલના ટ્રસ્ટના નેજા નીચે ત્રણ વિભાગ કાર્યરત છે.

(૧) શ્રી એસ.એન.આર. પ્રાથમિક શાળા-સુરેન્દ્રનગર

(૨) શ્રી એન.ડી. રાવલ ન્યુ ઇંગ્લીશ હાઇસ્કૂલ-સુરેન્દ્રનગર

(૩) શ્રી એન.ડી.આર. ઉચ્ચતર માધ્યમિક શાળા-સુરેન્દ્રનગર.

સને ૧૯૨૫માં જ્યારે સરકારી સ્કૂલ શેઠ એન.ટી.એમ. હાઇસ્કૂલ શરૂ થઇ ત્યારે તત્કાલીન અંગ્રેજી સરકારના પોલીટીકલ એજન્ટ (નામ જાણમાં નથી) આ શાળાના આદ્ય સ્થાપક સંસ્થાપક શ્રી નર્મદાશંકર દયાશંકર રાવલ સાહેબે તે વખતે પોતાની શાળામાંથી થોડાક વિદ્યાર્થીઓને એન.ટી.એમ. શાળામાં દાખલ કરાવ્યા. આથી તે વખતના તત્કાલીન પોલીટીકલ એજન્ટ આ શાળાને "Mother of the N.T.M.' એવું બિરુદ આપ્યું.

## શ્રી ફુલગ્રામ પ્રાથમિક શાળા

**સ્થાપના વર્ષ :** ૦૨-૧૦-૧૯૧૪ હાલ આ શાળાનાં ૧૦૬ વર્ષ પૂર્ણ થયેલ છે.

૧૯૪૭માં દેશ સ્વતંત્ર બન્યો. અંગ્રેજો અને રાજાશાહીનું વિસર્જન થયું. સ્વતંત્રનાં જંગે ચડેલા યુવાનોએ લોકસેવાની પ્રવૃત્તિ શરૂ કરી. સ્વતંત્રતાના લડવૈયા વઢવાણના વતની શ્રી શિવાનંદજીએ આ ગામે રહી લોક જાગૃતિનું કાર્ય કરવાની ઇચ્છા પ્રગટ કરી. જેને લોકોએ વધાવી લીધી અને સહકાર આપ્યો. હાલ બ્રહ્મચારી, ગીતાના ઉપાસક, પડછંડ શરીરના શિવાનંદજીએ આ ગામની ભૂમિ ઉપર આશ્રમ બાંધી લોક જાગૃતિની પ્રવૃત્તિઓ શરૂ કરી. બાલમંદિર, પ્રાથમિક શાળા, રાત્રી શાળા શરૂ કરી ભાઈ-બહેનોને શિક્ષણ આપવાનું શરૂ કર્યું.

ગામનું મુંજપરા નામ બદલી વઢવાણના સ્વતંત્ર્યતાના લડવૈયા ફુલચંદભાઈની યાદમાં આ ગામનું નામ ફુલચંદનગર, ફુલપર અને છેવટે ફુલગ્રામ પાડ્યું.

## શ્રી રામપરા પ્રાથમિક શાળાનો ઇતિહાસ

**શાળાની સ્થાપના :** તા. ૨૭-૧૨-૧૮૬૭

શ્રી રામપરા પ્રાથમિક શાળા (ઉતારો) એ વઢવાણ તાલુકાના રામપરા ગામમાં આવેલી શાળા છે. આ શાળાએ વઢવાણ સ્ટેટ (રાજ) વખતમાં તારીખ ૨૭-૧૨-૧૮૬૭માં વઢવાણ સ્ટેટ દ્વારા શરૂ કરવામાં આવેલી છે. વઢવાણ રાજ વખતનું રામપરા એક મોટું ગામ છે. આથી તે સમયે રામપરા ગામમાં જ્યાં વઢવાણ સ્ટેટ ઠાકોર સાહેબને રામપરામાં જ્યાં ઉતરવા માટેની જગ્યા હતી જેને સ્ટેટનો ઉતારો તરીકે જે ઓળખાય છે, તે જગ્યા પર આ શાળા તે સમયે એટલે તા. ૨૭-૧૨-૧૮૬૭માં વઢવાણ ઠાકોર સાહેબ દ્વારા રામપરામાં તેમના ઉતરવાની જે જગ્યા (મકાન) હતું તે જગ્યા (સ્ટેટને ઉતારવાનો ઉતારો મકાન) પર આ શાળા શરૂ કરવામાં આવેલી. આ શાળાને તા. ૨૭-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ૧૫૩ વર્ષ પૂરા થયા છે. જે સમગ્ર વઢવાણ અને ઝાલાવાડ માટે આનંદની વાત છે.

# શ્રી વસ્તડી પ્રાથમિક શાળાનો ઇતિહાસ

**શાળાની સ્થાપના :** તા. ૧૮-૧૨-૧૮૬૯

ભારત દેશને ગુલામીમાંથી મુક્ત કરવા માટે જ્યારે દેશભરમાં આંદોલનોની જ્યોત પ્રગતિ ચૂકી હતી. કેટલાય દેશભક્તો જેલવાસ અને શહીદી વહોરી ચૂક્યા હતા. આ બાજુ ભારતનું ગામડું અનેક પ્રકારની અંધશ્રધ્ધા, કુરિવાજો, ગરીબી, શિક્ષણનો અભાવ વગેરે સમસ્યાઓથી પ્રજા પીડાઈ રહી હતી, ત્યારે વઢવાણ તાલુકાનાં વસ્તડી ગામ માટે સોનાનો સૂરજ ઉગ્યો હોય તેમ અંગ્રેજ સરકારે તા. ૧૮-૧૨-૧૮૬૯ નાં રોજ પ્રા.શાળા શરૂ કરવાનો નિર્ણય લીધો અને શાળા શરૂ થઇ. ભારતનાં ભવિષ્યને સશક્ત અને મજબૂત બનાવવા માટેના ઇરાદાને સાકાર કરવા માટેનાં પ્રારંભનાં આશય સાથે વસ્તડી ગામમાં પ્રાથમિક શાળાનો પ્રારંભ થયો.

પરિણામ એ આવ્યું કે આ શિક્ષણની રથયાત્રાએ પ્રખ્યાત સંત માધવાનંદ સ્વામીનું અવતરણ થયું અને તેમનાં જીવને અનેક લોકોનાં જીવનને બદલાવી નાખ્યા. આજના દિવસે વસ્તડી ગામમાં માધવાનંદ આશ્રમ આવેલો છે. જેમાં અનેક સત્કર્મો ચાલી રહ્યા છે. બીજી તરફ શંકરદાન ગઢવીએ મહાન કવિનો ઉદય થયો. લીંબડી સ્ટેટમાં તેમનું આગવું સ્થાન હતું. તેમણે સાહિત્ય જગતની મોટી સેવા કરી. કેટલાય શિક્ષકો અને આચાર્યોનાં અથાગ પ્રયત્નોથી આ યાત્રા અવિરત ચાલુ જ રહી. કેટલાય વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી અને પ્રગતિના પંથે પહોંચી ગયા.



## શ્રીમતી એ.વી. ઓઝા અને શ્રી વી.જે. ઓઝા હાયર સેકન્ડરી સંસ્કાર વિદ્યાલય-લખતર

**સંસ્થાનું ક્લેવર :**

ઇ.સ. ૧૯૭૦માં શ્રી શક્તિ મહિલા મંડળની સ્થાપના બાદ ટ્રસ્ટ દ્વારા સંસ્થાનું કાર્યક્ષેત્ર અને ક્લેવર ઘડી કાઢ્યું. જેમાં કેન્દ્રસ્થ હેતુ લખતરની દીકરીઓને કેળવણી આપી રોજગારી અપાવી પગભર કરવાનું હતું. આમ લખતરમાં કન્યા કેળવણી અને તાલીમનું આ સોપાન શરૂ થયું. ઘેર ઘેર જઇને માતા-પિતાને સમજાવી સૌ પ્રથમ મહાલક્ષ્મી મંદિરમાં રૂમો ભાડે લઇ સંસ્થાને માધ્યમિક શાળાના રૂપમાં પરિચિત કરવામાં આવી. ૧૯૭૧માં જી.એસ.ઈ.બી. દ્વારા મંજૂરી મળતા શાળામાં માધ્યમિક કક્ષાનું શિક્ષણ શરૂ થયું. ત્યારબાદ શિક્ષણને મળતા પ્રતિસાદ અને પ્રયત્નોના સ્વરૂપે જૂન-૧૯૭૬માં ઉચ્ચતર માધ્યમિક વિભાગની મંજૂરી આવતા નવા ઉચ્ચ શિક્ષણ સોપાનની શરૂઆત થઇ.

આમ ૧૯૭૦ થી શરૂ થયેલ આ સેવા યજ્ઞની જ્યોત લખતર ગામ સુધી સીમિત ના રહેતા સમગ્ર તાલુકા સુધી પથરાઇ અને આજ દિવસ સુધીમાં લખતર તાલુકાની અને અન્ય કુલ ૮૭૫૨ બહેનોએ આ શાળામાં પ્રવેશ લઇ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવી પોતાનું જીવતર રોશન કરેલ છે.

**શાળાનો વર્તમાન :**

હાલ શાળામાં ધોરણ-૯ થી ૧૨ સુધીના શિક્ષણ વર્ગો ચાલી રહ્યા છે. આજે શાળામાં આધુનિકતા સાથે તાલ મિલાવી આ શાળા ખાનગી શાળાઓમાં મળતી શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડી જિલ્લામાં અવ્વલ રહી છે.

શાળામાં બાયસેગ ચેનલ, પ્રસારણ માટે એલ.ઇ.ડી. ટીવી, અતિ આધુનિક વર્ચ્યુઅલ ક્લાસ રૂમ સાથે અનેક સોફ્ટવેરનો ઉપયોગ કરીને શિક્ષણ અપાઇ રહ્યું છે. શાળાની પસંદગી તાજેતરમાં કેન્દ્ર સરકારશ્રીના નીતિન આયોગ દ્વારા આધુનિક અટલ ટીંકરીંગ લેબની સ્થાપના માટે થઇ છે. આમ નજીકના ભવિષ્યમાં શાળાના બાળકો વિશ્વ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરશે તેમજ વૈશ્વિક વિદ્યાર્થી બની રહેશે તેવી આશા છે.

**લેબોરેટરી :** શાળા પાસે શરૂઆતથી જ પોતાની એક્ટીવ લેબ અને શૈક્ષણિક સામગ્રી છે. જેનો વધુમાં વધુ ઉપયોગ થઇ રહ્યો છે. જે પ્રોફાઇલના પરિણામે શાળાની પસંદગી એટીએલ લેબોરેટરી સ્થાપવા માટે થઇ છે. સરકારશ્રી દ્વારા પણ ૧ લાખથી વધુ રકમના વિજ્ઞાનના સાધનોની સહાય આપવામાં આવી છે.

જેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ ચાલે છે.

| | | |
|---|---|---|
| લાયબ્રેરી | કોમ્પ્યુટર રૂમ | સીવણ રૂમ |
| પી.ટી. રૂમ | પે-જળ અને શૌચાલય | |
| સુરક્ષા અને સાવધાની | શાળાનું આભા મંડળ | |
| શાળાનો આકાશી ચંદરવો | શાળાના ટ્વિન્કલ સ્ટાર | |
| આભમાં ઊંડી ઉડાન | | |

## શ્રી સરા કુમાર પ્રાથમિક શાળા

શ્રી સરા કુમાર પ્રાથમિક શાળાની સ્થાપના ઇ.સ. ૧૮૬૦ માં સાયલા સ્ટેટના સરા તાલુકામાં દરજી ખાસ શેરીમાં એક મકાનમાં શાળાની શરૂઆત કરવામાં આવી. તેમજ શ્રી મેલડી માતાજીના ભોજનશાળામાં ૩ રૂમોની ફાળવણી કરવામાં આવી હતી.

સરદાગગઢના નામ અને સ્થળે હાલનું જૂની શાળા છે, જે લીંમડાવાળી શાળા તરીકે ઓળખાય છે. જે મેઇન બજાર, બસ સ્ટેન્ડની બાજુમાં આવેલી છે. જે શાળાનું ઇ.સ. ૧૯૭૪માં ઉદ્‌ઘાટન થયેલ હતું. જે આઠ રૂમની ધાબાબાળી બનાવવામાં આવી. જેમાં આશરે ૩૫૦ થી ૪૦૦ આસપાસ વિદ્યાર્થીઓની સંખ્યા હતી.

હાલ આ શાળા સરા પે સેન્ટર કુમાર શાળા નંબર-૧ તરીકે ઓળખાય છે. ઇ.સ. ૨૦૧૨માં શાળા જર્જરિત થતા તે જગ્યા પર નવું બાંધકામાં કરવામાં આવ્યું. ઇ.સ. ૧-૬-૧૯૦૪ માં અંગ્રેજી શાળા અને ગુજરાતી શાખા શરૂ થઇ હતી.

## કંથારિયા પ્રાથમિક શાળા
## મહાન ક્રાંતિવીર સરદારસિંહ રાણા

મહાન ક્રાંતિવીર સરદારસિંહ રાણાનો જન્મ ઝાલાવાડની ધીંગી ધરાના કંથારિયા ગામમાં પિતાશ્રી રવાભાઈ અને માતા ફુલજીબાના કૂખે ૧૦ એપ્રિલ, ૧૮૭૦ ને રામનવમીના દિવસે થયો હતો.

પ્રાથમિક શિક્ષણ કંથારિયાની ધૂળની નિશાળમાં લઇ માધ્યમિક શિક્ષણ રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં ગાંધીજી સાથે લીધેલું. પુનાની ફર્ગ્યુસન કૉલેજમાં લોકમાન્ય તિલક અને સુરેન્દ્રનાથ બેનરજીના સંપર્કમાં આવતા આઝાદીની ચળવળમાં પ્રવેશ્યા.

ઇ.સ. ૧૯૦૦માં બાર એટલોના અભ્યાસક્રમ માટે ઇંગ્લેંડ ગયા. ત્યાં શ્યામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવ્યા. વર્માજી ભારતની બહાર રહી આઝાદીની ચળવળ ચલાવતા હતા. રાણાજી વર્માજી અને મેડમ ભીમાજી કામા સાથે મળીને લંડનમાં ઇન્ડિયા હાઉસની સ્થાપના કરી.

ઇ.સ. ૧૯૦૭ માં આંતરરાષ્ટ્રીય સોશ્યાલિસ્ટ પરિષદનાં પ્રથમ અધિવેશનમાં રાણાજીએ મેડમ ભીમાજી કામા સાથે હિન્દુસ્તાનનો પ્રથમ ત્રિરંગો ધ્વજ ફરકાવેલો. આ ત્રિરંગો આજે પણ તેમના વંશજ ભાવનગરના પૂર્વ સાંસદશ્રી રાજેન્દ્રસિંહ રાણા પાસે સાચવેલો છે.

ભારતમાં બ્રિટીશ સરકાર પર જે જે બોમ્બ ધડાકા થતાં તેમના તાર રાણાજી સુધી જોડાયેલ હતા. મદનલાલ ધીંગરાએ કર્નલ વાયલીને જે બંદૂકથી મારેલા તે બંદૂક પણ રાણાજીની હતી. ભગતસિંહએ ધારાસભામાં જે બોમ્બ ફેકેલો તે બોમ્બ સરદારસિંહ રાણાએ જ બનાવેલો.

આઝાદીની ચળવળ સાથે રાણાજીએ શિક્ષણક્ષેત્રમાં પણ અમૂલ્ય યોગદાન આપેલ હતું. સાવરકરજી સહિત કેટલાય યુવાનોએ રાણાજીની સ્કોલરશીપથી અભ્યાસ કરેલો હતો.

રાણાજી એ એક લાખ પુસ્તકોથી ભરેલી પોતાની અંગત લાયબ્રેરી પેરીસની સબીન યુનિવર્સિટીને દાનમાં આપી દીધેલી.

બનારસ હિન્દી યુનિવર્સિટીની સ્થાપના માટે અઠ્યાવીસ લાખ જેટલી મોટી રકમ ચંદનમોહન માલવિયાજીને એકઠી કરીને આપી. જેમાં પાંચ લાખ રૂપિયાનું યોગદાન રાણાજીનું જ હતું. શાંતિ નિકેતનની સ્થાપનામાં પણ ગુરૂદેવ રવીન્દ્રનાથ

ટાગોરને સહયોગ આપેલો.

સરદારસિંહ રાણાને બે પુત્રો હતા. જેમાં તેમના મોટા પુત્રનું બાર્લસીના ટાપુ (આફ્રિકા) પર કાળા પાણીની સજા મળેલી. ત્યારે ત્યાં રોગના કારણે તેમનું અવસાન થયેલું. જ્યારે તેમના બીજા પુત્ર નટવરસિંહ રાણા કંથારિયામાં જ રહેતા તે વખતે ૧૯૪૭ પહેલા ગુજરાતમાં ક્યાંય કપાસનું જીન જ હતું. ત્યારે કંથારિયા ગામમાં કપાસનું જીન હતું અને નટુભા બાપુએ સરદારસિંહ રાણાએ પેરીસથી આ મિશનરી મોકલાવેલી. નટુભા બાપુ પણ ખૂબ સેવાભાવી હતાં. ગામના ઘણા યુવાનોને રાત્રી દરમ્યાન અંગ્રેજીનું મફતમાં ટ્યુશન આપતા. આઝાદ ભારતની પ્રથમ સાંસદમાં સાંઇઠ જેટલા સાંસદો તો એવા હતા કે એમને રાણાજીની સ્કોલરશીપથી અભ્યાસ કર્યા હતા. પચ્ચીસ મે, ૧૯૫૭માં ભગવાન આશુતોષના ચરણોમાં વેરાવળ ખાતે રાણાજીનું અવસાન થયેલું.

## સુરેન્દ્રનગર જિલ્લાના વીર શહીદ જવાન




- **શહીદ લવજીભાઈ એમ. મકવાણા (છત્રિયાળા-ચુડા)**
- **શહીદ વનરાજભાઈ કે. દેગામા (ઝીંઝુડા-ચોટીલા)**
- **શહીદ ભાવેશભાઈ ડી. રાઠોડ (કુંઢડા-ચોટીલા)**
- **શહીદ કરણસિંહ ડી. ડાભી (કળમાદ-મુળી)**
- **શહીદ દિલીપસિંહ ડી. ચૌહાણ (ટીકર-પરમાર, મુળી)**
- **શહીદ ગંભીરસિંહ બી. કાસેલા (ટીકર-પરમાર, મુળી)**
- **શહીદ ધનરાજસિંહ ડી. પરમાર (નવાણિયા-મુળી)**
- **શહીદ મહેશભાઈ પરમાર (વડગામ-પાટડી)**
- **શહીદ બશીર એ. મુલતાની (સુરેન્દ્રનગર)**
- **શહીદ કાંતિભાઈ જી. જાની (ખોડુ-વઢવાણ)**
- **શહીદ મહેશભાઈ સી. ટમાલિયા (લટુડા-વઢવાણ**
- **શહીદ જેશીંગભાઈ આર. ટમાલિયા (વડોદ-વઢવાણ)**
- **શહીદ વિનોદકુમાર જે. સોલંકી (કારિયાણી-વઢવાણ)**
- **શહીદ રમેશભાઈ યુ. પરમાર (ભરાડા-ધ્રાંગધ્રા)**
- **શહીદ રઘુભાઈ બાવળિયા (ચોરવીરા-સાયલા)**
- **શહીદ ભરતસિંહ પરમાર (વઢવાણ)**

## મીણાપુર પ્રાથમિક શાળા

**સ્થાપના વર્ષ** : તા. ૧-૧૧-૧૮૭૮

**ગામ :** મીણાપુર તા. ચૂડા

માણીગર માવાની જીવનસંગીની બનીને પોતાનું જીવન શ્રીહરીના ચરણમાં સમર્પિત કરનારી માણકી ઘોડીની કથા અતિ ચમત્કારી છે. પશુ યોનીમાં જન્મ લઇને મુક્તિની પંક્તિમાં સ્થાન મેળવનાર માણકીની કથા આ પ્રમાણે છે.

જસદણમાં કાઠી દરબારને ત્યાં એક દૈવિક ઘોડી હતી. સારાએ કચ્છ-કાઠિયાવાડમાં સુપ્રસિધ્ધ થવા લાગી. કચ્છમાં એક મિંયાણો હતો અને તે અઠંગ ચોર હતો. આ જાતવાન ઘોડી ચોરી લાવવાની તીવ્ર ઇચ્છા જાગી. પરંતુ કાઠીને ત્યાં કડક બંદોબસ્ત હોવાથી એ ઇચ્છા મનમાં જ રહી ગઇ. સમય જતા તે મિંયાણાનો અંતકાળ આવ્યો અને તેમનો જીવ કોઇ રીતે જતો ન હોવાથી તેમના દીકરાએ પૂછ્યું ત્યારે કહ્યું કે મારી એક ઇચ્છા અધૂરી છે તે ઘોડી ચોરવાની વાત કરી અને તેના દીકરાએ પ્રતિજ્ઞા કરી કે તે કામ હું પૂર્ણ કરીશ ત્યારે તેમનો જીવ છૂટ્યો. બાદમાં તેમનો પુત્ર જસદણ દરબારને ત્યાં નોકરીએ રહી ઘોડી સાચવતો હતો અને વિશ્વાસ પ્રાપ્ત કરી મોટો મળતા જ તે ઘોડી લઇ કચ્છ તરફ જતો રહ્યો. એક દિવસ ઘોડીને દરિયા કિનારે ઘાસ ચરવા મૂકી હતી. ત્યારે દરિયામાંથી એક દરિયાઇ જળઘોડો બહાર આવ્યો અને આ ઘોડી સાથે સંગ કર્યો. એના સંગથી એ ઘોડીને અગિયાર મહિને એક વછેરી જન્મી એજ આપણી માણકી.

માણકી ઘોડી બહુ રૂપાળી અને સર્વગુણ સંપન્ન હતી. અશ્વ વિદ્યાર્થી ભાષામાં ઘોડીની છત્રીસ ખામીઓ બતાવવામાં આવી, પણ આ માણકીમાં ઇ એકેય ખામી ન હતી. ભુજના રાજાને આ માણકી ઘોડી વિશે ખબર પડતા તેણે મિયાણા પાસેથી માણકી અને તેની માં એ બંને ખરીદી લીધા. કચ્છમાં રાજાના ફટાયા કુંવરની દીકરી મીણાપુરમાં આવ્યા ત્યારે તેમણે કુંવરીની પહેરામણીમાં માણકી ઘોડી આપી હતી. આ માણકીના વખાણ મહારાજે સાંભળ્યા અને સુરા ખાચર પાસે તપાસ કરાવી. ભેસજાળના કાયાજી બાપુ સુરા ખાતરના મિત્ર હતા. કે કાયાજી બાપુ મીણાપુરના મનુભાને ઓળખતા, તેથી અષાઢી સવંત ૧૮૬૮ શ્રાવણ સુદ સાતમને દિવસે સુરા ખાચર અને કાયાજી બાપુ મહારાજને લઇ મીણાપુર ગયા. મહારાજ મનુભાના ફળિયામાં પ્રવેશ્યા કે માણીને જુગ જૂની ઓળખાણ હોય તેમ હણહણતી આવકાર

દેવા લાગી. માણીગર અને માણકીની ચાર આંખો એક થઇ અને એ અબોલ પ્રાણીની આંખમાંથી ટપ ટપ આંસુ ખર્યા. મહારાજે ઝટપત માણકી પાસે જઇ માથે જમણો હાથ મુક્યા. કેશવાળી સવારતા જ માણકીને હૈયે શાંતિ વળી ગઇ. મનુભા હાજર ન હતા પણ તેમની દસ વર્ષની નાની દીકરીએ મહારાજને વંદન કરી કહ્યું, 'બાપુ ઘેર નથી, પણ તમે શા માટે આવ્યા છો એ તો કહો.' ત્યારે મહારાજે કહ્યું કે અમે સ્વામિનારાયણ ભગવાન છીએ અને અમારે આ માણકી ઘોડી જોઇએ છીએ. તમે આપશો ? ત્યારે મનુભાની નાનકડી દીકરી મોંઘીબા કહે એમાં શું ? ભગવાનને જોઇતી હોય તો હું આપું. એમ કહી માણકીની સરક ઝાલી મહારાજ પાસે લાવ્યા અને મહારાજને પગે લાગી માણકી અર્પણ કરી.

મહારાજ તેમના ઉપર રાજી થઇને ૬૦ રૂપિયા અને સાકરની પ્રસાદી આપીને કહ્યું. 'મોંઘીબા તમે બહુ મોંઘા થશો. રાજરાણી થશો.' એમ કહી આશીર્વાદ આપ્યા. સમય જતા મોંઘીબાના લગ્ન ગોંડલ નરેશ સંગ્રામસિંહ બાપુ સાથે થયા હતા. (હાલ ગોંડલનું સ્વામિનારાયણ મંદિર મોંઘીબાએ સ્વખર્ચે બનાવેલ છે.) માણકી દેવતાઇ ઘોડી હતી. માણકી મહારાજની મરજીને જાણીને જ ચાલતી હતી. માણકી ઘોડીની એક ખાસિયત હતી કે ધીંગાણા જેવી કોઇ માઠા બનાવ બનવાનો હોય તેના ચાલીશ દિવસ અગાઉ તે માણકીને ખબર પડી જતી. માણકીને કોઇ શેતાન સ્પર્શ કરે તો તેની શેતાનિયત દૂર થઇ જતી. શ્રીજી મહારાજ અંતરધ્યાન થયા પછી માણકીએ અન્ન-જળ છોડી દીધા હતા. વ્હાલાના વિરહમાં ઝૂરતી આ અશ્વિનીએ મહારાજનાં ૧૩માંના દિવસે દેહ છોડી દીધો. માણીગર માવાને મન વહાલી થઇને સદૈવ તેમને દેશ-દેશાંતર વિચરણ કરાવનાર માણકીને કોટી કોટી વંદન.

## સંતશ્રી સવૈયાનાથ કૃષિ વિદ્યાલય-વાઘેલા

સંતશ્રી સવૈયાનાથ કૃષિ વિદ્યાલયની સ્થાપની ૧૫ જૂન ૧૯૫૦ માં પરમ પૂજ્ય મહંતશ્રી બળદેવદાસજીના વરદ હસ્તે કરવામાં આવી છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામસેવક, ઉદ્યોગ શિક્ષક અને રચનાત્મક કાર્યકરો તૈયાર કરવા તેમજ વિવિધ ખેતીવાડી ખાતાની કંપનીમાં નોકરી અપાવવી હતો.

## ભારતની દસ અતિ-દુર્લભ શાળામાં ગુજરાતની એકમાત્ર રણ બસ શાળા

રણમાં યુ.કે.થી આવેલી ખાસ ટીમે 'ગોઇંગ ટુ સ્કૂલ ઇન ઇન્ડિયા' નામના પ્રોજેક્ટમાં દેશની ૧૦ અતિ દુર્લભ શાળાઓમાં ગુજરાતની એકમાત્ર રણ-શાળાનો સમાવેશ કર્યો છે. હાલ રમણાં ૩૦ જેટલી જૂની એસ.ટી. બસોને મોડિફાય કરીને ૭૫૦ જેટલા અગરિયા બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાઇ રહ્યું છે.

અગરિયાઓના ભુલકાઓ માટે શિક્ષણનું ભાથું મેળવવું એક કઠોર સાધના સમાય છે. ભારતમાં અપાતા શિક્ષણના સર્વે માટે યુ.કે.થી આવેલી ખાસ ટીમે 'ગોઇંગ ટુ સ્કૂલ ઇન ઇન્ડિયા' નામના પ્રોજેક્ટ હેઠળ યુ.કે.ની શિક્ષિકા લીઝા હેડલોકે પોતાની ટીમ સાથે ભારતના તમામ રાજ્યોની મુલાકાત લઇ તેના પર ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવી હતી. જેમાં રાજસ્થાનમાં ફાનસના અજવાળે ચાલતી રાત્રી શાળા, કોલકત્તામાં વ્હીલચેર પર ચાલતી શાળા, ઓરિસ્સામાં ટેકરી પર ચાલતી શાળા, આંધ્રપ્રદેશમાં પાણીમાં હોડીમાં ચાલતી શાળા, કાશ્મિરમાં સરોવરની વચ્ચે ટાપુમાં ચાલતી શાળા, સહિત ગુજરાતની એકમાત્ર વેરાન રણમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જૂની ખખડધજ થયેલી એસ.ટી. બસોને મોડિફાય કરીને બસોમાં ચાલતી રણ શાળાનો દેશની દુર્લભ શાળામાં સમાવેશ થાય છે.

**રણ દીઠ શાળા અને છાત્રોની સંખ્યા :**

ખારાઘોઢા અને ઝીંઝુવાડા રણ-૧૬ રણ બસ શાળા-૩૭૬ વિદ્યાર્થીઓ, સાંતલપુર રણ-૮ બસશાળા - ૨૨૫ વિદ્યાર્થીઓ, ધ્રાંગધ્રા, હળવદ, મોરબી અને માળિયામાં ૭ રણ બસશાળા - ૧૫૦ વિદ્યાર્થીઓ.

રણમાં આવેલી શાળા જમીનથી પાંચ ફૂટ ઊંડા ખાડામાં લાકડાના પાટિયાથી બનાવવામાં આવે છે. શાળાની ફરતે દીવાલ, નાના માટીના ઢેફાની હારમાળા બનાવવામાં આવેલી છે. થોડા થોડા અંતરે નાના તિરંગા પણ મૂકવામાં આવ્યા છે. શાળાની અંદર બાળકોએ સર્જન કરેલ ટી.એલ.એમ. રાખવામાં આવેલ છે. રણમાં આ શાળાને કુદરતના પડકારની સામે ઝઝૂમતી જોવી એ એક અલગ અનુભૂતિ હતી.

# શતાયુ શાળાઓ

| ક્રમ | ગામ | તાલુકો | સ્થાપના તારીખ/સંવત |
|---|---|---|---|
| ૧. | ભોયકા | ધ્રાંગધ્રા | ૦૧-૦૧-૧૮૮૮ |
| ૨. | ખંભલાવ | ધ્રાંગધ્રા | ૨૫-૦૮-૧૮૮૧ |
| ૩. | રળોલ | ધ્રાંગધ્રા | ૦૫-૦૨-૧૮૬૮ |
| ૪. | જાંબુ | ધ્રાંગધ્રા | ૦૧-૮-૧૮૬૮ |
| ૫. | કંકાવટી | ધ્રાંગધ્રા | ૧૬-૦૪-૧૮૫૬ |
| ૬. | જુના ઘનશ્યામગઢ | ધ્રાંગધ્રા | ૦૨-૦૭-૧૯૧૭ |
| ૭. | એંજાર | ધ્રાંગધ્રા | ૦૧-૧૧-૧૮૮૨ |
| ૮. | શાળા નં.-૧ | ધ્રાંગધ્રા | ૨૪-૦૨-૧૮૫૫ |
| ૯. | શાળા નં.-૨ | ધ્રાંગધ્રા | ૦૬-૦૭-૧૮૬૯ |
| ૧૦. | સર અજીતસિંહજી હાઇ. | ધ્રાંગધ્રા | ૦૧-૧૧-૧૯૦૫ |
| ૧૧. | શ્રી સરવાળ પ્રા.શાળા | ધ્રાંગધ્રા | ૧૪-૦૨-૧૯૦૮ |
| ૧૨. | ધ્રુમઠ | ધ્રાંગધ્રા | ૦૧-૦૫-૧૮૭૦ |
| ૧૩. | ડુમાણા | ધ્રાંગધ્રા | ૧૧-૧૧-૧૮૭૮ |
| ૧૪. | ભારદ | ધ્રાંગધ્રા | ૨૦-૧૨-૧૯૯૬ |
| ૧૫. | ગંજેળા | ધ્રાંગધ્રા | ૦૧-૧૨-૧૯૯૬ |
| ૧૬. | માલવણ | ધ્રાંગધ્રા | ૦૧-૦૧-૧૮૭૦ |
| ૧૭. | થળા | ધ્રાંગધ્રા | ૦૨-૦૨-૧૮૮૮ |
| ૧૮. | ભરાડા | ધ્રાંગધ્રા | ૦૧-૦૫-૧૮૭૦ |
| ૧૯. | આદરિયાણા | પાટડી | ૦૫-૦૮-૧૯૯૬ |
| ૨૦. | સુરેલ | પાટડી | ૧૭-૧૧-૧૮૭૫ |
| ૨૧. | આદરિયાણા | પાટડી | ૧૮-૦૭-૧૯૭૮ |
| ૨૨. | બજાણા | પાટડી | ૦૧-૦૭-૧૮૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | બજાણા (મીડલ સ્કૂલ) | પાટડી | ૦૧-૧૦-૧૯૨૧ |
| ૨૪. | દેગામ | પાટડી | ૦૧-૦૧-૧૮૮૦ |
| ૨૫. | દસાડા | પાટડી | ૦૧-૦૬-૧૮૬૭ |
| ૨૬. | દસાડા (કન્યા શાળા) | પાટડી | ૧૬-૦૨-૧૮૮૭ |
| ૨૭. | જૈનાબાદ | પાટડી | ૧૮-૦૭-૧૮૭૬ |
| ૧૮. | જરવલા | પાટડી | ૦૧-૦૩-૧૮૭૮ |
| ૨૯. | પાટડી-૨ | પાટડી | ૦૧-૦૪-૧૮૮૧ |
| ૩૦. | ખારાઘોડા (જુનાગામ) | પાટડી | ૦૧-૦૧-૧૮૭૭ |
| ૩૧. | ઓડુ | પાટડી | ૦૧-૦૧-૧૮૮૦ |
| ૩૨. | અખિયાણા | પાટડી | ૧૬-૦૧-૧૮૮૦ |
| ૩૩. | ગેડિયા | પાટડી | ૨૬-૧૧-૧૯૧૩ |
| ૩૪. | ખેરવા | પાટડી | ૦૧-૦૮-૧૮૮૩ |
| ૩૫. | નાગડકા | પાટડી | ૨૨-૧૧-૧૯૨૧ |
| ૩૬. | સેડલા | પાટડી | ૦૭-૦૬-૧૯૧૮ |
| ૩૭. | માલવણ | પાટડી | ૧૩-૦૩-૧૮૯૮ |
| ૩૮. | પાટડી-૧ | પાટડી | ૦૧-૦૭-૧૮૬૩ |
| ૩૯. | ઝીંઝુવાડા | પાટડી | ૧૮-૦૭-૧૮૬૭ |
| ૪૦. | ધામા | પાટડી | ૦૧-૦૧-૧૮૮૦ |
| ૪૧. | ઝીંઝુવાડા (કન્યા) | પાટડી | ૧૧-૦૮-૧૮૮૯ |
| ૪૨. | વિસાવડી | પાટડી | ૧૧-૧૧-૧૮૭૮ |
| ૪૩. | શિયાણી | લીંબડી | ૧૫-૦૬-૧૮૬૮ |
| ૪૪. | રળોલ | લીંબડી | ૦૫-૦૨-૧૮૬૮ |
| ૪૫. | જાંબુ | લીંબડી | ૦૧-૦૮-૧૮૬૮ |
| ૪૬. | શિયાણી | લીંબડી | ૧૫-૦૬-૧૮૬૮ |
| ૪૭. | સમલા | લીંબડી | ૧૮૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૪૮. | ભલગામડા | લીંબડી | ૦૧-૦૨-૧૮૭૨ |
| ૪૯. | બોરાણા | લીંબડી | ૨૩-૧૧-૧૯૧૧ |
| ૫૦. | મોટા ટીંબલા | લીંબડી | ૧૮૯૦ |
| ૫૧. | થાન | થાનગઢ | ૧૪-૦૬-૧૯૧૪ |
| ૫૨. | સરા | મૂળી | ૧૮૬૦ |
| ૫૩. | કુકડા | મૂળી | ૧૯૭૨ |
| ૫૪. | સોમાસર | મૂળી | ૦૧-૧૧-૧૮૯૬ |
| ૫૫. | નળિયા | મૂળી | ૧૮૯૬ |
| ૫૬. | આણંદપુર (ભા) | ચોટીલા | ૧૮-૧૨-૧૮૮૬ |
| ૫૭. | આણંદપુર (ભા) કન્યા | ચોટીલા | ૦૧-૦૮-૧૮૮૩ |
| ૫૮. | ચોટીલા | ચોટીલા | ૧૮-૦૬-૧૮૫૬ |
| ૫૯. | સણોસરા | ચોટીલા | ૨૬-૦૯-૧૮૮૮ |
| ૬૦. | વનાળા | ચુડા | ૨૩-૧૨-૧૯૧૩ |
| ૬૧. | કંથારીયા | ચુડા | ૨૨-૦૫-૧૮૬૬ |
| ૬૨. | ખાંડીયા | ચુડા | ૦૩-૦૨-૧૮૭૦ |
| ૬૩. | ભૃગુપુર-૧ | ચુડા | ૧૦-૦૭-૧૮૭૫ |
| ૬૪. | કારોલ | ચુડા | ૦૧-૦૮-૧૮૮૦ |
| ૬૫. | ગોખરવાળા | ચુડા | ૦૪-૦૧-૧૯૦૫ |
| ૬૬. | ઝોબાળા | ચુડા | ૧૮-૦૮-૧૮૮૧ |
| ૬૭. | છલાળા | ચુડા | ૨૩-૧૧-૧૯૧૪ |
| ૬૮. | કરમડ | ચુડા | ૧૮-૦૮-૧૮૯૮ |
| ૬૯. | વેજળકા | ચુડા | ૧૧-૧૧-૧૮૯૮ |
| ૭૦. | ચુડા-૧ | ચુડા | ૧૮-૦૨-૧૮૫૪ |
| ૭૧. | લાલીયાદ | ચુડા | ૦૨-૦૩-૧૮૬૯ |
| ૭૨. | ચાચકા | ચુડા | ૧૮-૦૭-૧૯૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૭૩. | કુડલા | ચુડા | ૦૧-૦૨-૧૮૭૮ |
| ૭૪. | છત્રિયાળા | ચુડા | ૨૮-૧૧-૧૯૧૩ |
| ૭૫. | ભેંજજાળ | ચુડા | ૨૭-૧૧-૧૯૧૦ |
| ૭૬. | મીણાપુર | ચુડા | ૦૧-૧૧-૧૮૭૮ |
| ૭૭. | ચોકડી | ચુડા | ૧૫-૦૭-૧૮૭૭ |
| ૭૮. | કોરડા | ચુડા | ૧૫-૦૭-૧૮૭૭ |
| ૭૯. | જુની મોરવાડ | ચુડા | ૦૧-૦૫-૧૮૮૦ |
| ૮૦. | વિઠ્ઠલગઢ | લખતર | ૨૩-૦૫-૧૮૬૯ |
| ૮૧. | ધણાદ | લખતર | ૧૩-૦૨-૧૯૧૮ |
| ૮૨. | જુગતરામ દવે શાળા | લખતર | ૧૯-૦૯-૧૯૦૯ |
| ૮૩. | માજી રાજબા કન્યાશાળા | લખતર | ૨૩-૦૩-૧૯૦૫ |
| ૮૪. | રૂપાળીબા શાળા | લખતર | ૦૭-૦૬-૧૮૫૩ |
| ૮૫. | બજરંગપુરા | લખતર | ૦૧-૧૧-૧૮૭૮ |
| ૮૬. | સુદામડા | સાયલા | ૨૩-૦૧-૧૮૬૯ |
| ૮૭. | ધાંધલપુર | સાયલા | ૧૮૬૫ |
| ૮૮. | નોલી | સાયલા | ૧૯૦૨ |
| ૮૯. | સેજકપર | સાયલા | ૧૭-૧૨-૧૮૭૯ |
| ૯૦. | ફુલગ્રામ | વઢવાણ | ૧૯૧૪ |
| ૯૧. | ટુવા | વઢવાણ | ૧૮૮૪ |
| ૯૨. | રામપરા | વઢવાણ | ૧૮૬૭ |
| ૯૩. | વસ્તડી | વઢવાણ | ૧૮૬૭ |
| ૯૪. | ખોડુ | વઢવાણ | ૧૮૬૭ |
| ૯૫. | નગરા | વઢવાણ | ૧૮૮૮ |
| ૯૬. | વેળાવદર | વઢવાણ | ૧૮૯૬ |
| ૯૭. | ગુંદિયાળા | વઢવાણ | ૧૮૭૭ |

| | | | |
|---|---|---|---|
| ૯૮. | ખેરાળી | વઢવાણ | ૧૮૭૨ |
| ૯૯. | ખોલડિયાદ | વઢવાણ | ૧૮૭૨ |
| ૧૦૦. | માળોદ | વઢવાણ | ૧૮૭૮ |
| ૧૦૧. | અણીન્દ્રા | વઢવાણ | ૧૮૮૫ |
| ૧૦૨. | ભ્રદ્રેશી | વઢવાણ | ૧૯૧૪ |
| ૧૦૩. | ચમારજ | વઢવાણ | ૧૯૧૩ |
| ૧૦૪. | કટુડા | વઢવાણ | ૧૮૭૮ |
| ૧૦૫. | બાળા | વઢવાણ | ૧૮૬૩ |
| ૧૦૬. | રાજપર | વઢવાણ | ૧૮૭૯ |
| ૧૦૭. | દૂધરેજ | વઢવાણ | ૧૮૭૪ |
| ૧૦૮. | દાજીરાજ હાઇસ્કૂલ | વઢવાણ | ૧૮૮૫ |
| ૧૦૯. | શાળા-૨ | વઢવાણ | ૧૮૬૮ |
| ૧૧૦. | નાના કેરાળા | વઢવાણ | ૧૯૧૮ |
| ૧૧૧. | શાળા નં.-૩ | વઢવાણ | ૧૯૨૦ |
| ૧૧૨. | શાળા નં.-૧ | વઢવાણ | ૧૮૫૬ |
| ૧૧૩. | એન.ડીઆર. હાઇસ્કૂલ | વઢવાણ | ૧૯૨૧ |
| ૧૧૪. | બલદાણા | વઢવાણ | ૧૮૭૬ |
| ૧૧૫. | ખારવા | વઢવાણ | ૧૮૭૭ |
| ૧૧૬. | ટીંબા | વઢવાણ | ૧૯૦૫ |
| ૧૧૭. | વડોદ | વઢવાણ | ૧૮૭૨ |
| ૧૧૮. | વાઘેલા | વઢવાણ | ૧૯૧૪ |
| ૧૧૯. | દેદાદરા | વઢવાણ | ૧૮૮૮ |
| ૧૨૦. | મેમકા | વઢવાણ | ૧૮૮૧ |
| ૧૨૧. | સાંકળી | વઢવાણ | ૧૯૧૯ |
| ૧૨૨. | ઝાંપોદર | વઢવાણ | ૧૮૮૮ |

# જિલ્લા શિક્ષણ સમિતિ, સુરેન્દ્રનગર.

## તા. ૩૧-૦૮-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા તથા મળવાપાત્ર શિક્ષકો તેમજ મુખ્ય શિક્ષકની હકીકત દર્શાવતું શિક્ષણ સેટઅપ રજીસ્ટર વર્ષ ૨૦૨૦-૨૧

**(જિલ્લામાં કુલ ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ : ૧૫૮૪૬૧, કુલ ધો. ૧ થી ના શિક્ષકો : ૫૭૯૯)**

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | CRCની સંખ્યા | શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા ધો. ૧ થી ૫ – ધો. ૧ | ધો. ૨ | ધો. ૩ | ધો. ૪ | ધો. ૫ | ધો. ૧ થી ૫ ના કુલ વિદ્યાર્થીઓ – કુમાર | કન્યા | કુલ | શિક્ષકોની વિગત – મળવાપાત્ર શિક્ષકોનું મહેકમ ધો. ૧ થી ૫ | શાળામાં હાલ કામ કરતા શિક્ષકો ધો. ૧ થી ૫ | મળવાપાત્ર મહેકમના સંદર્ભમાં – શિક્ષક વધ | શિક્ષક ખાલી જગ્યા | ધો. ૧ થી ૫ ના કુલ વિદ્યાર્થીઓ – ધો. ૬ | ધો. ૭ | ધો. ૮ | ધો. ૬ થી ૮ ના કુલ વિદ્યાર્થીઓ – કુમાર | કન્યા | કુલ | શિક્ષકોની વિગત – મળવાપાત્ર શિક્ષકોનું મહેકમ ધો. ૬ થી ૮ | શાળામાં હાલ કામ કરતા શિક્ષકો ધો. ૬ થી ૮ | મળવાપાત્ર મહેકમના સંદર્ભમાં – શિક્ષક વધ | શિક્ષક ખાલી જગ્યા | ધો. ૧ થી ૫ ની લાયકાતવાળા ધો. ૬ થી ૮ માં કામ કરતા શિક્ષકો – ગણિત વિજ્ઞાન | ભાષા | સામાજિક વિજ્ઞાન | કામ કરતાં મુખ્ય શિક્ષક ની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૯૩ | ૧૫ | ૧૯૩૨ | ૨૩૧૩ | ૨૪૫૧ | ૨૪૬૫ | ૨૪૨૬ | ૫૬૮૨ | ૫૯૦૫ | ૧૧૫૮૭ | ૩૯૨ | ૩૬૯ | ૧૨ | ૩૫ | ૨૭૧૮ | ૨૨૮૪ | ૨૮૪૧ | ૩૭૦૦ | ૪૧૪૩ | ૭૮૪૩ | ૩૦૭ | ૩૦૮ | ૧૭ | ૧૬ | ૪ | ૫ | ૬ | ૮૮ |
| ૨ | લીંબડી | ૭૪ | ૯ | ૧૯૬૩ | ૨૧૨૦ | ૨૧૬૯ | ૨૦૬૯ | ૧૯૮૨ | ૫૩૫૨ | ૪૯૫૧ | ૧૦૩૦૩ | ૩૩૫ | ૩૧૨ | ૧૫ | ૩૮ | ૨૦૫૫ | ૧૭૭૮ | ૧૯૫૬ | ૨૯૪૮ | ૨૮૪૧ | ૫૭૮૯ | ૨૨૧ | ૨૨૯ | ૧૬ | ૮ | ૧ | ૪ | ૨ | ૭૨ |
| ૩ | ચૂડા | ૪૧ | ૫ | ૧૦૮૭ | ૧૧૩૫ | ૧૨૨૬ | ૧૨૧૩ | ૧૨૦૦ | ૨૯૧૦ | ૨૯૫૧ | ૫૮૬૧ | ૧૯૦ | ૨૦૧ | ૧૬ | ૫ | ૧૨૭૬ | ૧૦૨૩ | ૧૩૧૫ | ૧૭૭૮ | ૧૮૩૬ | ૩૬૧૪ | ૧૪૪ | ૧૪૨ | ૨ | ૪ | ૨ | ૦ | ૧ | ૨૬ |
| ૪ | મુળી | ૮૬ | ૮ | ૧૭૬૩ | ૧૯૬૭ | ૨૦૦૮ | ૧૯૮૧ | ૧૮૩૧ | ૪૯૧૦ | ૪૬૪૦ | ૯૫૫૦ | ૩૨૮ | ૩૨૬ | ૧૮ | ૨૦ | ૧૮૮૬ | ૧૫૪૨ | ૧૯૩૮ | ૨૭૫૮ | ૨૬૦૮ | ૫૩૬૬ | ૨૧૧ | ૨૧૭ | ૧૦ | ૪ | ૩ | ૩ | ૩ | ૫૮ |
| ૫ | સાયલા | ૧૧૧ | ૧૦ | ૨૨૬૮ | ૨૪૯૩ | ૨૫૭૩ | ૨૪૨૭ | ૨૨૯૭ | ૫૮૭૭ | ૬૧૮૧ | ૧૨૦૫૮ | ૪૪૦ | ૪૨૧ | ૧૬ | ૩૫ | ૨૧૫૫ | ૧૮૬૫ | ૨૧૮૪ | ૨૯૭૮ | ૩૨૨૬ | ૬૨૦૪ | ૨૮૪ | ૨૮૩ | ૧૦ | ૧૧ | ૨ | ૬ | ૮ | ૩૧ |
| ૬ | ચોટીલા | ૧૩૨ | ૧૧ | ૨૦૩૧ | ૨૨૫૨ | ૨૧૬૪ | ૨૦૮૦ | ૨૦૭૮ | ૫૩૧૫ | ૫૨૯૦ | ૧૦૬૦૫ | ૪૨૬ | ૪૨૪ | ૪૧ | ૪૩ | ૧૯૭૦ | ૧૬૩૧ | ૧૯૬૫ | ૨૬૮૫ | ૨૮૮૧ | ૫૫૬૬ | ૨૯૩ | ૨૮૫ | ૭ | ૧૫ | ૧ | ૨ | ૧૧ | ૪૨ |
| ૭ | થાનગઢ | ૫૭ | ૫ | ૧૨૮૧ | ૧૫૬૯ | ૧૫૩૮ | ૧૫૨૮ | ૧૪૭૩ | ૩૬૬૧ | ૩૭૨૮ | ૭૩૮૯ | ૨૪૨ | ૨૪૬ | ૨૧ | ૧૭ | ૧૪૪૨ | ૧૨૫૯ | ૧૩૭૫ | ૨૦૫૧ | ૨૦૨૫ | ૪૦૭૬ | ૧૪૬ | ૧૪૪ | ૫ | ૭ | ૨ | ૨ | ૨ | ૩૯ |
| ૮ | ધ્રાંગધ્રા | ૧૧૦ | ૧૧ | ૨૭૪૪ | ૩૧૦૫ | ૩૨૧૬ | ૩૦૩૯ | ૨૮૮૫ | ૭૬૮૩ | ૭૩૦૬ | ૧૪૯૮૯ | ૪૮૫ | ૪૭૮ | ૧૭ | ૨૪ | ૩૦૬૬ | ૨૫૭૯ | ૨૮૮૩ | ૪૩૨૩ | ૪૨૦૫ | ૮૫૨૮ | ૩૨૨ | ૩૨૪ | ૧૩ | ૧૧ | ૩ | ૪ | ૫ | ૮૧ |
| ૯ | લખતર | ૪૮ | ૪ | ૯૯૮ | ૧૦૯૧ | ૧૦૯૫ | ૧૦૬૫ | ૧૧૧૦ | ૨૭૨૯ | ૨૬૩૦ | ૫૩૫૯ | ૧૯૨ | ૨૦૩ | ૧૬ | ૫ | ૧૦૯૯ | ૯૨૧ | ૧૦૭૫ | ૧૫૭૦ | ૧૫૨૫ | ૩૦૯૫ | ૧૩૮ | ૧૩૭ | ૪ | ૫ | ૨ | ૦ | ૫ | ૨૩ |
| ૧૦ | પાટડી | ૧૦૮ | ૧૦ | ૨૬૦૨ | ૨૭૮૨ | ૨૬૯૩ | ૨૬૨૯ | ૨૫૮૨ | ૬૭૯૧ | ૬૪૯૭ | ૧૩૨૮૮ | ૪૪૮ | ૪૪૯ | ૨૯ | ૨૮ | ૨૫૮૨ | ૨૨૪૭ | ૨૫૬૨ | ૩૮૨૫ | ૩૫૬૬ | ૭૩૯૧ | ૩૧૩ | ૩૦૧ | ૦ | ૧૨ | ૭ | ૯ | ૧૩ | ૭૩ |
| એકંદર કુલ | | ૮૬૦ | ૮૮ | ૧૮૬૬૯ | ૨૦૮૨૭ | ૨૧૧૩૩ | ૨૦૪૯૬ | ૧૯૮૬૪ | ૫૦૯૧૦ | ૫૦૦૭૯ | ૧૦૦૯૮૯ | ૩૪૭૮ | ૩૪૨૯ | ૨૦૧ | ૨૫૦ | ૨૦૨૪૯ | ૧૭૧૨૯ | ૨૦૦૯૪ | ૨૮૬૧૬ | ૨૮૮૫૬ | ૫૭૪૭૨ | ૨૩૭૯ | ૨૩૭૦ | ૮૪ | ૯૩ | ૨૭ | ૩૫ | ૫૬ | ૫૩૩ |

## SURENDRANAGAR - DIET

**Census and Literacy of the SURENDRANAGAR - Gujarat**

| Population | | | Literates | | | Literacy Rate | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| 910266 | 845607 | 1755873 | 656290 | 457384 | 1113674 | 83.47 | 62.20 | 73.19 |

**District wise Secondary & Higher Secondary Schools**

| All Schools | | | Government schools | | | Govt. Aided schools | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Secondary Schools | Higher Secondary Schools | Secondary with Hr. Sec. Schools | Secondary | Higher Secondary Schools | Secondary with Hr. Sec. Schools | Secondary | Higher Secondary Schools | Secondary with Hr. Sec. Schools |
| 164 | 26 | 153 | 63 | 10 | 11 | 56 | 0 | 59 |

**District wise Secondary & Higher Secondary Teachers**

| All Teachers | | | Government Teachers | | | Govt. Aided Teachers | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Secondary | Schools Higher Schools | Total | Secondary | Schools Higher Schools | Total | Secondary | Schools Higher Schools | Total |
| 1320 | 773 | 2093 | 196 | 90 | 286 | 591 | 281 | 872 |

**District wise Secondary & Higher Secondary Students**

| All Teachers | | | Government Teachers | | | Govt. Aided Teachers | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Secondary | Schools Higher Schools | Total | Secondary | Schools Higher Schools | Total | Secondary | Schools Higher Schools | Total |
| 41248 | 20566 | 61814 | 6061 | 1674 | 7735 | 20955 | 8131 | 29086 |

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કેટલાંક કાર્યક્રમો...

- ડી.એલ.એડ્. અને બી.એડ્. કૉલેજોનું સંચાલન-સંકલન.
- આંગણવાડી કાર્યકર બહેનો, પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટેની તાલીમ.
- સી.આર.સી.સી., બી.આર.સી.સી. તથા કેળવણી નિરીક્ષકોની તાલીમ.
- સુરેન્દ્રનગર જિલ્લાની તમામ બી.એડ્. અને ડી.એલ.એડ્. કૉલેજોના સંયુક્ત પ્રવેશોત્સવ, રમતોત્સવ અને સાહિત્યિક પ્રવૃત્તિઓ.
- યોગતાલીમ
- બાળપ્રવૃત્તિ મેળા
- સી.આર.સી./તાલુકા/જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનો
- સી.આર.સી./તાલુકા/જિલ્લા કક્ષાના રમતોત્સવ
- સી.આર.સી./તાલુકા/જિલ્લા કક્ષાના કલા મહોત્સવ
- સી.આર.સી./તાલુકા/જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેર
- સી.આર.સી./તાલુકા/જિલ્લા કક્ષાના ટોયઝ ફેર
- ડાયટનું મુખપત્ર 'પલાશ'
- વિચારોના વૃંદાવનમાં વ્યાખ્યાનમાળા.
- કાગકથા, રમેશકથા, મેઘાણીકથા, ભાસ્કર પર્વ તથા કાવ્યાયન જેવા સાહિત્યિક કાર્યક્રમો.
- આર્યભટ્ટ પ્રસારણ ખંડ
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાયન્સ લેબ.
- સ્થાનિક સાધન-સંપત્તિનો સ્રોત
- સ્થાનિક સાધન-સાહિત્ય નિર્માણ.
- કેળવણીકાર જુગતરામ દવે છાત્રનિવાસ.
- એન.આઇ.ઓ.એસ. અંતર્ગત પ્રશિક્ષણના વર્ગો.
- ક્રિયાત્મક સંશોધન અને વ્યક્તિ અભ્યાસ સંશોધનકાર્ય
- શાળા મોનીટરીંગ

- શાળાના શિક્ષકોને (પૂર્વ સેવા અને સેવા અંતર્ગત તાલીમ આપી નવસંસ્કરણ કરવાનું કાર્ય)
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તથા ક્ષેત્રિય અનુભવો પૂરા પાડવાનું કાર્ય
- ઇકો ક્લબની પ્રવૃત્તિઓ
- વસતિ શિક્ષણના કાર્યક્રમો
- આચાર્ય નવસંસ્કરણ તાલીમ
- બાલગુરૂ-વિદ્યાસહાયક તાલીમ
- એચ-ટાટ આચાર્યોની અઢાર દિવસીય તાલીમ
- એસ.ઓ.પી.ટી.ની તાલીમ
- એમ.એલ.એલ. અને અધ્યયનની નિષ્પતિઓની તાલીમ
- ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત તાલીમ કાર્યક્રમો
- વિષય વસ્તુઓના કઠિનબિંદુઓની તાલીમ
- વાચન-લેખન-ગણન ક્ષમતા અભિવૃધ્ધિ અભિયાન
- વાંચે ગુજરાત કાર્યક્રમ
- દિવ્યાંગ શિક્ષણ તાલીમ
- ગુણોત્સવ-પ્રવેશોત્સવ કાર્યક્રમો
- સતત શિક્ષણ અને ઇન્ટર્નશીપ કાર્યક્રમો
- પ્રજ્ઞા વર્ગખંડ શિક્ષણ
- સક્સેશ સ્ટોરી ઓફ સ્કૂલ અંતર્ગત શાળા ગુણવત્તા અને શાળા સમૃધ્ધિ અભિયાન
- દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ
- મોબાઇલ વિજ્ઞાન લેબ
- શિક્ષક સંગીત કલાગૃપનું સંચાલન-સંકલન
- શિક્ષકોને પ્રોત્સાહિત-બિરદાવવા માટેના કાર્યક્રમો
- સત્રાંત-વાર્ષિક અને એકમ કસોટીઓનું સંચાલન-સંકલન
- સમાવેશી શિક્ષણના કાર્યક્રમો



શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

# એક તવારીખ...

સરકારી પુરુષ અધ્યાપન મંદિર સ્થાપના વર્ષ : ૧૯૫૬

સરકારી પુરુષ અધ્યાપન મંદિર-લીંબડી (સુરેન્દ્રનગર)ને
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
**(GCERT)**-ગાંધીનગર સંલગ્ન જોડાણ કરીને
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન **(DIET)**-સુરેન્દ્રનગર
કરવામાં આવ્યું. તારીખ : ૧૧મી એપ્રિલ, ૧૯૯૧

NCTE-Bhopal Date : 03rd March-2016
WRC/APP2877/245th/Guj./2016/162091

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ સંલગ્ન બી.એડ્. અભ્યાસક્રમ
**(PSTE શાખા)**
તારીખ : ૧૬મી માર્ચ, ૨૦૧૬ જોડાણ : ૨/૪૦૪૯/'૧૬

ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન **(IITE)**-ગાંધીનગર સંલગ્ન
બી.એડ્. અભ્યાસક્રમ **(PSTE શાખા)**
તારીખ : ૧૬મી મે., ૨૦૧૯
આઈ.આઈ.ટી.ઈ./એકેડેમિક/જોડાણ/૧૪૮/૨૦૧૮

: dietsnr.org
: dietsurendranagar
: dietsurendranagarblogspot.com
: dietsurendranagar
: dietsurendranagar@gmail.com

## : સરનામું :

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET),
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,
સુરેન્દ્રનગર. પીન - ૩૬૩ ૦૦૧.
ફોન : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦, ગતિશીલ : ૭૫૬૭૮ ૬૫૪૬૭

# સંદર્ભસૂચિ


- સંદર્ભ સાહિત્ય ગોષ્ઠિ
- વઢવાણ મિત્રમંડળ પત્રિકા ‘વઢવાણ વિશેષાંક’
- ઐતિહાસિક નગર ‘વઢવાણ’
- વઢવાણ રાજ્ય એક ઐતિહાસિક અભ્યાસ-ડૉ, હિતેશ પરમાર
- ‘સ્મરણિકા’ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડી
- ‘ગ્રામજીવનના ઘડવૈયા’
- પ્રૌઢ શિક્ષણનો ઇતિહાસ
- ચાલો શીખીએ (તાલીમ મોડ્યુલ ૨૦૧૨) જિ.શિ.તા.ભવન, સુરેન્દ્રનગર
- સત્યાગ્રહી શહીદો
- તવારીખે સુરેન્દ્રનગર
- ધન્યધરા : શાશ્વત સૌરભ
- ‘વૃક્ષ’ માસિક પત્રિકા (પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ)
- આવળનાં ફૂલ - પ્રાણજીવન આચાર્ય
- ગુજરાતી બાળવિશ્વ કોશ : ભાગ ૩ અને ૫
- GCERTનું મુખપત્ર જીવનશિક્ષણ
- DIETનું મુખપત્ર પલાશ
- નિવાપાંજલિ : ડૉ. સી.ટી. ટૂંડિયા
- ‘સમયની આરપાર’ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીના લેખ પરથી સાભાર
- વિકીપીડિયા :
- મૂઠી ઊંચેરી મહિલાઓ - સં. અરવિંદ આચાર્ય

# સંદર્ભસૂચિ


✦ ગાંધીના ગોવાળિયા - સં. અરવિંદ આચાર્ય

✦ 'કાઠીઓ અને કાઠિયાવાડ' ... ડૉ. પ્રધુમ્ન ખાચર
આવૃત્તિ પ્રથમ-જુલાઇ ૨૦૦૧, પૃષ્ઠ ૩૧૬

✦ 'પ્રાચીન ભારતમાં શિક્ષણ'... ડોલરરાય માંકડ-અમદાવાદ
પ્ર.આ. ઇ.સ. ૧૯૬૫ પૃ-૬૧

✦ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'... શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ
આ. ૩ ૧૯૯૦ પૃ-૨૦૨

✦ ગુજરાતનો રા.સાં. ઇતિહાસ ગ્રંથ-૮ બ્રિટિશકાલ ૧૯૧૪ સુધી સંપાદક : હરિપ્રસાદ ગં. શાસ્ત્રી પ્ર.આ. ૧૯૮૪ પ્રવીણચંદ્ર ચિ. પરીખ પેજ-૩૧૬

✦ ગુજરાતનો રા.સાં. ઇતિહાસ ગ્રંથ-૯ (ઇ.સ. ૧૯૧૫ થી ૧૯૬૦)
પૃ-૩૦૬ (આઝાદી પહેલા અને પછી)
સંપાદક : હરિપ્રસાદ ગં. શાસ્ત્રી - પ્રવીણચંદ્ર ચિ. પરીખ

✦ કાઠિયાવાડ ડિરેક્ટરી - ધનજી શાહ હોરમઝજી કડાકા ડેપ્યુટી આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ કાઠિયાવાડ પોલિટિકલ એજન્સી (૧૮૮૬)

✦ 'સંસ્થાન ધ્રાંગધરાની ભૂગોળ' - વ્યાસ માણેકલાલ છગનલાલ વકીલ
-ધ્રાંગધ્રા આ-૯, ૧૯૨૨

✦ સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ રાજવીઓ - ડૉ. પ્રદ્યુમન ખાચર (અપ્રાપ્ય)

✦ સેજકપર પ્રા. શાળા - જનરલ રજિસ્ટર્ડ

✦ કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ... શા. હરજીવન વિ. પુરૂષોત્તમ ગોધારી-
ભાવનગર ઇ.સ. ૧૮૮૭

✦ ધન્યધરાઃ શાશ્વત સૌરભ ભાગ-૨ માંથી સાભાર.